Haso Nahi To Mara Sam (Gujarati)

Sairam Dave

VISIT…

LANZAROTE Caliente.com

હસો નહીં તો મારા સમ





સાંઈરામ દવે

સદીનો શ્રેષ્ઠ હાસ્યકલાકાર



આર. આર. શેઠ ઍન્ડ કંપની પ્રા. લિ.

eBook

"કેટલાંક લોકો પાણી ગાળીને પીતા હોય છે, લોહી Direct પીતા હોય છે."

"પરસેવાનો રૂપિયા પર-સેવામાં લાગે ત્યારે જ જીવન ધન્ય બને."

"રાજકારણના તમામ પક્ષના લોકોનું બ્લડગ્રુપ એક જ હોય છે."

"જખમ અને જોખમનો સરવાળો એટલે જિંદગી."

પ્રસિદ્ધ હાસ્યલેખક માર્ક ટ્વેઈન કહે છે: સાચા હાસ્યનો રણકો ક્યારેય બોદો નથી હોતો, કારણ કે એમાં નહીં દેખાતા આંસુની ભીનાશ હોય છે.
માણસના જીવનમાં આજે માનસિક તાણ અને ડિપ્રેસન, જાણે-અજાણે પ્રવેશી ગયાં છે. માણસ બે ઘડી હળવો થઈને જીવી પણ નથી શકતો. ઘણીવાર ખબર નથી પડતી કે માણસ જીવવા માટે આટલો દોડે છે કે દોડવા માટે જીવે છે? એવા આજના સમયમાં આ પુસ્તક તમને જીવનમાં હાશ અને હળવાશનો સ્વર્ગીય અનુભવ કરાવશે!
સદીના શ્રેષ્ઠ એવા હાસ્ય કલાકારની કલમનો જાદુ એવો છે કે તમને એમ જ લાગશે કે એ તમારી સામે બેસીને જ તમને ખડખડાટ હસાવી રહ્યાં છે. મિત્રો, હાસ્યને હળવાશથી ન લો.... ગભીંરતાથી લઈને જીવનની સમસ્યાઓને હસી નાંખો.....

હસો નહીં તો મારા સમ

સાંઈરામ દવે

સદીનો શ્રેષ્ઠ હાસ્યકલાકાર



આર. આર. શેઠ ઍન્ડ કંપની પ્રા. લિ.
પુસ્તક પ્રકાશક અને વિક્રેતા

૧૧૦, પ્રિન્સેસ સ્ટ્રીટ,
અર્થબાગ
મુંબઈ ૪૦૦ ૦૦૨
ટેલિ. (૦૨) ૨૨૦૧૩૪૪૧

'દ્વારકેશ'
રૉયલ ઍપાર્ટમૅન્ટ પાસે, ખાનપુર,
અમદાવાદ ૩૮૦ ૦૦૧
ટેલિ. (૦૭૯) ૨૫૫૦૬૫૭૩

Haso Nahi to Mara Sam
Humour Articles Written by Sairam Dave
Published by R. R. Sheth & Co. Pvt. Ltd .
Mumbai □ Ahmedabad

પ્રથમ આવૃત્તિ: મે, ૨૦૧૫

પ્રકાશક
આર. આર શેઠ ઍન્ડ કંપની પ્રા. લિ.
મુંબઈ ૪૦૦ ૦૦૨ □ અમદાવાદ ૩૮૦ ૦૦૧

Cataloging-in-Publication (CIP)

Dave, Sairam
Haso Nahi to Mara Sam, / Sairam Dave
Ahmedabad: R. R. Sheth & Co. Pvt. Ltd., 2015
176 p., 22 cm.
EISBN: 978-93-5122-345-0
(1) Gujarati Humour I. Sairam Dave, II. Title

અર્પણ

મારી કારકિર્દીના તાજના સાક્ષી,
જેની સાથે રહી મેં અનેક જૉક્સના આલ્બમો
અને હાસ્યલેખો વિચાર્યા અને લોકો સુધી રજૂ
કર્યા એવા જીગરજાન ભેરૂડાં
અતુલ પંડ્યાને
દિલથી અર્પણ..

લેખકનાં પુસ્તકો

હસો નહીં તો મારા સમ
સ્માઈલનું સુનામી
સાંઈરામનો હાસ્ય દરબાર
અમથાં અમથાં કેમ ન હસીએ?
અક્ષરની આંગળિયું ઝાલી

પ્રસ્તાવના

હેલો જીગરિયાંવ,

મુંબઈના મીડ ડેની હાસ્ય લેખમાળા 'સાંઈરામનું હાસ્યરામ'ના ખડખડાટ લેખોનું આ બીજું પુસ્તક આપના હાથમાં મૂકતાં મને હરખની હેલી ચડી છે.

આ પુસ્તકમાં મારા હાસ્યના પાત્રો હિમાદાદા અને શાંતિકાકી વાચકોને ખૂબ ગમ્યાં છે. જેની સાબિતી એ કે મુંબઈના ડાયરામાં ઘણા મિત્રો પૂછી જાય છે "સાંઈરામ, હિમાદાદાને સાથે લાવ્યા છો?" મુંબઈમાં જે હાલે એ આખી દુનિયામાં હાલે. મુંબઈના વાંચકો એ મને ખૂબ પ્રેમ આપ્યો છે. અમુક કડક આલોચકો તો મને ઘરવાળી કરતાં વધુ ખખડાવી નાંખે છે. આ બધાને લીધે હું એલર્ટ રહું છું.

"ગણપતિનો પત્ર" અને "કેદારનાથ મહાદેવનો ઈમેલ" તો અમુક વાચકોએ ઝેરોક્ષ કરીકરીને લોકોમાં વહેંચ્યા છે, જેનો મને વિશેષ રાજીપો છે. મારી વાત હસવા જેવી સો ટકા હોય છે પણ હસી કાઢવા જેવી હરગિઝ નથી હોતી. વોટ્સએૅપ-ફેસબુક-ટ્વિટર-મેઈલ-ટાંગો-વી ચેટ વગેરે વગેરે સોશિયલ મીડિયાના અતિરેક વચ્ચે શુધ્ધ અને પારિવારિક હાસ્યને ટકાવવું એ હિમાલય સામે ગુલ્ફીની રેંકડી કાઢ્યા જેવું છે. મને ઉગે એવું હું લખી નાંખુ છું ને તમે સૌ નભાવી લ્યો છે એ આપ સૌની મહાનતા છે. બાકી તો કલાકારોની જિંદગી એટલે,

"બસ કંડક્ટર જૈસી હો ગયી હૈ જિંદગી મેરી,
સફર ભી રોજ કા ઔર જાના ભી કહીં નહીં!"

આ લેખમાળા શરૂ કરાવનાર પત્રકાર મિત્ર રશ્મિન શાહનો દિલથી આભાર. મુંબઈમાં જેને લીધે આવવું ગમે એવો ભાઈબંધ વિપુલ પારેખ મારો વરસો જૂનો મુંબઈનો ઉતારો છે.

આ પુસ્તકના સંપાદનમાં પલાંઠી વાળીને નિસ્વાર્થ મદદ કરનાર મનીષ કામદાર અને પરિવારજનોનો આભારી છું.

દરેકેદરેક લેખ વાંચીને મને ફોન પર સાવ સાચો પ્રતિભાવ સંભળાવતા ચાહક ગુજરાતી ફિલ્મના ડાયરેક્ટર અમર સોલંકી (ડેની), હિરેન કારીયા અને મારા 'સાંઈરામના હાયરામ'ના અનેક યુવા ચાહકોનો આભાર. પ્રકાશનનું સાહસ કરી મારી કલમ પર વિશ્વાસ મુક્નાર આર. આર. શેઠની કંપની પ્રા. લિ.ના ચિંતનભાઈને થોકબંધ વધાઈયું.

ખુશ રહો. રહા કરો.
ખુશ સારા જહાં કરો.

રાજકોટ

સાંઈરામ દવે

અનુક્રમણિકા

૧

વાંઢાને વાલી વહુ

મિત્રો એક કહેવત છે કે,

"આંધળો ઢૂંઢે આંખ, ને બહેરો ઢૂંઢે કાન;
બોખલો ઢૂંઢે દાંત, ને વાંઢો ઢૂંઢે નાર...!

કાઠિયાવાડમાં કુંવારાને 'વાંઢો' અને બાકી રહી ગયેલા ને 'ઢાંઢો' કહે છે. લગનગાળાની સીઝન ચારેબાજુ પ્લેગની જેમ ફાટી નીકળી છે. પાર્ટીપ્લોટોમાં ઘણીવાર તો માત્ર પરિવારના બોર્ડ અને જાનૈયા બદલાય છે. બાકી કેટરીંગ અને મેનુ અને લગનગીત ગાવાવાળાથી માંડી સાઉન્ડ અને ડેકોરેશન સેમ ટુ સેમ હોય છે. લગન આમ તો લાકડાનો એવો લાડુ છે જે માણહના પેઢાં છોલાઈ જાય તો ખાવાનો મોહ છૂટતો નથી. લગ્નની એક સરસ વ્યાખ્યા વાંચી'તી કે લગ્નમાં એક રાજા એક રાણી અને એક ગુલામ હોય છે. હું ડાયરામાં કાયમ કહું છું કે પતિ થયો એ પતી ગયો ને બચી ગયો એ બાજપાયી થયો...! મુખ્યમંત્રી, રાષ્ટ્રપતિ કે પ્રધાનમંત્રી થવાની તાકાત ધરાવનાર ઘણાય મરદ બિચાકડા પરણી ગ્યા એમાં કોર્પોરેટર સુધી પણ ન પહોંચી શક્યા. કારણ બંગડીના ઘોબા જેનેજેને લાગ્યા છે એ જીવનમાં કોઈ'દી ક્યાંય બિચાડા સફળ જ નથી થઈ શક્યા.

વૅલ, વાંઢાઓને લગ્ન કરવા માટેની પ્રેરણા આપવામાં ફિલ્મો અને કવિઓનો પણ ઘણો ફાળો છે. સ્ત્રીઓના શૃંગારિક વર્ણનોથી લલચાઈને અનેક વાંઢાઓએ પોતાની આઝાદી ગિરવે મુકીને લગનકાંડમાં શહીદી વ્હોરી લ્યે છે. પરંતુ બે પાંચ વરસમાં જ જે સ્ત્રીઓની કલ્પના પહેલાં મનમાં રમાડતા હતા એવા વાંઢામાંથી પરણેલાને પછી ગેસના બાટલાના ભાવ દઝાડતા થઈ જાય છે.

આજે પણ 'મોગલે આઝમ' ફિલ્મ બધાને ગમે છે કારણ કે દરેક પુરૂષ સલીમ જેવી બાદશાહી અને અનારકલી જેવું રૂપ ઇચ્છે છે. પણ વાસ્તવિકતાનું જીવન બે-ચાર રાષ્ટ્રીયકૃત બૅંકોના હપ્તા ઉપર નિર્ભર હોય. સલીમને બદલે સ્લીમ બાદશાહી પ્રાપ્ત થાય છે. અને અનારકલીને બદલે પતિના બજેટ અને બૅંક બૅલેન્સને અનુરૂપ છિપકલી ગળે વળગે છે. બીપીએલ કાર્ડ આમ તો ગરીબીની રેખા નીચે જીવનારા માટે છે, પણ હું

બીપીએલ શબ્દનો અર્થ 'બાપના પૈસે લહેર' એવો કરું છું. આવા બીપીએલ કાર્ડધારકોએ તો અનારકલીની અપેક્ષા ન જ રખાય, એને તો એકાદી 'ટકલી' મળે તો'ય રાજી રહેવું.

'મોગલે આઝમ'થી યાદ આવ્યું કે આ સદાબહાર ફિલ્મ બ્લેક એન્ડ વ્હાઈટમાંથી રંગીન થઈને બહાર પડી એટલે સૌથી પહેલી સીડી અમારા હિંમતદાદા રંગીન 'મોગલે આઝમ'ની લઈ આવ્યા. ફિલ્મ જોયા બાદ મારી પાસે ખરખરો કર્યો કે આમાં બધું'ય રંગીન કર્યું પણ હાથી કાળા ના કાળા જ રાખ્યા...! મેં કહ્યું દાદા તમારા નસીબ બીજું શું?

મિત્રો સલીમ-અનારકલી, રોમિયો-જૂલીયટ, લૈલા-મજનુ, ખીમરો-લોડણ, શેણી-વિજાણંદ, શીરીં-ફરહાદ આ બધી લવસ્ટોરી અમર થઈ ગઈ એના બે કારણ હતાં,

એક તો આ પ્રેમી પંખીડાનો સનાતન પ્રેમ અને બીજું કે એ લોકોએ લગન નહોતાં કર્યાં. નહીંતર એ પણ નિમાણા થઈને રાંધણગેસની સબસીડીમાં સલવાણા હોત. બે મિનિટ કલ્પના તો કરો, લૈલા અને મજનુ પરણીને મુંબઈ આવ્યા હોત તો? દરેક પ્રેમી પંખીડાને મુંબઈ તો આવવું જ પડે કારણ, જ્યારેજ્યારે હું મુંબઈ પ્રોગ્રામ દરમ્યાન ફરતો હોઉં ત્યારે મને એવું લાગ્યા કરે કે આ શહેરની અડધોઅડધ જગ્યાઓના ઉપયોગ 'હેતુફેર' થઈ ગયા છે. જે બનાવી'તી બીજા કોઈ હેતુ માટે અને એનો ઉપયોગ બીજા કોઈ હેતુ માટે થઈ રહ્યો છે. એવા મેં નજરે નિહાળેલા સ્થળો ગણાવું, તો બોરીવલીનો નેશનલ પાર્ક જુઓ કે બાંદ્રાનું બૅન્ડ સ્ટૅન્ડ જુઓ, સી-લિંક શરૂ થઈ ઈ પહેલાં નજર નાખો કે મલાડનો આક્સાબીચ જોઈ લ્યો,...! બાપ રે...!

દિલ્હીના રેપકેસ પછી તો મુલુંડના પાર્કમાં બેઠેલાં પરણેલાં દંપતીઓને પણ પોલીસ 'માજી સટકેલ' ઉપાડી જાય છે. એટલે તો છેલ્લા અઠવાડિયાથી અમુક પ્રેમીપંખીડાં આડોશ-પાડોશના છોકરા બે-ચાર કલાક માગી આવીને બગીચે બેસી આવે છે. જેથી છોકરાને લીધે પ્રેમીઓને કોઈ હેરાન ન કરે

પણ આપણી વાત હતી લૈલા-મજનુ જો બોરીવલીમાં ફ્લેટ રાખીને ભાડેના મકાનમાં રહેતા હોત તો? તો શું મજનુને એના છોકરાના ઍડમિશન માટે ધારાસભ્યની ચિઠ્ઠી તો લેવી જ પડત હોં. અને લૈલા મજનુના છોકરાને તો એના ટીચરો પણ રોજ ખખડાવીને કહેતા હોત કે લેસનમાં ધ્યાન દેજે હોં, મા-બાપની જેમ લવરીયો ન થાતો નહીંતર સ્કૂલમાંથી કાઢી મુકીશ.

સલીમ સાંતાક્રુઝ ઍરપોર્ટ પર સિક્યોરિટીની નોકરી કરતો હોત તો અનારકલી બંધ પડી ગયેલા ડાન્સબાર પોતાની રીતે ચલાવતી હોત. આવી બધી ભેજાફ્રાય કલ્પનાઓનો પ્રાણ એ છે કે પ્રેમમાં સમય ઊડી જાય છે અને સમય જતાં પ્રેમ ઊડી જાય છે. કેટરીના જેવી કમસીન લાગતી પ્રેયસી જ્યારે કામવાળી જેવી લાગવા લાગે એટલે સમજી લેવું કે લગ્નજીવન તૃપ્ત થઈ ગયું. પતિ-પત્ની વચ્ચે ઝઘડાઓ થતા જ રહે છે એનું કારણ મારી દ્રષ્ટિએ એવું છે કે બંન્ને એકબીજાંમાંથી સુખ મેળવવા માંગે છે, સુખી થવા માંગે છે પણ સુખ આપવા માંગતા નથી. માટે આ સીઝનમાં જ્યાં પણ મૅરેજમાં જાવ ત્યારે એવા જ આશિષ આપજો કે "હે વર-કન્યા, તમે એકબીજાંને સુખી કરજો!' આશીર્વાદ દેવામાં આપણું શું જાય છે! બાકી તો લગન કર્યા પછી કોણ કેટલું અને કેવી રીતે સુખી થ્યું છે, ઈ સૌ જાણીએ છીએ ને! (બાંધી મુઠ્ઠી લાખની! ખોલો તો ખાખની!)


—Of The Record—


દોઢ રૂપિયાના ન્યુઝપેપરને જ્યાં સુધી આઠ જણા વારાફરતી વાંચે નહીં ત્યાં સુધી એ છાપાના પૈસા વસુલ નથી થતા એવું માનનારા છીએ આપણે ગુજરાતીઓ .

૨

પ્રેમના પરપોટા

પ્રેમ એક એવો વિષય છે કે જ્યારે એના વિશે લખીએ ત્યારે નવું જ લાગે. પ્રેમ કરવાની અને પ્રેમમાં પડવાની મોસમ છે. હું તો એમ કહું છું કે દરેક માણસે પ્રેમમાં પડવું જ જોઈએ પણ બંનેને પરવડવું પણ જોઈએ હોં! કોઈ તમને ઈમ્પ્રેસ કરવાની મહેનત શરૂ કરે ત્યારે સમજી લેવું કે ઈ તમારાથી પહેલેથી ઈમ્પ્રેસ છે. એક છોકરાએ છોકરીને કહ્યું કે હું તને પ્રેમ કરુ છું. છોકરીએ તરત પૂછ્યું કેટલો? છોકરો બોલ્યો તારા જેટલો જ! ઈ ભેગી તો છોકરીએ થાપડ મારી કે સાલ્લા, નાલાયક મને તો એમ કે તુ મને સાચો પ્રેમ કરતો હોઈશ!

આવો ટુચકો આમ તો દસ રૂપિયાની જોક્સની ચોપડીમાં પણ મળે પણ મારે તમને એક સવાલ પૂછવો છે કે પ્રેમ કદી સાચો કે ખોટો હોઈ શકે? ના, યાર, પ્રેમ એ માત્ર પ્રેમ હોય છે. કેવળ પ્રેમ મારા મતે બુધ્ધિ કરતાં હ્રદયને વધુ લાગુ, પડે છે. અને આ કેવળ પ્રેમનો અહેસાસ શહેરોના સોફેસ્ટિકેટેડ લોકો કરતાં ગામડાના સૉફ્ટ લોકોએ વધુ મેળવ્યો અને આત્મસાત્ કર્યો છે.

કાઠિયાવાડની એક જૂની પ્રેમકથા નવા રંગરૂપમાં મુલવીને યાદ કરાવું તો શેત્રુંજી નદીને કાંઠે આહિર સમાજમાં જન્મેલાં ભવોભવનાં બે પ્રેમી ‘આણલ’ અને ‘દેવરો’! નાનપણથી બે’ય સાથે રમીને મોટા થયાં. સંગાથે ઢોર ચરાવા જાય.

રૂપરૂપના અંબાર જેવી આણલદે શ્રીમંત પરિવારની દીકરી હતી અને દેવરો ગરીબ પણ ખાનદાન ખોરડાનું સંતાન હતો. અત્યારે તો છોકરા ધુમ બાઈક લઈને બે ચક્કર મારે એટલે છોકરીયું પ્રેમમાં પડી જાય છે. ગાડીયું અને પ્રોપર્ટીને જોઈ પ્રેમમાં પડનારી છોડીયુંને લગન પછી ખબર પડે છે કે ઈ બાઈક તો ઉછીનાં માગેલાં હતાં.

દેવરો અને આણલ એકબીજાને નિર્દોષતા અને દિલથી પ્રેમ કરે છે. સાથે જીવન જીવવાના કોલ આપી દ્યે છે પણ આણલદેના પિતા દેવરાની ગરીબાઈને લીધે આણલદેના લગન ‘ઢોલરા’ નામના આહિર સાથે કરી દે છે. તો’ય દેવરો-આણલદેનો પ્રેમ પરિપક્વ હતો એટલે ઈ બંને કુટુંબની મર્યાદા માટે આ નિર્ણયને સહર્ષ સ્વીકારી લે છે.

અત્યારે તો અધૂરીયા આશિકો ‘અતાઉલ્લાખાન’ની ‘અચ્છા સીલા દિયા તુને....!’

વાળી ટેપ જોરથી વગાડવા લાગે છે, માશુકા પોતાની ન થાય તો કોઈનીય નહીં એવી માનસિકતાથી સગાયું તોડવાના પ્રયત્નો કરે છે. ક્યારેક ન્યુઝમાં આવે છે કે આશિકે માશૂકા પર ઍસિડ છાંટી દીધું...! આય હાય! જેને એક પળ માટે પણ પ્રેમ કર્યો હોય એનું એક પળ માટે પણ બુરું કેમ વિચારી શકાય? કેટલાક ઘેલાં પ્રેમીપંખીડાં તો લગનની આગલી રાતે છૂમંતર થઈ જાય છે. પણ દોસ્તો ભાગી જવું તો, તે ‘દિ દેવરા-આણલદે માટે પણ અઘરું નહોતું. વાતનો પ્રાણ હવે આવે છે, આણલ-દે એના પતિ ઢોલરા સાથે મન વગર જીવન તો જીવવા લાગે છે પણ એક ‘દિ ઢોલરો આણલદેને રાજી કરવા એને માથામાં તેલ નાંખી દે છે. બરોબર ઈ ટાણે આણલદેથી દૂહો બોલાય જાય છે કે, ‘ચોટલો ચાર હાથ, ગુંથ્યો ગોરા માણસે, એના ગુણની વાળેલ ગાંઠ, દોરી છે દે દેવરો...!”

અર્થાત્ હે પતિદેવ, મારા દિલમાં દેવરાના ગુણની ગાંઠ બંધાઈ ગયેલી છે. આઈ રિપીટ, ગુણની ગાંઠ હતી, રૂપની નહીં. અટાણે તો ઘરવાળીને મોટા ઉપાડે મોબાઈલ સૌ લઈ દે છે. પછી અડધી રાતે પત્નીનો મોબાઈલ ચેક કરે છે. ઘરવાળી હસીને ફોનમાં વાત કરતી હોય તો પતિદેવના પેટમાં તરત જ ઉકળતું તેલ રેડાય છે ને અરજન્ટ પૂછી બેસે છે કે કોણ હતું? યાર, પ્રેમનું બીજું નામ ભરોસો છે. કાં ટૅકનોલૉજીનો ઉપયોગ બંધ કરો અને કાં પ્રિયપાત્રના તળિયા તપાસવાનું બંધ કરો. (આ વાત પત્નીઓને પણ એટલી જ લાગુ પડે છે)

એક પત્નીએ પતિને પૂછ્યું કે, આ ‘જુલી’ કોણ છે? પતિએ જવાબ ઉડાડ્યો કે મારી ઑફિસમાં અમે એક કૂતરી પાળી છે એનું નામ છે. પત્નીએ મસ્ત જવાબ આપ્યો કે તો ઈટ્સ ઓકે. ઈ કુતરીના ત્રણ-ચાર મિસકોલ હતા..! પતિ શું બોલે? લંકાના રાવણ કરતાં શંકાનો રાવણ વધુ ખતરનાક હોય છે. જે તમારા તમામ સંબંધોમાં સમજણ–સંસ્કાર-અને શાંતિની સીતાનું હરણ કરી લે છે.

વાંચનારા તમામ વાલીઓને પ્રાર્થના છે કે દીકરીને નવો મોબાઈલ આપો તો કોક દી ચેક પણ કરજો કે કોના M.M.S. આવે છે? અને દીકરાને ઍપલનું લેપટોપ ભેટ ધરજો પણ કોક ‘દિ અડધી રાતે જાગજો કે ગગો ગુગલમાં શું ગોતે છે? તમને તમારા સવાલોના જવાબ મળી જશે. નગ્નતાના આક્રમણને ભલે આપણે રોકી ન શકીએ પણ રૅન્ડમલી ચેક કરતા રહેશો તો ઍટલીસ્ટ સંતાનો ખોટી આદતથી થોડા દૂર તો રહેશે...!

મૂળ વાત પર આવું તો પતિ ઢોલરો જાણી જાય છે કે પત્ની આણલદેના દિલમાં હું નથી, દેવરો છે. તરત જ આણલને સોળે શણગાર સજાવી વેલમાં બેસાડી ઢોલરો આહિર પોતે, દેવરા પાસે જઈને એમ કહે છે કે દેવરા આ તારી અમાનત હતી અને ભૂલથી મારી પાસે આવી ગઈ’તી.. લ્યો, હવે આણલદેને પ્રેમથી અને આદરથી સંભાળી લ્યો....!

ત્યારે દેવરાની આંખો ભીની થાય છે અને ઢોલરા આહિરની ખાનદાની ઉપર ઓવારણાં લઈને દેવરો પોતાની બે બહેનો ઢોલરાની સાથે પરણાવે છે જેનો સાક્ષી આ દૂહો છે કે:

“દીકરીયું દેવા’ય પણ, વહુઆરૂ દેવાય નહીં,
એક સાથે બે જાય, તોય ઢાલ માગે ઢોલરો !

હે ઢોલરા તારી સમજદારી અને ત્યાગને સલામ છે. બાકી પોતાની વહુ કે પત્નીનું દાન પ્રેમીને કરવું એ નાનીસૂની વાત નથી. માટે મારી એક નહીં પણ બે બહેન તને પરણાવું છું, તો’ય ‘ઢાલ માગે’ અર્થાત હું તો તારો જીવનભર ઋણી જ રહીશ.

આટલી વાત વેલેન્ટાઈન ડેની ડાન્સ પાર્ટીઓના દેકારા વચ્ચે ટાંકી એટલે કે આ લોકકથાના ત્રણેય પાત્રો અભણ હોવા છતાં સમર્પણનું શ્રેષ્ઠ ઉદાહરણ પૂરું પાડે છે અને

અટાણે તો પત્ની જ એના પ્રેમી સાથે મળીને પતિનું કાસળ કાઢે છે. રે કિસ્મત! જમાના પ્રમાણે ઍજ્યુકેશન વધ્યું પણ સમજણ અને સહનશક્તિ ઘટ્યાં છે. બાકી પ્રેમમાં અને જીવનમાં પતિ-પત્નીએ એકબીજાંને માફ કરી દેવાં. પતિદેવો, તમને'ય કોકે માફ કર્યા છે ને એટલે જ તમારા લગ્ન થયાં. યાદ કરો, બાકી દરેક છોકરાનું કૉલેજલાઈફનું એક દીનું વિડીયો શુટિંગ જો સગાઈ ટાણે સાસરીયા'વને બતાવવામાં આવે તો 95 % મુરતિયા વાંઢા મરી જાય! કે આ મુરતિયો છે જે કૉલેજની રેલીંગુ પર સીટીયું મારે છે! આ જે કોકને એની ઘરે મૂકવા સીટીબસનાં મંથલી પાસ કઢાવી બસમાં જગ્યા રાખતો...! આ ઈ છે, જે ઉછીના રૂપિયા લઈ ગામને સેન્ડવિચુ ખવડાવતો...! આ ઈ જ છે, જે બાપાએ આપેલા GEB ના બિલના રૂપિયામાંથી વેલેન્ટાઈન ગિફ્ટ લઈ આવતો...! આ ઈ છે....?

(મહોબ્બતમાં જે માફ ન કરી શકે એ શું ખાક મહોબ્બત કરી શકે?)

(મૂળ વાર્તા: સોરઠી પ્રેમકથાઓ: ઝવેરચંદ મેઘાણી)



અય ખુદા! તું ઈશ્ક મત કરના પછતાયેગા, હમ તો મરકર ભી તેરે પાસ આતે હૈ, લેકિન તું કહાં જાયેગા???

૩

એસ.ટી. કા સફર, હૈ યે કૈસા સફર

એક જણાએ ભગવાનને પ્રાર્થના કરી કે હે પ્રભુ, મને અઢળક રૂપિયા અને કન્યાઓથી ભરેલી આખી બસ મળે. ઈશ્વરે એની પ્રાર્થના સ્વીકારી લીધી અને ઈ મહાશયને એસ. ટી. બસનો કંડક્ટર બનાવી દીધો. હવે ઈ આખા ગામનું ચિલર સાચવે છે અને અપડાઉન કરતી આખી કોલેજની કન્યાઓને પોતાની બસમાં જોઈને જીવ બાળ્યા કરે છે.

'સલામત સવારી એસ.ટી. અમારી' આ સૂત્ર સાંભળીને આપણા હિમાદાદાએ નવા સૂત્રો ઠપકાર્યા'તા કે 'મરામતની વારી એસ.ટી. અમારી' કાં તો 'સાવ ગંધારી એસ.ટી. અમારી' એમ કહો. ફોરવ્હીલર ગાડીયુંના આક્રમણમાં આપણી આ સલામત સવારી ડાયનાસોરની જેમ નામશેષ થઈ ગઈ. એસ.ટી..મુસાફરીની સફરમાં આપણી એક પેઢીએ જે સફર (યાતના) ભોગવી છે એનો અંદાજ પણ ઑડી કે મર્સીડીઝમાં ફરનારી પેઢીને ન હોય!

હિંમતદાદા પોતાના એસ.ટી. સાથેના સંસ્મરણો વાગોળીને વાત માંડે છે. સાંઈ, હજી આપણા કચ્છ -કાઠિયાવાડમાં એવાં અંતરિયાળ ગામડાં છે જેમાં સવારે એક બસ ઉપડે ને સાંજે ઈ જ બસ પાછી રાતવાસો કરવા રોકાય છે. ગામને ચોરે બેઠાંબેઠાં સમગ્ર રાષ્ટ્રની ચિંતા અને ચર્ચા કરનારા સન્માનનીય વડીલો, બસ જેવી ગામમાં ઍન્ટર થાય ઈ ભેગુ હાથનું નેજવું (નેજવું એટલે નેણ પર હાથ રાખીને જોવું) કરીને એક બીજાને પૂછે કે એલા બસ આવી? બીજા ભાભા સામું પૂછે કે લાલ બોડીયાવાળી છે કે કાળા બોડીયાની? ત્યાં ત્રીજા ભાભા જવાબ આપે કે 'અરસપરસ છે.' (હજુ અભણ વડીલોને ઍક્સપ્રેસ બોલતા નથી ફાવતું)

ગામની બસમાં કોણ કોણ ઉતરે છે અને કોણ મે'માન કોની ઘરે આવ્યું? એની બધી જ ખબર બસ આવતાં વેંત જ થઈ જાય છે. એકવાર ગામડેથી ગોંડલ હું, હિમાદાદા ને શાંતિકાકી સાથે આવતા હતા. ગિરદી જોરદાર હતી. મધપૂડાની જેમ એસ.ટી.ના બારણે ચોંટી રહો તો જ અંદર ઉભા રહેવાનું સ્થાન મળે એવી વિકટ પરિસ્થિતિ હતી. એમાં સૌ પેસેંજરો ડ્રાઈવર કંડક્ટરની કાગડોળે રાહ જોતા હતા. ત્યાં કંડક્ટરને મેં પૂછ્યું કે આ ડબ્બો કયારે ઉપાડવો છે? હાજરજવાબી કંડકટરે સિક્સ મારી કે કચરો ભરાઈ જાય

એટલે તરત જ!

મુંબઈની લોકલ ટ્રેનમાં થતી ગિરદીના દૃશ્યો વર્ષો પહેલાં અમે એસ.ટી.ની લોકલ બસોમાં ખૂબ જોયેલાં છે. કચ્છ કાઠિયાવાડના ગામડામાંથી જે ગુજરાતીઓ મુંબઈ આવ્યા છે ઈ લોકોને એટલે જ મુંબઈની ટ્રેનમાં અને મુંબઈના તમામ વ્યાપારધંધામાં ઘૂસ મારતાં સરસ આવડ્યું છે, કારણ કે ઈ લોકો આ ઘુસ મારવાની નેટપ્રૅક્ટિસ કે રીહર્સલ ગામડાની એસ.ટી. બસોમાં કરીને જ મુંબઈ સેટલ થયા છે.

માંડમાંડ કોકની બગલ નીચેથી ગળકીને હું બસમાં ચડ્યો. ચડતાં વેંત નિહાકો નાંખ્યો કે ઓ હો.. હો... આમાં તો બોકડાની જેમ ભર્યા છે. ત્યાં એક નંગ વાંહેથી બોલ્યો કે તોય એક ગધેડાની જગ્યા છે હોં! મને કાપો તો લાલ ને બદલે બ્લ્યુ લોહી નીકળે એવું થયું પણ ગામડાના અભણ લોકોનું હાજરજવાબીપણું અને નિર્દોષ રીતે હાસ્ય મેળેવી લેવાની ટેવ મને ખૂબ સોંસરવી ઉતરી ગઈ.

હું ને હિમાદાદા તો બસમાં ચડી ગ્યા. શાંતિકાકીને હાથ દઈને મેં એસ.ટી.માં ચડાવ્યા ત્યાં કાકીએ જાલિમ આશીર્વાદ આપ્યો કે હે ગગા, જેવી રીતે તેં મને ઉપાડી એમ ભગવાન તને ઉપાડે! મને ઓંતરાસ આવી ગ્યો. મેં કીધું કાકી, આ આશીર્વાદ અરજન્ટલી પાછા ખેંચો, નહીંતર હું તમને બસમાંથી ફેંકી દઈશ! મારા મગજનો બાટલો ફાટી ગ્યો. ત્યાં હિમાદાદાએ મામલો થાળે પાડ્યો.

દાદાએ સીટ ઉપર પડેલો કોકનો રૂમાલ હડસેલીને ત્યાં કાકી સાથે ગોઠવાઈ ગ્યા. જેનો રૂમાલ હતો એણે આવીને સીધો ડખો કર્યો કે દાદા અહીંયા રૂમાલ હતો એટલે આ સીટ મારી ગણાય. દાદાએ ફેંકુ જવાબ આપ્યો કે ભાઈ એમ તો તું મારી ઘરવાળી માથે રૂમાલ રાખી દે એટલે મારે શું ઈ પણ તને દઈ દેવાની? હાલ ઉપડ!

આવો અઘરો જવાબ સાંભળી ઈ ભાઈ અવાક્ થઈને બસની નીચે જ ઊતરી ગ્યો. મને જગ્યા નહોતી મળી. હું ગિરદીનો આનંદ લેતો'તો. એવામાં હિમાદાદાની બાજુની સીટમાં એક ભાઈ 'હાથ ઊંચા કરીને' બેઠા'તા! મને નવાઈ લાગી મેં પૂછ્યું કાં વડીલ, કાંઈ વ્રત છે? તકલીફ છે? ઈ ભાઈ કહે ના રે ના, સામે બોર્ડ વાંચો સરકારે જ લખ્યું છે કે, 'હાથ ઊંચો કરી બસમાં બેસો'! હે ભગવાન! આને સમજાવે કોણ!

ત્યાં હિમાદાદા બોલ્યા કે એમ તો બસમાં ઈ પણ લખ્યું છે કે શરીરનો એક પણ ભાગ બસની બહાર કાઢવો નહીં છતાં બધાં માવાફાકીવાળા થૂંકવા માટે મોઢું બારી બહાર નથી કાઢતા? ભાઈ, સરકારનું બધુંય માનવા જઈશ તો વે'લો ગુજરી જઈશ!

ત્યાં ગિરદી ચીરતો વીર પેટીવાળો ઉર્ફે કંડક્ટર અમારી આસપાસ ડોકાયો. એક જણાએ એને પૂછ્યું કે સાહેબ, આ બસ 'ધારી' જાશે? પરસેવે રેબઝેબ કંડક્ટરે ફટાક કરતો જવાબ આપ્યો કે ડ્રાઈવરે પીધો નહીં હોય તો ધારી જાશે નહીંતર અણધારી જાશે!

બગસરાથી અમદાવાદ જતી બસ વાયા અમારા અમરનગર ગામડેથી વાયા ગોંડલ રાજકોટ-ચોટીલા-બગોદરા જતી હતી. એમાં એક જણો આખી બસમાં હાલ્યા જ કરતો હતો. હવે પગ મૂકવાની જગ્યા ન હોવા છતાં એણે આખી બસના બેય છેડા બબ્બે વાર આંટા દીધા. એમાં મેં પૂછ્યું, એલા કાં સખ નથી તારા જીવને? કેમ ચાલુ બસે હાલહાલ કરે છે?

ઈ પેસેન્જરે મગજમાં ઘોબા પડી જાય એવો જવાબ આપ્યો કે ભાઈ, મારે 'બગસરાથી ચોટીલા' હાલીને જવાની માનતા છે એટલે બસમાં હાલું છું! આ લે લે!

મર્સીડીઝ હોય કે ઑડી, ક્વૉલીસ હોય કે ઈનોવા, એસ.ટી.નાં સ્મરણો કોઈ કદી ભૂલી જ ન શકે. હાલો મારું ગામ આવી ગ્યુ, હું ઉતરી જાઉં છું.



—Of The Record—



ઈશ્વરને પ્રાર્થના કરું છું કે આવતે ભવ કદાચ મને માણા ન બનાવે અને પાણો (પથ્થર) બનાવે તો'ય ગુજરાતની માટીનો બનાવે!

૪

ઘરવાળી સારી, તોય કૂતરી પાળી

સો વરસ પહેલાં લોકોના મકાન પર લખાતુ હતું કે 'સુસ્વાગતમ્'. છેલ્લાં સિત્તેર વરસથી 'ભલે પધાર્યા' લખાય છે. અને છેલ્લા વીસ વરસથી આપણે લખતાં થયા છીએ "કૂતરાથી સાવધાન!" ધીસ ઈઝ અવર સ્ટેટસ. આને કહેવાય વિકાસ! શું ક્યો છો?

વળી 'કૂતરાથી સાવધાન'ના બોર્ડની નીચે જ ચટાપટાવાળો બરમુડો પહેરીને શેઠ કૂતરાને નવડાવતો હોય! સાલ્લુ આપણને શંકા જાય કે આમાં શેઠ કોણ છે અને કૂતરો કોણ છે? એની વે, આજે આંગણે કૂતરો પાળવો એ ગૌરવ ગણાય છે અને ફળિયામાં ગાય બાંધવામાં શરમ થાય છે. આપણો આખો સમાજ જે કાંઈ સમસ્યાઓથી પીડાઈ રહ્યો છે એનાં કારણો નજર સામે જ છે કે કૂતરા ક્વૉલીસમાં રખડે છે અને કામધેનુ ઉકરડે આથડે છે.

રાજકોટમાંથી તો મારા એક મિત્રે મને ફોન કરીને નિમંત્રણ આપ્યું કે સાંઈ, ઘરે તો આવ યાર, દોઢ લાખની લીધી છે ઈ જોવા તો આવ! મને થયું કે દોઢ લાખમાં અટાણે એક નેનો ગાડી જ આવે છે. લાવને જઈ આવું, ભાઈબંધ રાજી થાશે. ઘરે જઈને જોઉં તો ઈ ભાઈબંધ દોઢ લાખની રૂંછડાવાળી પોમેરીયન કૂતરી લઈ આવ્યો. આય હાય! ઈ કૂતરી સોફા ઉપર બેઠી'તી અને એના બા-બાપુજી વૃધ્ધાશ્રમમાં હતાં. મને થ્યું કે નક્કી આ 'શ્વાનસુંદરી; એની ચોથી પેઢીએ કાંઈક સગી થતી હશે એટલે જ આ ભવે બિલ વસૂલવા આવી છે.

કૂતરાને પ્રેમ કરવો ઈ સ્હેજેય ગુનો નથી, પરંતુ જ્યારે ઈ માણસના ભોગે થાય ત્યારે મારી રેડ લાઈટ છે. 'તારક મહેતાના ઊલ્ટા ચશ્માં'વાળા પણ 'કૂતરા-શેરૂ' વાંહે આદુ ખાઈને પડ્યા'તા. તારકભાઈની ઓરિજિનલ વાર્તામાં ક્યાંય કદી કૂતરું ઘૂસ્યું કે ભસ્યું નથી, પણ આ ટી.વી. વાળા તો ટી.આર.પી. મળે તો મચ્છર ઉપર પણ મહિનો 'દિ સિરિયલ ચલાવવા સક્ષમ હોય છે. મનોરંજન જ્યારે ચ્યૂઈંગમ જેવું લાંબુ થાતું જાય છે ત્યારે ઈ ફિક્કું અને નીરસ બનતું જાય છે.

મહેસાણામાં એક મિત્રને ત્યાં હું જમવા બેઠો. એનો કૂતરો મારી સામે જ જીભડો કાઢતો બેઠો. હવે મેં નાનપણમાં એકવાર ડૂંટી ઉપર ચૌદ ઈંજેકશન લીધેલાં હોવાથી

જેઠાલાલની જેમ જ હું'ય કૂતરાથી રાડ કાપુ. મેં યજમાનને વિનંતી કરી કે આ કૂતરાને આઘો બાંધી દો ને યાર, તો જ હું જમી શકીશ. યજમાન કયે સાંઈરામ, તમે હૈયે ધરપત રાખો ઈ કરડશે નહીં. ઈ તો એની થાળી ઓળખે ને?

મારા વિદ્યાગુરુ ડૉ. કનુભાઈ કરકર ઋગ્વેદની એક સરસ વાર્તા અમને ભણાવતા. એક વાર ઈન્દ્રની ગાયો ખોવાઈ ગઈ. 'પણી' એટલે હોંશિયાર લોકોનો પ્રદેશ કહેવાતો ઈ 'પણીલોકો' ગાયો લઈ ગ્યા'તા. ઈન્દ્રને પણી ઉપર શંકા એટલે એણે ગરૂડને ગાયોની ભાળ મેળવવા પણીના દેશમાં મોકલ્યું. પરંતુ પણ લોકોએ ખૂબ ચાલાકી વાપરી, ગરૂડને ખૂબ માન-પાન આપી ભેટ સોગાદો આપી અને પોતાના પક્ષમાં કરી લીધું.

ગરૂડે ઈન્દ્રને ખોટી માહિતી આપી કે પણીના દેશમાં ગાયો નથી. પછી ઈન્દ્રે પોતાની 'સર્મા' નામની કૂતરીને ફરી જાસૂસી માટે મોકલી. સર્મા બીચાડી પડતી આખડતી-માંડ માંડ પણીના દેશમાં પહોંચી. પણી લોકોએ ફરી ચાલાકી વાપરી, પણ 'સર્મા' નામની કૂતરી પણીથી લલચાણી નહીં. સર્માએ ઈન્દ્રને સાચી બાતમી આપી દીધી કે તમારી ગાયો પણી દેશમાં જ છે. મૉરલ ઓફ ધ સ્ટોરી હવે શરૂ થાય છે, કે ઈન્દ્રે ગરૂડને શ્રાપ આપ્યો કે તારા વંશજો ગીધ થાશે અને માંસાહાર કરતાંકરતાં મૃત્યુ પામશે. અને 'સર્મા નામની કૂતરીને ઈન્દ્રે આશીર્વાદ આપ્યો કે "તારા ગુણ મનુષ્યો જાણશે!"

બસ આ એક લીટીના આશીર્વાદે શ્વાનના આખા ગોત્રનું કલ્યાણ કરી નાખ્યું. છોકરાં ને બાયડી વાંહેની સીટમાં બેઠાં હોય ને મર્સીડીઝની આગલી સીટ ઉપર રાભડા જેવો, 'શ્વાનશ્રેષ્ઠ', 'શ્વાનસુજ્ઞ' કે 'શ્વાનોત્તમ' કે 'શ્વાન-કુંવર' જીભડો કાઢીને લાળું પાડતો હોય...! વાહ ભૈ વાહ!

મુદો ઈ છે કે 'કાળુડી કૂતરીને આવ્યાં ગલુડીયાં'. કવિતાથી શરૂ થયેલી આપણી શિક્ષણયાત્રા આજે મિસ્ટર બીન અને પોગોમાં ફસાઈ ગઈ છે. બાળપણમાં શેરીની વિયાયેલી કૂતરી માટે ઘરઘર શીરો માગવા જતા યાદ છે કોઈને? તો દિવાળીએ કૂતરાની પૂંછડીએ રૉકેટ બાંધવાના જોખમી તોફાન આજકાલની પેઢીને સપનામાં પણ ન આવે. ખરું ને?

પણ લેખની શરૂઆત કૂતરાથી કરી'તી એટલે જો અંતે કૂતરાને યાદ ન કરૂં તો કૂતરું કરડે! મુંબઈમાં પાર્લાની અંદર એક શેઠે મને પૂરું પેમેન્ટ દઈને પ્રોગ્રામ માટે બોલાવ્યો. પછી ઘરે જમાડીને અગાસી ઉપર ખુરશી ઢાળીને બેસાડ્યો. શેઠ કહે બસ હવે જોરજોરથી દૂહા, છંદ ને જોક્સ જાવા દ્યો. વગર માઈક, ઑડીયન્સ અને સ્ટેજ! હું તો ગોટે ચડ્યો. મેં શેઠને પૂછ્યું, શેઠ આવી રીતે અગાસી ઉપર મારો કાર્યક્રમ કરવાનું કારણ શું? શેઠે ઠાવકાઈથી જવાબ આપ્યો કે છેલ્લા એક માસથી સામાવાળાનો કૂતરો મને સૂવા નથી દેતો. આજ તો મહિના 'દિનો બદલો લેવો છે! ઘડીક તો મને અગાસી પરથી ઠેકડા મારવાનું મન થ્યું, પછી તમારા બધાનો વિચાર આવ્યો કે ગુજરાતીઓ એક સારો કલાકાર સાલ્લા કૂતરા માટે ખોઈ બેસે ઈ તો વ્યાજબી કારણ નહીં જ ગણાય. બસ એટલે હું જીવી ગ્યો છું.


—Of The Record—


કોઈપણ રીતે હવે વહીવટ કરે છે માણસો, ને ઉપરથી તો'ય પાછો વટ કરે છે માણસો, શું કરે છે ખુદ કદી એની ફિકર કરતાં નથી, ચોવીસે કલ્લાક બસ ચોવટ કરે છે માણસો.

(અક્ષરની આંગળિયું ઝાલી-ગઝલસંગ્રહમાંથી)

૫

ગેસ્ટ વેલ-કમ

કાઠિયાવાડની મે'માનગતિ વિશ્વવિખ્યાત છે. બીજી બધી ભાષામાં 'આઈયે, પધારીયે' અને 'સુસ્વાગતમ' કે 'વેલકમ' જેવા શબ્દો આવકારા માટે વપરાય છે. તો જાવાટાણે બાયબાય કે 'ધન્યવાદ' કહેવાય છે. જ્યારે આપણી એકમાત્ર ગુજરાતી ભાષામાં મહેમાન આવે ત્યારે 'આવો' શબ્દ બોલાય છે અને વળાવતી વખતે 'આવજો' શબ્દ બોલાય છે. પોઈન્ટ ઈઝ ધેટ કે મે'માનને ફરી ઘરે પધારવાનું નિમંત્રણ એક માત્ર આપણી માતૃભાષામાં જ છે.એટલે તો અમે ગળા ફાડીફાડીને ડાયરામાં પાલરવભાનો દુહો ગાઈએ છીએ કે

"કાઠિયાવાડમાં કોક'દી તું ભુલો રે પડ ભગવાન,
તારા મોંઘેરા કરૂ સન્માન, તને સ્વર્ગ ભુલાવું શામળા!"

કદી વિચાર્યું કે કેમ કવિએ એવું ન કહ્યું કે કર્ણાટકમાં કોક'દી તું ભુલો પડ ભગવાન! કે આંધ્રપ્રદેશ કે બંગાળમાં કોક'દી તું ભુલો પડ ભગવાન! આવું કેમ ન કહ્યું? કદાચ કવિને ખબર હશે કે બંગાળમાં તો ભગવાનને પણ 'દીદી'ની પરમિશન લઈને જ આવવું પડે, યુ નો! દીદીની ઇચ્છા ન હોય તો આવેલા ગેસ્ટને પણ સિંગુરથી સાણંદભેગું અડધી રાતે ભાગવું પડે યુ નો! દીદી નારાજ થાય તો બંગાળમાં પેલા કાર્ટુનિસ્ટ કે પેલા રેલમિનિસ્ટર ત્રિવેદીની જેમ 'બુરાહાલ' થાય યુ નો! વળી દિલ્હીમાં ઈનકેસ ભગવાન આવે તો એને મેડમને પૂછીપૂછીને પાણી પીવું પડે અને એમાં કાંઈ પણ આઘાપાછું થાય તો દિગુભાઈ ઉર્ફે દિગ્વિજયસિંહની કૉમેન્ટ સાંભળવી પડે એટલે ભગવાનને આ ઉંમરે ઈ પણ અનુકૂળ ન આવે બોસ. મહારાષ્ટ્રમાં પણ જો ભગવાન આવે તો પાછો એને એકાદી 'મરાઠી માનુશ' સાથે લઈને આવવું પડે અને ફરવામાં એકાદ માણસથી વધારે વિઝા ભગવાનને પોસાય નહીં બકા! ઈ આપણો ભગવાન છે, કરકસર તો કરે ને યાર! હવે રહી વાત સાઉથની તો જયાદીદીને કરૂણાનિધિના ગજગ્રાહમાં ભગવાન શું કામ પડે, યુ નો! વળી રાજસ્થાનમાં પાછો એ જ બેવડાગિરિનો પોબલમ. (પ્રોબ્લેમને ગુજરાતીમાં 'પોબલમ' જ કહેવાય ઓ.કે.! ભુલું કાઢ્યા વિના આગળ વાંચો પ્લીઝ ભગવાનની મેટર છે.)

ટૂંકમાં, આખા દેશમાં ભગવાનને ગાડીયુંના ધક્કા મરાવે અથવા તો ઈશ્વર પાસે પણ 'આઈકાર્ડ' માંગે એવા લોકો છે જ્યારે, (એકમાત્ર ગુજરાતની અંદર જ શ્રધ્ધાપૂર્વક

મે'માનને જ ભગવાન માનનારી પ્રજા છે. માટે કવિએ 'કાઠિયાવાડમાં ભગવાનને નોતર્યો છે. આઈ બાત સમજમેં?

કાઠિયાવાડ એટલે એવી ખમીરવંતી ધરતી કે જ્યાં સાધુ બનીને ભગવાને જે દિ વિરપુરના પાદરમાં જલિયાણને કહ્યું કે જલા, મને તારી પત્ની આપી દે. ત્યારે જલિયાણજોગી એમ કહે કે હું આટકોટથી લઈ આવ્યો'તો અને તમે આંયાથી લઈ જાવ શું ફર્ક પડે છે? સાહેબ, આપણે ઈ ધરતીના વંશજો છીએ જ્યાં બિલખાના પાદરમાં મે'માન બનેલા સાધુની માંગણી ઉપર શેઠ શગાળશા અને ચંગાવતીએ દીકરો ચલૈયો ખાંડીને ખવરાવી દીધો. પરંતુ સમય જતાં બધુ બદલી રહ્યું છે, હૃદયમાં ભોળાપણ અને નિખાલસતાની જગ્યા હવે બુધ્ધિ અને સ્વાર્થવૃત્તિએ લઈ લીધી છે.

હવે તો કદાચ કોઈ બાવો મેમાન થઈને દીકરો માંગે તો મા-બાપ દીકરાને બદલે બાવાને જ ખાંડણિયામાં ખાંડી નાંખે એવો ભયંકર સમય રિવાઈન્ડ થઈ રહ્યો છે. મે'માનગતિના દરિયામાં સાબરમતી ઘુસી ગઈ છે અને મે'માનગતિ લગભગ અધોગતિના આરે છે. પારિવારિક સંબંધો ઈતિહાસ થાતા જાય છે કારણ કે બિઝનેસ રિલેશનોમાં પણ હવે ઘરે જમાડવાનું બંધ થયું અને હોટલમાં પાર્ટીઓ શરૂ થઈ. એટલે પહેલાં જે પરિવારો સાથેનું મિત્રોનું એટેચમેન્ટ હતું એ હવે હોટલોના બિલ સાથે રહ્યું. મારા મતે તો આ હોટલોને લીધે જ મે'માનગતિનો હવાલો પડી ગયો છે.

સાવ સત્યપ્રસંગ કહું, તો ગામડામાં એક જગ્યાએ અમે કલાકારો મહેમાન થયા. ઘરધણીના છોકરાએ જીદ કરી કે મારે સરકસ જોવા જાવું છે. ઘરધણી એના છોકરા પર તાડુક્યા કે ઘરે કલાકારો આવ્યા છે ને તારે વાંદરા જોવા જાવાં છે? હવે અમારે શું સમજવું? હિંમતદાદા એનું ગોળમટોળ શરીર લઈને ગોંડલની આજુબાજુના મારા ઘણા કાર્યક્રમોમાં માત્ર જમવા માટે સાથે આવે. હિમાદાદા પાહેં હું આમેય ઝાઝી અપેક્ષા ન રાખું. ઈ તો મને નડે નહીં ઈ એમની સેવા જ છે. શાંતિકાકીની રોજની કચકચવાળી થાળીથી કંટાળી ગયેલા હિમાદાદા અમારી સાથે આવે અને અમારી આખી ટીમ કરતાં વધુ જમે. હમણાંની વાત કહું તો, ડાયરાનો કાર્યક્રમ હતો, સરપંચની ઘરે જમણવાર હતો.

અમે બધા હિમાદાદા સાથે બેઠા. સરપંચના આગુડા (આગુડા એટલે દોઢ ડાહ્યાથી વન સ્ટેપ અહેડ) છોકરાએ અમારી સાથે જ જમવાની જીદ લીધી. સરપંચે બેત્રણ વાર રોક્યો પણ દસ વરહનો છોરો રાડેરાડ થયો. ત્યાં એના મમ્મીએ એ તોફાની બારકસને સમજાવ્યો કે જો બેટા, મહેમાન સાથે ન જમાય મહેમાન તો 'છી' ખાય! ચાલ! આટલું કહીને ઈ બેન તો ગગાને લઈને રૂમમાં ચાલ્યા ગયા. પણ હિમાદાદાનો બાટલો ફાટ્યો મને કહે સાંઈરામ, હવે આપણે આ ભોજન કેમ ખાવું? મેં કહ્યું દાદા, ભૂલી જાવ. શાંતિકાકીની થાળી કરતાં તો આ ભોજન સારું જ હશે. જમવા માંડો.

આટલું ઓછું હોય એમાં અમે જમવાનું સ્ટાર્ટ કર્યું. ધોની જેમ પીચ પરથી દડા ઉપાડે એમ હિમાદાદાએ મોહનથાળના ઢેફલાં ઉપાડ્યાં. એમાં વળી સરપંચે પીરસવાવાળાને કહ્યું કે એલા કલાકારોને બરાબર જમાડજે હોં. ત્યાં અકલમઠ્ઠા પિરસવાવાળાએ સામી ભયંકર સિક્સ મારી કે સાહેબ, જમાડું જ છું, બાકી, કલાકારો તો વાસનાના ભૂખ્યા હોય છે, ભોજનના નહીં! આ સાંભળી મને તો ઉબકો આવી ગ્યો. ઢેફલું હાથમાં જ રહી ગયું ને મેં ત્રાડ નાંખી કે એ ભાઈ, ઈ વાસનાના નહી, ભાવનાના ભૂખ્યા હોય'. એમ બોલાય યાર! કાંઈક બોલવામાં ધ્યાન તો રાખ. પિરસણીયો તો આ વાક્ય બાફીને ઢેફલા પડતા મૂકીને છનનન થઈ ગયો. પણ હિમાદાદાએ બળતામાં ઘી હોમ્યું. દાદા કહે ઈ ભલેને બિચાડો ગમે ઈ બોલ્યો પણ તમે તો 'ભાવના'ના જ ભૂખ્યા છો તો શું કામ ભોજન જમવા બેઠા છો?

ભાવના ખાવ ને! મૉરલ ઑફ ધ સ્ટોરી! સરપંચ જમ્યા પછી ડાયરામાં દેખાણા જ નહીં, પછી અમને ખબર પડી કે સરપંચની વહુનું નામ જ 'ભાવના' હતું. બાપ રે!



હર શખ્સ મુજે એક અખબાર સમજકર, અપને મતલબ કી ખબર કાટ લેતા હૈ.

૬

પતિ થયો ઇ પતી ગયો

આ પુરૂષોત્તમ મહિને અમારા હિંમતદાદાના ઘર્મપત્ની શાંતિકાકીએ ખૂબ સત્સંગ કર્યો. ઠાકોરજીની સામે કાકી સૌથી વહેલા ને પહેલા પહોંચી જાય. પૂજારી હજી તો પડદો ઉઘાડે ત્યાં એને શાંતિકાકીના દર્શન સૌથી પહેલાં થાય. શાંતિકાકી પાછા પોતાના બોખા સ્વરે ઠાકોરજીને કહે પણ ખરાં, કે ઠાકોરજી, તારા દર્શન કરું ને મારો દિવસ સારો જાય! એક મહિનો આ ક્રમ રેગ્યુલર ચાલ્યો. શાંતિકાકીએ એક પણ રજા પાડ્યા વગર નિત્યક્રમ જાળવી રાખ્યો. છેલ્લે દિવસે સવારે મંગળામાં દર્શન જેવાં ખૂલ્યાં કે ઠાકોરજી મોઢું ફેરવીને ઉભા'તા! પૂજારીનું દિમાગ ઘૂમી ગ્યું. અફરાતફરી મચી ગઈ. શાંતિકાકીએ પણ તરત ટેન્શનમાં પૂછી લીધું કે કેમ ઠાકોરજીએ આજ મોંઢું ફેરવ્યું? તમારા દર્શન કરુંને, મારો આખો દિવસ સારો જાય છે. ત્યાં ઠાકોરજી બોલ્યા. કે હા, કાકી પણ કોક 'દિ મારે'ય દિવસ સારો કાઢવો હોય ને!'

મૉરલ ઓફ ધ સ્ટોરી — ભગવાનના 'દિ બગાડી નાંખે એવા માણસો પાકવા માંડ્યા છે. બી એલર્ટ, ચાલો કૈંક એવું જીવન જીવવાની શરૂઆત કરીએ કે ઈશ્વરને સ્વર્ગ છોડીને માણસો ભેગું રહેવાનું અને જીવવાનું મન થાય. આપણી અઢળક પ્રાર્થનાથી તો એ નથી આવતો. ચિત્કારો અને ચીસોથી તો એ નથી પીગળતો. ઈ ચાહે છે એમ કદાચ આપણે જીવવા લાગીએ તો એ આપણાં ગુના માફ કરી દે. કદાચ!

બાકી, આ રહ્યા અમારા હિંમતદાદા. એક દિ' સવારના પોરમાં છાપું વાંચીને આંસુડા સારતા ઓટલે બેઠા'તા. હું સ્કૂલે જવા નીકળ્યો. મારાથી પૂછાઈ ગ્યું, કાં દાદા, કુટુંબમાં કોઈ ઉકલી ગ્યું? કેમ રડો છો? દાદા ક્યે ના રે ના સાંઈ, મહિલામંડળની બસ ખાઈમાં પડી એ ન્યૂઝ વાંચીને રડું છું... બિચાડી મિનિબસમાં બેઠેલી સત્તરેસત્તર વૃધ્ધ મહિલાઓ ત્યાંજ મૃત્યુ પામી. મેં પૂછ્યું પણ એમાં તમારું કોઈ સગું હતું? દાદા ક્યે ઈ નું તો રોણું આવે છે કે તારી કાકી આ બસમાં હોત તો? ભાયડો પાછો લંડન ઉપડત ને? હે રામ! આ જવાબ સાંભળીને હું સ્કૂલ ભેગો જ થઈ ગયો.

શાંતિકાકી જ્યારેજ્યારે પ્રાર્થના કરે ત્યારે એમ બોલે કે હે ઠાકોરજી મને આ જનમે આપ્યો ઈ નો ઈ જ પતિ સાત જનમ સુધી દેજે. એક 'દિ મેં પૂછ્યું કે કાકી આ એકભવમાં

તમે દાદાથી કંટાળ્યા નથી કે હજી સાત જનમ રિપીટ માંગો છો? કાકી ક્યે, બેટા, એમાં મોટો ફાયદો છે. એક જનમમાં જેને તૈયાર કરીને ટ્રીટ કર્યા, ઈ મહેનત આવતે જનમ ફરી ન કરવી પડેને એટલે! ત્યાં આ વાર્તાલાપ હિમાદાદા સાંભળી ગ્યા ઈ ક્યે સાંઈ, એમ કાંઈ ભગવાન બહેરો નથી ઈ બે'ય પક્ષે સાંભળીને જ નિર્ણય લ્યે હોં! અને અમે સૌ ખડખડાટ હસી પડ્યા.

સતી અનસૂયાએ જમરાજા પાસેથી પણ એના પતિને છોડાવીને ફરી જીવતો કર્યો. મતલબ એ કે પત્નીથી તમને જમરાજા પણ છોડાવી ન શકે. આટલું કહીને મેં ભારતભરના પતિદેવો વતી એક હળવી ફૂલ કવિતા સંભળાવી કે:

"પતિદેવો વ્યથિત વદને હવે આ વાત બોલે છે,
કરેલાં કર્મની કથની આ પ્રત્યાઘાત બોલે છે!"

મારું અંગત માનવું છે કે જેણે આપણી સગાઈ કરાવી હોય એ કાકા-મામા-ફઈ-પાડોશી વોટએવર, પહેલા પાંચ વરસ તો આપણને એવા વહાલા લાગે છે, કે વાહ આ ફલાણાભાઈ કે બેન ન હોત તો આપણું ઘર બંધાત જ નહીં, પણ લગનના વીસ વરસ પછી ઈ જ સગાઈ કરાવનારા આપણને ઝેર જેવા લાગે છે કે આણેજ મારો પગ આ ભેંસના શિંગડામાં નંખાવ્યો. દરેક પુરૂષ ચેક કરી લ્યે, પોતાની સગાઈ કરાવનારાનું વર્તમાન સ્ટેટસ ક્યાં છે.!!!

"હું બોલું તો'ય બોલે છે ન બોલું તો'ય બોલે છે,
દિવસે હું મૌન પાળું તો એ આખી રાત બોલે છે."

જૂની જોક છે ને, એક ભાઈ રાતે શું કામ બબડતા હતા? કારણ એને એની વાઈફને લીધે દિવસે બોલવાનો મોકો જ નહોતો મળતો.

"શનિ રાહુ કે કેતુ આ ગ્રહો મારું બગાડે શું?
કે મારી કુંડળી માથે આ નમણી ઘાત બોલે છે."
"એ મારું, પ્રિય ભોજન રાંધવા મોઢું બગાડે છે,
ને પુછું શું હું લઈ આવું? તો વસ્તુ સાત બોલે છે.

હિમંતદાદા કાકી ઉપર ખિજાણા કે લગનને આટલા વરસ થ્યાં તેં કોઈ 'દિ મને વહાલથી જમાડ્યો નહીં! બીજે 'દિ શાંતિકાકીએ 'વાલ'નું શાક કયુ, ને કહ્યું પણ ખરું લ્યો સ્વામિનાથ આ વાલ...! હવે રાજી?

"ગઝલ લખવા હું બેઠો'તો ને સાસુમા પધાર્યા ત્યાં
હઝલ થઈ ગઈ વ્યથા મારી આ ઝંઝાવાત બોલે છે...!

દરેકના ઘરમાં સાસુ એક ખતરનાક વિલનના પાત્રમાં જ હોય છે. મિત્ર અતુલે એક દિ મને કહેલું કે સીતામાતા વનમાં રામ સાથે ચાલ્યાં ગયાં એનું કારણ કદાચ એ જ હશે કે ઘરમાં ચૌદ વરસ ત્રણ સાસુઓ સાથે રહેવું એના કરતાં તો જંગલમાં પતિ સાથે ભટકવું સારું! મેં કહ્યું એવું નથી અતુલ, પૂ. મોરારીબાપુ ખૂબ સરસ દૃષ્ટાંત આપે છે કે સીતાએ રામનો સાથ જંગલ ભણી ન દીધો હોત ને તો આ દેશની કોઈપણ અધાગના એના પતિના કપરા સમયમાં એને સાથ ન આપત. જાનકીએ તો દાંમ્પત્યજીવનનું શ્રેષ્ઠ ઉદાહરણ પુરું પાડ્યું છે.

જો કે અટાણે તો હવે આજુબાજુ એવા પ્રસંગો જોવા મળે છે કે પતિદેવ શેરબજારમાં ડૂબી જાય એટલે પત્ની બીજે 'દિ સામાન લઈને રફુચક્કર થાય. હાલો હવે તમે'ય ઉપડો! આટલું જ કાફી છે! જય છટકેશ!


—Of The Record—


હજ પઢતી વખતે સંત રાબિયાને કોઈએ પૂછ્યું કે, મહોતરમા, આપ શૈતાન કો પથ્થર મારના ભૂલ ગઈ હૈ! તો સંત રાબિયાએ સુંદર ઉત્તર આપ્યો કે, અલ્લાહ સે ઈતની મહોબ્બત હો ગઈ હૈ કી શૈતાન સે નફરત કરના હી ભૂલ ગઈ હું!

૭

એક ઢાંઢો...બીજો વાંઢો...ત્રીજો ગાંડો રે...

નોરતાના પડઘમ વાગી રહ્યા છે. મુંબઈની નવરાત્રી તો અન્નકોટ જેવી હોય છે. જોવા મળે, કંઈ ખાવા ન મળે. હજારો ખેલૈયાઓ, લાબોની સાઉન્ડ સીસ્ટમ અને કરોડોનું આયોજન. સૌ પોતપોતાનું ગ્રુપ બનાવીને શક્તિ પ્રમાણે ત્રેવડ હોય ત્યાં સુધી રમી લ્યે છે.

હીંચનો તાલ સાંભળીને જેના પગમાં લોહી રમણ-ભમણ ન થાવા લાગે એને હું તો ગુજરાતી જ નથી ગણતો. ગુજરાતી પ્રજા તો ગરબા અને દાંડિયારાસની બ્રાન્ડ ઍમ્બેસેડર છે. નવરાત્રિના નવ દિ' ખાવા ન દે તો ચાલે, પણ નાચવા તો દેવું જ પડે. ચાહે અમદાવાદ હોય કે અમેરિકા, રાજકોટ હોય કે રશિયા, ગુજરાતી છેવટ પોતાના ઘરની અંદર નાનકડો ગરબો મૂકી હાથતાળી પાડીને પણ બે રાઉન્ડ ગરબાના તો લઈ જ લેશે. નવ વર્ષની નાજુક દીકરીયુંથી માંડીને પાંસઠ વર્ષના બબલગમ જેવાં બા કે ભાભી સુધી બધાં નોરતામાં માતાજીના ગરબા પર બે ઠુમકા તો લગાવી જ લ્યે છે. ગુજરાતી પ્રજા હસતી — ગાતી અને નાચતી પ્રજા છે. ચાલો, આ નવરાત્રીમાં તમે બાથરૂમમાં ગણગણી શકો એવા થોડાક મારા હાથે બનાવેલા કૉમેડી ગરબા ગાઉં છું. ધ્યાનથી લિસનજો ને પછી સિંગજો —

ગરબો — 1

(રાગ — કુમ કુમ ના પગલાં પડ્યા)

તેલના ભાવ વધ્યા, પેટ્રોલના ભાવ વધ્યા,
ડુંગળીના ભાવ વધ્યા રે, મોંઘવારી માડી તારા પરચા દીઠા (2)
સલ્વાઈ ગ્યા, મુંઝાઈ ગ્યા, ટીંગાઈ ગ્યા, લાંબા થઈ ગ્યા... (!)
દૂધઘી મોંઘા થાય, વેજીટેબલ વેંચાય.
બે હજારનો ડબ્બો થાય, ક્યાંથી ભજીયા ખવાય?
કરિયાણું કેટલું થાય, મોંઘી વીજળી વપરાય,
ટેક્સ ભરવામાં વેપારીની રાઈડ બોલી જાય,
હોટલના ભાવ વધ્યા, બોટલના ભાવ વધ્યા,

ડૉક્ટર સૌ મોંઘા થયા રે.... મોંઘવારી માડી....

ખરેખર, કેરોસીન અને પેટ્રોલના ભાવ એટલા વધી ગ્યા છે કે આ જમાનામાં કોઈને કેરોસીન છાંટીને બળી મરવું પણ પોસાય એમ નથી. આટલી મોંઘવારી હોવા છતાં ગુજ્જુઓ એક પણ તહેવાર ઉજવવામાં કદી વી.આર.એસ નથી લેતા. આવતી કાલે કમાઈ લેશું. અટાણે મોજ કરી લ્યો બાપુ... જિંદગી એક ઉત્સવ છે.

નવરાત્રિમાં ગુસ્સાવાળી ને માથાભારે પત્નીઓને રાજી રાખવા પણ અમુક પતિદેવો નિઃસ્વાર્થ સેવા આપવા ગરબા જોવા આવતા હોય છે. એમની ચમકતી ટાલ ઉપર શેરબજારન ડૂબી ગયેલા આંકડા સ્પષ્ટ વાંચી શકાતા હોય છે. એમની માટલા જેવી ફાંદને લીધે એ પતિદેવો ગરબાનું એકપણ રાઉન્ડ રમવા માટે શક્તિમાન નથી હોતા. (વળી આમે'ય ફાંદાળા પુરૂષો ગરબા ન રમે એ સમગ્ર ખેલૈયાની ટીમ માટે હિતાવહ હોય છે.) આવા પતિદેવો એમની પત્ની અને બાળકો માટે 'સાક્ષાત એટીએમ સ્વરૂપ' હોય છે. જે માત્ર ઑડિયન્સમાં ઉભા રહીને એમની વીસ વરસની દીકરી તથા ગોળમટોળ પત્નીના તાલને નિર્લેપ ભાવે નિહાળી રહ્યા છે. ઍન્ડ અફકોર્સ એને અન્ય કોઈ છંછેડી ન જાય એ માટે ઑફિશ્યલ બૉડીગાર્ડની ડ્યુટી પણ ભજવતા હોય છે.

ઓફ ધ રેકોર્ડ વાત કરૂ તો પત્ની જેવી ગરબા રમવામાં મશગૂલ થાય એટલે આ પતિદેવ પોતાની જગ્યાએથી 'સ્થાનભ્રષ્ટ' થઈને બહાર નીકળીને કયાંક બીયરની ચુસ્કી કે સિગારેટની ફૂંકણી મારી આવે છે. વળી ગરબામાં જેવો ચલતીનો તાલ આવે ને 'ઘોર અંધારી રે રાતલડી' કે 'ઘૂણી રે ધખાવી' શરૂ થાય એટલે આ સાક્ષાત એટીએમ સ્વરૂપ પતિદેવ પારકાં બૈરાંઓને રસપૂર્વક નિહાળતા નિહાળતા આખરે પોતાના પરમેનન્ટ એકાઉન્ટના કવરેજમાં આવી જાય છે.

લ્યો સાંભળો એ માથાભારે પત્નીઓનો ગરબો વિશ્વના તમામ દુ:ખી પતિદેવો વતી:

ગરબો — 2

(રાગ — બહુચરમાના દેરા પાછળ)

(માથાભારે પત્નીઓના ભાયડાઓ સાંભળજો,)
કોક 'દિ વેલણ મારી લ્યે તો મુંગા સહન કરજો.
કોક 'દિ પગાર આંચકી લ્યે તો કાંઈ ન એને કહેજો,
તમે છાનામુના સહેજો,
વાંઢાઓને પરણવાની સલાહ ન કરજો...

- કોક 'દિ વેલણ—

કોક 'દિ જમવા ન આપે તો હોટલમાં જઈ જમજો
તમે એક ટાણા કરી લેજો,
ચંપલ ક્યારેક આંટી જાય તો રેંકડી કરી વેચજો

- કોક 'દિ વેલણ—

દરેક ભારતવાસીના મગજમાં અત્યારે મોંઘવારીનું ટૅન્શન છે. દિલમાં પરિવારનું ટૅન્શન છે અને એની નજર સામે દેશનું ટૅન્શન છે. તેત્રીસ કરોડ દેવતાઓના દેશમાં લગભગ દરેક દેવતાઓને એક એક કૌભાંડ અર્પણ થઈ ચુક્યાં છે. લંપટ નેતાઓ સામે અવાજ ઉઠાવનારા અણ્ણા હઝારે અને બાબા રામદેવને પણ મસ્ત પ્લાનથી તોડી પાડવામાં આવે છે. ભારતની પ્રજાને ભ્રષ્ટાચારમુક્ત ભારતની થોડીઘણી આશા કે શ્રધ્ધા જાગી'તી એ પણ હવે ઑક્સિજન પર આવી ગઈ છે.

ત્યારે ગરબા દ્વારા દેશની સચ્ચાઈ વ્યક્ત કરતો ગરબો ન લખું તો તો કાઠિયાવાડીની

કલમ લાજે. લ્યો સાંભળો દેશની પરિસ્થિતિની સોનોગ્રાફી કરતો સાવ સાચુકલો ગરબો.

ગરબો — 3

(રાગ — ઘોર અંધારી રે રાતલડી)

ઘોર અંધારૂ રે ભારતમાં એમાં નીકળ્યા ચાર અસવાર,
પેલ્લે ઘોડે રે અણ્ણા ચડે ઈ તો ઉપવાસનો અવતાર,
અણ્ણા તમે થાકી રહેશો તો'ય સાંભળશે નહીં સરકાર,
સવાસો કરોડના રે કૌભાંકો ને અધમણની લુચ્ચાઈ,
જમજો જમજો રે સૌ નેતાઓ તમે જમજો આખી ટર્મ

—ઘોર —

બીજે ઘોડે રે બાબા રામદેવ ઈ તો યોગ તણો અવતાર,
બાબા હાંફી રેશો તો'ય આવશે નહીં કાળુંધન એકેવાર,
સવા મણનું સોનુ સ્વિસમાં ને અધમણના કૌભાંડ,
અબજો ભારતવાસી નીંદરમાં છે એટલે ચરે છે સાંઢ

— ઘોર —

ત્રીજાને ચોથા રે ઘોડા તૈયાર પણ કોઈ બેસવા તૈયાર નહીં,
તૈયાર થાય એની ઘેરે સી.બી.આઈ.ની રેડ પડી જાય ભઈ',
સવા મણના રે સપનાં છે અને અધમણની સચ્ચાઈ,
જાગજો જાગજો રે સૌ નહીંતર વેંચાશો ચેતવે તમને 'સાંઈ',

—ઘોર—

આ નવરાત્રીએ જગદંબાના ચરણે હું તો એટલી જ પ્રાર્થના જરૂર કરવાનો છું કે હે જોગમાયા, ભારતને મહાભારત થતું અટકાવી લે. ભાષાવાદ, પ્રદેશવાદ, કે કોમવાદના કૅન્સરમાં અમારો ભાઈચારો, અમારો સંપ, અમારી એકતા સાવ વેન્ટિલેટર પર છેલ્લા શ્વાસે છે. હે માં! અમે એવું જરાય નથી કહેતા કે ભારતના તમામ નેતાઓ જ ખોટા છે. કારણ કે આફ્ટર ઓલ એ બધાને અમે જ વોટ આપી આપી ને દિલ્હીથી ગાંધીનગર મોકલેલા છે. જો ઈ ખોટા હોય તો અમે પણ ખોટા છીએ. પણ જગદંબા તું આ નવરાત્રીમાં કૈંક એવો ચમત્કાર કર કે ભારતમાં જે સાચા છે અથવા જે ભારતનું ભલુ ઇચ્છે છે એનો જ વિજય થાય.

રાષ્ટ્રપ્રેમી વ્યકિત જીતે, ચાહે ઈ કોઈ પણ કોમ-ધર્મ કે પક્ષનો હોય એનાથી અમારે કોઈ મતલબ નથી.

હે ભગવતી અમારી ઘણી ભૂલો છે અમે તારા નામ ઉપર અબજો રૂપિયાનો બિઝનેસ કરી રહ્યા છીએ. પણ તું મા છો, માટે અમને માફ કર અને ભારતને સાચી દિશા આપ.



મારા એક મહિનાના અમેરિકાના પ્રવાસ દરમ્યાન મારી પત્નીએ અનાજનો દાણો મોંમાં ન નાખવાનું વ્રત લીધું, એ સાંભળીને હું ખૂબ રાજી થયો. ઈન્ડિયા આવ્યો ત્યારે ખબર પડી કે ઈ રૂપિયા બાવીસ હજારનું ફ્રુટ દાબી

ગઈ છે. આ લે લે!

૮

ઈંગ્લિશ — ગુજલિશ — ખુઝલિંશ

મેં હમણાં મોટા ઉપાડે અમેરિકાનો પ્રવાસ ખેડ્યો. ફ્લોરિડામાં જ્યાં મારો ઉતારો હતો એની પાડોશમાં એક ગુજરાતી પરિવાર હતો. માંડમાંડ ગુજરાતમાં ગ્રૅજ્યુએટ થયેલી મમ્મી એના દસ વરસના છોકરાને મૉડર્ન રામાયણ કેવી ગુજલિશ ભાષામાં સંભળાવે છે એ આ લેટેસ્ટ રામાયણના શબ્દશ: સવાલ-જવાબ વાંચી લ્યો. મઝા પડશે.

સન: મોમ વોટ ઈઝ ધ સ્ટોરી ઓફ ‘રામાયના’? પ્લીઝ ટેલ!

મોમ: ઓહ માય ડિયર સન, આઈ ચોક્કસ ટેલીસ બટ આઈ એમ કમિંગ આફ્ટર વાસણ વોશિંગ ઓ.કે.?

(આફ્ટર પંદર મિનિટ બ્રેક)

સન: મોમ, હુ રાઈટ ધીસ રામાયના?

મોમ: બેટા, રામાનંદ સાગર મેક ધ રામાયણ.

સન: ઓહ, આઈ સી. ટેલ ધ હોલ સ્ટોરી પ્લીઝ.

મોમ: બેટા, લોંગ વરસો બીફોર દેવતા’ઝ એન્ડ દાનવ’ઝ આર ફાઈટીંગ યુ,નો!

સન: વાઉ લાઈક રેસલીંગ?

મોમ: યા યા સન, બટ રેસલીંગમાં ઓન્લી ટુ ઈઝ ફાઈટીંગ ઍન્ડ દેવ દાનવમાં લોટ્સ ઓફ ફાઈટીંગ.

સન: ઓહ ઈન્ટરેસ્ટીંગ!

મોમ: એટ ધેટ ટાઈમ અયોધ્યા’ઝ કિંગ દશરથ હેલ્પ’ડ દેવતા’ઝ એન્ડ જીતીંગ ધ યુધ્ધ. એન્ડ યુ નો, દશરથને થ્રી રાણી વોઝ! ફર્સ્ટ કૌશલ્યા, સેકન્ડ કૈકયી ને થર્ડ સુમિત્રા.

સન: વાઉ! વોટ અ લકી કિંગ દશરથ વોઝ! મોમ, વન ક્વેસ્ચન, હાઉ કેન કિંગ દશરથ ટેક કેર ઓફં થ્રી વન? વાઈલ માય પાપા ઈઝ નોટ ટેક કેર ઓફ યુ ઓન્લી?

મોમ: ઈ કાંઈ વચમાં માથાકૂટ ડોન્ટ કરીંગ. નહીંતર આઈ વીલ ફરગેટ વાર્તા. લિસન ટુ મી, રામ વેડ્સ સીતા અને અયોધ્યાવાસી વોઝ હેપ્પી હેપ્પી યુ નો.

સન: આઈ સી...મોમ આર ધે મેરિડ ઈન ચર્ચ?

મોમ: નો નો માય સન.ધે મેરિડ ઓન ધેર ઓન ખર્ચ. યુ. નો ધેન કૈકયી વોઝ ફ્રસ્ટેટ એન્ડ પ્લેઈંગ પોલિટિક્સ.

સન: ઓહ! પોલિટિક્સ લાઈક પ્રેસિડન્ટ ઓબામા?

મોમ: યા યા એપ્સલૂટલી લાઈક ઓબામા! કૈક્યી ગોઈંગ ટુ દશરથ એન્ડ ડીમાન્ડીંગ ધ હસબન્ડ ડોનેટ (વર + દાન = હસબન્ડ + ડોનેટ) ધેટ ભરત વીલ બી ધ પ્રેસિડન્ટ ઑફ અયોધ્યા એન્ડ રામ વીલ ગોઈંગ ઈન ટુ જંગલ.

સન: મોમ જંગલ મીન્સ ફોરેસ્ટ?

મોમ: યા યા આઈ એમ સૉરી. રામ ગોઈંગ ટુ ફોરેસ્ટ.

સન: ઓ માય ગોડ! આઈ સી, સો રામ વોઝ ધ પાયોનિયર ઓફ ડિસ્કવરી ચેનલ એન્ડ નેશનલ જીયોગ્રાફી ચેનલ રાઈટ મોમ?

મોમ: ડોન્ટ વચમાં પૂછપૂછ કરીંગ. આઈ એમ ડિસ્ટરબીંગ. યુ નો, ધેન રામ, સીતા ઍન્ડ દેર લક્સમન ક્વિક્લી છોડીંગ અયોધ્યા.

સ: વાઉ સો લક્સ્મન ઈઝ ગોઈંગ ફોર ધ ડિફેન્સ ઑફ ધેટ ગાય્ઝ..લાઈક સુપરમેન-હોલોમેન-ઍક્સમેન રાઈટ?

મોમ: નો નો બેટા ધે આર નોટ ગાય્ઝ. ધે ટુ બોય'ઝ એન્ડ વન લેડિઝ.

સન: ઈન્ટરેસ્ટીંગ ધેન!

મોમ: ધેન રાવન વોઝ કમીંગ.

સન: હેય મોમ રા.વન ફ્રોમ બોલીવુડ? શાહરૂખ અગેઈન ઈન ડબલ રોલ એટ ધેટ ટાઈમ ઓલ્સો?

મોમ: ના બાબા, શાહરૂખની પેઢીયું વોઝ નોટ બર્થ એટ ધેટ ટાઈમ. યુ નો રાવન વોઝ કિંગ ઓફ લંકા.

સન: સોરી, બટ લંકા મીન્સ?

મોમ: અ.... (વિચારીને...) લંકા ઈઝ લાઈક અવર વ્હાઈટ હાઉસ. રાવન હેઝ ગોલ્ડન હાઉસ! બટ રાવન વોઝ ખૂબ શક્તિશાળી. ઓલ ધ નવગ્રહ વોઝ બાઉન્ડીંગ ઍટ હિઝ ઢોલિયા'ઝ. બટ રાવન વોઝ ખતરનાક વિલન યુ.સી.

સન: ઓહ વિલન લાઈક ઓસામા બિન લાદેન?

મોમ: એપ્સનૂટલી લાઈક લાદેન માય સન પણ રાવન વોઝ થાઉઝન્ડ ગણો રિચ એન્ડ શક્તિશાળી ધેન લાદેન એન્ડ યુ નો બેટા, રાવન્સ સીસ્ટર શૂપર્ણખા વોઝ કટીંગ ધ નોઝ બાય લકસ્મન સો રાવન વોન્ટ્સ ધ બદલા.

સન: હમ...મ...! ધેન?

મોમ: ધેન રાવન કિડનેપ સીતા ફ્રોમ ચિત્રકૂટ.

સન: ઓહ ચિત્રકૂટ ઈઝ લાઈક ઓરકૂટ?

મોમ: ના રે દિકરા, ડોન્ટ વચમાં આસ્કીંગ. આઈ એમ ભૂલી જાવીંગ વારતા. સીતા વોઝ કિડનૅપ એન્ડ ધેન હનુમાન ગોઈંગ ટુ લંકા.

સન: હનુમાન મીન્સ ધ મંકી ગોડ. ઈઝ ઈટ?

મોમ: યા યા ધેટ મંકી ગોડ વોઝ ફ્લાઈંગ એન્ડ બર્નિંગ ધ લંકા એન્ડ ગિવીંગ ધ મુદ્રિકા, એ વેડિંગ રીંગ ટુ સીતા. ધેન હનુમાન રીટર્ન્સ.

સન: લાઈક મમ્મી રીટર્ન્સ?

મોમ: નો એટ ધ ઍન્ડ ઓફ સ્ટોરી રામ-રાવણનું યુધ્ધ ઈઝ કમીંગ.

સન: યા યા વોટ અ ક્લાઈમેક્સ!

મોમ: નો રામાયણ ઈઝ નેવર કમિંગ ઓન ક્લાઈમેક્સ ઓર સેટમેક્સ ઈઝ વોન્ઝ ઓન દૂરદર્શન. ધેન રામ-રાવણ વેર ફાઈટીંગ...ફાઈટીંગ... ઍન્ડ ખૂબ ફાઈટીંગ. રામ રાવણને મારીંગ એન્ડ સીતાને રીટર્ન લાવીંગ. ધીસ ઈઝ ધ સ્ટોરી ઓફ રામાયણ બેટા...!

સન: યા, થેંક્યુ ફોર એવરીથિંગ મોમ. સ્ટોરી ઈઝ નોટ બોરીંગ, બટ પ્લીઝ ડોન્ટ માઈન્ડ મોમ, યુ, આર અ બેડ સ્ટોરી ટેલર. ટુડે આઈ રીડ ધ વાલ્મિકી રામાયન બટ યુ આર ટોટલી ડિફ્રન્ટ, એન્ડ લીસન યુ ફરગેટ ધ લવકુશ સ્ટોરી એન્ડ વેલ, ડોન્ટ મીરા ગાઈડ મી. રામાનંદ સાગર વોઝ નોટ રાઈટર. તુલસી એન્ડ વાલ્મિકી રોટ ધ રામાયના... આઈ વોઝ જસ્ટ ચેકીંગ યોર જનરલ નોલેજ. યુ.આર ફેઈલ મોમ! સોરી...એની વે પ્લીઝ ટેક કેર નેક્સ્ટ ટાઈમ.

મોમ: હાથ હોય... તો તો મારે આ એક કલાકથી ભેંસ સામે ભાગવત થઈ ને?

સન: નો નોટ એટ ઓલ મોમ...! ભાગવત સામે ભેંસ થઈ કહેવાય...!

(આવતા દશ વરસમાં ઈંગ્લિશ મિડિયમમાં ભણનારા અને ભણાવનારા માબાપની આ જ દશા થવાની છે...! માટે ગુજરાતીઓ ને પ્રાર્થના છે કે વેન્ટીલેટર ઉપર જીવતી ગુજરાતી ભાષાને જીવાડો, નહીંતર આંસુ પણ ઈંગ્લિશમાં આવશે હોં!!)



—Of The Record—



બે પતિ વાતો કરતા હતા. એક કહે મારી પત્ની તો સાક્ષાત દેવી છે દેવી! બીજો કહે: મારે'ય દેવી છે પણ કોઈ લ્યે તો ને???

૯

અમેરિકાના ઓટલે

જે મકે મારા વાંચકમિત્રો જાણે છે કે હું મારી ડાયરાની છ કલાકારોની ટીમ સાથે અમેરિકાના પ્રવાસે છું. મારી સાથે મારો પ્રિય મિત્ર અતુલ અને અક્કલનો બારદાન મંજીરાવાદક ચકો પણ મારી સાથે છે. અમેરિકાના અમારા અનુભવો બહુ જોરદાર રહ્યા. એક ધોળિયાએ મને ઈંગ્લિશમાં પૂછ્યુ, કે યુ, આર અ ફૉક આર્ટીસ્ટ, ધેન પ્લીઝ ટેલ મી ધ ડિફરન્સ બિટવીન અમેરિકન કલ્ચર ઍન્ડ ઈન્ડિયન કલ્ચર ઈન વન લાઈન. મેં પણ હટીને જવાબ આપ્યો કે ઈફ ઈન ઈન્ડિયા, યુ આસ્ક એનીબડી ધેટ હાઉ મેની બ્રધર્સ એન્ડ સિસ્ટર્સ યુ આર? ધેન એની ઈન્ડિયન વીલ સે આઈ હેવ ટુ બ્રધર્સ એન્ડ ટુ ઓર વન સિસ્ટર, બટ ધ સેમ ક્વેશ્ચન ઈફ યુ આસ્ક ઈન અમેરિકા, ધેન એની અમેરિકન વીલ સે ધેટ, “આઈ હેવ ટુ બ્રધર્સ ફ્રૉમ માય ફર્સ્ટ ડેડ, ઍન્ડ ટુ સિસ્ટર્સ ફ્રૉમ માય લાસ્ટ મોમ...!”

ધોળિયાનું મોંઢું પડી ગ્યું એના પછી એણે મને કાંઈ પૂછ્યું જ નહીં. એની વે, અમેરિકા વર્ક, વુમન, વેધર, અને વ્હિસ્કી ઉપર ટકેલો દેશ છે. અમેરિકામાં વરસાદ પડે એટલે લોકો આકાશ સામે જોઈને અચૂક બોલે કે વોટ અ રેઈન...! ને ભારતમાં વરસાદ પડે ત્યારે લોકો પહેલાં રસ્તાના ખાડા સામે જુએ ને પછી બોલે કે એ બાપ રે... વરસાદ પડ્યો...!

સોમથી શુક્ર તો અમેરિકામાં બધા મશીનની જેમ કામે વળગે છે. શનિરવિના વીક એન્ડમાં જ લોકો જિંદગી જીવે છે. મંગળવારે કોકના બા કે બાપા ગુજરી જાય તો ય એની સ્મશાન યાત્રા શનિવારે જ નીકળે છે ત્યાં સુધી કોઈને લાશ દફનાવાનો પણ સમય નથી. મા-બાપની કિંમત સાવ ‘ડસ્ટબિન’ જેવી થઈ ગઈ છે. છોકરાં સાચવવા કેરટેકરનો ખર્ચ ન કરવો પડે એટલે અમુક ગુજરાતીઓ મા-બાપને સાથે રાખે છે.

આપણા દેશમાં જેટલા માણસો છે એટલી અમેરિકામાં ગાડીઓ છે. અહીં માણસદીઠ એક કાર છે અને ભારતમાં દર ચારસો માણસદીઠ એકાદી ગેસ વાળી ફિયાટ છે...! દરેક્ની ગાડી અને મોબાઈલમાં ‘નેવિગેશન’ સીસ્ટમ છે. જેના લીધે કોઈ કોઈને રસ્તો કે સરનામુ પૂછતું નથી (જો કે આયા કોઈ સરનામુ બતાવવા નવરૂ પણ નથી હોતું.) નેવિગેશન સીસ્ટમમાં તમે જે એડ્રેસ મેસેજની જેમ ટાઈપ કરો એટલે ઈ તમને તમારી મંજિલનો રસ્તો

ચીંધાડે છે. અમે એકવાર 'ચાઈનીઝ નુડલ્સ' ટાઈપ કર્યુ તો નેવિગેશન સીસ્ટમે અમારી જ હોટલનો પાછળનો ભાગ નકશામાં બતાવ્યો. અમે તો નુડલ્સ ખાવા માટે હોંશેહોંશે મોટેલના પાછળના ભાગમાં દોડી ગયા ત્યાં જઈને જોયું તો એક કચરા પેટીમાં કોકે એંઠવાડમાં નુડલ્સ ફેંકી દીધેલાં ઈ જોવા મળ્યાં. હે રામ!

અમેરિકન લાઈફસ્ટાઈલ વિશે કહું તો, એંશીએંશી વરસની ડોસીયું જીન્સ અને ટીશર્ટ પહેરીને મેક અપ કરીને ન્યુયોર્ક અને ન્યુજર્સીની બજારમાં આંટા દેતી અમે અમારી સગી આંખે જોઈ. અહીં ધોળિયા'વ સૌથી વધુ 'સબ-વે-સેન્ડવિચ' ખાય છે. જે લગભગ એકાદ ફૂટ લાંબી ડબલબ્રેડમાં વચ્ચે કચુંબર જેવું ઘાસફૂસ નાંખીને બનાવાય છે. અમે'ય મોટા ઉપાડે ન્યુયોર્કની 'સબ-વે સેન્ડવિચ' ખાધી પણ માંડમાંડ પુરી થઈ પછી ચકો તરત બોલ્યો કે સાંઈરામભાઈ આના કરતાં તો આપણી રાજકોટની હાઈવેની સેન્ડવિચ સારી હોં!

અમેરિકામાં ગાડીનું સ્ટિયરીંગ ડાબી બાજુએ છે. હવે આપણે ત્યાં જમણી બાજુ સ્ટિયરીંગ હોય એટલે ચકો દરેક વખતે કાર ખોલીને ડ્રાઈવિંગ સીટ ઉપર જ બેહી જાય ને પછી એવો ભોંઠો પડે. અમેરિકામાં ડ્રાઈવરને તેમજ એની બાજુમાં બેઠેલાએ સીટબેલ્ટ પહેરવો ફરજીયાત છે. પણ ચકો ઈ સીટબેલ્ટને 'ગળાફાંસો' કહીને બોલાવે. ચકો કયે આ પટ્ટો રોજ પહેરવો એના કરતાં તો શર્ટ ઉપર પટ્ટાની ડિઝાઈન જ કરાવી લીધી હોય તો ન ચાલે? મેં કહ્યું ચકા અમેરિકામાં લોકો ટ્રાફિક પોલીસ માટે બેલ્ટ નથી પહેરતાં પરંતુ પોતાની સલામતી માટે પહેરે છે ઓકે! તું અરથ વગરના સવાલ કરી કરીને માથું પકવ નહીં. પછી ચકો શાંત પડ્યો.

બીજી મહત્ત્વની વિશેષતા ઈ કે અમેરિકામાં તમામ સ્વીચ નીચેની સાઈડ ઑફ થાય ને ઉંચી કરો તો ઑન થાય છે. તો વળી રેલ્વેના ઍન્જિન પણ ઊંધા દોડે છે આમ સાલ્લુ આંયા બધું અવળે માટે ચડેલું છે. પુરૂષોએ અહી જાતજાતના ટેટુ વાંહામાં ને છાતી પર ને હાથ પર છુંદાવેલા છે. અમુક ગોરાઓ તો આ ટેટુના ક્રેઝને લીધે આખા બ્લ્યુ બ્લ્યુ થઈ ગ્યા છે. અને શરમની વાત ઈ છે કે પુરુષોએ પૅન્ટ કમરની હેઠે એવી રીતે લબડતાં પહેર્યા હોય છે કે આપણને એમ થાય કે હમણાં પકડી નહીં રાખે તો ક્યાંક....!

અહીંયા જુવાનીયા'વ જાણે આપણી ઉપર ઉપકાર કરતાં હોય એમ કપડાં પહેરે છે. આડેધડ-ઉંધાચત્તા અને ફાટેલાંતૂટેલાં કપડાં પહેરવાને આખી એક પેઢી ફૅશન ગણે છે. દરજીની ભૂલને અહીં નવી ફૅશનનું નામ અપાય છે. આ દૃશ્યો જોઈને અતુલથી ન રહેવાયું ઈ ક્યે સાંઈ, આવાં કપડાં પહેરવાં એના કરતાં તો આ લોકો કોક ગરીબ સાથે સાટાપાટા કરીને બદલાવી લેતા હોય તો? મેં કહ્યું: વ્હાલા અતુલ, અમેરિકામાં ગાડીયુંના સ્ટિયરીંગ ડાબી બાજુએ છે ને હ્રદય જમણી બાજુએ...! આ બિચાકડા પાસે કપડાં છે પણ પહેરવાની સમજણ નથી. પણ આપણે તો મુસાફિરો છીએ આપણું માનશે કોણ?

અમેરિકામાં અમે ક્યાંક્યાં ફર્યા અને કેવા ગોટે ચડ્યા ઈ જાણવું હોય તો આવતા રવિવાર સુધી ઈંતજાર કરવો પડશે. વગર વિઝા, વગર ટિકિટે શબ્દદેહે મફત યુ.એસ. ફરવું હોય તો એક વીક રાહ જોવી પડશે....!



હિંમતદાદા વાળ કપાવા ગ્યા, હેર સલુન વાળાએ પુછ્યું દાદા, વાળ કેટલા કાપું?

દાદા કહે, “તારી કાકીના હાથમાં ન આવે એટલા કરી નાંખ....!”

૧૦

વતન સે ચિઠ્ઠી આઈ હૈ...

(ફ્લેશબૅક: ડાયરાની ટીમ સાથેનો અમારા અમેરિકાના પ્રવાસનું લાઈવ ટૅલિકાસ્ટ....!)

અમેરિકા લજામણો ને લલચામણો દેશ છે. લોકો ક્યાંય નિયમો તોડતા નથી. કુંભના મેળામાં બાવાઓ રખડતા હોય એમ, અમે છએ કલાકારો પ્રોગ્રામ ન હોય ત્યારે અમેરિકામાં ફરવા નીકળી જઈએ છીએ. અહીં શુક્ર-શનિના વીક એન્ડમાંજ પ્રોગ્રામ કરવાનો હોય છે અને સોમથી ગુરુ તો અફસોસ જ કરવાનો રહે છે. મારી સાથે મંજીરાવાદક ચકો અને મિત્ર અતુલને અંગ્રેજી જરાય ફાવતું નથી, છતાંય ઈ બે'ય “યા-યા' કરતા. ગમે ઈ ધોળિયા પાહેં ગરી જાય છે ને વાતું કરવા લાગે છે. ઈ બે'ય એટલું જ વિચારે કે સલવાય તો સામાવાળા....! કાઠિયાવાડી ક્યાંય પાછા ન પડે.

અમેરિકામાં તમે ક્યાંય જાહેરમાં થૂંકો કે પિચકારી મારો તોય બસ્સો ડોલરની પેનલ્ટી લાગે છે. આ નિયમ સાંભળી ચકો તરત બોલ્યો કે “કેવો ગરીબ દેશ છે પબ્લિકને સખે થૂંકવા પણ નથી દેતો. સાંઈરામભાઈ, આના કરતાં તો આપણો ભારત કેવો મહાન દેશ કહેવાય...બસ્સો-પાંચસો કરોડનું તો રોજ આપણે થૂંકી નાખીએ છીએ. ત્યાં વળી અતુલે ટાપસી પુરાવી કે હા હોં ચકા, આપણા બાવન રૂપિયા સામે આ બિચાડો એનો એક ડૉલર આપે છે. આના કરતાં આપણો દેશ સો ટકા દાતાર છે. આ અમેરિક્નો ઈન્ડિયા આવે તો આપણે એને એના એક ડૉલરના બાવન રૂપિયા ગણી દઈએ છીએ...! આમે'ય વાપરવાના તો ભારતમાં જ છે ને!

પરંતુ અમેરિકામાં આપણા ગુજરાતીઓ'ય જબરી જમાવટ કરીને બેઠા છે. બાબુભાઈ ‘બૉબ' તરીકે ઓળખાય છે. રવજીકાકા ‘રૅક' થઈ ગ્યા છે. કાનજીભાઈને સૌ ‘કેકે' કહીને બોલાવે છે તો ગોરધનભાઈ ‘જેન્સ' થઈ ગ્યા છે. ચરોતરના આપણા પટેલ ભાઈઓ પાસે અમેરિકાની નેવું ટકા હોટલો છે. યુ.એસ.માં હોટેલને ‘મૉટલ' કહે છે. ફ્લોરિડામાં મારા એક પટેલ મિત્રની શોપ ઉપર હું ગયો'તો, ત્યાં ઉપર બોર્ડ માર્યું'તુ કે “પટેલ ઍન્ડ રૉબર્ટ બ્રધર્સ'. મેં વળી મારા મિત્રને ટણી કરી કે ભાઈ આપણી દુકાન ઉપર ‘પટેલ બ્રધર્સ' જ લખાય. આ રોબર્ટને શું ભેગો રાખ્યો છે? ઈ પટેલ ભાઈબંધ કયે સાંઈરામ, ધીરે બોલો આ

શોપમાં ઈન્વેસ્ટમેન્ટ બધું રૉબર્ટનું જ છે. આપણી તો ખાલી બુધ્ધિ છે આ ધોળિયા'વને ક્યાં ધંધો કરતાં આવડે છે? મારા દિલમાંથી 'વાહ' નીકળી ગ્યું.

અમેરિકામાં ઘરે કૂતરો પાળવો હોય તો એનું પણ લાઇસન્સ લેવું પડે છે. રોજ સાંજે કૂતરાને વૉક કરાવવા નીકળવું પડે છે. એને રોજ નવડાવવુંને ખવડાવવું પણ ફરજિયાત છે. યુ.એસ.ના કૂતરા પણ બહુ ડિસિપ્લિનવાળા છે, મહેમાનની વાંહે સીધા ભોંકવા નથી માંડતા. ચોખા ચોખા રૂંછાળા ગલુડિયાંને માખણના પિંડા જેવી ગોરીગોરી બાયું એવું વ્હાલ કરે છે કે આ દૃશ્યો જોઈને અમારા મંજીરાવાદક ચકાથી બોલાય ગ્યું કે હે ભગવાન આવતો અવતાર કદાચ મને માણસ ન બનાવે અને કૂતરો બનાવે તો અમેરિકાનો કૂતરો જ બનાવજે!

શિકાગોમાં એક ગુજરાતીના ઘરે પહોંચ્યા તો વળી એણે દરવાજે બોર્ડ મારેલું કે 'બીવેર ફ્રોમ પેરોટ' (પોપટથી સાવધાન રહેજો.) મને પ્રશ્ન થયો કે કૂતરાથી સાવધાન તો હવે આપણા દેશમાં પણ ઘણાં ઘરની બહાર લખાય છે. પણ આ પોપટથી સાવધાન શું કામ? મેં વળી દોઢો થઈને એમની પાસે મારી શંકાનું સમાધાન માંગ્યું કે વડીલ પોપટ તો એકદમ નિર્દોષ પક્ષી છે એનાથી ડરવાનું શા માટે? વડીલે તોપ ફોડી કે સાંઈરામભાઈ, આ અમેરિકાનો પોપટ છે એ બહુ ચાલાક છે અજાણ્યા કોઈ માણસને ભાળીને જોરથી સીટી વગાડે છે એટલે મારો કૂતરો ગ્રાઉન્ડમાંથી ગમે ત્યાંથી દોડીને મે'માનને બટકાં ભરી જાય છે.. બેચાર મે'માનોની તો પિંડીયું ચીરાઈ ગ્યાના દાખલા છે. અમારી ટીમને તો ઓંતરાસ આવી ગ્યો. પોપટને વંદન કરીને અમે તો પિંડીયું સાચવતા સાચવતા પ્રોગ્રામમાં ભાગ્યા.

બાકી, અમેરિકા તો ખરેખર માણવા જેવો દેશ છે. બેંકની બેચાર લોનું ઉપાડીને પણ એકવાર તો અમેરિકાનો પ્રવાસ ખેડજો જ હોં! આ તમને મારી મફત સલાહ છે. આયાં ક્યાંય રોડ ઉપર હોર્ન નથી મારતું. કચરો નથી નાંખતુ, જ્યાં ત્યાં થૂંકતું નથી. પશ્ચિમની સંસ્કૃતિ બહુ ખરાબ છે એવા સતત આપણે ગાણાં ગાઈએ છીએ પણ અમે અહીં મહિનો રોકાયા ત્યારે ખબર પડી કે આ પ્રજા પાસેથી આપણે શિસ્ત અને અનુશાસન તો શીખવા જેવું છે. રાત્રે બે વાગ્યે પણ ટ્રાફિક પોલીસ વગર જ પબ્લિક સિગ્નલનું સન્માન કરે છે. દર દસમી મિનિટે આજુબાજુનો કોઈ તમને કહી જાય છે કે "બોસ, આ અમેરિકા છે અહીં આવું ન ચાલે....!"

અને છેલ્લે ગુજરાતીઓ અને ગુજરાતી ભાષાની દશા યુ.એસ.માં કેવી છે ઈ આ કવિતા પરથી સમજી લ્યો:

"ગુજરાતી ભાષા છે ઑક્સિજન ઉપર યુ.એસ.માં,
ગુજરાતીઓ પણ હવે ફેશન ઉપર યુ.એસ.માં,
ગાંઠિયા-ભજીયાની જગ્યાએ છે સબ-વે સેન્ડવિચ,
રોટલાને છાશ વેકેશન ઉપર યુ.એસ.માં,
'હાય-હની-સ્વીટહાર્ટ-માય લવ – ડાર્લિંગ-' બોલ્યા કરે,
દેશ આખો જીવે સંબોધન ઉપર યુ.એસ.માં,
ડિયર-બિયર-નોનવેજ ને ડાન્સમાં ગરકાવ સૌ,
ભારતીયો છે રિવોલ્યુશન ઉપર યુ.એસ.માં,
લાસવેગાસી બનીને લૉસ ટોટલ થઈ ગયા,
જીવીએ છઈએ પ્રિસ્ક્રીપ્શન ઉપર યુ.એસ.માં,
મમ્મી પપ્પા આવશે તો 'કૅર ટેકર'નો ખર્ચ નહીં,
ફેમેલી વેલ્યુઝ સસ્પેન્શન ઉપર યુ.એસ.માં,

ચોખ્ખા ચોખ્ખા દેશમાં છે કેવી ડર્ટી પાર્ટીઓ,
મર્યાદા તો છે પણ પેન્શન ઉપર યુ.એસ.માં,
એ બિચાડા શું કરે આમાં એનો ક્યાં વાંક છે?
કંઈ નથી કહેવું આ જનરેશન ઉપર યુ.એસ.માં,
રિયલ એસ્ટેટમાં રિયાલીટી એવી ખોવાઈ ગઈ,
લાગણી ને પ્રેમ રિસેશન ઉપર યુ.એસ.માં.,
શબ્દોને પણ સફોકેશન થાય છે લ્યો સાંભળો,
'સાંઈરામ' તો છે સંશોધન ઉપર યુ.એસ.માં.

 —Of The Record— 

સમજીને પાછો ફર,
વિશ્વનો છેડો છે તારું ઘર...

કવિ — ઉમાશંકર જોશી

૧૧

કાઠિયાવાડ ઍરલાઇન્સ

આ દિવાળીએ 'કાઠિયાવાડી ઍરલાઈન્સ' શરૂ થાય તો?

છેલ્લા છાંસઠ છાંસઠ રવિવારથી 'સાંઈરામનું હાયરામ' સહન કરનારા મારા વ્હાલા વાચકમિત્રોને ઍડવાન્સમાં 'નૂતન વર્ષાભિનંદન!' આ ધનતેરસે ઈશ્વરના ચરણે મંગલ પ્રાર્થના કે, આપ બધાના બૅંકનાં તમામ હપ્તા ભરાઈ જાય. ગુજરાતીઓ માત્ર ધનમાં જ રસ લ્યે છે. એના જેટલો જ આવતા વર્ષે 'ગૌ-ધન' બનાવવામાં અને 'ગોરધન (ક્રિશ્ન)ને ભજવામાં પણ રસ લ્યે એવી અભ્યર્થના. કાળી ચૌદશે તમામ ભારતવાસીઓના ઘરનો કકળાટ અને ઉકળાટ દુશ્મનોના દેશોમાં ટ્રાન્સફર થઈ જાય તેમજ આ દિવાળી ખરા અર્થમાં દેશનો દિ-વાળે એવી પ્રાર્થના કરું છું.

મુંબઈગરાઓ રોજે'ય નવું અને નોંખુ ચાખવાને કરવા ટેવાયેલા અને સર્જાયેલા છે. કિંગફિશર ઍરલાઈન્સનો ખરખરો લગભગ થઈ ગ્યો છે. પરંતુ કોઈપણ ડોમેસ્ટિક કે ઈન્ટરનેશનલ ફ્લાઈટમાં તમે બેસો એટલે જે તે કંપની દ્વારા 'સુરક્ષા સંબધિત સૂચના' દિગ્વિજય સિંહની કોમેન્ટની જેમ તમારે સાંભળવી જ પડે.

સૌ પ્રથમ વાંચો કેવી સૂચનાઓ પ્લેનમાં અપાય છે! ઈ વાંચ્યા બાદ એનું કાઠિયાવાડીકરણ કરશું. 'નમસ્કાર ઈંડિગો કી ઉડાન આઈ- 370 પર હમ સભી યાત્રીકા સ્વાગત કરતે હૈ! હમારા વિમાન રાજકોટ સે મુંબઈ જાયેગા. યે દૂરી પૈયતાલીસ મિનિટો મેં પૂરી કી જાયેગી. ઈસ ઉડાન કે મુખ્ય કપ્તાન પ્રદીપ ગોલમાલકર હૈ ઔર સહકપ્તાન વિનય માત્રે હૈ ઔર મૈં ઉડાન કી મુખ્ય કર્મીદલ ક્રુ. વિનિતા શીંદે આપકા સ્વાગત કરતી હું.

ઈસ ઉડાન કે સભી કર્મચારી — હિન્દી-અંગ્રેજી ઔર મરાઠી બોલ સકતે હૈ. ઉડાન કી તૈયારી કે લિયે ખુરશી સીધી રખે, ટ્રે ટેબલ બંધ કર દે ઔર અપના સીટબેલ્ટ બાંધ લે. સામાનકો ઉપરી લગે સામાનકક્ષ મેં રખ દે. ટેકઑફ ઔર લેન્ડિંગ કે વક્ત ખિડકીયાં ખુલ્લી રખે. સરકારી નિયમો કે અનુસાર ઈસ સમય ઈલેક્ટ્રોનિક્સ ઉપકરણ બંધ રખે. મોબાઈલ ફોન સ્વીચ ઑફ કર દે ક્યોંકી ઈસ સે ઉડાન ભરતે વક્ત તકનીકી ખામી હો સકતી હૈ.

ઉડાનમેં મદિરા પીના ઔર ધૂમ્રપાન કરના મના હૈ. સભી જગાહ ધૂમ્ર અનુસાંગિક યંત્ર લગાયે ગયે હૈ. અબ હમ સુરક્ષા સંબધિત સૂચનાએ દેંગે. કૃપા કર કે વિમાન કર્મીદલકી ઔર ધ્યાન દે.

આપકી ખુરશી કી પેટી ઈસ તરહા સે બાંધી જાતી હૈ. કેબીન મેં હવા કા દબાવ કમ

હોને પર ઑક્સિજન નકાબ અપને આપ હી ઉપરી પેનલ સે નીચે આ જાયેંગે. પહેલે ઉસ નકાબ કો 'ઈસ તરહા' સે પહેને. ખુદ નકાબ પહેનને કે બાદ હી દૂસરોંકી મદદ કરે. વિમાન મે આઠ આપાતકાલિન દ્વાર હૈ. રક્ષા જેકેટ ખુરશી કે નીચે હૈ ઉસે ઈસ તરહા સે પહેને: જ્યાદા જાનકારી કે લીયે સુરક્ષાપત્ર સામને કી ખુરશી મેં રખા હૈ. ધ્યાન દેને કે લિયે ધન્યવાદ. હમ આપકી સુખદ યાત્રા કી કામના કરતે હૈ."

વિમાનમાં બેસનાર દરેક મુસાફરને આ લગભગ ગોખાઈ ગ્યું છે. હવે નવા વરસે નવી રીતે વિચારો કે ધારો કે 'કાઠિયાવાડ ઍરલાઈન્સ' શરૂ થાય તો? કાઠિયાવાડ ઍરલાઈન્સમાં કૅબીનક્રુ બહેને ચકમકતા ચણિયાચોળી અને ભાઈએ કેડીયું — ચોઈણી અને માથે પાંચાળી પાઘડી પહેરી હશે. આગળની આખી સૂચનાઓનું પોસ્ટમોર્ટમ કાઠિયાવાડ અંદાજમાં કહેશે.

"એ બાપલા સૌને રામ રામ... કાઠિયાવાડી હવાઈયાત્રાનું આ બલુન.... એલા કયા નંબરનું છે? જરાક બારીની બહારથી વાંચી લે જો! આ બલુન ઉપડવાની અણી માથે સે. હવે તમે અટાણે હાલતી ગાડીએ મોબાઈલું ચાલુ રાખી અમારી અણી નો કાઢતા. આપણા પાયલોટ બહુ ગરમ મગજના છે એણે પીધો નહીં હોય તો રાજકોટથી મુંબઈ પિસ્તાલીસ મિનિટમાં પોગશું ને પીધો હશે તો બાવીહ મિનિટમાં, હમજયા....! હું રવજી ભાઈબંધની ઍરલાઈન્સ છે એટલે ટાઈમપાસ સાટુ નોકરી કરું છું. ગુજરાતી સિવાય એકય ભાષા બલુનમાં કોઈને નથી ફાવતી, અંગરેજીમાં કોઈએ ટઈડટઈડ કરવું નહીં...! હાલો હવે સટાસટ સંધાય સાગમટે મોબાઈલને લેપટોપ ઠારી નાંખો. પસી ઉડવામાં કાંઈ લોચો પડે તો લાગેબાગે ને થાય લોહીની ધાર, આપણી ઉપર કાંઈ નહીં. બારીયું ઉઘાડી રાખજો એટલે બાપગોતર પેલીવાર બલુનમાં બેઠા હો, તો હેઠે જોવાની મોજ પડે. સહુ સહુના પટ્ટા આવડે એવી રીતે બાંધી લ્યો. ને ધચકાવીને બાંધજો પસી કે'તા નહીં કે કીધું નહીં...! સીટુ સખણી રાખજો, લાંબો વાંહો કરવામાં વાંહે બેઠેલાના ગોઠણ છોલાઈ જા હે. ખાવાની થાળીયુંનું ટેબલ અટાણથી ખુલ્લું ન રાખવું....

ભૂખડી બારસ ભેગા થયા લાગો છો? બલુન ઉપડશે એટલે ગોંડલના ગાંઠિયાને ચટણી મફત મળશે. હમજયા!

બીજું ખાસ, કે તમારાં કરમ કૂતરા લઈ ગ્યા હઈશ તો બલુનમાં હવાનું દબાણ ઓછું થાંહે ને પસી ઑક્સિજનની આવી પીરી કોથળીયું લબૂક દે'તી એની મેળે હેઠી પડશે. પણ બે કોથળી પોર કોક લુખ્ખો કાઢી ગ્યો સે એટલે ભાઈ હશે એના જ માથે કોથળી પઈડશે! બીજી ભાભીયુંની સેવા કરતાં પે'લાં પોતે કોથળી પે'રી લેવી. હરખપદુડા થાવામાં જાન થી જાહો પસી કેતા નહીં કે કીધું નહીં!

આ બલુનમાં આઠેક કમાડ છે એવું સાંભળ્યું છે. પણ મને તો એક જ જઈડ્યો સે બીજા સાત તમને મળે તો તમારી રીતે ગોતી લેજો. મળે ને ખુલે તો તમારા ભાઈગ. બલુનને જો પાણીમાં ઉતરવું પડે તો આમ તો કાંઈ વેંત રેંશે નહીં પણ છતાં'ય ટાણું રચે તો સીટ હેઠેનું રક્ષાજેકેટ છોકરાંનાં દફતરની જેમ પહેરી લેજો ને નળીયું ફુલાવી 'મગન' મળે ત્યાંથી કળી જાજો. ને પાછુ કહું છું બીડીયું — ચલમ ઠારી નાંખજો. બલુનમાં ઍરહોસ્ટૅસ સવિતાબેન, ચંપાબેન, રંજનબેન આ ત્રણેય અમારા કુટુંબની જ દીકરીયું છે. એટલે સંધાયને 'બેનની નજરૂ'થી જોજો. મુંબઈ ઉતરીને એકાદને લેવા પડે ને લમધારવા નો પડે ઈ ધ્યાન રાખજો. પછી કોઈ હગુ નહીં થાય. પાયલોટનો મગજ બહુ ગરમ છે. ને તમે જાનમાં નથી આઈવા. યાદ રાખજો સીટ જ ભાડે લીધેલ છે આખું બલુન નહીં...લ્યો...

હાલો હવે ઉપડો. આટલા રૂપિયામાં આટલું જ હોય વળી...! રામ રામ...!


—Of The Record—


આ જોક ક્યાં પક્ષમાં ગણવો ઈ વાચકો વિચારી લ્યે. રજનીકાંતની ફિલ્મોમાં એને બી.એમ.ડબલ્યુ કાર અને ગુજરાતી ફિલ્મોમાં નરેશ કનોડિયાને દેશી જીપ! આને કહેવાય અન્યાય....! કેન્દ્ર સરકારનો ગુજરાતને હળાહળ અન્યાય...!

૧૨

હુરત ઍરલાઇન્સ

ચૂંટણીના ધગધગતા માહોલ વચ્ચે લવિંગિયા જેવા કાર્યકરો પણ પોતાને સૂતળીબોંબ સમજવા લાગ્યા છે. ભોંચકરી જેવા ઉમેદવારો પક્ષ પ્રમુખોની ધરી ઉપર ઘુમરા લઈ લઈને થાકી ગ્યા છે. રૉકેટની જેમ કૌભાંડોની ઈન્કવાયરીઓ ઉડી ગઈ છે. ફૂલઝરની જેવી યોજનાઓ લગભગ સળગીને શાંત થઈ ગઈ છે. વધ્યા છે તો બસ માત્ર 'ચાંદલીયા' જેવા મતદારો જેને પકડીપકડીને ફોડવાનાં બાકી છે. આ દિવાળીએ મેં ઈશ્વરને એક કવિતામાં ઈમેલ કરીને સાવ સાફ કહી દીધુ કે —

"પો'રના વરહે જે દીધું ઈ ઓણ ન દેતો,
નવા વરહમાં પ્રભુ કોણીએ ગોળ ન દેતો,
દેશ આખાને ડંખીને જે છુપાઈ જાએ,
ખાદી ધારી સર્પોને તું ભોણ ન દેતો-
સાવજના સંતાનો માફક ભુખ્યા મરશું,
સિંહ કહીને અમને ખાવા ખોળ ન દેતો-
ભગવા લુગડાં પહેરીને દુકાન ચલાવે
શ્રધ્ધાના વિહામાં તુ ડફોળ ન દેતો —
એકલવ્યના અંગૂઠાનું લોહી કહે છે,
ભારતના શિષ્યોને આવા દ્રોણ ન દેતો —
ઉપવાસો ને આંદોલનથી થાકી ગ્યા છે,
હડતાળુંવાળાને તું બસ મોણ ન દેતો —
બરડો છે મજબૂત તું તારે ફટકારી લે.
પણ કોઈને દેખાય ને એવા સોળ ન દેતો —
અગર કવિતા ગમે નહીં તો છૂટ છે ઈશ્વર,
"સાંઈરામ"ને નર્ક માં'યે હરોળ ન દેતો.

લાભપાંચમના દિવસે મુહૂર્ત સાચવવાનું મહાત્મ્ય હોય છે. મેં એટલે જ બોણીમાં જ ઈશ્વરને કહી દીધુ. આ પહેલાં આપણે 'કાઠિયાવાડી ઍરલાઈન્સ'ની વાત કરી હતી. ગુજરાતનો વિકાસ એ આ બધા કહે છે એમ થઈ જાય તો નક્કી આવતા પાંચ વરહમાં રાજકોટથી અમરેલી, અને ભુજથી સુરત કે ગોધરાથી ગોંડલ પ્લેન શરૂ થઈ જાશે. જો

આવું થાય તો સુરત જાતા કે સુરતથી નીકળતા પ્લેનમાં પ્યોર હુરટી ભાષામાં ઍરહોસ્ટેસ હૂચનાઓ આપશે. હુરટીમાં ગાળ ન આવે તો એ હુરટી જ ન કહેવાય. કવિ રઈશ મણિયાર સુરતના છે એ કાયમ મને કહે કે, "છું હું સુરતનો વતની એટલે આ આળ લાગે છે, કોઈને કેમ છો પુછું છું તોય એને ગાળ લાગે છે!" હુરટી ભાષામાં ગાળ એ માખણમાંથી મોવાળો (વાળ) નીકળે એમ મસ્ત રીતે આવે છે. કદાચ એટલે જ સરકારે સુરતને રેડિયોસ્ટેશન નથી આપ્યું કે તમે સવારે સાડા છ વાગ્યે રેડિયો ઑન કરો અને બે ચાર... મસ્તમજાની સાંભળવા મળે! વૅલ, ગાળ તો અહીં પણ મારાથી નહીં લખાય, પણ વાચકો એ ખાલી જગ્યા લખેલું આવે ત્યાં પોતાની કલ્પનાશક્તિ પ્રમાણે ભરી લેવી. લ્યો હવે હુરટી ઍરલાઈન્સની બોણી કરો, અને હા, ખાલી જગ્યા મનમાં ભરજો.

નમહકાર કાં (ખાલીજગ્યા) બઢાય પોયરાને પોયરી ટાના હર આઈ જ્યાં! હુરટી ઍરલાઈન્સ વટી હું ટમારું સ્વાગટ કરેલ હૈ! હુરટથી અમદાવાદ આપનું પ્લેન ટીસ મિનિટમાં પોચાડવાનું હૈ! આપ બધા (ખાલી જગ્યા) ને મારી બિનટી હૈ કે મોબાઈલ અને લેપટોપ ઑફ કરી નાંખવાની. પછી પ્લેનમાં એના લીધે કોઈ લફડાબાજી થાય તો અમારી જવાબડારી કો ની (ખાલી જગ્યા)

હું એક જ વાર કે'વાની (ખાલી જગ્યા) ધ્યાનથી સાંભલવાની. વિંડો કેમની બંડ કરેલી એ ખુલી રાખવાની (ખાલી જગ્યા) સીટ સીઢી રાખવાની ને આ બેલ્ટ બાંઢીને બેહવાની. હવાનું ડબાન જો કમ હોવાનું ટો ઑક્સિજનની કોથલી ઑટોમેટિક પડવાની. પેલા ડરેક પોયરાએ પોતે પહેરવાની (ખાલી જગ્યા) ઘેન બીજાને પેરાવાની. ખાલી ખોટી એડવાન્સ કોની થાવાની (ખાલી જગ્યા)

આ પ્લેનમાં આમ તો ઘનાબઢા ડરવાજા હૈ. અમને આજ સુઢી ખબર કો ની. ટ્મને મલે ટો ગોટી લેવાની (ખાલીજગ્યા) સિગરેટ નહીં જગાવાની. ઉપરનું લગેજ બોક્સ બંઢ કરવાની નહીંતર માથામાં ઢેંકરો સોજી જાવાની. (ખાલીજગ્યા) નાસ્તામાં હુરટની ઘારીને ખમન મફતમાં મલવાની, પન એક જ વાર ઓકે (ખાલીજગ્યા)ની જેમ માંગમાંગ નહીં કરવાની. ચલો હવે, મસ્ટ ગાયન સાંભલવાની ઍરહોસ્ટેસ ને ખોટી ડોરાડોરી કો ની કરાવાની. ટમે પ્લેન ની સીટ જ ભાડે લીઢેલી હૈ. આખું પ્લેન નહીં, એ યાદ રાખવાની (ખાલી જગ્યા...)

હુરટી ઍરલાઈન્સ વટી થેંક્યું માનવાની.



ગણેશજીને બે પત્નીઓ રિધ્ધિ અને સિધ્ધિ, અને આપણને એક જ પત્ની ને એ પણ જીદ્દી, આ ને કહેવાય સ્વર્ગલોગનો પૃથ્વીલોકને હળહળતો અન્યાય.... (સટ્ટાક...!)

૧૩

ગણપતિદાદાનો પત્ર

લ્યો ગણપતિદાદાનો હાથોહાથ આવેલો પત્ર વાંચી લ્યો, વિચારી લ્યો.

ચારે બાજુ ગણપતિ ઉત્સવનો માહોલ જામેલો છે. ગઈ સાલ ગણપતિ વિસર્જનનો એક અઘરો પ્રસંગ મને યાદ છે. એક જણાએ રાજકોટની નદીમાં પચાસ જેટલા ગણપતિ પધરાવ્યા. મેં પુછ્યું કે, ઓ હો હો ભાઈ આટલા બધા ગણપતિ ભગત છો? ઈ ભાઈ કયે ના સાહેબ, એમાં એવું છે ને કે મેં સો મૂર્તિ બનાવી હતી એમાંથી પચાસ જ વેંચાણી એટલે વધેલી પચાસ મેં જ પધરાવી દીધી. (કેવું નગ્ન સત્ય છે કે ઈશ્વરે માણસને બનાવ્યો ને માણસ હવે ઈશ્વરને બનાવે છે.) (જેણે આપણું સર્જન કરીને આપણને માર્કેટમાં મોકલ્યા આપણે એ ઈશ્વરના નામ ઉપર પણ માર્કેટ બનાવી લીધી છે.) વૅલ, પોઈન્ટ ઉપર આવું તો ગણપતિદાદાનો એક વેદનાભર્યો પત્ર મારા ઉપર આવ્યો છે. એમની વાત જો તમારા સુધી ન પહોંચાડું તો નગુણો ગણાઈશ. આ પત્રમાં કદાચ હસવા જેવું કંઈ નહીં મળે, પણ કૈક સમજવા જેવું મળશે એ શ્રધ્ધા સાથે ગણપતિદાદાનો પત્ર અક્ષરશ:-

હે, મારા પ્રિય ગણપતિપ્રેમી ભક્તો.

ખૂબ દુ:ખ સાથે આ પત્ર લખવા બેઠો છું. તમારા સુધી કો'ક તો પહોંચાડશે જ એવી આશા સાથે. તમે લોકો છેલ્લાં ઘણાં વર્ષોથી ગણપતિઉત્સવ ઉજવો છો એનાથી હું આમ તો રાજી છું, પણ છેલ્લાં દસ વરસના ઓવરડોઝથી મારું કાળજું બળે છે. માટે જ આ પત્ર લખવા પ્રેરાયો છું. તમને યાદ તો છે ને કે ઈ.સ. 14 મી સદીમાં સંત મોર્યા ગોસાવીએ પુના પાસે મોરગાંવમાં મારું પ્રથમ મંદિર ‘મોર્યેશ્વર’ બનાવ્યું, ત્યારથી લોકો ‘ગણપતિબાપા મોર્ય ને બદલે મોરિયા’ બોલતા થયા. તમે ભૂલી ગયા કે મુઘલો સામે હિંદુત્વને એકઠું કરવા ઈ.સ. 1749 માં શિવાજી મહારાજે મારા કુળદેવતા તરીકે સ્થાયી પૂજા શરૂ કરાવી. તમને યાદ જ હશે કે ઈ.સ. 1893 માં બાળગંગાધર તિલકે મુંબઈના ‘ગિરગાંવ’માં સાર્વજનિક ગણેશઉત્સવથી અંગ્રેજો સાથે ભારત સંગઠિત કરવા આ ઉત્સવને ગરિમા બક્ષી.

મારા આ ઉત્સવ સાથે ભારતને એક કરી અને જગાડવાના કામના શ્રીગણેશ, તિલકજીએ માંડ્યા'તા પણ તમે લોકોએ તો હવે મારો તમાશો કરી નાખ્યો છે. અરે યાર, શેરીએ શેરીએ ગણપતિ....? દરેક સોસાયટીના જુદા, ચૌદ માળના એપાર્ટમેન્ટમાં વળી

દરેક માળે મારી પધરામણી??? અને એ પણ એકબીજાને બતાવી દેવા, સ્પર્ધા કરવા? તમે લોકો તો મારા નામે 'શક્તિ પ્રદર્શન' કરવા લાગ્યા છો. આ ઉત્સવથી ભારતનું ભલું થાય એમ હતું એટલે આજ સુધી મેં આ બધું ચાલવા દીધું છે. આ ગણપતિઉત્સવો સોસાયટીઓની ડેકોરેશન-જમણવારની હરીફાઈઓ માટે હરગિજ નથી. પોલિટિકલ પાર્ટીઓ કે જેમને ખુરશી સિવાય બીજા એક પણ દેવતા સાથે લેવાદેવા નથી એ લોકો મારા ઉત્સવો શું કામ ઉજવી રહ્યા છે? આઈ એમ હર્ટ...! પ્લીઝ, મારા વ્હાલા ભક્તો સંપત્તિનો આ વ્યય મારાથી જોવાતો નથી.

મુંબઈમાં ગણપતિ દરમ્યાન અગરબત્તીની દુકાનમાં લાઈન, મીઠાઈમાં લાઈન, ફૂલવાળાને ત્યાં લાઈન...!!! અરે, યાર આ બધુ શું જરૂરી છે? માર્કેટની ડિમાન્ડને પહોંચી વળવા નકલી દૂધ કે માવાની મીઠાઈઓ ડેરીવાળા પબ્લિકને બટકાવે છે ને પબ્લિક મને પધરાવે છે. હવે મારે ઈ ડુપ્લિકેટ લાડુ ખાઈને આશીર્વાદ કોને આપવા ને શ્રાપ કોને આપવા કહો મને?

શ્રધ્ધાના આ અતિરેકથી હું ફ્રસ્ટ્રેટ છું. એક ગામ કે શહેરમાં પચાસ કે સો ગણપતિ ઉજવાય એના કરતાં આખું ગામ કે શહેર ભેગા મળીને 'એક ગણપતિ' ઉજવે તો મારો, સંત મોર્ય ગોસાવીનો, ને બાળગંગાધર તિલકનો આતમો રાજી થાય. અને ત્યાં પણ ડિસ્કાને ફિલમની પાર્ટીઓ નહીં રાષ્ટ્રભક્તિનું ગાન થાય તો જ...! વ્હાલા ગણેશભક્તો, દુ:ખ ન લગાડતા, પણ હું તમારું ઍન્ટરટેઈનમૅન્ટ નથી, હું તમારા દરેક શુભકાર્યની શરૂઆતનો નિમિત્ત છું. અને તમે મારા ઉત્સવોથી મને જ ગોટે ચડાવી દીધો છે. મેં મોટું પેટ રાખ્યું જેથી હું દરેક ભગતની વાતને અને સુખદુ:ખને 'સાગરપેટો' બની સાચવી શકું. તો તમે તો મોટા પેટનું કારણ ભૂખ સમજી ટનના મોઢે મને લાડવા દાબવા માંડ્યા. મેં મોટા કાન રાખ્યા જેથી હું દરેક ભક્તની ઝીણીમાં ઝીણી વાત પણ સાંભળી શકું. તો તમે લોકો તો ચાલીસ હજાર વોટની D.J. સીસ્ટમ લગાડીને મારા કાન પકાવવા લાગ્યા છો. મેં ઝીણી આંખો રાખી જેથી હું ઝીણા ભ્રષ્ટાચાર કે અનિષ્ટને પણ જોઈ શકું તમે એ ભ્રષ્ટાચારીઓ પાસેથી જ ફાળો ઉઘરાવીને મારી. આરતી ઉતરાવો છો.

નવરાત્રી તો તમે અભડાવી નાંખી. હવે ગણેશઉત્સવને ડાન્સ કે ડિસ્કો પાર્ટી ન બનાવો તો સારું. માતાજીએ તમને માફ પણ કર્યા હશે પણ મને ગુસ્સો આવશે ને તો સૂંઢ ભેગા સાગમટે પાડી દઈશ. ઈટ્સ વૉર્નિંગ. જેમ દૂધ પીધુ'તુ એમ. તમારું લોહી પીતાં પણ વાર નહીં લાગે. કંઈક તો વિચાર કરો. ચિક્કાર ડ્રિંક કરીને મારી યાત્રામાં ડિસ્કો કરવા આવતાં તમને શરમ નથી આવતી? (ગણપતિબાપા મોરિયા કરતા "ગણપતિ બાપા નો-રિયા" બોલો...!

કરોડોમાં મારા ઘરેણાંની હરાજી કરી લેવાથી હું પ્રસન્ન થઈ જાઉ એમ? હું કોઈ પોલિટિશયન છું કે લાખોની મેદની જોઈને હરખઘેલો થઈ જાઉં? અરે મારા ચરણે એક લાખ ભલે ન આવે પણ એકાદો ભક્ત દિલમાં શ્રધ્ધા અને આંખમાં આંસુ લઈને આવશે ને તોય હું રાજી થઈ જાઈશ! લાડુના ઢગલા મારી સામે કરીને અન્નનો બગાડ કરવા કરતાં ઝુંપડપટ્ટીના કોઈ ભૂખ્યા બાળકને જમાડી દો. મને પહોંચી જાશે. મારા નામે આ દેખાડો બંધ કરો વ્હાલા. ભક્તો! જે દરિયાએ અનેક ઔષધિઓ ને સંપત્તિ તમને આપી એમાં જ મને પધરાવી પર્યાવરણનો કચ્ચરઘાણ વાળતાં સ્હેજ પણ વિચાર નથી કરતા?

આ ગણપતિઉત્સવે છેલ્લી એક વાત મારી માનશો? મારા નામે દાન કરવાની નક્કી કરેલી રકમ ભેગી કરી કોઈ ગરીબના છોકરા-છોકરીને ભણાવી દો! મારૂ અંતર રાજી થશે. આ સંપત્તિનો દુર્વ્યય બંધ કરો. ભારતમાં જન્મેલો પ્રત્યેક નાગરિક આ ગણપતિઉત્સવે

ભારતને વફાદાર રહેવાની સોગંદ લ્યે તો જ આવતા વખતે આવીશ! બાકી મારા નામે છૂટા પાડવાનું — છેતરવાનું ને દેવીદેવતાઓને ઈમોશ્નલી બ્લેક મેલીંગ કરવાનું બંધ કરો.

કદાચ છેલ્લીવાર ઈન્ડિયા
આવેલો તમારો જ
ગણપતિ



14 મી સદીમાં જન્મેલા મોર્ય ગોસાવી કર્ણાટકના શાલીગ્રામ ગામે જન્મેલા જેમણે પુના પાસે 'ચીંચવડ' ગામે સમાધિ લીધી.
ફિલ્મ સ્ટાર નાના પાટેકરના ઘરમાં 1100 થી વધુ ગણપતિદાદાની મૂર્તિઓ છે. જસ્ટ ફોર યૉર નૉલેજ.

૧૪

ચૂંટણી — પ્રજાની આંખમાં ચટણી

કવિ અશોકપુરી ગોસ્વામીનો એક મને ગમતો શેર છે કે

"પોટાશ જેવો આજનો આ વર્તમાન છે,
ને કમનસીબે આપણે રૂની દુકાન છે!"

આ જે ચૂંટણી વિશે ચટાકેદાર તમને સંભળાવવાનો મૂડ છે. ખાદીવાળા, ઝભ્ભાવાળા, ગાડીયુંવાળા ને, ફાંદુવાળાની આખી એક ફોજ મતવાળામાંથી જરૂરિયાતવાળાને ગોતી રહી છે. મુંબઈથી મારા એક ચાહકે મને પણ મેઈલ કરીને આગ્રહ કર્યો કે સાંઈરામ તમે'ય ધારાસભામાં ઝંપલાવોને! મેં બહુ પ્રામાણિકતાથી ઉત્તર આપ્યો કે, વ્હાલા મારા માટે ધારાસભા અને લોકસભા કરતાં વધુ મહત્વની "હાસ્યસભા" છે. એક ધારાસભ્ય કે સંસદસભ્ય કરતાં વધુ પ્રેમ, એક કલાકાર તરીકે તમામ વર્ગના અને તમામ પક્ષના લોકો અમને કરી રહ્યા છે, તો પછી અમારે શું કામ આ જામેલ બીડી ફેંકીને નવી સળગાવવી જોઈએ?

વળી ભૂતકાળમાં નજર કરજો, જેટજેટલા ફિલ્મસ્ટારો, ટેલિવુડ સ્ટારો કે કલાકારો રાજકારણમાં ઘુસ્યા અથવા એને સીઝેરીયન કરીને કલાકાર માંથી નેતા બનાવવામાં આવ્યા એ બિચાડાના ખરા હાલ થયા છે. સૌ ધોબીના કૂતરા જેવી હાલતમાં આવી ગ્યા છે. દિલ્હી કે ગાંધીનગરના ધક્કે જે ચડે એ પછી ગોત્યા ન જડે. (રાજકારણ કરવું એ મારો વિષય નથી, ને હું તો મારા ઘરમાં માંડ ઊભો રહી શકુ એમ છું. ચૂંટણીમાં મારે શું કામ ઉભુ રહેવું જોઈએ?

અમારા હિંમતદાદા કાલે જ મને કહેતા હતા કે આ 'ઉમેદવારો ઊભા શું કામ રહેતા હશે? બેસીને ચૂંટણી ન લડાય? મેં કહ્યું: દાદા, પછી પાંચ વરહ સત્તાની સીટ ઉપર બેસીને જલસા જ કરવાના હોય છે. ઠંડાઠંડા A.C. વાળી ઑફિસમાં ગરમ મસાલા જેવો મગજ મેઈનટેન કરવાનો હોય છે. ભવિષ્યમાં ઘણું બધુ કમાવા માટે અટાણે ઘણું બધું વેરવું પડતું હોય છે એટલે ચૂંટણીમાં ઊભા જ રહેવું પડે છે. ઉમેદવાર બેસી જાય તો એની 'બુંધ' બેહી જાય.

સ્કૂલમાં મેં એક દિવસ બાળકોને સવાલ પૂછ્યો કે સત્ય અને અસત્યમાં અંતર કેટલું?

એક ઈન્ટેલિજન્ટ નંગે જવાબ આપ્યો કે સર, છત્રીસ કિલોમીટરનું...! મેં પુછ્યું, ઈ કઈ રીતે? છોકરો કયે ગાંધીઆશ્રમ અમદાવાદથી સચિવાલય ગાંધીનગર સુધી.... (અથવા તો દિલ્હીની ગાંધીબાપુની સમાધિથી સંસદભવન સુધી...) જવાબથી હું તો છક થઈ ગ્યો. મેં બીજો સવાલ કાઢ્યો કે દુર્ઘટના અને હોનારત વચ્ચેનો ભેદ ઉદાહરણ આપી સ્પષ્ટ કરો. બીજો એક નંગ કહે, સાહેબ (દુકાન સળગે એ દુર્ઘટના કહેવાય અને દુકાળ પડે એ હોનારત કહેવાય. ત્યાં ત્રીજા એક છોકરે સિક્સ મારી કે, એમ તો સાહેબ કોઈ નેતાજી પ્લેનમાં બેઠા હોય ને ઈ પ્લેન ક્રેશ થાય ઈ દુર્ઘટના કહેવાય.... અને ઈ નેતાજી એમાંથી જીવતા નીકળે એ હોનારત...!

એકવાર એક છોકરાએ એના પપ્પાને પૂછ્યું કે પપ્પા આ રાજકારણની વ્યાખ્યા એક દાખલો આપીને સમજાવોને? પપ્પાએ થોડું વિચારીને કહ્યું કે જો બેટા, આપણાં. ઘરના જ પાત્રોમાં તને સમજાવું તો તારી મમ્મી એ સરકાર છે. હું મૅનેજમેન્ટ છું. આપણી કામવાળી કંચન એ કર્મચારી છે, તું જનતા છે અને તારો નાનો ભાઈ ભવિષ્ય છે...! સમજાય ગ્યું? છોકરો ક્યે વાહ, સાવ સમજાઈ ગ્યુ! એમાં રાત પડી. બંને ભાઈઓ એક રૂમમાં સાથે સૂતા'તા. એ નાનાભાઈએ છી કર્યું ને ઈ રડવા લાગ્યો એટલે છોકરો મમ્મી-પપ્પાના બેડરૂમમાં એને ઉઠાડવા ગ્યો ત્યાં એને રસોડામાં નજર કરી તો પપ્પા કામવાળીનું શોષણ કરતા હતા. મમ્મીના દરવાજે ઘણી રાડું પાડી પણ મમ્મી જાગી જ નહીં. છોકરો થાકી ગયો. બીજા દિવસે સવારે છોકરાએ પપ્પાને કહ્યું કે પપ્પા તમારી રાજકારણની વ્યાખ્યા ખૂબ વાસ્તવિક છે. કાલ રાતે મને અનુભવ થઈ ગયો.

આ દેશનું ભવિષ્ય ગંદકીમાં ગરકાવ છે. સરકાર ઊંઘી ગઈ છે. મૅનેજમેન્ટ કર્મચારીનું તમામ પ્રકારે શોષણ કરે છે અને જનતા બિચારી લાચાર અને નિઃસહાય અવસ્થામાં છે.

આવી ચૂંટણી મોસમ ગુજરાતમાં ધીરેધીરે કલર પકડી રહી છે. ટીવીની તમામ ચેનલોમાં જાહેરાતોનાં ઘોડાપૂર દોડી રહ્યાં છે. કોંગ્રેસ તરફથી એક નાની ઉંમરના નાજુક નમણાં બેન સતત દશા અને દિશા બદલવાની વાત કરે છે. (પણ કોની એ ચોખવટ નથી કરતાં...!) તો વળી બી.જે.પી.ની જાહેરાતમાં તો ફડાકાવાળી થઈ છે. દર સાતમી મિનિટે એક ભાઈને કેન્દ્ર સરકારના અન્યાયના નામે ઝાપટ સહન કરવી પડે છે. (નક્કી ચૂંટણી પછી ઈ બિચાડા કલાકારને ગાલની પ્લાસ્ટિક સર્જરી કરવી પડશે.) તો જી.પી. પી,વાળા એ પણ મ.જ.પા.ને પોતાના ઉદરમાં સમાવી અને પોતાનો અલગ ચોકો જમાવ્યો છે. ત્રિપાંખીયો જંગ ગુજરાતમાં કદાચ પહેલીવાર ખેલાઈ રહ્યો છે. હવે જોઈએ આમાં જનતા રૂપી દેવીના ચરણે કયું નાળિયેર વધેરાય છે, કયું ગડગડિયું થાય છે ને કયું મોતીએ મઢાય છે...! ઈ તો વખત આવ્યે જ ખબર પડશે પણ આ દેશના ભ્રષ્ટ નેતાઓ માટે મિત્ર કવિ કૃષ્ણ દવેની એક તેજાબી કવિતા લ્યો મમળાવો:

"મારે જરૂર છે ટેકાની ભાઈમારા, ને તારે જરૂર છે કેશની,
હાલોને પથારી ફેરવીએ દેશની....
છ મહિના હાલે ઓ ગંગાજી નાહ્યા, આ વર્ષોની વાર્તાયું મેલો,
સાત પેઢી નિરાંતે બેસીને ખાય બસ એટલો જ ભરવો છે થેલો
દોવા કે ત્યાં સુધી જ આરતી ઉતરે છે કાળી ડિબાંગ આ ભેંશની,
હાલોને પથારી ફેરવીએ દેશની....!"
ફાઈલોનાં પારેવાં ઘુઘુ કરે છે હવે ચોકમાં દાણા તો નાંખો,
ગમ્મે તે કામ રાખો અમને ક્યાં વાંધો છે, આપણા પચાસ ટકા રાખો,
ચૂલે બળેલ કૈંક ડોશીયુંનાં નામ ઉપર આપી દ્યો એજન્સી ગેસની,

હાલો પથારી ફેરવીએ દેશની.....

દેકારા પડકાર હોબાળા રોજ રોજ વાગે છે નિતનવા ઢોલ,
જેને જે સોંપાયો એવો ને એવો અહીં અદ્દલ ભજવે છે સૌ રોલ,
નાટકની કંપનીયુ ઈર્ષા કરે છે હવે આપણે ત્યાં ભજવાતા વેશની,

હાલો પથારી ફેરવીએ દેશની....



દુનિયામાં સારા માણસો ગોતવા જાશો તો દુઃખી થાશો, એના કરતાં એક કામ કરો, માણસોમાંથી સારું ગોતવા લાગો, સુખી થાશો...!

૧૫

રાજકારણનાં કૉમેડી સૂત્રો

કવિ મિત્ર ગિરગીટ અમદાવાદીનો ગમતો શેર દેશના ભ્રષ્ટ નેતાઓને ડાયરેક્ટલી અને ઓન્લી લાગુ પડે છે કે-

"વો કારોબાર અપના શાન સે આગે બઢાએગા,
અભી બકરી ચુરાઈ હૈ કલ હાથી ચુરાએગા!"

ચૂંટણીનું પરિણામ નજીકમાં છે. અમારા હિંમતદાદાથી માંડી દરેકની જીભે એક જ યક્ષપ્રશ્ન છે કે શું થાશે? શું થાશે? અત્યારે તો મતના જ્વાળામુખી ઉપર સત્તાનું સિંહાસન ઉકળી રહ્યું છે. એક જ પક્ષના ત્રણ મહાનુભાવો એક પાટલી ઉપર બેસીને એક દિવસ રાષ્ટ્રની ચિંતા કરતા હતા. એ ત્રણે'ય જણા જ અત્યારે એકબીજાની ચિતા સળગાવવાનો પરિશ્રમ કરી રહ્યા છે. મુકેશજીનું પેલું ગીત આ ત્રણેય મહાનુભાવોને સો ટકા લાગુ પડે છે કે, "દોસ્ત દોસ્ત ના રહા, પ્યાર પ્યાર ના રહા!" ગુજરાતની 2012 ની વિધાનસભાની ગત ચૂંટણી મને ત્રણ પક્ષોનો નહીં, પરંતુ ત્રણ માંધાતાઓનો અહંમ અને અસ્તિત્વનો જંગ લાગી છે.

પણ કાલે રાતે મને નારદજી સપનામાં આવ્યા. વાચકોની જાણ માટે જાહેર હિતમાં સુનવણી કે સત્તર વર્ષ પહેલાં મને સપનામાં દિવ્યા ભારતી આવતી હતી. હવે સાડત્રીસમાં વર્ષે એ સ્થાન ઉત્તરોત્તર ઋષિ નારદજીએ લીધું છે. દિવ્યા ભારતી મારી ફેવરિટ હિરોઈન હતી, મેં એને પ્રપોઝ કર્યું એમાં જ એણે આત્મહત્યા કરી, આવો મને હજીય વ્હેમ છે.)

નારદજીને મેં કહ્યું કે મને રાજકારણની કથા સંભળાવો. તો સપનામાં નારદજીએ દક્ષિણ કરમાં તંબુરો રણઝણાવ્યો અને વામ કરથી શિખાને સ્પર્શ કરી હસ્તપ્રક્ષાલન (હાથ ધોઈ) કરી રાજકારણદેવની કથા કહેવા માંડી.

નારદ ઉવાચ —

હે સાંઈ વદતા રામ, નારાયણ! નારાયણ! રાજકારણદેવની કથા તો મનુષ્યની ઉત્પત્તિ સાથે જોડાયેલી છે. કિન્તુ નેતાપુરાણની ખુરશીમૈયાની આ રહસ્યમય કથા તું સાંભળવા આતુર છે જેથી હું પ્રસન્ન વદને તને કથા શ્રવણ કરાવું છું.

હે વત્સ સાંભળ, દેશ સેવા કરવાની અફવા ફેલાવી માત્ર અને માત્ર રાજ કરવાના ઉદ્દેશ્યથી જે લોકો એક જ પ્રકારના વ્યવસાયમાં જોડાય છે તેને રાજકારણ કહેવામાં આવે છે. તેમજ અમુક અંગત લોકોના અંગત સ્વાર્થ ખાતર દેશની એક અબજથી વધુ

જનતાને ગાંડાની જેમ ધૂણાવવાના ધંધાને ઋષિઓએ ચૂંટણી કહી છે, તથા અનંત વર્ષોથી ખાદી પરિધાન કરનાર, મુખારવિંદ પર કાયમી ખંધુ હાસ્ય ધરનાર, કંચન, કામિની અને મદિરાપાનમાં નિપુણ ઠરનાર જીવને શાસ્ત્રોએ નેતા કહ્યા છે. નારાયણ...! નારાયણ..!

હવે વત્સ, હું તને રાજકારણમાં સફળ થાવાના સાત સૂત્રો સમજાવું છું.

પ્રથમ સૂત્ર

તારે તારા સાથીદારોનાં ચરણ ખેંચવામાં પારંગત થાવું પડશે. તેમજ તારાં ચરણ ખેંચવા તત્પર થતા અસંતુષ્ટ આત્માઓથી તારે તારાં ચરણ સુરક્ષિત રાખવાં પડશે.

દ્વિતિય સૂત્ર

અર્જુનને લક્ષ્યવેધ સમયે જેમ માત્ર પક્ષીની આંખ દેખાતી હતી એમ તને પણ રાજકારણમાં પ્રવેશ બાદ માત્ર ખુરશી જ દેખાય. ખુરશીપ્રાપ્તિ વગર રાજકારણપ્રવેશ મિથ્યા માનજો, માટે ઉઠો, જાગો અને ખુરશીપ્રાપ્તિ સુધી મંડ્યા રહો.

તૃતીય સૂત્ર

કયા શેર ક્યારે ખરીદવા અને ક્યારે વેચવા એની, જેમ શેરદલાલને ખબર હોય છે, એ રીતે કયા પક્ષમાં ક્યાં સુધી રહેવું અને ક્યારે પક્ષને તિલાંજલિ આપવી એની વિવેકબુધ્ધિ તારે કેળવવી પડશે. કારણ કે સાચો રાજકારણી ક્યારેય ડૂબતી નાવમાં બેસતો નથી અર્થાત્ 'તુમ મુજે ટેકા દો મેં તુમ્હે પૈસા દુંગા.' નારાયણ...! નારાયણ...!

ચતુર્થ સૂત્ર

રાજકારણનું અતિ મહત્વનું સૂત્ર છે કે તારે શ્રેષ્ઠ ભાષણબાજી શીખવી પડશે. ખાળકૂવાથી માંડી ખાડીયુધ્ધ સુધીના કોઈપણ વિષય પર કોઈપણ જાતનાં જ્ઞાન કે માહિતી વગર તારે કલ્લાકો બોલતાં શીખવું પડશે, વળી પ્રજાને તારે સતત એવો ભાસ કરાવવો પડશે કે તારા જેવી વ્યક્તિ સમગ્ર ધરતી ઉપર ભૂતકાળમાં ન તો જન્મી હતી, ન વર્તમાનમાં છે, કે ન ભવિષ્યમાં જનમવાની છે. કાળજુ બીકણ સસલી જેવું રાખો પણ ભાષણ સિંહ જેવું આપો.

પંચમ્ સૂત્ર

તારે સતત પ્રજાને એવું ભાન કરાવવું પડશે કે તમે જે કાંઈ કરો છો તે દેશના ભલા માટે જ કરો છો. ઉદાહરણ તરીકે, તમે પાટલી બદલો છો, તો એમાં પણ દેશનું ભલું થાય છે. તમે બાટલી બદલો છો, તો એમાં પણ દેશનું ભલું થાય છે. તમારા હાડકાં કોઈ ભાંગી નાંખે છે તો એમાં પણ દેશની ભલાઈ છે. ને તમે કો'કના હાડકા ભાંગો છો તો એમાં પણ દેશની ભલાઈ છે. તમે શ્વાસ લ્યો છો તો પણ દેશનું ભલું થાય છે અને તમે કોઈના શ્વાસ બંધ કરો છો તો તેમાં પણ દેશનું ભલુ જ થાય છે. પ્રજામાં આવો આંધળો વિશ્વાસ પેદા કર્યા પછી એનો ઘાત કરતાં તારે જરા પણ અચકાવાનું નથી. નારાયણ...! નારાયણ...!

ષષ્ઠમ્ સૂત્ર

વત્સ, રાજકારણમાં ચૂંટણી જીતવા માટે તારે ઘણાં બધાં અસામાજિક તત્વો સાથે મૈત્રીભાવ કેળવવો પડશે. વિરોધીઓના અસ્થિભંગ માટે, વિરોધીઓની સભામાં તોફાન કરવા માટે કે પછી સત્તાલક્ષી રમખાણો કરવા કે બોગસ વૉટિંગ કરવા માટે, કોકની ઉપર દબાણ લાવવા માટે ને તારી ઉપરના દબાણને ખાળવા માટે તારે સમાજના આ તમામ પેટમેલા અને પાપી મનુષ્યોની જરૂર પડશે. એને સાચવી ઉપયોગ કરી અને પછી તુરતજ એનું ઍનકાઉન્ટર કરાવવાની હિંમત તારે દાખવવી પડશે. યાદ રાખજે વત્સ, રાજનીતિમાં સગા બાપનો પણ ભરોસો કરાતો નથી. નારાયણ...! નારાયણ...!

સપ્તમ્ સૂત્ર

રાજકારણનું અંતિમ સૂત્ર ઉચ્ચારતાં નારદજી બોલ્યા કે હે પ્રિય આપ્તજન, નેતા થયા પછી તારે રોજ છાપામાં તારું નામ આવે એવાં બેફામ નિવેદનો કરવાં પડશે. જેનાથી જનતાને કશો ફાયદો તો નહીં થાય, પરંતુ મફતનું કરમુક્ત મનોરંજન મળશે, જેનો બદલો વાળવા પ્રજા ક્યારેક તને ચૂંટી કાઢશે. તારે 'ઘાટન' અને 'મોચન'ની સતત ટેવ પાડવી પડશે. ઓહ આઈ એમ સોરી સાંઈ, ઉદ્‌ઘાટન અને વિમોચનની સતત ટેવ પાડવી પડશે. ખિસ્સામાં નિત્ય નાનકડી કાતર લઈને જ ઘરની બહાર નીકળવું પડશે. તદ્‌ઉપરાંત જ્યાં માઈક અને મેદની ભાળો ત્યાં ચોંટી જવાની કળા હસ્તગત કરવી પડશે. 'રાજનીતિ સદા ચલી આઈ, વચન જાયે પર સત્તા ન જાઈ.'

આ સાત સૂત્રોનું જે નિષ્ઠાપૂર્વક પાલન કરશે એ નિશ્ચે મંત્રીપદને વરશે. ઈતિશ્રી દિલ્હી ખંડે, ભારત દેશે, ગાંધીનગર મધ્યે, તમામ પક્ષે રાજકારણપુરાણ: સંપૂર્ણ:. નારાયણ...! નારાયણ...!

બસ, આટલું કહીને નારદજી ઍક્ઝિટ થઈ ગયા ને તમે હજી શું ચોંટ્યા છો યાર? આ પુસ્તકમાં બીજા લેખ પણ વાંચવા જેવા છે. નારાયણ....! નારાયણ....!



સપનાંઓ કાચના ન રાખવાં, પણ રબરનાં રાખવા જેથી, તૂટે ત્યારે સ્વપ્ન જોનારને ઈજા ન પહોંચે.

૧૬

એક-વસમી સદી

ચૂંટણી ચૂંટણી ચૂંટણી... ગુજરાતના ગામેગામ અને ખૂણેખૂણા પોસ્ટરો, બેનરો અને સૂત્રોથી ચિતરાય ગ્યા છે. લાંબા અંતરાય પછી આંગળીયુંમાં ફ્રૅક્ચર હોવા છતાં પંજાએ હાથમાં બેટ લઈને કમળને પાછું કાદવમાં ડુબાડી દેવા માટે રાત-દિવસ એક કર્યા છે. તો સામે કમળની પણ અમુક પાંખડીઓ બંધાઈ ગઈ છે અને અમુક નવી ઉમેરાણી છે. થોડો ઘણો કાદવ કમળની પાંખડી ઉપર પણ ઉડ્યો છે. પહેલીવાર ગુજરાતમાં 'ટ્રાયેન્ગલ ઈલેક્શન'ની વનડે મૅચ યોજાઈ રહી છે. આજ સુધી આપણે ત્રિકોણીયા પ્રણય ફિલ્મોમાં જ નિહાળ્યા ને માણ્યા છે પહેલીવાર ગુજરાતની મારા જેવડી પેઢી આ સત્તાનો ત્રિકોણ જોઈ રહી છે. કોણ વિલન થશે અને કોણ હિરો થશે એ તો પરિણામ આવ્યે જ ખબર પડશે. પણ અટાણે તો નાનકડા વૉટિંગ મશીનનાં બટન દબાવવા માટે ટન મોઢે રૂપિયા ખર્ચાઈ રહ્યા છે. યે પબ્લિક હૈ યે સબ જાનતી હૈ. ગુજરાતની જનતા ખૂબ શાણી થઈ ગઈ છે એવું હું શ્રધ્ધા સાથે કહી શકું છું કારણ ઈ કોઈને પેટ જાણવા દેતી જ નથી.

જીવતુંજાગતું ઉદાહરણ અમારા હિંમતદાદા છે. સવારે કોંગ્રેસ કાર્યાલયનો ચા-નાસ્તો કરી આવે છે. બપોરે ભાજપ કાર્યાલયે જમણ આદરે છે અને સાંજે જી.પી.પી.ની ખીચડી ખાઈને બધાયને રાજી રાખે છે. નારદજીની જેમ ત્રણે'ય પક્ષની આઘીપાછી કર્યા પછી ન્યુઝ ચેનલ કરતાં પણ વધારે ઝડપે હિંમતદાદા ત્રણે'ય પક્ષના રોજના રિપોર્ટ પાનની કૅબિને ગામલોકોને આપે છે. ત્રણેય પક્ષના ઉમેદવારોને આપણા હિંમતદાદા રોજની ત્રણ સલાહ આપે છે કારણ કે દાદાને ખબર છે કે અત્યારે જ આ લોકો એને સાંભળશે, પછીના પાંચ વરસ તો આમાંથી જ એકાદને સતત સાંભળવાના છે. અત્યારે જે હિંમતદાદાનું માર્ગદર્શન રસપૂર્વક લઈ રહ્યા છે એ જીતી ગ્યા પછી માર્ગમાં દર્શન આપવાનું જ બંધ કરી દેશે. પણ તો'ય હિંમતદાદા એની હિંમત હારતા નથી એટલે તો એનું નામ હિંમતદાદા છે.

અંગ્રેજીની કહેવત છે ને કે 'ઈન અ વોર યુ કેન ઓન્લી બી કીલ્ડ વન્સ બટ ઈન પોલિટિક્સ મેની ટાઈમ્સ. (અર્થાત યુધ્ધમાં એક જ વખત મૃત્યુ મળે છે જ્યારે

રાજનીતિમાં અનેક વખત...) ઘણા મિત્રોની કૉલરટ્યુનમાં બચ્ચન બાપુનો જાણીતો ડાયલોગ સાંભળવા મળે છે, "હૈ, રાજનીતિકે મુર્દે કભી ગાઢે નહીં જાતે, ઉસે ઝિંદા રખા જાતા હૈ, તાકી જબ જરૂરત પડે તબ ઉસે આઝમાયા જાય...!" આપણે સામાન્ય માણસો તરીકે સ્લીપરની પટ્ટી બદલવામાં પણ થોડો વિચાર કરીએ, પણ આ નેતાઓ ચોવીસ મિનિટમાં પક્ષ અને એના સિધ્ધાંતો કાકીડાની જેમ બદલાવી નાંખે છે. દશા અને દિશા તો અમુકની એવી થઈ છે કે ઈ નેતાજી મૂળ કઈ પાર્ટીના હતા એ 'હવે' એમને પણ યાદ નથી રહ્યું. સચિવાલયમાં એક નેતાજીની ચૅમ્બરની બહાર એક સૂચના લખેલી હતી કે, "ઘોંઘાટ કરવાની મનાઈ છે." કો'ક અવળચંડાએ એની નીચે બીજું વાક્ય ઠબકારી દીધું કે, "જેથી નેતાજીની ઊંઘ ન બગડે!"

અપણા દેશના નેતાઓ ચૂંટણીટાણે તો રાતોની રાતો જાગે છે પરંતુ સત્તા મળી ગ્યા પછી કુંભકર્ણની નિંદ્રામાં સૂઈ જાય છે. ક્યારેક તો મનમાં એમ થાય છે કે આ દેશ લોકશાહીને લાયક જ નથી. અત્યારે લોકશાહી શબ્દમાંથી 'કશા' નીકળી ગ્યું છે ને માત્ર 'લોહી' રહ્યું છે. એ પણ મધ્યમ અને મજૂર વર્ગનું...! કૌભાંડોના કરોડોના, અબજોના આંકડા જેના મીંડા ગણતાં મને થાક લાગે છે, એ કૌભાંડો આચરતાં આ પ્રજાના પ્રતિનિધિઓને સ્હેજ પણ લાજશરમ નહીં આવી હોય? મહાત્મા ગાંધી જો આજે હયાત હોત તો મારું દૃઢપણે માનવું છે કે એની હત્યા માટે ગોડસેની આવશ્યકતા ન હોત. મહાત્મા પોતે જ આ દેશની અવદશા જોઈને આત્મહત્યા કરી લેત. કદાચ અડધી રાતે આઝાદી મળી છે ને એટલે હજી અડધા લોકો ઉંઘમાં છે.

પ્રચારના પિપુડા જોરજોરથી વાગી રહ્યા છે. બપોરે બે વાગ્યે માંડ હજી તો જમીને આપણે જરાક આડા પડખે થ્યા હોય ત્યાં કાને અવાજ. પડે "આપનો કિંમતી અને પવિત્ર મત માત્ર માત્ર અને માત્ર ફલાણી પાર્ટીના ઢીંકણા ઉમેદવારને આપો."

એક દિ તો હું તાડુક્યો કે ભાઈ, અમારો કિંમતી અને પવિત્ર તો આદિકાળથી છે, પણ તમારો ઉમેદવાર સાવ કિંમત વગરનો અને અપવિત્ર છે એનું શું? તો ઈ પ્રચારની રીક્ષાવાળાએ મને એટલું જ કહ્યું કે સાહેબ કમળો હોય ને એને પીળું જ દેખાય. મને સાલ્લો મગજમાં ચારસો ચાલીસનો કરંટ લાગ્યો કે વાત તો સાચી છે. 'યથા રાજા તથા પ્રજા' આ સૂત્ર મુજબ ગમે એવા નેતાઓ છે પણ આખિર તો એને આપણે જ ચૂંટીચૂંટીને મોકલીએ છીએ! એ બધા આપણાં જ પ્રતિબિંબો છે. જો એ ખોટા હોય તો એનો મતલબ આપણે પણ ક્યાંક ખોટા છીએ. ચાલો આત્મમંથન કરીએ... દેવદાનવોએ જેમ સમુદ્રમંથન કર્યું'તુ, એ રીતે ચૂંટણીનો "મેરૂપર્વત" પ્રજાનો "રવૈયો" કરી વલોવીએ. લોકશાહી કૌભાંડોનું વિષ તો નીકળી ચૂક્યું છે, કોઈ મહાદેવ કંઠમાં ધરવા તૈયાર નથી. કદાચ હવે શાંતિનું અમૃત નીકળે! બે આપણા જ નાલાયક ઉમેદવારોમાંથી એકાદો ઓછો નાલાયક શોધીને ગાંધીનગર ભેગો કરીએ ને મુંબઈવાળાઓ તમે'ય, ગુજરાતના તમારા સગાવ્હાલાને એકએક રિંગ કરીને જગાડજો અને કહેજો કે ઘરે સૂતા ન રહે, ભલે ગમે ઈ પક્ષમાં, પણ ઓણ મતદાન જરૂર કરે. (રક્તદાન-ચક્ષુદાન અને અન્નદાન જેટલો જ મહિમા લોકશાહીને ટકાવવા માટે મતદાનનો છે.) જરા રિંગડી ઘુમાવજો!


—Of The Record—


આ વખતે ચોઘડિયા પ્રમાણે વેલેન્ટાઈન ડે નું મુહૂર્ત બપોરે બે થી રાત સુધી છે અને વેલેન્ટાઈન ડે સાંજે આઠ પછી ઊજવાશે રિવરફ્રન્ટ પર.

-જનહિતમાં જારી

૧૭

વોટિંગનું ગોટીંગ

હે ભગવાન, આ આપણા દેશમાં શું ચાલી રહ્યું છે? માયા કેલેન્ડર પુરું થઈ ગયું છે, પરંતુ જગત સાથે સૌની માયા યથાવત છે. કેવી ચિત્ર વિચિત્ર ઘટનાઓ આજુબાજુ છેલ્લા એક મહિનાથી ઘટી રહી છે કે વિસાવદરમાં કોંગ્રેસનું મેન્ડેટ લઈને છોકરું ભાગી જાય છે, તો સંસદમાં મંત્રીશ્રીના હાથમાંથી કોક અનામતનું બિલ ઝૂંટી લ્યે છે. એની વે, ગુજરાતની ચૂંટણીનાં પરિણામો આવી ગ્યાં, સૌને હાશકારો થઈ ગ્યો. પરિણામો જોઈને તરત જ હિંમતદાદાએ છડેચોક બોલવાનું શરૂ કર્યું, કે જોયું ને, આખા ગુજરાતની પ્રજા કેવી શાણી અને સમજદાર થઈ ગઈ છે, મારી જેમ ત્રણે'ય પક્ષનું ખાઈ-પી ને અંતે ધાર્યું તો પોતાનું જ કર્યું. ઘરના ઘરની ગિફ્ટ આપવાનું વચન દેવાવાળાઓએ પોતાનાં ઘરના ઘર વેચવા કાઢવાં પડે એવી નોબત આવી પડી. દશા ને દિશા બે'ય સાજાં નરવાં રહ્યાં. ઘણી ખમ્મા ગુજરાતીઓને! ઘણી ખમ્મા બાપલા! ગુજરાતીઓએ સિધ્ધ કરી બતાવ્યું કે ગુજરાતીઓ કોઈ આક્ષેપોની આંધી કે પ્રચારના અતિરેકથી ભરમાઈ ન જાય. ગુજરાતી પ્રજાને કોઈપણ પ્રકારનો કોમવાદ નથી જોતો. માત્ર અને માત્ર સલામતી અને શાંતિ જોઈએ છે...!

હિમાદાદાનું આવું નેતા જેવું પ્ર-વચન સાંભળી મેં ટોણો માર્યો કે દાદા તો હવે આ દશા અને દિશાવાળાનું શું થાશે? દાદા બોલ્યા: તું સમજ્યો નહીં બેટા ઈ બેન એની પાર્ટીવાળા'વ ને જ કે'તાતા કે સમજો સમજ જાવ ને હજી દશા ને દિશા બદલો! નહીંતર આ દાઢીના વંટોળિયામાં ખેદાનમેદાન થઈ જાશે!

પણ નરહરિ અમીન સિવાય કોઈ સમજદાર આ એડને સમજી ના ન શક્યા એમાં ટાઈટેનિકની જેમ ડૂબ્યા. એક દાઢીને પછાડવા સાટું ગુજરાત પર આખી દિલ્હી તૂટી પડી. આમાં જ દિલ્હીની દીકરીયુંના રક્ષણમાં ધ્યાન ન દેવાયું. દાદાએ સિક્સ મારી.

આ ઈલેક્શનનો ખરખરો દરેક પાનની ને ચાની કેબિન ઉપર છેલ્લા ત્રણ દિવસથી ચર્ચાઈ રહ્યો છે. ત્યાં મિત્ર અતુલે મસ્ત વાત કરી કે સાંઈ, ગઈરાતે મારી શેરીમાં બે ધોમ દારૂ પીધેલા ફલાણી પાર્ટીના હારેલા કાર્યકરો હાથમાં દારૂની બોટલ લઈને નશામાં ચકચૂર

હાલ્યા જાતા'તા. કંઈક વાત એની પાંહે તો મળે તો 'મિડ-ડે'માં તારે છાપવા થાય એ આશાએ હું પણ એની પાછળ હાલ્યો. મેં પૂછ્યું. 'અતુલ ઝટ કહે પછી શું થયું?'

અતુલ ક્યે, થાય શું, દસ મિનિટ પછી બોટલ પુરી થઈ ગઈ અને એક પીધેલાએ બીજા પીધેલાને કહ્યું કે ચાલો, શીશા પણ બદલીએ અને દિશા પણ બદલીએ! અતુલની વાતે સૌ ખડખડાટ હસી પડ્યા...!

આ સાલ્લું બદલવાનું જો ચાલું જ રહે તો સમાજના બધા લોકોના જીવનમાં આ ટીખળ વહેતી થઈ જાશે ને આજુબાજુવાળા બધાય ધંધાના માણસો બોલવા લાગશે દા.ત. દરજી પણ મજાકમાં કહેશે કે ચાલો (સોય પણ બદલીયે અને સંચો પણ બદલીએ. તો કડિયા પણ કહેશે કે ચાલો તગારૂં પણ બદલીએ અને પાવડો પણ બદલીએ. આ સાંભળી ધોબી પણ કહેશે કે ચાલો સાબુ પણ બદલીએ અને ધોકો પણ બદલીએ... આટલું સાંભળી અતુલ વચ્ચે બોલ્યો કે અમે તો મારી બાજુમાં રહેનારા કિરીટકાકા વરસોથી બકે છે કે, 'ચાલો ઝૂલા પણ બદલીએ અને મંજુલા પણ બદલીએ...' અને મારો આ લેખ વાંચતાંવાંચતાં જો છોકરાએ છી કર્યું, હોય તો અરજન્ટલી ઊઠો, જાવ અને ચાલો એ બાળક્ની ચડ્ડી પણ બદલીએ અને એનું પેન્ટ પણ બદલીએ....!

ફિલ્મોની સિકવલ જોવાની ટેવવાળા આપણે સૌએ (ગુજરાતમાં સત્તાની સિકવલ (સોરી ટ્રિકવલ) જોઈ લીધી છે. હવે સૌ સૌનાં પરિણામ પચાવી શકે એટલી શક્તિ માલિક અને માતાજી સૌને આપે એ જ પ્રાર્થના છે. કારણ ચૂંટણીના પરિણામની રાતે જીતેલા પણ ખુશીથી પીધેલા હતા ને હારેલા ગમથી. એની વે, જીગર મિત્ર વરરાજા વગર પરણવા નીકળી ગયેલી આખી આ જાન માટે મસ્ત કવિતા મોકલી છે ઓવર ટુ કૃષ્ણ દવે.

કવિ આર્ષદૃષ્ટા કે ભવિષ્ય દૃષ્ટા હોય છે. ઈશ્વર એને અગાઉથી કૈંક સુઝાડી દેતો હોય છે. એનો જીવતોજાગતો નમૂનો આ કવિતા છે. જે કર્ણાવતી ક્લબમાં તેરમી ડિસેમ્બરે આ કવિએ મને સંભળાવી હતી. લ્યો માણો:-

જાન આખી લઈ આવ્યા ચૂંટણીના માંડવે, ને વરરાજો ગોતી નો લાવ્યા?
પછી કહેતા નહીં આપણે નો ફાવ્યા!!!
જનતા તો ઊભી છે વરમાળા લઈને, પણ બદ્ધાએ ડોકાં લંબાવ્યાં!!! પછી કહેતા નહીં આપણે નો ફાવ્યા!!!
ચોઘડિયાં જોઈજોઈ ચાંદલા કર્યા, ને એક મુરતિયો કાં ના ગોતાય? ટાણાસર માંડવામાં આવી ઊભો રયે, ઈ પાંપણથી તરત જ પોંખાય, મંગળ આ ટાંકણે જ માંડી મોકાણ, અને મરસિયાં મોઢે ગવરાવ્યાં? પછી કહેતા નહીં આપણે નો ફાવ્યા!!!
છપ્પનની છાતીને વરમાળા શોભે, શું એવી એક્કેય નથી ડોક? કોને શું પહેરવું ને કોને શું ઓઢવું, એ નક્કી કરે છે પાછા કોક! અર્ધાની આગળ તો લટકાવ્યા ગાજર અર્ધા ને ઊંધા લટકાવ્યા! પછી કહેતા નહીં આપણે તો ફાવ્યા!!!

- કૃષ્ણ દવે


—Of The Record—


નવીનક્કોર ટીકડી ટી જેવી હીરોઈન આલિયા ભટ્ટ જો વિજય માલિયાના ગગા હારે પઈણી જાય તો એને શું કહેવાય? આલિયા માલિયા!

૧૮

કૉમેડી રાશિભવિષ્ય

> આસ્તિક પ્રજાને ઈમોશનલી બ્લેકમેઈલ કરવી ખૂબ સહેલી છે. દરેકના મોબાઈલમાં કંપનીમાંથી એકાદ વાર તો એવો મૅસેજ આવે છે કે તમારું ભવિષ્ય જાણવું હોય તો અત્યારે જ આ ફલાણા-ઢીંકણા-પૂંછડા નંબર પર રિંગ કરો. છ રૂપિયા પ્રતિ મિનિટ. આલેલે! આવા લાખો SMS રોજ સૅન્ડ થાય છે અને એમાંથી કંપનીને હજારો બકરા મળી રહે છે. ઍન્ડ વૅલ, આવી રીતે મોબાઈલ કંપનીઓ પોતાનું ભવિષ્ય સુધારતી હોય છે. સાથોસાથ ધાર્મિક SMS નો પણ રાફડો ફાટ્યો છે. ફૉર એક્ઝામ્પલ: 'આજ સાંઈબાબા કા જન્મદિન હૈ, યે મેસેજ શનિશિંગણાપુર સે આયા હૈ, ઈસે ઈગ્નોર કિયા તો પાંચ સાલ તક અનલકી હો જાઓગે. ૧૫ લોગોંકો ફૉર્વર્ડ કરો, આપ ૨૪ ઘંટે મેં કોઈ અચ્છી ખબર પાઓગે ઈટ્સ ટ્રૂ.'

ઍમ આઈ રાઈટ? અને ૭૦ ટકા ફટ્ટુસ લોકો આ ચેઈનને ફૉર્વર્ડ કરે છે અને મોબાઈલ કંપનીવાળાએ પોતે જ બહાર પાડેલા આવા ઈમોશનલ મૅસેજથી કરોડો રૂપિયા ખંખેરી લે છે. એલા ભાઈ! જરાક તો વિચારો. સાંઈબાબા, શનિબાબા કે કોઈ પણ ઈશ્વર કે અવતારની કૃપા, કોઈ મૅસેજની મોહતાજ ન હોય મારા વહાલા! જાગો, બીકણ બન્યા વિના આવી સાઈબર ક્રાઈમ (સૉરી, સ્પિરિચ્યુઅલ ક્રાઈમ)ની ચેઈનને રોકો, જેથી અમુક લોકો પ્રજાની શ્રધ્ધા સાથે રમવાનું સાહસ ન કરે.

મારો વિરોધ જ્યોતિષશાસ્ત્ર સામે નથી. આખરે હું પણ બ્રાહ્મણનું સંતાન છું, પણ મારો બળાપો ભોળા લોકોને છેતરનાર પાખંડીઓ સામે છે. ખેર, મારા આ એકાદ-બે લેખથી કાંઈ બાબાઓ બંધ નથી થવાના અને અંધશ્રદ્ધાળુ અટકવાના નથી. કોણ પડે આ કડાકૂટમાં?

લ્યો, બાકી રહેલી રાશિઓનું કૉમેડી ભવિષ્ય વાંચીને છટકો.

સિંહ (મ.ટ.): આ રાશિવાળા મિત્રોએ ગિરમાં સિંહ જોવા ન જવું, શિકાર થઈ જવાનો યોગ છે. વાઈફને મનાવી જ લેવી, વેલણયોગથી ટીપાવાના ગ્રહમાન છે. મસ્ત પાત્ર ફેસબુક પર રિક્વેસ્ટ મોકલશે, તૈયારીમાં રહેવું. 'તારક મહેતા કા ઊલ્ટા ચશમાં' નિત્ય નિહાળવાથી ગ્રહોની કૃપા શરૂ થશે. આડોશપાડોશની બબીતાઓથી ચેતવું.

વૃશ્ચિક (ન.ય): દર મંગળવારે ફાટેલાં મોજાં પહેરવાં. બ્રહ્મચારીબાપુના પરિવારને

જમાડવા. ચાઈનાનો મોબાઈલ વાપરવાથી ગ્રહોની અટકેલી કૃપા નૉન-સ્ટોપ શરૂ થશે. અર્થ વગરના પ્રવાસમાં ઉદાસી રહે. ખિસ્સું કપાવાના પ્રબળ ગ્રહમાન છે. લિજ્જતના ખાખરા ખાવાથી ધનપ્રાપ્તિ-ગૃહકલેશ નિવારણ થશે. સલમાનખાનની ફિલ્મો જોવાથી આત્મવિશ્વાસ વધશે.

ધન (ભ.ધ.ફ.ઢ.): આ રાશિના મિત્રોએ ધન વાંહે ન દોડવું. બૅન્કના બાકી હપ્તા અર્જન્ટ ભરવા. વકીલ સાથે સંબંધો તાજા રાખવા. તમારો ગુરુ ઉચ્ચનો છે, પરંતુ તમારી માનસિકતા સાવ 'નીચની' છે. માટે કોર્ટકેસની પ્રબળ શક્યતા. વાહન ભટકાવાના યોગ છે. ઘરેથી પંકચર ચેક કરીને નીકળવું. iphone અને ટ્વિટરના રેગ્યુલર ઉપયોગથી સંતાનપ્રાપ્તિ થશે.

મકર (બ.જ.): આ રાશિવાળી ગૃહિણીઓ પતિને બળેલી રોટલી બર્નોલ ચોપડીને ખવડાવશે તો પતિ કન્ટ્રોલમાં રહેશે. સાસુના ગળામાં સૂતરનો લાલ દોરો પહેરાવવાથી સાસુ સીધી રીતે વરતશે. દીકરીનું ફેસબુક અકાઉન્ટ અર્જન્ટ બંધ કરાવો, ગમ્મે તેની સાથે ભાગી જવાના યોગ છે. કુંવારા યુવકોને અજાણ્યા મિસ્ડકૉલ ઉપાડવાથી અજાણ્યા પાત્ર તરફથી અઢળક પ્રેમલાભ. રેલવેમાં ટિકિટ વગર મુસાફરી કરવાથી સૉલિડ ધનલાભ. ભેંસના પોદળા પર પગ આવવાથી શેરબજારમાં ફાયદો. શકિરાનાં ગીતો સાંભળવા-જોવાથી તમામ સંબંધો સુધરશે.

કુંભ (ગ.શ.ષ.સ.): આ રાશિના મિત્રોએ કુંભના મેળામાં ચોક્કસ જવું. ત્યાં બધા નાગાબાવાનાં ખિસ્સાં કપાઈ જાય છે, એ ક્રાઈમને રોકવામાં મદદ કરવાથી ગ્રહોની કૃપા ઊતરશે. થ્રી સ્ટાર હોટેલમાં પણ રંગે હાથ પકડાવાના યોગ છે એટલે ધર્મશાળામાં જ ઊતરવું. કુંવારાઓએ કિંગફિશર ઍરલાઈન્સમાં ન જવું. પરણેલી સ્ત્રીઓએ પતિના દીર્ઘાયુષ્ય માટે દર સોમવારે ગાયનું છાણ માથામાં ભરવું. ફાટેલી નોટ પોલીસને પધરાવવાથી ગ્રહોની કૃપા ઊતરવા લાગશે. ફિલ્મ 'ગજની' જેવો ટકો કરાવવાથી ધંધામાં સફળતા મળશે. કાણાંવાળું ગંજી નિત્ય પહેરવાથી સંતાનો કહ્યું કરશે. બ્લેકબૅરી ફોન વાપરવાથી તમામ પ્રૉબ્લેમ સૉલ્વ થશે.

મીન (દ.ચ.જ.થ.) : ભયંકર પનોતીમાંથી તમારી કુંડળી પસાર થઈ રહી છે. વાસી બ્રેડ પર મરચાંનો સોસ લગાડીને શેરીના કૂતરાને ખવડાવવાથી જ તમારી પનોતી દૂર થશે. દિવસમાં એક વાર નાહવાનું ફરજિયાત રાખો. ગધેડાની પૂંછડીએ રૉકેટ બાંધીને સળગાવવાથી તમામ ગ્રહોની કૃપા વરસશે. પરણેલા પુરુષોએ અજાણ્યા લોકો સાથે બિયર પીવાનું ટાળવું. યુવતીઓને નાકનો દાણો શરદીને લીધે નાકમાં જ સલવાઈ જવાનો યોગ છે. યુવકોને ગધાપ્રસાદની જેમ પ્રેમમાં ઊંધેકાંધ પડવાના યોગ છે. 'બિગ બૉસ'વાળી તમામ છોડિયુંની ફિલ્મું અને સિરિયલું જોવાથી કાર્યસિદ્ધિ.



તાનકે સીના ચલે હસીના. ફેશન કી બલિહારી, પુરુષ બિચારે પીછે પડ ગયે આગે બઢ ગઈ નારી, પૂછા જો ઔરતોં સે આપકા પર્દા કિધર ગયા, ઔરતોં ને મુસ્કુરા કે જવાબ દિયા, અકક્લ પે મર્દો કી પડ ગયા .

૧૯

નિદ્રાનું ચીરહરણ

મકર સંક્રાંતિ વિશે કંઈક લખવાનું આજે મન થયું છે. મકરસંક્રાંતિ આકાશમાં પતંગની રંગોળી રચવાનો દિવસ છે. ખીહર એટલે યૌવનનો તહેવાર. બત્રીસી ધ્રૂજાવતો તહેવાર છે. ઈશ્વરને પ્રાર્થના કરીએ કે આ દેશમાં પ્રેમ-શાંતિ, અમન અને ભાઈચારાના પતંગ સદાય ચગેલા જ રહે એનો પેચ કદી કોઈનાથી ન કપાય...! પણ આ ચગવાની વાતથી યાદ આવ્યું યાર, આખા દેશમાં આ શિયાળે તો ઠંડી જ ચગેલી છે. કોઈ આને કે'વાવાળું છે કે નહીં? આ શિયાળે મને પણ ધૂન ચડી છે કે, સુદામા જેવા આ દેહને સલમાનખાન જેવો બનાવ્યે જ છુટકો છે. બૉડી બનાવવાની (અને અડદિયા બનાવવાની પણ..) બેસ્ટ સીઝન શિયાળા સિવાય બીજી કઈ હોઈ શકે ભલા? મુંબઈગરાઓને શિયાળાનું માઈતમ (મહાત્મયનું દેશી) જ નથી. કારણ દરિયો છે એટલે મુંબઈમાં નલિયા કે અમરેલી જેવી દાઢી ડગડગાવે એવી ટાઢ નથી પડતી. આનું કારણ અહીં હોલસેલમાં સ્વરૂપવાન સ્ત્રીઓ છે. ફિલ્મી નટીઓ, નિતનવી મૉડેલો, સુકન્યાઓ અને (ખાલી જગ્યાઓ) મુંબઈના વેધર માટે ઉષ્ણોદક સાબિત થાય છે, પણ શિયાળો એ આળસને ભરપેટ માણવાની ઋતુ છે.

ગઈકાલે રાતે સૂતી વખતે રાબેતા મુજબ મેં સંકલ્પ કર્યો કે આવતી કાલે વહેલા ઉઠીને મારે કસરત કરી જ લેવી છે, પરંતુ ફરી એકવાર નસીબે યારી ન આપી. બીજે દિવસે સવારમાં ગળે સગડી બાંધવી પડે એવી કડકડતી ટાઢ પડી અને મારા સંકલ્પો કેજરીવાલની જેમ નિરર્થક ઉદ્યમ સાબિત થયા. નાગદમન વખતે બાલકૃષ્ણની સામે નાગપત્નીઓએ એના પતિને જગાડવા જેટલા પ્રયત્નો કર્યા હતા એટલા જ પ્રયત્નો શિયાળાની ઠંડી સવારે મારી 'એકની એક' પત્ની દ્વારા કરવામાં આવ્યા, પરંતુ કે.કે.ની નિદ્રામાં (કુંભકર્ણ = કે.કે.) અને આળસરૂપી અપ્સરાની બાહુપાશમાં જકડાયેલું મારું શરીર પત્નીના પ્રયત્નોને સફળતા આપતું નથી. અંતે પત્ની કટુવાક્યો અને વ્યંગબાણોનો વરસાદ વરસાવે છે. એકાદ ઉદાહરણ ટાંકુ તો...."મોટા ઉપાડે કે'તા'તા કે કસરત કરવી છે હં..(મોટેથી ત્રણવાર) તમારાથી શરત થાય, કસરત ન થાય. વગેરે વગેરે...! આવાં વાક્યોનો કર્કશ ધ્વનિ મારા ગોદડાની અંદર હું મારી નિંદ્રાશક્તિના પ્રબળ ઉપયોગથી

પહોંચવા નથી દેતો. એટલે અંતિમ ઉપાયના ભાગરૂપે દુશાસને જે ભાવથી દ્રૌપદીના ચીરહરણ કર્યા હતા, એના કરતાં પણ વધુ બળથી મારું 'ગોદડાહરણ' કરવામાં આવે છે.

અફસોસ, કે એવે ટાણે જ કૃષ્ણ બિઝી હોવાને લીધે દ્રોપદીની જેમ મને સહાય સાંપડતી નથી અને મારા એક્ના એક ગોદડાનું અનાવરણ થાય છે. પાતળા સિલ્કના જર્જરીત નાઈટ ડ્રેસમાં થરથરતી મારી કાયા બેડરૂમની ઠંડીથી કંપીને જાગી ઉઠે છે.

સ્વામીનાથને જગાડ્યાનો આનંદ પત્નીના ચહેરા ઉપર સ્પષ્ટ વંચાય છે. સવારે સાડાપાંચની જાગી ગયેલી પત્ની સાડાઆઠે મને જગાડવામાં માંડ સફળ થાય છે. એનો ક્રોધ પણ આંખોમાં વંચાય છે. અગેઈન સ-ગોદડે (ગોદડા સહિત) પત્ની ઉવાચ — હવે જો સૂતા, તો આજે નહીં જ ઉઠાડું...! અને બીજી વાર ચા પણ નહીં મૂકું...! આવી, મુંબઈના ભાઈલોગ જેવી વાઈફની ધમકીઓથી મારી સવાર પડે છે. મનોમન મને સદાય એક વિચાર શિયાળામાં સતત આવે છે કે મને એક દિવસ ઉઠવામાં કષ્ટ પડે છે. આ કેટલીક પેઢીઓને આખે આખી ઉઠી જાતાં કેમ જીવ હાલતો હશે...?

વૅલ, વણગોદડે પલંગ ઉપર બેઠેલો હું પછી ભરતનાટ્યમ્‌ની કોઈ શૃંગારિક મુદ્રા કરતો હોઉં એમ આળસ મરડું છું અને મારા બગાસાઓથી બેડરૂમ ગુંજી ઉઠે છે. ચૂંટણીમાં હારી ગયેલા ઉમેદવાર જે રીતે વિજયની હેટ્રીક મારનાર મુખ્યમંત્રીને નિહાળે, સેમ ટુ સેમ એજ ભાવથી સ્થિતપ્રજ્ઞ અને ભગ્નહૃદયે (?) મેં મારી સામે ઊભેલી પત્નીને કશું બોલ્યા વગર માત્ર જોયા કરી. આંખોમાંથી ભ્રષ્ટાચારરૂપી ચીપડાઓ કાઢ્યા બાદ હું જાગી ગયો છું અને હવે પાછો નિદ્રાધીન નહીં જ થાઉં!' એવો અટલ વિશ્વાસ પત્નીને ઈશારાના હાવભાવથી આપું છું.

જો કે આ દેશમાં એવા કરોડો પતિદેવો છે જે હવે જાગ્યા ભેળા ભગવાનને નથી ગોતતા, પણ મોબાઈલને ગોતે છે.

"ક્યાંક કોકના ન આવવાના મૅસેજ તો રાતે નથી આવી ગ્યા ને? કોઈ મિસનો મિસકોલ વાઈફની નજરે નથી ચડ્યો ને! વગેરે વગેરે...! મોબાઈલ હાથમાં લેતાં જ દરેક પુરૂષનાં મગજને હૅવી કમાન્ડ મળી જાય છે. પતિદેવ તરીકે મેં પણ અમુક અનિવાર્ય અનિષ્ટોને SMS ડીલીટ/ફોરવર્ડ કર્યા. ત્યાં વળી પાછી પત્નીની ઉષ્ણોદક ઉપસ્થિતિ થઈ. હજી તમે મોબાઈલમાં પડ્યા છો? મારે હજી બાળકોનું લંચબોક્સ તૈયાર કરવાનું છે. આ અંતિમ ધમકી સાંભળી હું બ્રશ કરવા જાઉં છું. આખી રાતના આડેધડ જોયેલા સપનાંઓનાં ફીણ જાણે સવારમાં હોઠ પર નીકળતાં હોય એવો મને ભાસ થાય છે. (ત્યારબાદ રંગ અને ગંધ વગરના પ્રવાહી (ઉર્ફે પાણી યાર...!)ના બે લોટા ભરી મને બળજબરી પૂર્વક પીવડાવવામાં આવે છે જેથી મારી આગામી દૈનિક પ્રક્રિયામાં મને સુગમતા અને સરળતા રહે. બ્રશ પછી પત્ની મસ્ત ચા પીવડાવે છે, પરંતુ સાથેસાથ શેરીના હિંમતદાદા આટલી વૃદ્ધ ઉંમરે કેટલા વે'લા ઉઠીને વૉકિંગ કરે છે એના દાખલા ટાંકવામાં આવે છે, જે સાંભળીને રસોડામાં ચા અને મારો જીવ સરખી બળતરાથી બળીબળી ઉઠે છે. પછી, છાપાંના સમાચારોમાં અનુસંધાન શોધવાને હું કસરત સમકક્ષ સમજીને યથાશક્તિ પ્રયત્ન કરું છું. એક દિવસ હું પણ વહેલો ઉઠીને કસરત કરી બતાવીશ અને દબંગના સલમાન કે ગઝનીના આમિર જેવું સિક્સ પૅક બૉડી બનાવીને જ જંપીશ. મારી જાતને આવી હૈયાધારણ આપી ચાર અડદિયા, ત્રણ ખજૂર અને બે ચમચી રામદેવજી મહારાજનું ચ્યવનપ્રાશ ગટકાવી જાઉં છું...! હવે તમે'ય ખાઈ લ્યો! ટાઢ બહુ છે, ને હા, નિત નાહ્ય ઈ નરકે જાય..! નાવાની ટીકટી.

 —Of The Record— 

આપણા હિંમતદાદા હમણાં કમૂરતામાં યોજાયેલા એક NRI ના દીકરાના લગનમાં પાંચ નાન ખાઈ ગ્યા...! બસ પછી શું? ભગવાનને સવારના પહોરમાં પ્રાર્થના કરતા હતા કે કાં 'નાન' કાઢી નાંખ કાં જાન કાઢી નાખ!

૨૦

ખરેખરાનો ખરખરો

કોઈનો ખરખરો કરવો એ પણ એક કળા અને આવડતનો વિષય છે. ગુજરાતી પ્રજાની આગવી ખાસિયતો નોંધતાં મેં મારા 'રંગ કસુંબલ ગુજરાતી' પુસ્તકમાં નોંધ્યું છે કે "કોકની સાદડી અને પ્રાર્થનાસભામાં પણ શેરબજારની ચર્ચા છેડનારા આપણે ગુજરાતીઓ, સ્વજનના બેસણાં- ઉઠમણાંને પણ શક્તિ પ્રદર્શનમાં ફેરવી નાંખનારા આપણે ગુજરાતીઓ...!"

હવે તો મોટાંમોટાં શહેરોમાં કોઈ કરોડપતિ પાર્ટીના બા-બાપુજી વાઈબ્રન્ટ મોડ ઉપરથી સ્વિચ ઑફ થાય એટલે આખું કુટુંબ ઈસ્ત્રીટાઈટ વ્હાઈટ લીનનના કપડા પહેરીને ગોઠવાઈ જાય છે. એકાદા કુટુંબ ભક્તને જેના મોબાઈલમાં SMS ફ્રીની સ્કીમ હોય એવાને આખા ગામને SMS કરવાની જવાબદારી સોંપી દેવાય છે. ઈન ફેક્ટ, મારા મોબાઈલમાં પણ એવા દસેક જણા છે જે લોકો મને ગામમાં કો'ક ગુજરી જાય ત્યારે જ મૅસેજ કરે છે. માઠાં સમાચાર સિવાય એનો દિવાળીની રામરામ માટે પણ મૅસેજ નથી હોતો. ઘણીવાર તો એનું નામ મૅસેજના ઈનબોક્ષમાં વાંચીને મને પેટમાં ફાળ પડે છે કે એ... કો'ક ટપકી ગ્યું...!

ખેર, મુંબઈ, રાજકોટ-સુરત જેવા શહેરોમાં તો વીવીઆઈપી પ્રાર્થનાસભાઓમાં ટોપ સિંગરોને બોલાવવામાં આવે છે. અને બાએ કે બાપુજીએ જિંદગીમાં કોઈ દિ' ન ગાયાં હોય એવાં તમામ કિર્તનો, બે કલાકમાં મર્યા પછી તરત જ એમને સંભળાવવામાં આવે છે. મુંબઈ જેવા હાઈફાઈ શહેરોમાં તો સ્વજનોની પ્રાર્થનાસભા પણ સંવેદન વગરની આર્ટિફિશ્યલ, ફોર્માલિટી થઈ ગઈ છે. મોત વિશે કોઈ અજ્ઞાત કવિએ કહ્યું છે કે:

"મોત ક્યા ચીજ હૈ આઓ મેં તુમ્હે બતાઉં,
એક મુસાફિર થા ઔર રાસ્તે મેં નીંદ આ ગઈ.!"

કેવી કરૂણતા અને વિચિત્રતા છે કે તમે જીવતા હો ત્યારે તમારા માટે પાંચ મિનિટ ગાળવાનો આખા ગામમાંથી કોઈને પણ સમય નથી હોતો, અને તમે જેવા ગુજરી જાવ પછી તરત આખા ગામને તમારા બેસણાં- ઉઠામણાં માટે સમય મળી જાય છે. વાહ રે કુદરત...!

અમારા હિંમતદાદાને લઈને હું તો રાજકોટમાં એક બહુ મોટી પાર્ટીના બેસણામાં ગ્યો. વીસ લાખ રૂપિયામાં આખો પાર્ટી પ્લોટ ભાડે રાખેલો અને પ્રાર્થનાસભાનો સ્પેશ્યલ

બનાવેલો ડોમ જોઈને હિમાદાદા મને કાનમાં કે' કે, માળી બેટી મરવાનું મન થઈ જાય ને એવી પ્રાર્થના સભા છે આ તો...! સાંઈ, આ છોકરાવે જેટલી ભવ્ય પ્રાર્થનાસભા ગોઠવવાની મહેનત કરી એના વીસમાં ભાગની મહેનત જો બા-કે બાપુજીને સાચવવામાં કરી હોત તો ઈ દસ વરહ વધુ જીવત....! મેં ઠોંસો માર્યો કે દાદા મૂંગા મરો.

હાઈફાઈ સાઉન્ડમાં વાઈફાઈ યુક્ત કલાકારો, પાર્ટી સાથેના કોઈ પણ જાતના સંબંધ વગર સફેદ કપડામાં ગંભીર કિર્તનો ગાતા હતા. જે વડીલ ગુજરી ગ્યા, એના ફોટા ઉપર એટલા બધા હારતોરા ચડાવેલા હતા કે હિમાદાદાએ બે-ત્રણ વાર ધારી-ધારીને જોયું, પણ ખરેખર કોણ ગુજરી ગ્યુ ઈ એને ખબર જ ન પડી.

સંગીતમય પ્રાર્થનાસભાનો એકમાત્ર ફાયદો એ કે તમારા સ્વજન કઈ રીતે ગુજરી ગ્યા એ વારેઘડીએ તમારે ગામને કહેવું નથી પડતું. બાકી આ રિવાજ બહુ વહમો પડે એવો છે. શું હતું બાપુજીને? એમ કહેતા આવનાર દરેક વ્યક્તિ ચહેરા ઉપર માંડમાંડ કરૂણતાના ભાવો લાવીને મરનારના દીકરા પાંહે બેસે છે. ત્યાં છેલ્લા સાત દિવસથી એકની એક જ કેસેટ ચલાવતાં દીકરા સવારે છથી શરૂ કરી સાંજે પાંચ વાગે બાપુજી કેવી રીતે ટપકી ગ્યા એની લાઈવ કોમેન્ટરી આપે છે.

વાતડાહ્યા અને ઍક્સપર્ટ ડાઘુઓ ગુજરી ગયેલા બાપુજીના સારા સ્વભાવની ઓવર પ્રશંસા કરવા લાગે છે. બાપુજીનો સ્વભાવ ખૂબ માયાળુ હતો. કોઈ દિ' તમારા બાપુજીએ કોઈની માયા ન રાખી, લીલી વાડી મૂકીને વયા ગ્યા ભાઈ...!!!

ડાઘુના આવા શબ્દો સાંભળી ફોટાની બાજુમાં જ બેઠેલાં બાને ઓંતરાસ આવી જાય છે કારણ કે આ ગુજરી ગયેલા બાપાને જીવનમાં ક્યાં ક્યાં અને કોની કોની સાથે 'માયા' હતી એની સાચી ખબર તો બાને જ હોય છે. પણ આ વખાણ સાંભળી અટાણે બા પણ ઘૂંટડો ગળી જાય છે. બાપુજીનો સ્વભાવ ખૂબ માયાળુ હતો આ વાક્ય સાંભળતાં જ સફેદ સાડલામાં બેઠેલી ત્રણેય વહુઓ દાંત કચકચાવે છે. કારણ કે બાપુજી દાંતિયો ન મળે તો'ય ઘરમાં ધિંગાણું મચાવતા, અને જમવાની થાળી દસ મિનિટ મોડી પિરસાય તો ઈ રમખાણ મચાવતા એની સાચી ખબર તો વહુઓને જ હોય ને! પણ મોઢામાં નવી સફેદ સાડીનો છેડો ચાવીને વહુઓ પણ આ વાત ચાવી જાય છે.

અજાણી વ્યક્તિના બેસણામાં હિમાદાદા મારી હારે ભરાઈ તો ગ્યા પણ સખણા રહે તો દાદા શેના? એણે અંધારામાં ઘરધણીને તીર માર્યું કે બાપુજી, દસ વરહ બેઠા હોત તો સારું હોત! ત્યાં ઘરધણી બોલ્યા કે, દાદા, બાપુજી તો આ બેઠા...! મારી બા ગુજરી ગ્યા છે! તમે'ય પણ સાવ...!!!

મેં ગોઠણ દબાવ્યો, હિમાદાદાને હવે સાવ ઓછું દેખાય ને સંભળાય છે એવું બહાનું કરી ઘરધણી અમને મારવા દોડે ઈ પહેલાં અમે ઈ ટોપ પ્રાર્થનાસભામાંથી છટકી ગ્યા...! હાલો હવે તમે'ય અવસાન નોંધ વાંચી લ્યો. આજે તમારે પણ કોકના આવા હાઈફાઈ બેસણામાં જવાનું રહી ન જાય હોં!



કોઈની પણ પ્રાર્થનાસભામાં તમારો મોબાઈલ સાઈલન્ટ રાખીને બે મિનિટ

મૌન બેસી સાચા દિલથી એ જીવ માટે પ્રાર્થના કરવી એ જ સાચી શ્રધ્ધાંજલિ છે. કારણ, મોત તમને કેવી રીતે મળે છે એ તમારા જીવનનો પડઘો છે.

૨૧

"લવ યુ! સી યુ!"

ખબર કાઢવી અને ખબર લેવી આ બે શબ્દપ્રયોગોનો આપણી માતૃભાષામાં તદ્દન જુદો જુદો અર્થ થાય છે. હૉસ્પિટલમાં બીમાર સ્વજનની ખબર કાઢવા જાવી એ પ્રિવેડીંગ ફંકશનની જેમ પ્રિ-ડાઈંગ ફંકશન જેવો વહેવાર થાતો જાય છે. પરંતુ સાથેસાથ હવે તમે જેવા કોઈને સમાચાર આપો, કે આપણા ફલાણકાકા બીમાર છે ને ઢીંકણી હૉસ્પિટલમાં ઍડમિટ છે. એટલે પહેલાં તો સામેવાળો હૉસ્પિટલના નામ ઉપરથી બીમારીની ગંભીરતા જાણી જાય છે. પછી તરત જ આપણને સામા ચોંટે કે કાકા ICU માં છે? આપણે જો 'હા' પાડીએ તો જ એ કેસ સિરિયસલી લ્યે છે. નહીંતર ધંધાના અને મંદીના અને પોતાના પ્રૉબ્લમો સામા ગણાવા લાગે છે.

સમાજના ઍંશી ટકા લોકો એવું માનતા થઈ ગ્યા છે કે સ્વજન ICU માં પહોંચે એટલે પચાસ ટકા ઑફ થઈ ગ્યુ ગણાય). પછી તો જીવને અને જમને વાદ હાલતા હોય છે. ICU માં ગ્યા ભેગો જ દર્દી સ્વર્ગાપર કે પછી લાયકાત કે લખણ પ્રમાણે નરકના રસ્તે હાલતો જ થઈ જાય છે. પછી જો કાબેલ ડૉક્ટરથી પકડાય તો જ ઈ પાછો વળે છે નહીંતર ઈન્ટેન્સિવ કેર યુનિટમાંથી ઈમરજન્સી કફન યુનિટ ભેગો થઈ જાય છે. મુંબઈમાં પણ માર્ક કરજો કે સ્વજન જેવા ICU માં પહોંચે છે પછી ખબર કાઢવા લાઈનું લાગે છે અને મજાની વાત ઈ છે કે નેવું ટકા હૉસ્પિટલોમાં ICU વોર્ડમાં આગંતુકને દર્દી સુધી લગભગ જાવા દેવામાં જ નથી આવતા.

આમ, ICU માં દર્દી પહોંચે પછી તો તમારે દર્દીના પરિવારજનોના હાજરી રજિસ્ટરમાં ફક્ત નોંધણી કરાવવા જ હૉસ્પિટલે જવાનું હોય છે. પણ કળિયુગમાં ICU વોર્ડનો મહિમા ઓસ્કર એ-વોર્ડ જેટલો વધી ગયો છે.

ઘણાય ઈમરજન્સી વોર્ડ બહાર મેં એવા સગાવ્હાલા જોયા છે જે વાતો કરતાં હોય કે ડૉક્ટરસાહેબે તો કહ્યું'તુ કે બાપુજી ચોવીસ કલાક નહી કાઢે પણ આજે ત્રણ દિ' થઈ ગયા. હવે ડૉક્ટર દેખાતો નથી!" બાપુજી ટકી ગયા એનો હરખ કરવો કે શોક એમાં આખું કુટુંબ ગોટે ચડ્યું હોય છે.

તબિયતની ખબર કાઢવા આવનાર જ ઘણીવાર તો દર્દીને વધુ માંદા પાડી દેતા હોય છે. આ વાતનો હું તાજનો સાક્ષી છું. આપણા હિંમતદાદાનું પી.આર.વર્ક બહુ પાવરફૂલ. સોસાયટીનો કોઈપણ માણસ બીમાર પડે એટલે હિમાદાદા એની ખબર લેવા, સૉરી ખબર

પૂછવા પહોંચી જ જાય અને કેવાંકેવાં દૃશ્યો સર્જાય! લ્યો વાગોળો.

દર્દી પાંહે જઈને પહેલાં તો એની વાંહે પડેલાં ફ્રૂટ પોતે ટાહોડી (ખાઈ) જાય. પછી બાટલા ચડતા હોય અને દર્દીને ભેં કહેવાની ભાન ન હોવા છતાં દર્દીની આંખમાં આંખ નાખીને એને જ પૂછે કે, 'કાં શું થ્યું વળી? આ ઉંમરે માંદા પડાતું હશે?' જાણે બીમારી કેમ ઉંમર દેખી અને દર્દીને પૂછીને ટપકતી હોય...!

હિમાદાદાનો સવાલ સાંભળી દર્દી કાંઈક હોઠ ફફડાવા જાય ત્યાં એના માથા પાંહે બેઠેલી એની એકની એક પત્ની કહી દે કે એમને કમળો થઈ ગ્યો છે દાદા, અશક્તિને લીધે ડૉક્ટરે બોલવાની ના પાડી છે. તો'ય દર્દીને મુકી દ્યે તો તો દાદા શેના? ગાડા એકનો નિહાંકો નાંખીને ક્યે અરરર... બધા રોગ સારા પણ કમળો બહુ ખરાબ. અને એમાં'ય જો કમળામાંથી કમળી થઈ ગઈ તો તો કેસ ખલાસ...! દાદાનું પ્રવચન કે આગમવાણી સાંભળીને દર્દી પણ બે ધબકારા ચૂકી જાય.

દાદાની વાતને દર્દીની આજુબાજુ ઉભેલા એકેય સગાનું સમર્થન ન મળે, છતા'ય હિંમત હારે તો તો દાદા શેના? દાદા બીજો પ્રશ્ન ફેંકે કે લાવો તો જરાક ઍક્સ-રે! એમ કહીને દર્દીના ઓશિકા હેઠે સંતાડેલો ઍક્સ રે ધરાહાર બહાર કાઢે અને જાણે પોતે 'ઍક્સ રે વિશેષજ્ઞ' હોય એમ ટ્યુબલાઈટ સામો રાખીને ત્રણ મિનિટ લગી ધારીધારીને ઍકસ-રેનો ગંભીર અભ્યાસ કરે. દર્દીથી માંડી તમામ સગા વહાલા હિમાદાદાની સાથે ત્રણ મિનિટનું મૌન ધારણ કરે પછી હિમાદાદા બોલે કે 'ઍક્સ રે બહુ ખરાબ છે.' બે'ય ફેફસાં સાવ પતી ગયાં છે."

આ વાક્ય સાંભળતાં જ દર્દીની પત્ની વિફરીને બોલી કે દાદા, તમને ફેફસાં લાગતાં હશે, બાકી ઍક્સ રે તો થાપાનો છે..,! હશે બેન, ઉંમરને લીધે હવે ઝાઝું ન સૂઝે એમ કહીને હિમાદાદા જાતાંજાતાં દર્દીની પાંહે પડેલાં સફરજન પર તરાપ મારતા જાય ને ઘરભેગા થાય.

મારું અંગત માનવું છે કે કોઈપણ મોટો માણસ જેની એપોઈન્ટમૅન્ટ લેવી ફરજીયાત હોય એવાને જ્યારે ઈ માંદો હોય ત્યારે તમે ખબર પૂછી આવો તો ઈ તમારો લાઈફટાઈમનો મિત્ર બની જાય. કારણ, મોટાભાગે દર્દી દવા કરતાં ખબર કાઢવા આવનારની હૂંફથી સાજા થઈ જાતા હોય છે. લગનમાં હાજરી પુરાવીને સીધા હૉસ્પિટલે ખબર કાઢવા જવાની સિસ્ટમથી શહેરના બિઝી લોકો ટેવાય ગ્યા છે. આપ સૌ વાચકોને પ્રાર્થના છે, રોડ ઉપર મંદિરો જોઈને તો આપણે હોર્ન મારીને સહેજ નમન કરીએ જ છીએ, પરંતુ રસ્તામાં જ્યારે પણ 108 કે કોઈપણ સાયરન મારતી ઍમ્બ્યુલન્સ તમને સામી મળે ત્યારે બે મિનિટ તમારા ઈષ્ટદેવનું સ્મરણ જરૂર કરવું. અને પ્રાર્થના પણ કરવી કે 'હે ઈશ્વર આ ઍમ્બ્યુલન્સમાં જાતા જીવને દીર્ઘાયુ બક્ષજે'. સીધો હિસાબ છે બાપલા, તમે રોજ એકાદ વાર કોઈ અજાણ્યા જીવ માટે આવી પ્રાર્થના કરશો. કોને અને ક્યારે અને કઈ ઍમ્બ્યુલન્સમાં જવાનું છે ઈ થોડું નક્કી છે? માટે મારા વહાલા મુંબઈગરાઓ સગાંવહાલાંઓની ખબર પૂછવા જાજો, ખબર લેવા ન જાતા! અને હા, સિમેન્ટના જંગલમાંથી બહાર નીકળી સિગ્નલો અને ઓવરબ્રીજોની ઉપરવટ જઈને પ્રકૃતિ સાથે જીવતા રહેજો. નહીંતર, આ ધમધમતા શહેરની ગિરદી અને રૂપિયા કમાવાની લ્હાય... તમને અંદરથી ઉધઈની જેમ કોરી ખાશે. વળી સાગમટે સૌ માંદા પડશું તો કોણ કોની ખબર કાઢશે? કારણ કે આપણે બધાયને સ્વર્ગ જોઈએ છીએ પણ મરવું કોઈને નથી!


—Of The Record—


મહારાણા પ્રતાપનો 'ચેતક' ઘોડો, એ આપણો કાઠિયાવાડી અશ્વ હતો. ધ્રાંગધ્રા પાસેના 'ખોડ' ગામના રાબા શાખના ચારણોએ રાજસ્થાન જઈને પોતાનો જાતવાન 'ચેતક' રાણાને આપેલો.

૨૨

ઐસી લાગી..... લગન

લગનનો એક જ ધંધો એવો છે જેમાં કોઈ ‘દિ મંદી નથી આવતી, પણ લગન પછી જીવનમાં જરૂર આવે છે. પાર્ટીપ્લોટવાળા, કૅટરિંગવાળા, ડૅકોરેશનવાળા, લગ્નગીતવાળા, આવા’તો કેટલાય વાળાઓના ઘર કોકના ઘર બંધાય તો જ હાલે છે. વૅલ, લગનગાળામાં પાર્ટીપ્લોટોની હાલત ભારતની જનતા જેવી થઈ જાય છે. દર ચોવીસ કલાકે એનો ધણી બદલે છે, ને જનતાનો દર પાંચ વરસે...!

ગામડામાં પહેલાં ઘોડા ઉપર વરરાજાનું ફૂલેકું નીકળતું. હજી ઘણા સમાજમાં શહેરોમાં સાંજે ઘોડા ઉપર ફૂલેકાં નીકળે છે. આપણી ગુજરાતી ભાષા પણ ગજબ છે ગામમાં કો’ક માણસ જ્યારે કરોડોનું કરી નાંખે ત્યારે પણ એને ‘ફૂલેકુ ફેરવ્યું’ કહેવાય છે અને લગન પહેલાં વરરાજા સજીધજીને નીકળે એને પણ ફૂલેકું!

કદાચ અમુક જમાઈઓ ઉર્ફે જમ=આઈ (એટલે આવનારા) સાસુ સસરાની પ્રોપર્ટીનું કરી નાંખવા જ જમાઈ થાય છે. એટલે જ આ લગ્નપ્રસંગ ટાણે ‘ફૂલેકું’ શબ્દ પ્રયોજાયો હશે. જસ્ટ જોકીંગ! બાકી, અશ્વ એ સંપૂર્ણ નર હોવાથી અશ્વ ઉપર જ વરરાજા ને બેસાડાય છે. હિમાદાદા જ્યારે ફૂલેકું શેરીમાંથી નીકળેલું જોવે એટલે મને કાયમ કહે કે આપણા વડવાઓએ વરરાજાને છેલ્લે સુધી ચાન્સ આપ્યા છે કે હજી હાથમાં ઘોડો છે, મૂરતિયા ભાગી જા! પણ તો’ય આ એકેય મૂંછાળા સમજતા જ નથી. ગધેડા જેવો વરરાજો હોય તો’ય ઘોડા ઉપર જ બેસાડે છે. જોકે કૈંક જુદી રીતે લગન કરવાના કીડાથી પીડાતા અમુક પરિવારો વરરાજાને હાથી ઉપર બેસાડે છે. જેથી વર સહેલાઈથી ઉતરીને ભાગી ન શકે ને...! ખેર, વરરાજાને ‘મર્સીડીઝ’, ‘ઓડી’ કે ‘હાથી’ ઉપર બેસાડો તોય ફૂલેકા ટાણે એને ‘વરઘોડો’ જ કહેવાય છે. આ આપણી ધરતીના લોકોનો પશુપ્રેમ સૂચવે છે.

આપણી લગ્નવિધિ કે જેને આપણે માત્ર શાસ્ત્રોક્ત ગણીએ છીએ દોસ્તો, એ સંપૂર્ણપણે સાયન્ટિફીક અને પ્રૅક્ટિકલ લગ્નવિધિ છે. સમગ્ર વિશ્વમાં આપણી લગ્નવિધિ અજોડ છે પરંતુ ફેઈસબુક અને કલર્સ ચેનલમાંથી આપણને ટાઈમ મળે તો આપણે એને સમજીએ ને?

કોઈપણ જ્ઞાતિનાં લગ્નોમાં વિધિ એકસરખી જ હોય, પરંતુ એમના જ્ઞાતિ પ્રમાણેના

રિવાજો અને પરંપરાઓ એમાં ભળતાં હોય છે. દા.ત. પહેલાંના જમાનામાં જાન ગાડામાં પરણવા જતી, રસ્તામાં બહારવટિયાથી સ્વરક્ષા માટે દરેક કોમનો વરરાજો તલવાર રાખતો. અટાણે અ'વાદ રાજકોટ કે મુંબઈના એસી. હોલમાં પરણવા જાય તોય આપણે ત્યાં, વરને તલવાર પકડવવામાં આવે છે.

એલા,ભાઈ! બુદ્ધિ તો લગાડો. વરે આખી જિંદગી કોઈને ઝાપટ પણ નથી મારી ને બિચાડો એવો સુકલકડી વરરાજો છે કે જો તલવાર મ્યાનમાંથી કાઢવી હશે તોય એને અણવરની જરૂર પડશે. છતાં અનિવાર્ય અનિષ્ટની જેમ આપણે આ પરંપરા દૂર નથી કરી શકતા.

હજી જેટલા મુરતિયા શહીદ (?) થવાના બાકી છે એ જો મારી વાત વાંચતા હો અથવા એના માતાપિતા, તો પ્લીઝ આ પ્રથાને વિવેક સાથે દેશવટો આપજો અટાણે તો તલવાર કરતાં વધુ મહત્વનું શસ્ત્ર મોબાઈલ છે. તમારો મોબાઈલ ચાલુ હશે તો ખટારો ભરાય એટલા તલવારવાળાઓને તમે ભીડ પડ્યે બોલાવી શકો છો. ચાલો નવી પ્રથા દાખલ કરીએ! તલવાર કે કટારને બદલે નવો નક્કોર iphone કેડે લટકાવીને મોબાઈલની સાક્ષીએ લગ્ન શરૂ કરીએ અને આમ જુઓ તો મોબાઈલ એ બીજી પત્ની જેવી જ આઈટમ થઈ ગઈ છે. નેવું ટકા પતિદેવો એની ઘરવાળી કરતાં વધુ વાત મોબાઈલ ઉપર કરતા રહે છે. પંચાણુ ટકા સ્ત્રીઓને મોબાઈલ એની 'સોતન' જેવો લાગી રહ્યો છે. પરંતુ પુરૂષપ્રધાન દેશમાં બિચાકડી બાયુનું સાંભળે કોણ?

વૅલ, આપણી વાત લગ્નવિધિ પાછળનું સાયન્સ સમજવાની હતી. મીઢળ બાંધવાની પ્રથા ખૂબ જૂની છે. આ જમણા હાથની વેઈન ઉપર બંધાય છે જે શિલાજિતની જેમ હોર્મોન્સ ઉત્તેજીત કરવાનું કામ કરે છે. પહેલાના સમયમાં મીઢળ સાથે હળદર પણ બાંધતા જેનું કારણ એ કે રસ્તામાં ક્યાંય યુધ્ધ થાય ને લોહી નીકળે તો હળદર લગાડવાથી તરત જ રક્તસ્રાવ બંધ થઈ જાય. બીજું અતિ મહત્વનું તારણ કે મીઢળ ઘસીને પીવો એટલે તરત જ વૉમિટ થાય. અર્થાત્ આપણા વડીલો ભલે સાયન્ટિસ્ટો નહોતા, પણ વિધિઓમાં સેલ્ફડિફેન્સનું સાયન્સ અવશ્ય હતું. વર કે કન્યાને લગ્ન દરમ્યાન ફૂડપોઈઝન થાય તો તરત મીઢળ ઘસીને પાઈ દેવાથી જમવામાં ગયેલુ ઝેર ઉલટી થઈને નીકળી જાય. પહેલાં કયાં 108 જેવી ઈમરજન્સી સેવાઓ પ્રાપ્ય હતી ભઈલા!

વળી, લગ્ન લખાય પછી મીઢળ બાંધી દે અને વરરાજા સૌ આવનારા મહેમાનો સાથે હાથ ન મિલાવે. આનું વૈજ્ઞાનિક મૂલ્ય એ કે, હાથ મિલાવવાથી 'સ્વાઈન ફ્લુ' થાય છે એ તો હમણાં દુનિયાએ જાણ્યું. પણ પાંચસો વરહ પહેલાંના આપણા વડીલોને ખબર હતી કે વર કે કન્યા એક વીક કોઈની સાથે હાથ ન મિલાવે તો એને કોઈના વાઈરલ ઈન્ફેક્શન ન લાગે! આવું તો ઘણું'ય કહેવા જેવું છે પણ તમને રસ હોય તો હવે પછીના પ્રકરણમાં જ ભટકાજો!



પહેલાં આપણાં ઘરમાં મહેમાન ઍન્ટર થાય એટલે ઈ મમ્મીપપ્પાની ખબર અંતર પૂછતા. હવેના સમયમાં મહેમાનો ઘરમાં આવ્યા ભેગા પૂછે કે ઝીણી

પિનનું ચાર્જર છે?

૨૩

મંડપ મધ્યે સાવધાન

લગ્નવિધિઓ પાછળના વૈજ્ઞાનિક મૂલ્યોની વાત પર ગયા પ્રકરણમાં કલમ અટકી હતી. આપણે સુધરતા જાઈએ છીએ કે સુધારાના નામે બગડતા જાઈએ છીએ. મને તો એ જ નથી સમજાતું. ઘાટકોપરમાં એક બહુ મોટી પાર્ટીને ત્યાં હું લગ્નપ્રસંગે આવ્યો'તો. જાનમાં કોઈ બહેનોએ ચાંદલા જ નહોતા કર્યા એટલે મને ભારે અચરજ થયું. મારાથી એક બહેનને કારણ પુછાઈ ગ્યું તો બહેન ક્યે ભાઈ, કંકોત્રીમાં જ લખ્યુ છે ચાંદલાની પ્રથા બંધ છે એટલે અમે સાગમટે જ ભૂંહી નાંખ્યા. બાપ રે! મને તો ઝાટકો વાગ્યો! હું કોઈ વિધવાના પુર્ન:વિવાહમાં બેઠો હોય એવી ફીલ આવી તોય પ્રસંગ તો પૂરો કરવો જ પડે.

લગ્નની કોઈ પણ કંકોત્રી ચેક કરજો એમાં ક્યાંક ઈન્વર્ટેડ કૉમા કરીને બે વાક્યો જરૂર લખ્યાં હશે કે "માલા ટાટાના લડનમાં જલુલ ને જલુલ આવજો હોં." (ફ્રોમ — ધ્યાની, ઘરમો, અભલો, ખુશી, નેહા ધ્રુતિ) એમ કરીને આખા કુટુંબમાં છેલ્લા દસ વરહમાં જન્મેલાં તમામ બાળકોનું લિસ્ટ લખી નાંખ્યુ હોય છે. સાલ્લુ, હું કોઈપણ કંકોત્રીમાં આ વાક્ય વાંચુ એટલે મારા મગજમાં ઘોબા પડી જાય કે આ ભાઈના કુટુંબમાં બધાય છોકરા હૉલસેલમાં તોતડા જ જન્મ્યા હશે!

હિંમતદાદા આમ તો કોઈપણ વિષય વગર કલ્લાકો બોલવા સક્ષમ છે પણ આ વખતે એણે વિષય પ્રમાણે સિક્સ મારી કે સાંઈ, દેશની દરેક ઍમ્બ્યુલન્સ ઉપર ઈમરજન્સી માટે લાલ અક્ષરે જ ટાઈટલ લખાય છે જેથી લોકો દૂરથી ઍલર્ટ રહે અને આ કંકોત્રી પણ લાલ અક્ષરે જ લખાય છે. લાલ રંગ ડૅન્જરની નિશાની હોવા છતાં લગ્ન વાંચ્છુકો કેમ સમજતા નથી? મેં કહ્યુ દાદા, તમને આ સમજણ ક્યારે આવી? દાદા કે' લગન પછી! મેં કહ્યું બસ તો પછી, બધાને એવું જ છે! "જબ ચિડિયા ખેતી યુગ ડારે, ફિર રોને સે ક્યા હોવત હૈ?"

લગ્નવિધિમાં મંડપારોપણ વખતે લીલો વાંસ વપરાય છે. એ ઘસીને પી જુઓ તો તરત વૉમિટ કરી નાંખો. આપણા વડવાઓ પાંહે તમામ આકસ્મિક દુર્ઘટનાઓના હાથવગા ઉપાયો હતા. આખી જાનને ફૂડપોઈઝન થાય તો ડૉક્ટર ક્યાં ગોતવો? માટે લીલો વાંસ રોપવામાં આવે છે. બીજું ખાસ નોંધજો, ગામમાં એક જણાને ત્યાં લગન હોય ત્યારે

ગામનાં તમામ વરણને કામ મળી રહે એવી આપણા વડીલોએ વ્યવસ્થા કરી હતી. ઢોલીના ઢોલથી આંગણું ગૂંજે, મંડપ બનાવવા સુથારીને કામ મળે. રસોયાથી જમણ શોભે, હજામ આખા ગામને આમંત્રણ આપી આવે, કુંભારના ઘરે જઈ 'ચાક વધાવા'ની વિધિ થાય, ગામની મુસ્લિમ દીકરી હોય તો તેને મહેંદી મુકાવવા બોલાવાય. આમ ટૂંકમાં, નાનકડા ગામમાં એક લગન થાય તો બધાંને ઝીણું મોટું કામ મળી રહે અને બધાનું ગુજરાન ચાલે. આપણા લગ્નની એટલી સુંદર વ્યવસ્થા ત્રણ દિવસની વિધિમાં ગોઠવવામાં આવી છે. પણ મને ને તમને આ ફેવિકોલ -કે જલેબીબાઈમાંથી ફૂરસદ મળે તો ને?

આપણે ત્યાં લગ્નસંસ્કારને સોળ સંસ્કારની કરોડરજુ સમાન ગણેલ છે. એટલે તો દૂહામાં કહેવાણું હશે ને કે:

"પાળે નાચે પારેવડાં, વનમાં નાચે મોર,
પરણ્યા એટલા માનવી, ઓલ્યા વાંઢા હરાયા ઢોર!"

રોડ ઉપર એક છોકરો કે છોકરી હાલ્યાં જાતાં હોય તો આપણે એમ કહીએ કે ફલાણો છોકરી કે છોકરો ચાલી જાય છે. પરંતુ દંપતી હાલ્યા જાતાં હોય તો આપણે એવો શબ્દપ્રયોગ કરીયે છીએ કે 'બે માણસ હાલ્યા જાય છે." એલા ભઈ, તો ઈ એકલો હતો ત્યારે શું ડાયનાસોર હતો! માણહ નહોતો! આ શબ્દ પ્રયોજવાનું ગર્ભિત કારણ એ કે, આપણો સમાજ લગ્ન થાય પછી જ એની માણસમાં ગણતરી કરે છે. એટલે તો આપણે નિમંત્રણ આપીએ છીએ કે બે'ય માણા આવો ચા પીવા! બે'ય માણા જમવા પધારો!

હિમાદાદાનું ઍન્ટિક મગજ અવનવા અરથ વગરના સંશોધનો સતત કરતું રહે છે અને મને એમાંથી જ જોકની અને લેખની આઈટમો મળતી રહે છે. ગઈકાલે હિમાદાદાએ એક પરણેલા અને કુંવારાનો નવો સર્વે ગોંડલની બજારમાં વહેતો મૂક્યો. દાદાએ તારણ કાઢ્યું કે કોઈપણ દંપતી બાઈકુ ઉપર ચપોચપ એક બીજાને વળગીને બેઠું હોય તો સમજી લેવું. આ તાજાં પરણેલાં કે પ્રેમીપંખીડાં છે, પરંતુ પતિપત્ની વચ્ચેથી હવા પસાર થઈ જાય એટલી જગ્યા જો હોય તો સમજી લેવું, નક્કી પરણેલાં છે. ટૂંકમાં, જે દંપતીની વચ્ચેથી બાઈક પર હવા પસાર થઈ જાય એની પ્રેમની હવા નીકળી ગયેલી હોય એમ સમજવું.

હિમાદાદાના આ સાત્વિક સર્વે ઉપર અમને પહેલી વાર માન થયું. બાકી તો શહેરમાં હજી એ દ્રશ્યો જોવા મળે છે કે સાયકલની ચેનનો કિચુડ કિચુડ ધ્વનિ વાતાવરણમાં પ્રસરાતો હોય. સુદામા જેવા દેહધારી પતિદેવે એક છોકરું આગળ ટીંગાડ્યુ હોય ને બીજું વાંહે લટકાવ્યું હોય. નવી લીધેલી ઝરીવાળી સાડી ગામને બતાવવા માટે, ટ્રૅક્ટરના ટાયર જેવડી પત્નીએ રવિવારે બગીચે લઈ જાવાની જીદ લીધી હોય. પત્ની જેવી જોરથી સાયકલ વાંહે બેસે ઈ ભેગી સાયકલ ઝાડ થઈ હોય. માંદી ઘેટીને કસાઈવાડે લઈ જાતો હોય એમ પરસેવે રેબઝેબ થઈ આવે એટલે પતિદેવ માંડમાંડ પેંડલ મારતો હોય. એમાં ઢાળ આવે એટલે પતિ વિનમ્ર સ્વરે વિનંતી કરે કે તું જરાક નીચે ઉતરી જા ને, તો હું ઢાળ ચડાવી દઉં? વિફરેલી વાઘણ જેવી ઘરવાળી સામી બોલે કે હું નીચે ઉતરું તો મારી સાડી વીંખાઈ જાશે! અરે બેન, હેઠી ઉતરી જા સાડી ભલે વીંખાંતી, તું નહીં ઉતરે તો આ બિચાડો પતિદેવ સાવ વીંખાઈ જાશે! પણ ધરાહાર ઈ બાઈ સાઈકલમાંથી ન ઉતરે અને પતિ બિચાડો શું કરે? પોતાનામાં હોય એટલું જોર કરીને ઢાળ ચડાવે. તો પત્ની પાછી વાંહે બેઠીબેઠી ભજનની કડી લલકારે કે હરિ મારું ગાડું તું ક્યાં લઈ જાય? ક્યાં લઈ જાય? પતિ મનમાં ને મનમાં બોલે કે "વોંકળામાં...!"



—Of The Record—



જાણવા જેવું — અશ્વ આપણી પરંપરા અને સાહિત્યનું અવિભાજ્ય અંગ છે. ભગવાન રામે અશ્વમેધ યજ્ઞ કરેલો. રામાપીર કે વીર વાછરાદાદા રોબિન હૂડ કે ઝાંસીની રાણીની કલ્પના અશ્વ વગર થઈ જ ન શકે. સ્વામિનારાયણ ભગવાનની 'માણકી' ઘોડી, જામનગરના હાલાજીની 'પટ્ટી' ઘોડી, લાખા ફુલાણીનો 'પાબુસર', ઓઢા જામનો 'એલચી' સિકંદરનો 'બ્યુસેફેલોસ' અને રાણા પ્રતાપનો 'ચેતક' ઈતિહાસના અમર પાત્રો જેવા અશ્વો છે.

૨૪

ભ્રષ્ટાચારની 'ખાઇ'

ફિલ્મ 'લાઈફ ઑફ પાઈ' જોઈને વિચાર આવ્યો કે આપણે તો 'લાઈફ ઑફ ખાઈ'માં જીવી રહ્યા છીએ.

પ્રિય જિંદગી,

તું હેમખેમ તો જરાય નહીં હો એ જાણું છું છતાં તારા ખબર અંતર પૂછવા એ મારી ખાનદાની અને ફરજ છે. ઓસ્કાર વિજેતા ફિલ્મ 'લાઈફ ઑફ પાઈ' જોયા પછી મનમાં એમ થયું કે આપણે તો 'લાઈફ ઓફ ખાઈ'માં જીવી રહ્યા છીએ. જીવનની ટ્રેજડીની કેવી કેવી કૉમેડીને સહન કરવાનો સમય આવ્યો છે. મગજમાં અમુક પ્રશ્નોની ખાઈ રોજ જન્મે છે કે કૂતરાના બિસ્કીટ જે માર્કેટમાં મળે છે ઈ ટેસ્ટેડ ઓકે કોણ કરતું હશે? ગંગા નદી જો શિવજીની જટામાંથી નીકળી તો પછી ગીતોમાં 'રામ તેરી ગંગા મૈલી' શું કામ ગવાતું હશે? વરસો પહેલાં સ્ત્રીમાંથી પુરૂષ બનાતું નહોતું તો પછી અનુપ જલોટાએ શું કામ ગાયું હશે કે ઐસી લાગી લગન, મીરાં હો ગઈ 'મગન.' કોઈપણ વસ્તુના કૉપીરાઈટ માટે © આવી નિશાની લખાય છે તો આ © નિશાનીના કૉપીરાઈટ કોની પાસે હશે? અય જિંદગી, આજ તને મેં અનુભવેલી ખાઈઓની યાત્રા કરાવું છું. પ્લીઝ સાંભળજે, તારા સિવાય આટલું નજીક બીજું કોઈ નથી.

જગતજમાદાર બની બેઠેલા અમેરિકાને આખી દુનિયા પોતાના પગની જૂતી નીચે દબાવી રાખવી છે. તો વળી ચાઈનાને તે 'ખાઈ' પડે એની પણ પાયરસી કરી વેંચી નાંખવાની ઉતાવળ છે. ઇંગ્લેન્ડે વર્ષો પહેલાં એટલા બધા દેશો પર હુકુમત ચલાવી છે એટલે એ તમામ ગુલામ લોકો હવે ઈંગ્લેન્ડને ખાઈમાં નાંખવાની તૈયારીમાં છે. દુનિયાના અડધોઅડધ દેશોમાં ખાવાનું અનાજ નથી એની ખાઈ પડી છે. તો વળી અડધાથી વધારે દેશોને ભૂખમરો વેઠીને પણ પોતાનો ધર્મ, ગમે તેમ કરીને પરાણે આખી દુનિયા પર સ્થાપવો છે. પછી ભલે ઈ પ્રયત્ન કરવામાં ઈ તમામ હૉલસેલમાં પતી જાય તો'ય કબુલ.

રે, જિંદગી તારી હાલત ભારતમાં તો સાવ દર્દનાક છે. આ દેશમાં તો ખાઈ જવાની જ મોટી ખાઈ પડી છે. સવારમાં છાપું ખોલો એટલે બરસો કરોડ-આઠસો કરોડ બારસો કરોડના અધધધ કૌભાંડો અને એના આંકડાની માયાજાળની ખાઈ! પાંચ-દસ લાખનું તો રાજકોટ-અમદાવાદ કે સુરત! અરે, ઘાટકોપરનો ચાવાળો કરી નાંખે છે. કોઈ એને

ગણકારતું પણ નથી. બીજાનું 'કરી' નાંખવાનો બિઝનેસ જે છેલ્લાં દસ વરસથી જોરશોર તેજીમાં છે ને એ કદી મંદીની ખાઈમાં નથી પડવાનો.

પત્ની પતિની સૅલરીનું કરી નાંખે છે. પતિ પાડોશીનું કરી નાંખે છે. પાડોશી સોસાયટીનું કરી નાંખે છે. સોસાયટી વળી નગરપાલિકાનું કરી નાંખે છે. ન.પા.નો પ્રમુખ આખા ગામનું કરી નાંખે છે. ગામના ધારાસભ્યો રાજ્યોનું કરી નાંખે છે. તો મુખ્યમંત્રીનું વડાપ્રધાન કરી નાંખે છે. જેવા વડાપ્રધાન પાસે આ રૂપિયા જમા થાય એટલે ફરી એની પત્ની વડાપ્રધાનનું કરી નાંખે છે અને ફરી પત્નીની સાયકલ રિસ્ટાર્ટ થાય છે. બસ આમ જ જિંદગીની સાવ દેવાઈ જાય છે.

જો અત્યારે આ છાપામાં ટચુકડી જાહેરખબરમાં લખાયેલું આવે કે 'કોકનું કરી નાંખવા માટે મળો! તો'ય ગેરંટી સાથે કહું છું, સાંજ પડ્યે સો ફોન આવશે. બેરોજગારોએ આ બિઝનેસ નોંધી લેવો.

દોસ્ત જિંદગી, તારી દશા તો જો! ગરીબાઈ, ભૂખમરા અને વ્યસનની ખાઈમાં ગરકાવ છે. મધ્યમવર્ગનો માણા મોંઘવારી અને બેંકના હપ્તાની ખાઈમાં ટીંગાઈ ગ્યો છે) અબજો રૂપિયા હોવા છતાં અમીરોને સૂતાં ભેગી નિંદર નથી આવતી, ને ખાવાટાણે ભૂખ નથી લાગતી એની ચિંતાની ખાઈ છે.

વ્હાલી જિંદગી, તને વધુમાં વધુ સરસ રીતે જીવવા માટે લોકો તારા સિવાય બીજી તમામ વસ્તુને પ્રેમ કરી રહ્યા છે. અમને રૂપિયા કમાવાનો હડકવા થયો છે. માફ કરજે જિંદગી, એ 14 ઈંજેક્શનથી પણ મટે એવો નથી. કેવી રીતે મસ્ત જિંદગી જીવવી એની દિશા બતાવનારી દીવાદાંડીઓ ખુદ પોતે રસ્તો ખોઈ બેઠી હોય એવું લાગી રહ્યું છે. જે ધર્મગુરૂઓ કે બાબાઓ સભામાં રાડો પાડીને સમાજને માયા છોડવાનું કહી રહ્યા છે, CBI ની રેડ પડે ત્યારે જ દેશને ખબર પડે છે કે એમની પાસે તો ઉદ્યોગપતિ કરતાં વધુ માયા હતી! જે લેખકોએ સુંદર જિંદગી જીવવાનાં પુસ્તકો લખ્યાં છે એને પ્રકાશકોએ પૂરા રૂપિયા નથી ચુકવ્યા એટલે ઈ તમામ અસંતોષની ખાઈમાં ઘાયલ થઈ ગયા છે.

જીવનની પ્રેરક કવિતાઓ લખનારા કવિઓનાં પુસ્તકોની એને રૉયલ્ટી નથી મળી એને ઉપાધિ ખાઈ ગઈ છે. માસ્તરોને રાષ્ટ્રીય કામગીરીના રવાડે ચડાવી દેવામાં આવ્યા છે અને બાળકોનું શિક્ષણ ખરેખર ખાઈમાં પડ્યું છે. ડૉક્ટરો અરથ વગરના ઑપરેશન કરી નાંખવાની ખાઈમાં બુધ્ધિપૂર્વક પડ્યા છે. મૅડિકલ સ્ટોરવાળા કમિશન મળે એવી દવા જ વેચવાની ખાઈમાં ગરક છે. નેતાઓ તો સ્લીપરની પટ્ટી બદલે એમ પક્ષ બદલવાની ખાઈમાં છે.

પોલીસવાળા ગુનેગારોને ખાઈમાંથી ગોતી તો લાવે છે પણ એ ધારાસભ્યશ્રીના ભાણિયા કે ભત્રીજા કે સાળા નીકળે છે એટલે એને પકડનાર પી.આઈ. કે પી.એસ.આઈ કે એ.પી.એસ.ને ખાઈમાં પડવાનો વારો છે.

ડુપ્લિકેટ ઘી, ડુપ્લિકેટ દૂધ, ડુપ્લિકેટ ફ્રુટ, ખાઈખાઈને આપણે જિંદગીનું સાચકલાપણું સાવ ગુમાવી દીધું છે.

એ જિંદગી, આઈ એમ સૉરી, હવે તું ધારે તો'ય આ ડૅમેજ કન્ટ્રોલ નહીં સુધરે! દોસ્ત લાઈફની આ ખાઈ કદી નહીં બુરાઈ! છોડોને યાર, આપણે ક્યાં કાઢ્યા એટલા કાઢવાના છે!

 —Of The Record— 

પુરુષ એ મર્યા પછી નર્કમાં પણ પુરૂષ જ રહે છે.

એ નર્કમાં જાય તો‘ય બીજા પુરૂષને કાનમાં કહેતો ફરે છે કે યમરાજાની છોકરી જોઈ? પિસ્તોલ છે હોં યાર!

અને સ્ત્રી એ સ્વર્ગમાં જાશે તો‘ય બીજી સ્ત્રીને કહેશે કે પેલી અપ્સરાનું નેલ પોલિશ કેવું બકવાસ છે!

૨૫

વાંદરી પાનું — સરકારી શિક્ષક

શેરીમાંથી એક કસાઈ એક બકરીને ખેંચીને હલાલ કરવા લઈ જતો હતો. બકરી ભાંભરતી જોઈને એક દસ વરસના બાળકે કસાઈને પૂછ્યું કે 'બકરીને ક્યાં લઈ જાઓ છો કાકા?' કસાઈ કે', હલાલ કરવા. છોકરો કે' ઓય ઓય તો આ બકરી રડે છે શું કામ? મને તો એમ કે' તમે એને નિશાળે લઈ જાતા હશે!

ગોવર્ધન પર્વત જેવડું દફતર ઉપાડીઉપાડીને પ્રાથમિક શાળામાં ભણતા ભૂલકાંઓના વાંહા રહી ગ્યા છે, પણ વાલીઓને ક્યાં ફિકર છે? રેસના ઘોડાની જેમ બાળકો ને ટકાવારી માટે દોડાવ્યે જાય છે. તગડી ફી ભરીને છોકરાને પ્રાઈવેટ સ્કૂલોમાં ભણાવવું એ માભો ગણાય છે. આપણાં દેશમાં પહેલાંના જમાનામાં બાળકોમાં સંસ્કારોનું સિંચન થાય એટલે ગુરુકુળો સ્થપાતાં અને હવે બાળકોને આખો દિ' સાચવવાં ન પડે એટલે આ 'ડે-સ્કુલો'નો જન્મ થયો છે.

પાપા બિઝનેસ અને મોબાઈલ પર મૅસેજ કરવામાંથી નવરા થાય તો એના બાળકોને વાર્તા કહે ને? મમ્મીને સિરીયલો અને કિટીપાર્ટીમાંથી ટાઈમ મળે તો હાલરડાં ગાય ને! જો કે હવેનું ઍડવાન્સ જનરેશન હાલરડાં શરૂ થાય ઈ ભેગું, સૂઈ જાય છે એ વિચારે કે મમ્મીના આવા બેસુરા હાલરડાં સાંભળવાં એના કરતાં તો સૂઈ જાવું સારું!

સિમેન્ટના રાક્ષસી જંગલો જેવા શહેરોમાં માટીની ધૂળમાં રમતુ બાળપણ ક્યાંક દફનાવાઈ ગયું છે. કૉન્વેન્ટ સ્કૂલો ને ખાનગી શાળાઓનો જે દિ' જન્મ પણ નહોતો થયો ત્યારે માત્ર સરકારી પ્રાથમિક શાળાઓ જ હતી. ટાંચા સાધનો હોવા છતાં કેળવણીની ઊંચી ગુણવતા હતી. સુરત- અમદાવાદ-રાજકોટ કે મુંબઈમાં સર્વે કરી લેવાની છૂટ.

શહેરનો ટોચનો ઉદ્યોગપતિ, ડૉક્ટર કે કોઈપણ ક્ષેત્રના સફળ માણસને પૂછજો, એનું બાળપણ ગામડામાં વીત્યું હશે અને અભ્યાસ સરકારી નિશાળમાં....! આનો સીધો અર્થ ઈ કે કેળવણી, સફળતા, સભ્યતા કે સંસ્કારો કોઈ સિલેબસ કે મિડિયમના મહોતાજ નથી હોતા વ્હાલા!

આપણે નાના હતા ત્યારે ઢઈડીને આપણને નિશાળે તાણી જાવા પડતા'તા, કારણ કે આપણને દલપતરામ ને નરભેશંકર ને મંછારામ જેવા કાનમાંથી વાળ દેખાતા હોય એવા

છત્રીધારી. ખાદીધારી, ટોપી ને ધોતિયાધારી કડક માસ્તરો ભણાવતા હતા.

અત્યારની પેઢી સામેથી હરખુડી થઈને નિશાળે વહેલી ભાગે છે કારણ કે એને જીન્સ અને ટીશર્ટમાં ચિત્રા ટીચર, વિદ્યા ટીચર ને પીંકી ટીચર ભણાવે છે. આઈ બાત સમજ મેં? યાદ રાખજો, જ્યારથી માસ્તરોએ સોટી મુકી છે ને, ત્યારથી જ આ દેશમાં પોલીસને ધોકો ઉપાડવો પડ્યો છે. સરકારી નિશાળુના શિક્ષકોની હાલત શું છે? લ્યો સાંભળો અમારી સાવ સાચુકલી વારતા....!

બી.એલ.ઓ. નામની એક બલા માતેલા સાંઢની જેમ કેળવણીનાં ખેતર પર છેલ્લા પાંચ વરહથી બેફામ થઈને ફરી ને ચરી રહી છે. શિક્ષણ સાથે સીધી રીતે ન સંકળાયેલી જાહેર જનતા કદાચ ન જાણતી હોય તો કહી દઉં કે આપણા દેશમાં જેટલી પણ રાષ્ટ્રીય કામગીરીઓ કરવાની હોય છે, એમાં નેવું ટકા પ્રાથમિક શાળાના શિક્ષકો ફરજીયાત હોય છે. (બાળકના શિક્ષણના ભોગે) અફસોસ કે આ દેશમાં એક ટ્રેક્ટર ભરાય એટલા લોકો નક્કી કરે છે. અહીં બાળકના શિક્ષણ કરતાં વધુ જરૂર મતદાર યાદીના ફોટાની છે. રે નસીબ!

'ખુદાગવાહ' ફિલ્મમાં કાબુલનો પઠાણ ઉર્ફે બચ્ચનબાપુ જે રીતે હિન્દુસ્તાનની 'ખાક છાનવા' રખડ્યો'તો, સેમ ટુ સેમ એક મતદારના ફોટા વાંહે છ-છ મહિનાથી ભીખારીની જેમ રખડતા અધિકારી(?). શિક્ષકને બ્લોક લેવલ ઑફિસર અર્થાત્ બી.એલ.ઓ. અર્થાત બિચાડો લબડી ગયેલો ઑફિસર કહેવાય છે.

ગઈ ચૂંટણીમાં તમે જોયું હશે કે જે મતદારયાદીની સ્લિપનું વિતરણ જે-તે પક્ષના ભાડે રાખેલા સાવ નવરા કાર્યકર્તાઓ કરતા હતા એ કામગીરી પણ આ બિચાડા બી.એલ.ઓ ને સોંપવામાં આવી. કારણ કે આપણી સિસ્ટમ કદાચ મારા મતે એવું માને છે કે મતદારના છોકરાં ભણશે નહીં તો ચાલશે, પણ એના ફોટા યાદીમાં નહીં આવે તો ધરતી રસાતળ જશે ને દેશનો વિકાસ રૂંધાઈ જશે! સમજી ગયા ને?

હજી તો રાહ જુઓ, આ માસ્તરોને પરિપત્રો આવવાના બાકી છે કે તમે વર્ગખંડો છોડીને એ મતદારના ઓટલે જ લેણિયાતની જેમ બેઠા રહો. મતદારના ઘરે કોઈને સારા દિવસોની શરૂઆત થાય કે તરત સુવર્ણપ્રાશન ને સુખડી પહોંચાડો. એના ઘરમાં કોક નવું જન્મે તો તરત વસ્તી ગણતરીમાં નામ ઉમેરો ને એનો પણ ફોટો મામલતદાર કચેરીએ તાત્કાલિક પહોંચાડો. મતદારના ઘરે ટીવી કે સ્કૂટર આવે કે તરત આર્થિક ગણતરીમાં ઉમેરી લ્યો. એનું છોકરું હાલતું થાય કે તરત માંગેલાં રમકડાં દઈ એને આંગણવાડી સુધી લઈ આવો. જેવું ઈ બાળક દોડતું થાય કે એને સીધું 'પ્રવેશોત્સવ'માં નિશાળે ખેંચી લાવો. યાદ રાખજો માસ્તરો, દેશની વસ્તી વધવી ન જોઈએ અને નિશાળમાં 'વસ્તી' (?) ઘટવી ન જોઈએ. કેવી વિચિત્રતા!

હું એવા મારા ઘણાં બી.એલ.ઓ મિત્રોને નામજોગ ઓળખું છું. જેના ખિસ્સામાં મતદારયાદીમાં બાકી રહી ગયેલી મહિલાઓના ફોટા નીકળ્યા અને એ માસ્તર સાહેબનાં પત્ની વિફર્યા. મેં મધ્યસ્થી કરીને, મામલતદાર કચેરીના સ્ટાફ સાથે ઈ ભાભીની વાત કરાવીને એનું દાંમ્પત્યજીવન પતી જાતાં અટકાવ્યું છે. નહીંતર બિચાડો બી.એલ.ઓ બાયડીમાંથી પણ લટકી જાત.

યાદ રાખજો, જે દેશના શિક્ષકને ડરપોક બનાવી દેવામાં આવે એ દેશની આવનારી પેઢી માનસિક રીતે નપુંસક પાકે છે. આ કોઈ સર્વે નથી, એક શિક્ષકની ભવિષ્યવાણી છે. કારણ કે અહીંયા કલેક્ટર -ડેપ્યુટી કલેકટરને ઘઘલાવે છે. એટલે ડે, કલેક્ટર -કેળવણી નિરીક્ષકોને તતડાવે છે. કે.નિ.ઓ. — આચાર્યોને રમકાવે તો આચાર્યો-માસ્તરોને સંભળાવે

છે અને અંતે માસ્તરો પછી બાળકો ઉપર તૂટી પડે છે. યા તો આવી થોકબંધ આંકડાકીય કામગીરીઓના કરોળિયાનાં જાળાંઓથી કંટાળીને માસ્તરો સક્રિય રીતે નિષ્ક્રિય થઈ જાય છે. અંતે તો બાળકની કેળવણીનો કચ્ચરઘાણ વળી જાય છે.

હે શિક્ષકપ્રેમીઓ જાગો! હે સંગઠનના મોભીઓ જાગો! રાષ્ટ્રીય કામગીરીઓનો જે ગાંઠો શિક્ષકોના પગમાં બટકી ગ્યો છે એ જો ટાણાસર નહી કાઢો તો સમગ્ર દેશની કેળવણી લંગડાઈ જાશે. સાચો શિક્ષક ડાયનાસોરની જેમ લુપ્ત થઈ રહ્યો છે. એનો આત્મવિશ્વાસ ઑક્સિજન પર આવી ગ્યો છે. ડૂંટીએ ફૂંક મારીને માસ્તરોની બીક ઉડાડો બાપલા! હે વાલીમિત્રો, સરકારી નિશાળુંમાં શિક્ષણ ખાડે ગયું છે. આમ બોલતાં પહેલાં ઈ પણ વિચારજો કે ઈ ખાડો કોણેકોણે ગાળ્યો છે?

ઑલરેડી એ બિચાડા ઉત્સવો — મેળાઓ અને ભાતભાતના સર્વેના ટાંગામેળ કરવામાંથી ઊંચા જ નથી આવતા. એમાં આ બી.એલ.ઓ પડ્યા પર પાટા સમાન છે.

મૉરલ ઑફ ધ સ્ટોરી, શિક્ષકો કામચોર હરગિજ નથી. પણ અટાણે એને શિક્ષણ સિવાયનું જ બધું કામ માથા ઉપર મેમાની રિવોલ્વર રાખીને સોંપાઈ રહ્યું છે. આ અટકાવી શકાય તો અટકાવો, નહીંતર પછી સફાઈકામદારોને પણ રજા આપી દો. શિક્ષકો શેરીની ગટરૂં પણ સાફ કરી નાંખશે. વર્ગો રેઢા મૂકીને ગામની 'ભૂંડગણતરી' 'ખુંટીયાગણતરી' કરવા લાગે. એકાદ ફલાણીઢીંકણી કલમ દાખવતો પરિપત્ર ઠબકારી દો એટલે માસ્તરો તો મરેલાં કૂતરાં પણ ઉપાડી આવશે! આમે'ય તમને આવા શિક્ષિત -સમજદાર અને મૂંગા ગુલામ આ ભાવે થોડા મળવાના છે? ને હા, સમય મળે તો નિશાળુનાં ફળિયામાં કેળવણીની લાશ પડી છે. પરિપત્ર વગર તમે ઉપાડી જાજો.

હાલો, વળી એક ઉત્સવની તૈયારી કરવાની છે. જે જે લોકોએ માસ્તરોને રાષ્ટ્રીય કામગીરીમાં આખું વરહ રોકી રાખ્યા છે, એ જ લોકો એની રાષ્ટ્રીય કામગીરીના ભાગરૂપે 'ગુણ' ભરીને સૂચનાઓ આપવા જૂની કબજીયાત જેવું મોઢું લઈને નિશાળુંમાં આવશે. માસ્તરોને ખિજાશે કે આ છોકરાંવને કેમ વાંચતાં નથી આવડતું? બચાકડા અધમૂઆ માસ્તરો! જાએ તો જાએ કહાં? જીના યહાં મરનાં યહાં!

 —Of The Record— 

એક છકડા રિક્ષા વાંહે સુત્ર લખ્યું તુ કે 'સાવન કો આને દો.
એક ખટારો રિક્ષા સાથે ભટકાણો. કારણ, ખટારા વાંહે લખ્યું'તું કે 'આયા સાવન ઝૂમ કે'!

૨૬

હલ્લાબોલ 'હોળી'

ગઈ ધૂળેટીમાં તો ધમાલ થઈ. હિંમતદાદાએ જીદ કરી કે સાંઈ આપણે ગામડાની જ અસ્સલ હોળી રમવી છે. હવે હિમાદાદાની ઉંમર એકે'ય બાજુથી હોળી રમવાની ન હોવા છતાં એનો માંહ્યલો હજી વીસ વરહના જુવાન જેવો જ છે. હિમાદાદાને પેલો હળવો ફૂલ જેવો શેર પ્રૉપર લાગુ પડે છે કે,

"કૌન કહેતા હૈ બુઢ્ઢે ઈશ્ક નહીં કરતે?
યે તો હમ હૈ કે ઉનપે શક નહીં કરતે!"

હિમાદાદા અમારા શાંતિકાકીની સામે જ મર્યાદાપુરૂષોત્તમ હોય છે. શેરીમાં નીકળે એટલે તરત જ રામમાંથી શ્યામ જેવા થઈ જાય છે. શેરીની કોઈપણ ભાભીને દાદા સાવ સહજતાથી પૂછી લે કે કેમ ભાભી, હમણાં દેખાતાં નથી? ભાભી પણ મનમાં બબડી લે કે ક્યાંથી દેખાય? તારા જેવા કાગડા માર્કેટમાં રખડે છે એમાં જ કોઈ ઘરની બહાર નથી નીકળતું.

પણ આપણી વાત ધૂળેટી ઉપર અટકી'તી. રંગીનમિજાજી હિમાદાદા સાથે આ વરસે મેં પણ ગામડાની હોળી માણી. કાઠિયાવાડના અમુક ગામડામાં હજી હોળી-દિવાળી અને નવરાત્રી ઉપર ગામના જ યુવાનો દ્વારા નાટક ભજવવાની પ્રથા ચાલુ છે. ગામડામાં ટાંચા સાધનો હોય. બ્યુટીટ્રીટમૅન્ટમાં મેકઅપની જગ્યાએ મોં પર 'બોદાર' ચોપડવામાં આવે. ખેતીકામ કરતાંકરતાં નાટક ભજવવાનું હોવાથી કોઈને પૂરા ડાયલોગ યાદ ન રહે એટલે નાટકના પડદા પાછળથી ગામનો ભણેલો માસ્તર ડાયલોગ ધીમા સાદે બોલે, જે મુખ્ય પાત્ર ધ્યાનથી સાંભળીને પછી માઈકમાં, મોટા અવાજે રજૂ કરે. પહેલી હરોળમાં બેઠેલાને તો બૅકગ્રાઉન્ડમાં બોલતા માસ્તરનો અવાજ પણ સંભળાય જ હોં! વળી ઘણીવાર એવું થાય કે બૅકગ્રાઉન્ડમાં માસ્તર બોલે કાંઈ ને મુખ્ય પાત્રો સમજે કાંઈ અને એમાંથી અસલ દેશી કૉમેડી જનરેટ થાય.

મને અને હિમાદાદાને મુખ્ય મહેમાન બનાવી પ્રથમ હરોળમાં બેસાડ્યા. 'હોલિકા દહન'નું નાટક શરૂ થયું. ગામના એક લોંઠકા માલધારી જુવાનને હિરણ્યાકંસ બનાવ્યો. હોંશિયાર છોકરાને નિશાળમાંથી ગોતી પ્રહલાદ બનાવ્યો. દાઢીમૂંછ મુંડાવીને હાથેપગે તથા છાતી પરના વાળ ન દેખાય એવા લાંબી બાંયનું બ્લાઉઝ પહેરાવી ગામના જ એક

જુવાનને હોલિકાબહેન બનાવવામાં આવ્યા. બે હજારની હકડેઠઠ મેદની સાથે નાટક શરૂ થયું.

હિરણ્યાકંસે વરદાન મેળવ્યું ત્યાં સુધી તો બરાબર ચાલ્યું, પછી ગોટાળા શરૂ થયા. હિરણ્યાકંસનો ડાયલોગ હતો કે આપણી સાત પેઢીમાં કોઈએ હવે ભગવાનનું નામ નથી લેવાનું. બૅકગ્રાઉન્ડમાંથી માસ્તર 'સાત પેઢી' જ બોલ્યા, પણ હિરણ્યાકંસે બાફ્યું કે, હે પ્રહલાદ, આપણી 'સાત પેટી'માં કોઈએ ભગવાનનું નામ નથી લેવાનું(?) આ સાંભળી પ્રહલાદ ગોટે ચડ્યો. એણે પણ લાઈવ સામો પ્રશ્ન પૂછ્યો કે બાપુજી, આપણા ઘરમાં ભગવાનજી ભાઈની ચોરેલી એક જ પેટી છે સાત પેટી ક્યાંથી લાવું?

ત્યાં બૅકગ્રાઉન્ડમાંથી માસ્તર બોલ્યા: હે સૈનિકો, આ પ્રહલાદને સીધો કરવા હાથી મંગાવો. આ વાક્ય સાંભળી હિરણ્યાકશ્યપે વળી ભાંગરો વાટ્યો કે આ પ્રહ્લાદને સીધો કરવા 'સાથી' મંગાવો. ત્યાં ઑડિયન્સમાંથી કો'ક બોલ્યું કે આપણા ગામમાં 'સીધા-સાથી' કોઈ છે જ નહીં. (ગામડામાં ખેતમજુરી કરનારને સાથી કહે છે.) આ ધમાચકડી સાંભળીને ગામ ખૂબ હસ્યું. હિરણ્યાકશ્યપનો ડાયલોગ આગળ ચાલ્યો. બૅકગ્રાઉન્ડમાંથી માસ્તર બોલ્યા કે તો 'હોલિકા'ને બોલાવો. હિરણ્યાકંસે રાડ પાડી કે 'કોમુલ્લિકા'ને બોલાવો.

સૈનિકો બાઈના વેશે આવેલ ભાઈ હોલિકાને છાણાં ઉપર બેસાડવા લાગ્યા. નાટકમાં ઉપરથી ટિંગાડેલા માઈક ચાલુ જ હોય. હોલિકાભાઈએ(?) છાણાં પર બેહતાંવેંત સૈનિકને કીધું કે આ નીચલું છાણું સરખું મૂકને વાગે છે! આ વાત ચાલુ માઈકે બધાએ સાંભળી. હિમાદાદા તો ચોકઠું કાઢીને હસવા લાગ્યા.

કરમની કઠણાઈ એવી કે હોલિકાના ખોળામાં પ્રહલાદ બેહી ગ્યો ને ત્યાં બૅકગ્રાઉન્ડમાં ઓરિજનલ સ્ક્રીપ્ટ વાંચતા માસ્તર ઉપર રાખેલો બલ્બ ઉડી ગ્યો. એટલે પાછળથી માસ્તરે હિરણ્યાકંસને ડાઈરેક્ટ કીધું કે બલ્બ ઉડી ગ્યો છે. હિરણાકંસને એમ કે આ પણ કોઈ નાટકનો જ ડાયલોગ હશે એણે જોરથી ત્રાડ નાખી: એ પ્રહલાદ, બલ્બ ઉડી ગ્યો છે? પાછળથી માસ્તર ફરી બોલ્યા, હિરણાકંસ, બંધ થા. ત્યાં ઈ ડાયલોગ પ્રહલાદે ઉપાડ્યો કે, એ હિરણાકંસ બંધ થા. લાઈટ ગઈ છે....! ભક્તિરસના નાટકમાં હાસ્યરસની સુનામી ફરી વળી. અધૂરામાં પુરું લાઈટ આવી તો ડૅમેજ કન્ટ્રોલ માટે હિરણ્યાકંસે ફરી રાડ નાંખી, એ પોપટીયા, પડદો પાડ. (પોપટીયો જે પડદાની દોરી ખેંચવા ને બંધ કરવા ત્રણ કલાક પડધા પાહેં જ ઊભો રહેલો) ઈ પોપટીયો લાઈટ ગઈ એમાં બીડી પીવા વયો ગ્યો'તો. હિરણ્યાકંસે બે વાર કીધું પછી ત્રીજી વાર તો હિરણ્યાકંસે નાટક ભૂલીને જોરથી એટલું જ કીધું, એ પોપટીયા, ભાઈસા'બ પડદો પાડ ને યાર. હિરણ્યાકંસને પેશાબ લાગ્યો છે!

લોકો હસીને લોટપોટ થઈ ગ્યા. (નૃસિંહભગવાન થાંભલાથી ફાટ્યા વગર ગામની દુકાને ભજીયા ખાવા લાગ્યા.) હોલિકાએ એકસોવીસની ફાકી મોંમાં ચડાવી. હિરણ્યાકંસ એકીનું કહીને ખેતરમાં 'બેકી' કરવા વયા ગ્યા ને પ્રહલાદે એકલાએ જ નાટક પૂરું કર્યું. આમે'ય સત્યના માર્ગે ચાલનારા સદેવ એકલા જ હોય છે ટોળાં તો ખોટાડાંઓના હોય છે શું ક્યો છો?

અહંકારને માર્કેટમાં OLX પર વેચી જોયો, કોઈ ગ્રાહક જ ન થયો. પછી ખબર પડી કે સાલી ફાલતુ ચીજ પકડીને બેઠા'તા!

૨૭

ચલ ઊડ જા રે...પંછી જેલ સે!

ગુજરાતમાં સાબરમતી જેલમાંથી સુરંગ પકડાઈ. આ સમાચાર વાંચતા જ બધાને શોલેનો જેલર અસરાનીનો ડાયલોગ યાદ આવ્યો જ હશે કે "હમારી જેલ મેં સુરંગ! હ હા?" પણ આ તો ફિલ્મ નહોતી, વાસ્તવિકતા હતી. કેદીઓને સૂસૂ થઈ ગયા અને જેલના અધિકારીઓના રંગ ઊડી ગયા. આ સુરંગના માર્ગેથી જો ખતરનાક આરોપીઓ જેલમાંથી ભાગી છૂટ્યા હોત તો? તો શું જેલના અધિકારીઓએ પણ એ જ સુરંગમાંથી નોકરી છોડીને ભાગવું પડત! ખેર, ઈશ્વરે દેશની રક્ષા માટે એમની સુરંગની રક્ષા ન કરી અને સૌને હાશકારો થયો.

હું પણ એકવાર જેલમાં ગયો'તો. આઈમીન પ્રોગ્રામ માટે ચાર! પોરબંદર-જૂનાગઢ અને રાજકોટ જેલમાં જેલરશ્રીઓનાં હ્રદયપૂર્વક નિમંત્રણથી કેદીઓના હ્રદયપરિવર્તન અને સ્ટ્રેસનિવારણ માટે મેં જેલમાં ડાયરો કરવાની હા ભણી. પણ કેદીઓની પ્રશંસામાં કહેવું શું? કાંઈ એમ તો કહેવાય નહીં કે તમારા વડવાઓના પુણ્યના પ્રતાપે તમે આ સ્થાન શોભાવી રહ્યા છે. છતાંય મેં મૂંઝાતા મને પ્રસ્તાવના બાંધી કે કેદીમિત્રો, તમે જ્યાં રહો છો એ ભગવાન શ્રી કૃષ્ણની જનમભૂમિ છે. કૃષ્ણનો જન્મ પણ મથુરાની જેલમાં થયો હતો. આ સાંભળી આગળ બેઠેલો એક પાકા કામનો કેદી બોલ્યો કે, સાંઈરામ, પણ ભગવાન જન્મીને તરત જ બહાર નીકળી ગ્યા'તા, ને અમે આંયા વીસવીસ વરહથી સલવાણા છીએ. આ સાંભળી બધામાં હાસ્યનું મોજું ફરી વળ્યું. પછી તો કાર્યક્રમ જામ્યો. પૂર્ણાહુતિ ટાણે તો બે કેદી ગળગળા થઈને મને દરવાજા સુધી વળાવવા આવ્યા. 'આવજો આવજો' કહેતા મને ક્યે સાહેબ, તમારા જેવા આંયા સાથે હોય ને તો જનમટીપનું'ય ટૅન્શન ન રહે. આ સાંભળી મને ઓંતરાસ આવી ગ્યો કે કેદીના આ આમંત્રણથી મારે રાજી થાવું કે રડવું ઈ સમજાણું નહીં. કેદીઓ મને આગ્રહ કરીને રોકી લ્યે ઈ પહેલાં હું જેલરની આજ્ઞા સાથે ત્યાંથી 'ફરાર' થઈ ગયો.

એક જેલમાં બે કેદીઓ વાતું કરતાં હતા. એકે પૂછ્યું કે તું કેમાં અંટાયો? બીજો ક્યે ૫૦૦ રૂ.ની જાલી નોટમાં, ને તું? પહેલો કે મેં નોટ ઝાલી એમાં... (ઍન્ટિકરપ્શનમાં) રાજકોટની જેલમાં બનેલી સત્યઘટના કહું તો એક કેદીને કોઈ છ મહિના મળવા જ ન

આવ્યું એટલે જેલરે હળવાશથી પૂછ્યું કે જુવાન, કેમ તું અનાથ છો? કેદી કે' ના સાહેબ, અનાથ નથી પણ ઘરના તમામ સભ્યો આ જેલમાં જ સજા ભોગવે છે. કાકા ત્રણ નંબરની બૅરેકમાં છે. પપ્પાને જન્મટીપ છે. નાનો ભાઈ કાચા કામનો કેદી છે. અને સાળાના જામીન મંજૂર નથી થાતા. આ બધા સાથે મહિનો 'દિ રહેવાયને એટલે તો હું ચોરીનો નાનકડો ગુનો કરીને હાથે કરીને પકડાઈ ગ્યો, ને જેલમાં કુટુંબને મળવા આવ્યો. આ કેદીની કુટુંબપ્રીતિ સાંભળીને જેલરને બે દિવસ તાવ આવી ગ્યો'તો.

અમારા ગોંડલમાં નવીનકોર જેલ બની અને એના એક જ મહિનામાં જેલરસાહેબે જેલની દીવાલ એક ફૂટ ઊંચી લીધી. પત્રકારોએ જેલર સાહેબને કારણ પૂછ્યું, જેલર ઉવાચ કે જેલની દીવાલ ઊંચી કરવાનું કારણ અંદરના કોઈ કેદી ભાગી જાય એ નથી, પણ દીવાલ નીચી હોવાને લીધે ગોંડલમાંથી અમુક તત્ત્વો જમવા ટાણે અંદર આવીને અન્નક્ષેત્રની જેમ જમીને ચાલ્યા જાય છે. એટલે દીવાલો ઊંચી કરાવવી ફરજીયાત છે.

ગોંડલની જેલમાં કેદીઓના ચારિત્ર્ય ઘડતર માટે એકવાર જેલરસાહેબે રામાયણનું ત્રણ કલાકનું નાટક તૈયાર કરાવ્યું. કેદીઓએ પંદરમી ઑગસ્ટના દિવસે મસ્ત નાટક ભજવ્યું. લોકો આફરીન પોકારી ગયા. પણ નાટકના બીજે દિવસે જ જેલરની અરજન્ટ બદલી થઈ. કારણ કે જે કેદી રામાયણમાં હનુમાન બન્યો'તો, ઈ સંજીવની બુટ્ટી લેવા ગ્યો ઈ ગ્યો ને પાછો આવ્યો જ નહીં...!

સૌરાષ્ટ્રમાં તો અમારે અંતરિયાળ ગામડાઓમાં હજી અમુક કોમ એવી છે, જેના પરિવારમાં મુરતિયા ઉપર પોલીસકેસ થાય એટલે એની સગાઈ ફાઈનલ થઈ જાય. હજી ઘણાં કુટુંબો એવાં છે જેના માટે ગુનો કરવો ઈ ગૌરવ ગણાય છે. જે પોલીસવાળાઓને પોતાના સાળા ગણે છે અને જેલને મોસાળ ગણે છે. આખો ઘાણવો જ દાઝી ગ્યો હોય ત્યાં કોણ કોને સમજાવે વ્હાલા!

જેલમાં ઈનકમિંગ અને આઉટ ગોઈંગ તમામ પત્રો જેલર પ્રથમ વાંચે પછી જ પોસ્ટ કરાય કે કેદીને અપાય છે. ગોંડલની જ જેલમાં કાચા કામના એક ખેડૂત કેદીની ઘરવાળીનો પત્ર આવ્યો. એમાં લખ્યું'તુ કે તમને જેલ થઈ પછી ભાઈઓમાં વાડીના ભાગ પડ્યા છે. કૂવાવાળી દસ વીઘા જમીન આપણા ભાગમાં આવી છે, પણ હવે તમારા વગર વાવણી કરે કોણ? કેદીએ પોસ્ટકાર્ડમાં જવાબ લખ્યો કે, ખબરદાર, ચોરીનો બધો જ સામાન મેં ઈ કૂવાવાળી જમીનમાં દાટ્યો છે. એમાં હળ નો હલાવા દેતી. જેલર આ વાંચીને વીસ જણાની પોલીસ ટીમ લઈને છાનામુના પહોંચ્યા. કેદીની કૂવાવાળી જમીનમાં આખો દિ' ખૂંદીને જમીન ગોઠણ સુધી ખોદી નાંખી. કાંઈ ન મળ્યું એટલે નિરાશ થઈને પાછા ફર્યા. એક અઠવાડિયા પછી વળી પત્નીનો પત્ર આવ્યો કે તમારા ખાતાવાળા જ કૂવાવાળું ખેતર ખોદી ગ્યા છે હવે? કેદીએ જવાબ લખ્યો કે બસ, તો એ ખોદાઈ ગઈ હોય તો વાવણી કરી નાંખ. આમે'ય કાંઈ દાટેલું નહોતું...

જેલમાં બેઠાબેઠા ખાતા પાસે ખેતી કરાવે એવા ભેજાબાજ કેદીઓ હજી ક્યાંક કો'ક જેલમાં થાળીથી સુરંગ ખોદતા જ હશે! આપણને રામના રખોપાં અને એને પોલીસનાં!

 —Of The Record— 

છોડો કલમને બાંધો બરછી કટાર કેડે, શબ્દોથી થઈ શકે ના ઉધ્ધાર ખાલી ખાલી, ભગવાન અહીંયા રૂપિયા ઈમાન અહીંયા રૂપિયા, દેખાડવા કરે છે સૌ પ્યાર ખાલી ખાલી...!

- 'સાંઈરામના હસ્તાક્ષર'માંથી

૨૮

સાવજ ચાલ્યો સાસરે

સાસણના સિંહનો એક મેઈલ મારી ઉપર આવ્યો છે, વાંચજો અને વિચારજો.

પ્રિય ગુજરાતીઓ,

જય જંગલ સાથ જણાવવાનું કે મારું સિંહ ઉર્ફે સાવજ ઉર્ફે લાયન ઉર્ફે જંગલનો રાજા, વૉટએવર! તમે હવે મને કયા નામથી બોલાવો છો, ઈ મને ખબર નથી ને મારે જાણવું પણ નથી. ગઈકાલે જંગલમાં શિયાળીયું ખબર લાવ્યું કે કો'ક તમારી સુપ્રીમ કોર્ટ છે અને એમાં એવો ચુકાદો આવ્યો છે કે અમારે સિંહોએ ગુજરાત છોડીને હવે મધ્યપ્રદેશ શિફ્ટ થવાનું છે? આ સાચું છે? એ પૂછવા જ આ અંતિમ મેઈલ લખ્યો છે. વોટ્સ ધ હેલ ઈઝ ગોંઈગ ઓન? જંગલનો સુપ્રીમો હું છું. આંયા મારી સુપ્રીમ કોર્ટ ચાલે છે. મને પૂછ્યા વગર મારા વિશે આવડો મોટો નિર્ણય કરનારા તમે કોણ?

હું જાણું છું કે હું તમારી “વોટબેંક” નથી પણ તમારી “વટબેંક' તો છું ને? શું તમે ઇચ્છો છો કે સિંહ શબ્દ હવે માત્ર એકાદી કોમના નામની પાછળ જ રહે? યુધિષ્ઠિરની જેમ તમે મને હારી ગયા. તો વળી ભિષ્મની જેમ આખો દેશ લાચાર નજરે આ દૃશ્યો જોશે. પણ યાદ રાખજો. હું કાંઈ તમારી ‘દ્રૌપદી’ નથી. ચિરહરણ નહીં થાવા દઉં, ચીરી નાંખીશ અને એ પણ કાનુડાની સહાયતા વગર! અન્ડરસ્ટેન્ડ?

સાસણ અમારું ઘર છે અમારી જનમભોમકા છે. અને અમે અમારી મરજીના રાજા. કાં હવે તમે અમારી ડણકુંથી ફાટી પડ્યા છો? કાં તો તમે ભૂલી ગ્યા કે ગુજરાતી પ્રજામાં જે વીરતા અને બહાદુરી છે એમાં અમારા સહવાસનો પણ ફાળો છે. (અમે બોટેલાં એઠાં પાણી ગિરની નદીયું દ્વારા કાઠિયાવાડના ગામડેગામડે પહોંચ્યાં છે. એટલે તો તમે ડાયરામાં ગળાં ફાડીફાડીને દુહાઓ લલકાર્યા છે કે:

“સોરઠ ધરા જગ જૂની ગઢ જૂનો ગિરનાર
સાવજડા સેંજળ પીવે, નમણા નર ને નાર.”

હવે આ દુહામાંથી સાવજ કાઢી નાંખો અને ‘ગલુડીયાં ગટરૂં પીવે, નમણાં નર ને નાર' લખો. અને કાં તો પહેલાં તમારી સુપ્રીમ કોર્ટને પૂછી લ્યો કે હજી બીજા કયાં કયાં પ્રાણીઓ, બીજા રાજ્યોને દાનમાં દેવાનાં છે? ઈ પ્રમાણે જે પ્રાણી છેલ્લે વધે એના નામ જ દુહામાં રાખજો.

ને હા, આ જેટલા જજને તમે ઓળખતા હો એ બધાને હૉલસેલમાં કહી દેજો કે જીવો ત્યાં સુધીમાં ક્યારેય સાસણ કે મધ્યપ્રદેશમાં અમને જોવા ન આવે. અમારી સિંહની નાતના જુવાનીયા'વ રોષે ભરાયેલા છે. એ તમારો પરિવાર સાથે નાસ્તો કરી જાશે. કારણ કે ચુકાદા અને કલમું કે કોર્ટની સાડીબાર સાવજના સંતાનોને ન હોય સમજ્યાં? ને યાદ રાખજો, અમારા જુવાનીયા'વ વિફર્યા તો એને તમે લાઠીચાર્જ કે ટિયરગેસથી નહીં રોકી શકો. ઈ તો જજને એના ઘરે જઈને પણ ઝાલી લેશે.

બીજું અરજન્ટ ઓલા અમિતાભ બચ્ચનને કહીને 'ખુશ્બુ ગુજરાત કી'માં સાસણની જાહેરાત બંધ કરાવો અને પ્રવાસનના લોગોમાંથી અમારો ફોટો કૅન્સલ કરાવી દો. બે ચાર સિમેન્ટની કંપનીવાળા પણ એની જાહેરાતમાં અમારા ફોટા વાપરે છે ઈ તમામને આ મેઈલ વંચાવીને કહી દો, કે અમારું બ્રાન્ડિંગ બંધ કરે. હવે અમે ગુજરાતની સંપત્તિ નથી. માઈન્ડ ઈટ. ગુજરાતમાંથી સિંહ નથી જાતા, ગુજરાતીઓનો વટ, અને ખુમારી સ્થળાંતર થાય છે...! પણ તમને રૂપિયા કમાવામાંથી ટાઈમ મળે તો ને? હં...!

સાસણમાં અમારી હત્યા થાય છે ઈ આરોપ ત્યાંના ભોળા માલધારીઓ ઉપર પ્લીઝ ન નાંખતા. અમારે ગિરના લોકો સાથે દિલનો નાતો છે. ક્યારેક ખાવા સાટું અમારા કોઈ સિંહબંધુંઓએ એમના જનાવર માર્યા છે, તો સામે નેહડાની એકાદી ચૌદ વરસની ચારણકન્યાએ પણ અમારા ભાઈઓને લાકડીથી ભગાડ્યા છે. એટલે હિસાબ બરાબર છે. ને હા, અમારી હત્યા કયા રાજ્યના લોકોએ કરી છે ઈ રાઝ જો હું ખોલીશને તો આગામી ઈલેક્શન પર અસર પડશે. પણ અમારી હત્યા અમારી માતૃભૂમિમાં થઈ એટલે અમને એનો રંજ નથી.

અમારો ઉપયોગ સરકસમાં થયો, અમને પાંજરે પૂરવામાં આવ્યા તો'ય અમે કાંઈ ન બોલ્યા, કારણ એના મૂળમાં હતું ગુજરાત. મધ્યપ્રદેશની આબોહવા તો કદાચ અમને માફક આવી પણ જાય, પણ ગિરના માઢુડા- પ્રેમાળ અને ભોળા માલધારી જેવો આવકારો મળશે અમને? ગુજરાતમાં અમારી એક ઝલકને તમે સિંહદર્શન ગણો છો. ત્યાં મધ્યપ્રદેશમાં ઈ ગણાશે માત્ર પ્રદર્શન. અમે શક્તિનું વાહન છીએ અને આ ગુર્જરભૂમિ પર નવરાત્રીમાં શક્તિની પ્રચંડ ઉપાસના થાય છે એટલે અમને ગુજરાત વ્હાલું છે, હતું અને સદા રહેશે.

અમે ગિરનું હીર છઈએ અને ગિર અમારી ગાદી છે. બિલાડીના બચ્ચાં નથી કે તમે કહો એમ ઘર બદલતા રહીએ. અમારા દૂધને સાચવવા સુવર્ણપાત્રની જરૂર પડશે? વિચારી લેજો. સુપ્રીમ કોર્ટ માટે અમે માત્ર પ્રાણીઓ છીએ પણ ગુજરાતીઓએ તો અમને અમારું સ્વાભિમાન, ખુમારી, ગુમાન વગેરે બિરુદો આપ્યા'તાં.

એ બધું ખોટું કે શું? સ્પષ્ટતા કરજો.

સિંહોની અમારી સામાન્ય સભામાં સર્વાનુમતે જે ઠરાવો પસાર થયા છે ઈ વાંચી લ્યો.

ઠરાવ — 1 : અમારા સ્થળાંતર માટે અમને તો પૂછો કે અમારે ક્યાં રહેવું છે?

ઠરાવ — 2 : મધ્યપ્રદેશમાં એક પણ સિંહની હત્યા થશે તો આંદોલન કરીને અમને પાછા લાવવાની ત્રેવડ છે ગુજરાતીઓમાં? લેખિત જવાબ આપવો.

ઠરાવ — 3 : શૂરવીરતા અને બહાદુરીના જે સંસ્કારો અમારી હાજરી કે સ્મરણમાત્રથી તમારી પ્રજામાં રેડાયા એની કિંમત તો દૂર, પણ આગામી વર્ષોમાં નિર્માલ્ય અને વેવલી પ્રજા મંજૂર છે તમને? આ ઠરાવનો જવાબ ન્યૂઝ ચેનલ પર આપવો.

ઠરાવ — 4 : સિંહ વગરનું ગુજરાત અને ગુજરાત વગરના સિંહ! આટલી સહજતાથી તમે સ્વીકારી લેશો એવી ખબર હોત તો અમે ચુકાદા પહેલાં જ અમારી રીતે

કોઈપણ રાજ્યમાં ચાલ્યા જાત.

ઠરાવ — 5 : અમારી સાથે વન્યજીવનનાં તમામ પ્રાણીઓ મધ્યપ્રદેશ આવવા સ્વેચ્છાએ માંગે છે એનું શું કરવું એ ગાઇડ કરજો.

ઠરાવ — 6 : પશુ પંખી કે પ્રાણીઓ વગરનું ગુજરાત કદાચ તમને તો ફાવી જાશે! કારણ કે તમને શેરબજાર અને બિઝનેસમાં જ રસ છે. પરંતુ ગુજરાતી પ્રજા જેવો પશુપ્રેમ — હૂંફ અને લાગણી અમને આખા ભારતમાં ક્યાંય નહીં મળે! મીસ યુ ઓલ ગુજુસ..!

ઠરાવ — 7 : તમામ દુહા-વાર્તા-ગીતોમાંથી અમારો નિકાલ કરજો. સાસણમાં ક્યાંય અમારું સ્ટૅચ્યુ ન મુકવાનો આ સર્વાનુમતે ઠરાવ પસાર કરાવવામાં આવે છે. ઝાડ કાપી કોઈ મોટી કંપની ખડકજો.

મળશું નવા સરનામે! જીવતાં રહેશું તો!
અબ તુમારે હવાલે ગુર્જર સાથીઓ....

લિ. સિંહ
(અખિલ સિંહ સમાજ, સાસણગિર)



સાદુડો સાવજ જમે, દસ દિ'એ એક જ વાર, ને તે તો દિ' માં દસદસ વાર, દાબ્યા ભોજન દાદવા...! દસ હથ્થો ડાલામથ્થો, મોઢે લાંબી મૂંછ, પોણા બે હાથની પૂંચ, વકરેલો ધણી વનરાજ!

૨૯

'ચા' વિના સુનો સંસાર

ચા અને છાશ એ ગુજરાતીઓની બિયર છે. અમારા કર્મકાંડી ભૂદેવો ચાને 'ઉષ્ણોદક' પણ કહે છે. આપણા લોકસાહિત્યમાં પણ ચા વિશે એક હળવો ફૂલ દુહો છે:

"ચા એ ટાળ્યું શિરામણ, બીડીયે ટાળ્યો હોકો,
સાસુનું કહ્યું વવ ન કરે, તો કેનો કરવો ધોખો?"

એક જમાનો હતો જ્યારે કાઠિયાવાડમાં ગાડાના પૈડા જેવડા રોટલા અને દહીંના શિરામણ થાતાં, ચા તો કો'ક મે'માન આવે ત્યારે પીવાતી. દહીં અને રોટલા ધરાઈને ખાવાવાળા આપણાં એંશી એંશી વરહના ભાભલાઓને કોઈ દિ' ડાયાબિટીસ ન થ્યા. કારણ એના ખોરાક બહુ નક્કર હતા.

પણ અમને કલાકારોને તો ચા વિશેષ વ્હાલી છે. હું ડાયરામાં કાયમ કહું કે 'ચા' અમારી કુળદેવી અને 'ગાંઠિયા' અમારા સૂરાપુરા છે. એક હોટલે અમે ચા પીતા'તા અને ચામાં ઉલળીને ક્યાંકથી માખી પડી. મેં દુકાનદારને કહ્યું, એલા આ ચામાં માખી છે. દુકાનદાર કે સાંઈરામ, પી લ્યો પાંચ રૂપિયાની ચામાં માખી ન હોય તો શું હાથી ઘોડા હોય? આ લે લે! આટલું ઓછું હોય એમ હિમાદાદા બાજુમાંજ બેઠા'તા ઈ કે સાંઈ, થોડી માનવતા રાખ, આવડીક અમથી માખી તારી કેટલીક ચા પીવાની છે! મને તો ઓંતરાસ જ આવી ગ્યો.

મારા પાડોશમાં જ હિમાદાનું ઘર છે. એક દિવસ શાંતિકાકી મને કહે, ક્યારેક ઘરે આવો કલાકાર, તો તમને 'આયુર્વેદિક' ચા પીવડાવું! મને થયું, નક્કી શાંતિકાકી બાબા રામદેવના ભગત છે. કાંઈક ઔષધિ ગોતી આવ્યાં લાગે છે. હું તો કુતૂહલવશ આયુર્વેદિક ચા પીવા ઘરે ગયો.

શાંતિકાકીએ ગરમ પાણી ઉકાળીને પાયું. મેં પૂછ્યું કાકી આ શું છે? કાકી કે' બેટા, આ આયુર્વેદિક ચા છે. એમાં ખાંડ ન હોય એટલે તને ડાયાબિટીસ ન થાય, એમાં ચાની ભૂકી ન હોય, જેથી નિકોટીન તત્ત્વ તને હેરાન ન કરે અને એમાં દૂધ પણ ન હોય જેથી તને કમળો ન થાય...! આ લે લે! મને થયું આ ચા તો માત્ર પ્રભાતે મળ વિસર્જન પહેલાં જ પીવા જેવી છે. એટલે જ લોકાચાર્યો એ જનમાનસની વહાલી ચા ને લડાવતા દુહાઓ લખ્યા હશે કે:

"ચૂલે મુકી તપેલી, અને નીચે કર્યો તાપ,
હરતાંફરતાં છોકરાં, ને વચમાં એનો બાપ...!
ચાર જણાની ચા બનાવી, ભેગા થયા વીસ,
ચાનું પિયર છે ઢુકડું, પાણીની રાખો ભીંસ.
સવારના પહોરમાં વે'લા ઊઠે, સાધુ, સંતો ને બાવા,
ચા-પાણીનો ટેસ કરી, અને પછી જાય ના'વા,
ખેડૂતે જોડ્યુ સાંતીડુ, બેસતો ના આવે ડાઢો,
કંટાળીને કહેવા લાગ્યો, હવે તો ચા કાઢો,
સવારના પહોરમાં છોકરું ઊઠે, કેમે'ય ના રે છાનું
ચાનો કપ બતાવો પછી, નામ નો લ્યે એની માનું
સાંભળનારા સાંભળજો, આ ગીત ગાયુ ઠાલું
આમાંથી કોઈ નો પીતો હોય તો આજથી કરજો ચાલુ.

આપણે ત્યાં કંપનીઓ ભલે અનેક હોય પણ ચાના પ્રકાર તો ચાર જ છે.

(1 — આપુડી 2 - બાપુડી 3 - જગુડી 4 - ડખુડી)

1 — આપુડી ચા: આ પ્રકારની ચા સવારમાં છથી સાતની વચ્ચે દાદા કે દાદીના હાથે બનાવાય છે. આ આપુડી ચામાં સો એ સો ટકા દૂધની માત્રા જળવાય છે અને સળી ઊભી રહી જાય એવી આપુડી ચા હોય છે.

2 — બાપુડી ચા: દાદા-દાદી સાથે પછી સાતથી આઠ વાગ્યા સુધીમાં મમ્મી-પપ્પા એમ ચાર જણાંની ચા બને છે. જેમાં વ્યક્તિઓ વધતાં દૂધની માત્રા ઘટે છે. બાપુડી ચામાં એંશી ટકા દૂધ, વીસ ટકા પાણીનું મિલન થાય છે.

3 — જગુડી ચા: આઠથી દસ વાગ્યા સુધીમાં જ્યારે ઘરનું ચિલ્લર જાગે છે. ચિલ્લર એટલે સમજી ગ્યા ને? બાળગોપાળની બરકત જે કાંઈ ફૂલ નહીં ને ફૂલની પાંદડીની જે ચા મુકાય છે. આ જગુડી ચામાં પચાસ ટકા દૂધ અને પચાસ ટકા પાણી મળે છે.

4 — ડખુડી ચા: સર્વપ્રસિધ્ધ અને જાહેર સમારંભો, લગ્ન, કથા, ડાયરો કે મરણપ્રસંગે જ્યારે સૌથી વધુ લોકોની ચા બનાવાનો પ્રસંગ આવે છે, ત્યારે માત્ર અને માત્ર ડખુડી ચા બને છે. જેમાં એંશી ટકા પાણી અને વીસ ટકા દૂધનું મિલન સંભવે છે. આ માત્ર નામની અને કલરથી જ ચા હોય છે બાકી એમાં કશો ટેસ્ટ હોતો નથી.

આમ ચાનો મહિમા અપાર છે. કથા તો ક્યાંક એવી પણ સાંભળી છે કે રામાયણમાં જ્યારે લક્ષ્મણને મૂર્છા આવી ત્યારે છેલ-વછેલની સંજીવની ખુટ્ટી લેવા હનુમાનજી દૂર દેશાવાર ઊડીને પર્વત પર ગયા. ત્યારે સુષેણ વૈધે કહ્યું'તુ એ પ્રમાણે સંજીવની શોધવા એને અમુક ઝાડ પૂળથી ઉખેડ્યાં પણ એમને સંજીવની મળી નહીં. આખરે હનુમંતે કંટાળીને આખો પર્વત જ ઊંચકી લીધો. સુષેણે લક્ષ્મણને સજીવન કર્યા બાદ જે ઝાડવાં હનુમાનજીએ ઉખેડી નાંખ્યાં એ ઝાડવાં અને પર્વતે ભગવાન શ્રી રાઘવને પ્રાર્થના કરી કે હવે અમારું શું? ત્યારે રાઘવે એ ઝાડવાંઓને આશિષ આપ્યા કે જાવ તમારામાંથી ચાની પત્તી થશે અને કળિયુગમાં તમારા વગર મનુષ્યોની આંખો નહી ઊઘડે. કળિયુગમાં તમે ખૂબ માનપાન પામશો. વળી પર્વતને પણ આશિષ આપ્યા, કે અત્યારે ભલે હનુમાનજીએ તમને ઉંચકી નાંખ્યા છે પણ હે પર્વતરાજ, કૃષ્ણ જન્મ વખતે હું ફરી આવીશ અને તમારી નીચે સાત દિવસ રોકાઈશ અને તમારો મહિમા વધારીશ. એ પર્વત જ આપણો 'ગોવર્ધન'! આઈ બાત સમજ મેં! શ્રધ્ધાથી સ્વીકારો તો મારી તમામ વાતો સાચી છે. બાકી લોકોને સમજાવવા કેટલા સહેલા છે એનું આ શ્રેષ્ઠ ઉદાહરણ છે. માથું ચડી ગ્યુ તો હાલો ચા



ચાના છપ્પા

"તું નીંદરની દુશ્મન, વંદન ચા મૈયાને,
કલાકાર પર પ્રસન્ન, વદંન ચા મૈયાને,
હોટલ હોટલ દર્શન, વંદન ચા મૈયાને,
ખાંડ દૂધના અર્ચન, વંદન ચા મૈયાને,
ડાયાબિટીસનો દૈત્ય આ, જીવે તારા પ્રતાપથી,
ચા પીધા વિણ પેટ સાફ, થાય નહીં કોઈના બાપથી."

- કવિ સાંઈરામ દવે

૩૦

I.P.L. સિક્સિંગ ફિંક્સિંગ

IPL ના ફિક્સિંગના ભવાડા અને ઉબાડા વચ્ચે મારે તમને હસાવવાના છે. હેન્સી ક્રોનીયા, અઝહરૂદીન, પ્રભાકર અને જાડેજાથી શરૂ થયેલી આ ફિક્સિંગની ઉધઈ ઠેઠ 'શ્રીસંત' સુધી આવી પહોંચી છે. ઈન્ડિયન પ્રિમિયર લીગ, ઈન્ડિયન પાપ લીગ બની હોય એવી ફીલ આવી રહી છે. મારા મતે તમારા ટૅલેન્ટનો તમને પુરસ્કાર મળે એ યોગ્ય છે, પરંતુ તમારી હરાજી કે નિલામી થાય એ તો જીવનની સૌથી કરૂણ ઘટના કહેવાય. વર્ષો પહેલાં આપણા દેશમાં ગણિકાઓ અને ગુલામો વેંચાતા અને હવે એની જગ્યાએ આઈપીએલ ના ક્રિકેટરો વેચાઈ રહ્યા છે. આ સાંભળીને હિમાદાદા મને કયે આને જ કહેવાય વિકાસ...!?!?

પોતાના બાળપણમાં લંગડી પણ નો'તી રમ્યાં એવા શિલ્પા શેટ્ટી કે પ્રિટી ઝિંટા ક્રિકેટ ટીમનાં માલિક બની બેઠાં છે. ડરમાં ક..ક... કિરણ સરખી રીતે નહોતો બોલી શકતો, ઈ શાહરુખ હવે સવાર સાંજ ક..ક.. ક્રિકેટ કર્યા કરે છે.

ફિક્સિંગના ફટાકડા જેવા ફૂટ્યા ઈ ભેગો હિમાદાદાએ બૉંબ ફોડ્યો કે આ હિસાબે IPL મેચમાં ઓલી 'બેબલીયુ' (ચીયર ગર્લનું શુધ્ધ ગુજરાતી) કેવા ઠુમકા લગાવશે ઈ એક જ વસ્તુ ફિક્સ નહોતી, બાકી બધું જ ફિક્સ હતું. સાલા અમુક લોકો સાગમટે (હોલસેલમાં), આખા દેશને ચૂનો લગાવી જાય છે! આપણને એમ હતું કે પબ્લિકને ઉલ્લુ બનાવતાં માત્ર આપણા નેતાઓને જ આવડે છે, પરંતુ ઈ નાતમાં હવે ક્રિકેટરો અન ફિલ્મસ્ટારો પણ જોડાયા છે.

દાદાનો બળાપો સાંભળીને મેં પૂછ્યું દાદા, તમને તો ગીલ્લી દંડા સિવાય એકેય રમત આવડતી નથી. તમે શું કામ ક્રિકેટરો વાંહે જીવ બાળો છો?

દાદા બોલ્યા, જીવ તો બળે ને સાંઈરામ, મોતિયાવાળી આંખ્યુવાળા કેટલાય ભાભલા'વ મારી સાથે IPL ની નૉનસ્ટોપ બબ્બે મેચ જોતા'તા. કારણ અમને મેદાન કરતાં મેદાન બહાર જોવાની મજા પડતી'તી. નાનપણમાં અમે બત્રીસપૂતળીના ખેલમાં ઢીંગલીયું નાચતી જોઈ'તી. ત્યાંથી પછી સીધી આ IPL ની ચિયર ગર્લ નાચતી જોઈ...!

IPL ના ઠુમકાથી અમારા બધાય વડીલોની આંખ્યુને ટાઢક વળી છે. બેટા, અને અમારું શુગર કન્ટ્રોલમાં રહે છે. આમે'ય મારા જેટલા મિત્રો છે ઈ બધાને ખબર જ છે,

આપણાં નામ ટૂંક સમયમાં રેશનકાર્ડમાંથી નીકળવાની અણી ઉપર છે. હવે અમારા ગગા કાંઈ પાસપોર્ટ કઢાવી દે એમ નથી. એટલે બેંગકોક-દુબઈ કે પટાયાની સંસ્કૃતિનો અભ્યાસ અમારા તો નસીબમાં જ નથી, તો પછી ચિયર ગર્લના ઠુમકા આ ભાવમાં ખોટા શું?

મારો ને હિમાદાદાનો ઓટલા પરનો આ સંવાદ સાંભળી રસોડામાંથી શાંતિકાકી વેલણ સાથે પ્રગટ થ્યા અને દાદા પર તાડુક્યાં, કે તો જાવ ને, ઈ બેબલીયું ભેગા તમે'ય ઠુમકા લગાવા, ને આ દાઢીવાળાને પણ લેતા જાવ. સાંઈરામ, આ ક્રિકેટ મૅચમાં આવા 'મોડર્ન મુજરા' કોણે ઘાલ્યા છે? હું તો એને જ ગોતું છું. બાકી મને તો લાગે છે મુંબઈના ડાન્સબાર બંધ થ્યા અને ઈ આઈપીએલના મેદાન પર આવી ગ્યા છે! શાંતિકાકીએ જબરી તોપ ફોડી. અમે બે'ય ત્રણ સેકન્ડમાં શેરીમાં અદ્રશ્ય થઈ ગ્યા.

પણ શાંતિકાકીની વાતે મારા મગજનો પિસ્ટન ચોંટાડી દીધો. આખા દેશના ક્રિકેટપ્રેમીઓના દિલમાંથી એક હાય ને એક ફિટકાર નીકળી ગ્યો કે સાલ્લી આપણે જે રમતના રોમાંચ પાછળ જીવનની મહામૂલી કલાકોની કલાકો બગાડીને વેડફી નાંખી એ બધી પહેલેથી ફિક્સ હતી. આવો મોટો દગો! તમામ ક્રિકેટ પ્રેમીઓએ ક્રિકેટરો માટે એક જ ગીત ગાયું કે "અચ્છા સિલા દિયા તુને મેરે પ્યાર કા...!

હવે લોકો ક્રિકેટ નથી જોતા. ખરેખર કહું છું ચિયર ગર્લના ઠુમકા જોવા જ ટીવી ચાલુ કરે છે. અને વચ્ચેવચ્ચે કયો ખેલાડી કઈ કઈ ઍકશનથી એના બૂકીને સાઈન આપી રહ્યો છે ઈ ગોતે છે..! એક અંગત વાત કહું. પ્લીઝ, કોઈને કહેતા નહીં...પણ મને તો હવે એમ લાગી રહ્યું છે કે, આ ફિક્સિંગ રૅકેટ ગોતવામાં પણ ફિક્સિંગ છે. મુંબઈ પોલીસે જ આ રૅકેટ પકડ્યું હશે, પણ આજકાલ છેલ્લા એક વરસથી દિલ્હી પોલીસની આબરૂના સાવ 'સ્ટોન' થઈ ગ્યા હોવાથી કદાચ મુંબઈ પોલીસે અમુક કરોડમાં ફિક્સ કરી આખી ક્રેડિટ દિલ્હી પોલીસને આપી હશે! આવું મને લાગી રહ્યું છે. પણ તમે પ્લીઝ કોઈને કહેતા નહીં. દિલમાં વાત સંઘરી રાખજો. પોલીસ સાથે લફડામાં કોણ પડે? અતિની કોઈ ગતિ નથી હોતી. એમ આઈપીએલના ધોળા જુગારનો ભાંડો ફૂટી ગ્યો. હવે તો ચેતીએ, હવે તો જાગીએ...! યુવાન દોસ્તોને પ્રાર્થના છે કે મેચ જોવામાં કલ્લાકો બગાડવાને બદલે રોજ અડધી કલાક રમજો દોસ્તો, તો ઈ તમારા સ્વાસ્થ્યને કામ લાગશે.

બાકી તો પહેલાં મુજરા રજવાડામાં રાજમહેલની અંદર જ થાતા અને લોકશાહીમાં ઈ મુજરા પબ્લિકની વચ્ચે આવી ગ્યા છે. દોસ્તો, આને કે'વાય વિકાસ...! બિચાકડી ઈ બેબલીયુંને તો ખબર જ નથી હોતી કે કયો ખેલાડી કઈ ટીમમાંથી કેટલા કાવડીયામાં વેચાઈને રમે છે. એને તો બસ જેવો દડો મેદાન બહાર જાય, કે કોક અંટાય કે પબ્લિક દેકારો બોલાવે એટલે નાચવા મંડવાનું.

હિમાદાદાએ મસ્ત અને ટૂંકી વ્યાખ્યા આપી કે, ઓછાં ચીર પહેરે એને ચિયરગર્લ કહેવાય.' અને પુરાં ચીર પહેરે એને પિયરગર્લ કહેવાય. દાદાના મતે તો આપણે ધોળી ચામડીની ગુલામીનું વેર વાળવા જ એને ચોકેછગ્ગે નચાવીએ છીએ.

ફિલ્મોની કોરિયોગ્રાફીથી માંડી ક્રિકેટની ચિયરગર્લ સુધી ભાડુતી નૃત્યાંગનાઓને આંગળીના ટેરવે અને આંખના ઈશારે નચાવવાનો ક્રેઝ આપણા દેશમાં વધતો જાય છે. આખા જગતને 'સંયમ' અને 'ચારિત્ર્ય'ના પાઠ પઢાવનાર દેશની જનતાને આ ક્રિકેટજગત આંખ્યું મીંચી 'નગ્નતા' શીખવી રહ્યું છે. આંખોથી આપણે અભડાઈ રહ્યા છીએ ને આપણને કશી ગતાગમ જ નથી. બાઘાની જેમ બસ બેઠા રહો. તમારી આંખ કે તમારા કાન કોઈ થૂંકદાની છે? કે જેને જે ફાવે ઈ એમાં થૂંકી જાય? જાગો ભારતીયો જાગો, ક્રિકેટ -અને ફિલ્મોને ટીવી સિરીયલોમાં જેટલો સમય વેડફ્યો છે એટલો જ સમય હવે

પરિવારજનો અને મિત્રોને રાષ્ટ્ર માટે ગાળીને પશ્ચાતાપ કરીએ...! હવે નહીં જાગીએ તો ફરી કદી જાગવાનું જ નથી. હું તો જાગી ગ્યો છું! ને તમે?



જ્યાં જેની જરૂર છે તેને ત્યાં ન સમજાય, બાકસ ઘરને બાળી નાંખે તો'ય ઘરમાંથી ન કઢાય, ફેરવ્યા નિયમ ફરે નહીં અને થાતું હોય એમ થાય, ફૈબા ને મુંછું ફૂટે એટલે કાકા નો કહેવાય.

- કવિશ્રી ગુલાબદાન બારોટ

૩૧

વારતા રે વારતા

લોકો અમારી સાથે પણ ક્યારેક ગંભીર મજાક કરી લ્યે છે. ડાયરાના ઈન્ટરવલમાં એક ભાઈ આવીને મને ક્યે, હું તમારા 'પોગો ચેનલ'ના એક પણ કાર્યક્રમ મિસ નથી કરતો. મને થ્યું કે આને આંયા જ સમાધિ દઈ દઉં. પણ અટાણે બધાનું ધ્યાન આઈપીએલના ફિક્સિંગમાં છે એટલે મર્ડર એળે જાશે એવું માની મેં એની જાન બક્ષી દીધી.

પણ ઈ તો ખરું હોં કે પોગો ચેનલ, કાર્ટુન નેટવર્ક, મિસ્ટર બીન, એંગ્રી બર્ડઝ, છોટા ભીમ, બેનટેન, ડોરેમન, કિટરેટ શું તે ટોમ એન્ડ જેરીની આખી નાતે આજના બાળપણ પર એવો જાદુ કરી દીધો છે, એક આખી નવી પેઢી વાર્તા સાંભળતાં જ ભૂલી ગઈ છે. હું આજના બાળકોનો વાંક નથી કાઢતો, પરંતુ મને એનાં બાળપણ પર દયા આવે છે.

મારા જેવડી એક આખી પેઢી, જે બાળપણમાં દાદીમાની વારતા સાંભળ્યા વગર કદી રાતે સૂતી જ નથી. યાદ છે કોઈને —

વારતા રે વારતા,
ભાભો ઢોર ચારતા,
છોકરાં સમજાવતા,
ચપટી બોર લાવતા,
એક છોકરો રીસાણો,
કોઠી પાછળ ભીંસાણો,
કોઠી પડી આડી,
અરરરર ...માડી!!!"

આ જોડકણું લગભગ બધાને કંઠસ્થ નહીં હૃદયસ્થ હતું. આનો અત્યારના સંદર્ભમાં અર્થ કરીએ તો જીવન એક વારતા જ છે ને ચાર, જેમાં રાજારાણી બદલતા રહે છે. 'ભાભો ઢોર ચારતા' ભાભો અર્થાત વડીલ. બગડેલો કેસ સુધારે તેને વકીલ કહેવાય પણ કેસ બગડવા જ ન દે એને વડીલ કહેવાય. 'ગઈઢા ગાડાં વાળે' એ કહેવત અમથી તો નહીં જ કહેવાણી હોય ને! વડીલ-વૃધ્ધ અને અત્યારના આપણાં મહાન ઉંમરલાયક સંતો-મહંતો-ધર્માચાર્યો જે માનવમાંથી ઢોર જેવા થઈ ગયેલા માણસોને ચારી અર્થાત્ કેળવી

રહ્યા છે કે ફરી માણસ બનો.

કેવી કરૂણતા છે કે ગધેડાને કદી આપણે કહેવું નથી પડતું કે તુ ગધેડો થા, એક માણસને જ કહેવું પડે છે કે તું માણસ થા. અહો આશ્ચર્યમ્!

જોડકણામાં આગળ વધીએ તો 'ચપટી બોર લાવતાં' આ 'ચપટી બોર' એ મોક્ષ કે સ્વર્ગ-નર્કની લાલચ છે. સ્વર્ગમાં અપ્સરા સિવાય બીજું શું શું હોય છે એની માહિતી લગભગ કોઈ પુરૂષો ને હોતી નથી (અને આમ ગણો તો એની જરૂર પણ શું..? હિમાદાદા મને ક્યે આખી જિંદગી સારાં કામ કરો તો મર્યા પછી સ્વર્ગ મળે અને સ્વર્ગમાં પાછી અપ્સરા મળે! એટલે ટૂંકમાં આ બાપુ તો આપણને ઉપરે'ય સખનો (સુખનો) શ્વાસ નહીં જ લેવા દે એમ ને!મેં કહ્યું:દાદા આ બધું આગે સે ચલી આતી હૈ, સમજો અને મૌન રહો! બાકી ઉપરથી કોઈના બાપુજીનો ઈમેલ કોઈ 'દિ આવ્યો છે કે હું સ્વર્ગમાં બહુ સુખી છું, કે નર્કમાં આપણા સગાવહાલા ઘણાં છે! રેવા દો ને યાર! કોણી ઉપર ચોંટાડેલો ગોળ કોઈ દિ' ચાટી નહીં શકાય એના કરતાં મોંમાં જેટલો આવે એટલો ગોળ મોજથી ચગળો. સ્વર્ગ ઉપરના જીવનની લ્હાયમાં દુ:ખી થાવા કરતાં જીવનને સ્વર્ગ જેવું બનાવવા, હાલોને સૌ મહેનત કરીએ.

ખેર, આપણી વાત 'વારતા રે વારતા' જોડકણા પર હતી. હવે આમાં આવે છે કે' એક છોકરો રીસાણો ને કોઠી પાછળ ભીંસાણો' આ લીટીનો અર્થ શું સમજવું? આ મુદ્દા પર હિમાદાદા વચ્ચે બોલ્યા કે જે જુવાન લગન કરે છે એના પત્ની પાંચ-દસ વરસમાં ટચલી આંગળીમાંથી અંગૂઠાં જેવડી થઈ જાય છે અર્થાત એ કોઠી જેવી પત્નીની પાછળ બિચાકડો પતિ 'દેવ' થઈ જવાની તૈયારીમાં આવી જાય છે. એટલે જ આપણને નાનપણમાં જોડકણા દ્વારા મેન્ટલી પ્રિપેર કરવામાં આવે છે કે "કોઠી પડી આડી...! અરરર... માડી...!"

પરણ્યા પછી બંગડીના ઘોબા જેને જેને લાગ્યા છે ઈ બિચાડા જીવનમાં કોઈ 'દિ ક્યાં ઉભા થઈ શક્યા છે? કુંવારા હોવાનો એક બહુ મોટો ફાયદો એ હોય છે કે તમે રાતે સૂતી વખતે પલંગની બંને બાજુથી નીચે ઉતરી શકો છો. જ્યારે પરણેલા માટે એ શક્ય નથી કારણ એક બાજુ સિત્તેર કિલોની સસરાના ઘરેથી વાજતેગાજતે ઈમ્પોર્ટ કરેલી 'કોઠી' નિદ્રાધીન અવસ્થામાં નાકોડા ઢઈડતી હોય છે. નિંદરના 'નાકોડા' એ ઊંઘનો રોગ છે કે નાકનો એ પ્રશ્ન પૃથ્વી ગોળ છે કે ચપટી જેટલો જ પેચીદો છે.

નાકોડાથી યાદ આવ્યુ કે શાંતિકાકીના નાકોડાથી હિમાદાદાની નીંદર વરસોથી હરામ થઈ ગયેલી છે. રાતે સુતા ભેગું શાંતિકાકીનું 'નોઝ મશીન' ખેતરમાં ડિપવેલની જેમ ચાલુ થાય છે. પૉઝિટિવ ઍન્ગલ કહું તો શાંતિકાકીના નાકોડાને લીધે જ આજદિન સુધી હિમાદાદાના ઘરમાં ચોરીયું નથી થઈ. બે-ચાર વાર ચોર આવ્યા પણ હતા, પરંતુ શાંતિકાકીના 'નાકોડા'નો ધ્વનિ સાંભળી બારીએથી જતા રહ્યા. કાકીના 'નાકોડા' એવા ભાયડાછાપ છે કે તમે માત્ર સાંભળો તો તમને એમ જ લાગે કે ઓરડામાં ત્રણ-ચાર પુરુષો સૂતા હશે. આમ હિમાદાદાનો ઘરની સુરક્ષા દિવસે કાકી જાતે જાગીને કરે છે અને રાતે કાકીનું 'નાક'! વાહ ભૈ વાહ! સ્ત્રી ઘરનું નાક છે એ કહેવત શાંતિકાકાને સો એ સો ટકા લાગુ પડે છે. એટલે જ આપણા વડવાઓએ દુહો લખ્યો હશે,

'કૂવાનું ઢાંકણ પાવડો, જગનું ઢાંકણ નીર,
બાપનું ઢાંકણ બેટડો, ઘરનું ઢાંકણ નાર!"

મૉરલ ઓફ ધ સ્ટોરી ઈઝ, કે હવે કાકીના નાકોડાની હિમાદાદાને એવી ટેવ પડી ગઈ છે કે દાદા પોતાના મોબાઈલમાં કાકીના નાકોડાની વિડીયો ક્લિપ રૅકોર્ડ કરીને રાખે છે.

જેથી ક્યારેય બહારગામ જવાનું થાય તો ઓશિકા પાસે ઈ શાંતિકાકીની નાકોડા ઢઈડી વિડીયોક્લીપ મોબાઈલમાં ચાલુ કરી દે. અને ગણતરીની મિનિટોમાં હિમાદાદા ઘસઘસાટ ઊંઘી જાય. દાદાને હું આમ નસીબદાર ગણું છું કે પોતાની પત્નીની વિડીયોક્લિપ જોયા વિના સુખેથી સૂઈ નથી શકતા. નહીંતર, માર્કેટ્માં હવે તો એવા પતિદેવોની સંખ્યા વધતી જાય છે. જેને ગામની ક્લિપ જોયા પછી જ સુખેથી નિંદર આવે છે. જમાનો સુધરવાના નામ વાંહે બેફામ થઈને બગડી રહ્યો છે.

પતિપત્નીના સંબધોમાં વિશ્વાસ અને ભરોસો ખનીજતેલની જેમ ખૂટતા જાય છે. એકાદી આગને ઠારવા અગ્નિની સાક્ષીએ સ્વીકારેલી અર્ધાંગનાના ભરોસાને ઈ હવનકુંડમાં હોમવાની હવે ફૅશન ચાલી છે. ચારિત્ર્યની એક વ્યાખ્યા એવી પણ મેં વાંચી'તી કે 'તને જ્યારે એકલા હો ત્યારે તમે જે હો તે તમારું ચારિત્ર્ય!

અક્કલ વગરના સવાલો પૂછીપૂછીને હિમાદાદા અને શાંતિકાકી ભલે આપણને સૌને હસાવે છે પરંતુ એમનું દાંમ્પત્યજીવન ખૂબ નિષ્ઠાવાન અને પ્રામાણિક છે. એટલે તો દાદા કાયમ કહેતા ફરે છે કે

"એક પત્નીધારી સદા બ્રહ્મચારી...!"

 —Of The Record— 

જ્યારે મેં ભગવતગીતા વાંચી, ત્યારે મને ઈશ્વર દ્વારા આ સૃષ્ટિની રચનાનું કારણ સ્પષ્ટ થયું. આપણે ભારતના ખૂબ ઋણી છઈએ જેણે આપણને 'ગણતરી' શીખવી. જેના વગર કોઈપણ વૈજ્ઞાનિક શોધ સંભવ નહોતી.

-આલ્બર્ટ આઈન્સ્ટાઈન

૩૨

પત્ની — રોમ રોમ ઍન્ટિક

હિમાદાદાના ધર્મપત્ની શાંતિકાકી અમારી સોસાયટીનું ઍન્ટિક નઝરાણું છે. આ બંને દંપતીનો દીકરો પરસોતમ લંડનમાં વેલસેટ છે. બીજું આંયા કોઈ આગળપાછળ છે નહીં, બસ એટલે આ બંને પણ આખા ગામ — ગુજરાત અને વિશ્વની ઘટનાઓની આગળપાછળ ફર્યા કરે.

દરેક સવાલના શાંતિકાકી પાસે પોતીકા ઉત્તર હોય છે અને શાંતિકાકી કરતાં ડબલ હિમાદાદા પાસે એના જવાબો હોય છે. શાંતિકાકી 'મિસ વર્લ્ડ'નો અર્થ એવો કરે કે જેને આખું વર્લ્ડ મિસ કરે તે મિસ વર્લ્ડ. કાકી ફિક્સિંગ અને બોક્સિંગ બે'ય ને સરખા ગણે. એના મતે બોક્સિંગમાં એક જ જણ ઘુંબો સહન કરે અને ફિક્સિંગમાં બધા જણ કરોડોને ઘુંબો મારે! શાંતિકાકી દેખાવે દેશી પણ વિચારે વિદેશી. કાકી મહિનામાં એકાદીવાર હિમાદાદા પાસે બે-સાડી લેવા માટે રીતસર ધબધબાટી બોલાવે. અને હિમાદાદા પણ, હોંશિયારીથી 'બેસાડી' દે.

સાવરણી અને વેલણ એ શાંતિકાકીનાં શસ્ત્રો છે. પોતાના ઘરમાં શું રસોઈ બનાવવી છે? એના કરતાં કાકીને આજુબાજુવાળીઓએ શું શું બનાવ્યું છે એની ખબર વધુ હોય છે. પોતાના ઘરે ભલે ને કોઈ ન આવતું હોય, છતાં શેરીમાં કોના ઘરે કોણ આવ્યું-ગ્યુ ઈ કાકીને ખબર જ હોય. શાંતિકાકી અમારી શેરીની જીવતીજાગતી ન્યુઝ ચેનલ છે. નાની એવી વાતને એટલી મોટી બધી કરીને શેરીમાં રજૂ કરે જાણે આભ તૂટી પડે. કાકી પાસે શબ્દભંડોળ પાંચસો શબ્દોનું માંડ હશે, પરંતુ ટર્નઓવર પાંચ હજાર શબ્દોનું છે!

શાંતિકાકીની કરકસર આખા ગામમાં વખણાય. કાકી સાબુ પણ ધોઈને વાપરે એવા સ્વચ્છતાના આગ્રહી, ને નહાતાં પે'લાં પણ હાથપગ ધોઈને નહાવા જાય એટલા શંકાશીલ. કાકીની કરકસર કદાચ ખુદ કરકસર કરતાં પણ વધુ અસરદાયક છે. વરસમાં એકાદ વાર હિમાદાદા ગાયત્રીયજ્ઞ કરે. કાકી યજ્ઞમાં કાકા સાથે બેસે તો ખરાં, પણ હવનકુંડનાં આગ્નિમાં કૂકર મૂકીને ખીચડી ચડાવી લ્યે. હિમાદાદા ખિજાય તો તાડૂકીને કહી દે કે તમતમારે શ્લોક બોલોને! માતાજીને ખીચડી પકાવવામાં વાંધો નથી તો તમને શું વાંધો છે? કાકીના આ યજ્ઞને હવે સોસાયટી 'ખીચડી યજ્ઞ'થી જ સંબોધે છે.

શાંતિકાકી પણ ક્યારેકક્યારેક ભોળાભાવે બહું અઘરા સવાલ કરી નાંખે. આ કપલ કદી લોકલ બસ સિવાય ગોંડલની બહાર નીકળતું નથી, છતાં ઈ બે'ય ને પ્લેનનાં ભાડાં

વધે એની ઉપાધિ સતત હોય છે. એક દિ' કાકીએ મને પૂછેલું કે, આપણાં ગામમાં પોસ્ટમાસ્તર ટપાલ લઈ આવે, દૂધવાળો દૂધ લઈ આવે, શાકવાળો શાક લઈને આવે, તો પછી ફાયરબ્રિગેડવાળો 'પાણી' લઈને શું કામ આવે છે? એ પણ 'ફાયર' લઈને જ આવવો જોઈએ ને? શાંતિકાકીને મન મુંબઈમાં 'દિલ્હીવાળી' નથી થાતી આનું કારણ ઈ કે 'મુમ બઈ'ના અંગ્રેજી સ્પેલિંગમાં મોમ + આઈ + બઈ ત્રણ ભાષાનો માતૃપ્રેમ મુંબઈમાં સમાયેલો છે. એટલે મુંબઈમાં સ્ત્રીઓનું સન્માન જળવાયું છે. જો કે હિમાદાદા પાછા એવું માને છે કે ડાન્સબાર બંધ થ્યા એ પછી જ આઈપીએલની મેચોમાં 'ચીયરગર્લ'ની એન્ટ્રી થઈ છે.

જો કે એ પણ સત્ય છે કે હિમાદાદા અને શાંતિકાકી લગનના ફોટાના આલ્બમ સિવાય એક પણ વાતમાં સહમત નથી થ્યા. હું આ બંને વડીલોના અગત્યના બિનજરૂરી સવાલોના જવાબો આપવા કરતાં એને સામા સવાલો કરીને એ લોકને એના સવાલો ભુલાવી નાંખું છું.

મેં હમણાં એક દિ' શાંતિકાકીને પૂછેલું કે તમારાં લગન વખતે હિમાદાદાને વિશ કરવા કેટલા લોકો આવેલા? કાકીએ દાઢમાંથી જવાબ આપ્યો કે "હા, ચાર-પાંચ જણાએ અભિનંદન આપેલા અને આખી સોસાયટીએ તારા કાકાનો લગ્ન કરી લેવા બદલ આભાર માનેલો." જો કે એક વડીલ ઉંમરની પેઢીના જમાનામાં કન્યા જોવા જાવાની સિસ્ટમ નહોતી. જો કે હું તો કાયમ ફરીફરીને ડાયરામાં કહું છું કે 'કૂવામાં પડવું જ છે પછી એની ઉંડાઈ માપવાની જરૂર શું?

એક જમાનામાં ઘરની ગુહલક્ષ્મી કોને બનાવવી એ મા-બાપ અને પરિવારજનો નક્કી કરતા. એવા ઘણા મુરબ્બીઓ અટાણે કદાચ આ વાંચતા પણ હશે કે જેમણે 'સુહાગરાતે ઘુંઘટ ઉઠાવ્યો ત્યારે એને ખબર પડી કે આપણું નસીબ....!" મારી આખી વાતની મૉરલ ઑફ સ્ટોરી ઈ છે, કે એ વડીલોને પણ્ એકબીજાં માટે ફરિયાદો અને અસંતોષ હતાં. છતાં એમણે પોતાનાં પાત્રોને એની તમામ મર્યાદા સાથે સ્વીકર્યાં. પડ્યું પાનું નિભાવીને જીવનભર સહન કર્યું. કારણ, એ દંપતીઓ માટે એના પર્સનલ ઈગો ને જરૂરિયાત કરતાં એમની કુટુંબની આબરૂનું મૂલ્ય વધુ હતું. એ માટે એ લોકોએ આજીવન ભરણપોષણના કેસ નથી કર્યા. આપણા અભણ વડીલોની કુટુંબ માટેની નૈતિક જવાબદારી અને સમજદારીને સલામ...! આપણે અટાણે ખૂબ ભણ્યા, પોતાની રીતે પાત્રો સિલેક્ટ કરીને પરિણામો શું લાવ્યા? ડાયવોર્સના લાખો કેસ કોર્ટમાં સડી રહ્યા છે. કરોડો ત્યથિત પુરૂષ અને સ્ત્રીઓનાં જીવન લગ્નમાં ભંગાણ પડવાથી નર્ક જેવાં થઈ ગયાં છે.

સગાઈટાણે દરેક પરિવાર એવું જ ગામને કહે છે કે 'અમારે જોતું'તું એવું મળી ગયું.' આ તો વહુ માથા ફરેલી નીકળે પછી જ કુટુંબને ખબર પડે છે કે આ નમણું નાગરવેલ જેવું ચીભડું. વાડને ગળી ગયું. સગાઈ પછી હાથમાં કલમ પકડીપકડીને જેને પત્રો લખ્યા હોય એની ઉપર પછી વધુમાં વધુ 'કોર્ટની કલમો' લાગે એવા પ્રયત્નો શરૂ થાય છે. જેની યાદમાં ઉજાગરા કર્યા હોય છે એના નામ પર જ આબરૂના ધજાગરા થાય છે. જેના માટે રોયા હોય એની પાછળ રોવાનો સમય અચાનક આવી જાય.

જેને દિલની અગણિત લાગણીઓથી દિલ ફાડીને પ્રેમ કર્યો હોય એના ઘરમાંથી જ કરિયાવરની વસ્તુઓ ગોતીગોતીને ગણીને લઈ જવામાં આવે...! છેડાછેડી અને છૂટાછેડામાં હાર્ડલી બે-ત્રણ અક્ષર કે માત્રાનો જ તફાવત છે. પરંતુ છેડાછેડીથી છૂટાછેડા સુધીની યાત્રા બહુ દર્દનાક હોય છે. જાણે કે કોઈ ડૉક્ટર ઍનેસ્થેસિયા વગર તમારું હાર્ટ-ટ્રાન્સપ્લાન્ટ કે બાયપાસનું ઑપરેશન કરી રહ્યો છે. 'ડાયવોર્સ' આપની સુધરેલી પેઢીની

બાયપ્રોડક્ટ છે. આવો, આપણી ધીરજ વધારીએ. પરિવાર માટે કમાવું જેટલું મહત્ત્વનું છે એટલું જ જતું કરીને સહન કરવું પણ મહત્ત્વનું છે.

કારણ પહેલા દીવાલોમાં ઘર હતા. હવે ઘર વચ્ચે દિવાલો છે, આપણને સગાભાઈ કરતાં વધુ સાળાની ફિકર છે. સગી બહેન કરતાં 'સાળી' વધુ સચવાઈ રહી છે. પરિવારની ભાવના પૈસાની આ દોડમાં દફન થઈ ચૂકી છે. પહેલાં આપણે મા-બાપ સાથે રહેતા હતા, હવે મા-બાપ આપણી સાથે રહેવા લાગ્યા છે. શું આ વિકાસ છે? કે વિનાશ તરફનો વિકાસ છે? દોસ્તો, આ પ્રગતિ નથી પરગતિ છે....!


—Of The Record—


હવે વિશ્વામિત્ર જેવા ઋષિઓની અડગ સાધનાને ભંગ કરવા માટે મેનકા જેવી સુંદર અપ્સરાઓ ધરતી ઉપર ધક્કા નથી ખાતી બસ... માત્ર મિસ કોલ કરે છે...!

33

ટકાવારીની ડખાવારી

આપણે નાના હતા ત્યારે ત્રણ જ ઋતુઓ હતી, શિયાળો, ઉનાળો અને ચોમાસુ. પરંતુ છેલ્લા વીસેક વરસથી માર્કેટમાં આપણે જ હોમમેઈડ નવી ઋતુ ઉમેરી છે જેનું નામ છે 'ઍડમિશનની ઋતુ. એવરેસ્ટ કે કાશ્મીરના મિશન કરતાં પણ વધારે કપરાં ચઢાણ દિનપ્રતિદિન આ 'ઍડમિશન'નાં થાતા જાય છે. મજાની વાત એ છે કે આ ઋતુમાં આપણને અન્ય જૂની ત્રણેય ઋતુઓનો અહેસાસ અનુભવાય છે.

જેમકે છોકરા કે છોકરીને ઓછા પર્સન્ટેજ આવે તો મા-બાપને ઉનાળાના ચૈત્ર-વૈશાખ કરતાં વધુ પરસેવો વળે છે. તો વળી અમુક ઈન્ટરનેશનલ સ્કૂલ-કૉલેજોમાં ફી કે ડૉનેશનના ભાવ સાંભળી વાલીઓને શિયાળાની ટાઢ જેવું 'લખલખું' આવી જાય છે. અને અમુક બાળકો મા-બાપના રૂપિયાનું આયોજનબધ્ધ રીતે પાણી કરી પરિવારને વગર ચોમાસે નવડાવીને ભણતાંભણતાં ક્લાસમેટ સાથે રફુચક્કર થઈ જાય છે.

સત્ર ખૂલતાંની સાથે જ દરેક મા-બાપ પોતાના સંતાનો માટે યોગ્ય 'છત્ર' શોધવા લાગે છે. (લાગતાવળગતાના ભલામણ'પત્ર' લખાવી લેવાની મોસમ અત્ર-તત્ર-સર્વત્ર ફાટી નીકળે છે. મનુસ્મૃતિમાં મહર્ષિ સ્વયંભુ મનુએ ચાર વર્ણની રચના બનાવી અને સમાજવ્યવસ્થા સ્થાપી હતી. એમ મારી 'હાસ્યસ્મૃતિ' મુજબ હવે સમાજમાં પાંચ નવા વર્ગો પડી ચુક્યા છે.

વર્ગ — 1

જે વિદ્યાર્થીઓ ખૂબ તેજસ્વી અને કુળદીપક સમાન 90 %થી 99 % લાવી જ્વલંત સફળતા મેળવે છે. અને હડી કાઢીને ડૉક્ટર-એન્જિનીયર કે ક્લાસ વન ઑફિસર બની જાય છે.

વર્ગ — 2

જે 70 %થી 90 % સુધી માર્ક મેળવે છે. જેને જીવનભર ઓછા ટકા આવ્યાનો રંજ રહે છે. આ વર્ગના ઘણા વિદ્યાર્થીઓ આત્મહત્યા કરી લ્યે છે. ઈ સિવાયના જે વધતા વિદ્યાર્થીઓ એને મૅડિકલની ઝંખના હોવા છતાં, ડૉક્ટર બનવાનાં સપના પૂરાં ન થતાં ઈ પછી 'મૅડિકલ સ્ટોર' બનાવીને સંતોષ માને છે, અને બાકી વધેલા આ વર્ગના વિદ્યાર્થીઓ માસ્તર થાય છે. અને શિક્ષણની હૉસ્પિટલોમાં બાળકોનું કેળવણીનું આજીવન ઑપરેશન કરે છે. માસ્તર પણ ન થઈ શકનારા પછી ક્લાર્ક બની જાય છે અને આખી સંસ્થાને

આંકડાકીય ઑક્ટોપસની જેમ ભરડો લે છે.

વર્ગ — 3

50 % થી 70 % માર્ક્સ મેળવનારા વિદ્યાર્થીઓ આ કૅટેગરીમાં આવે છે જે પટાવાળા થાવા જ જન્મ્યા હોય છે. પટાવાળામાં પણ સ્થાન ન મળતાં આ કૅટેગરીના ઘણા વિદ્યાર્થીઓ નાના-મોટા ધંધા ઉપર ચડી જાય છે. જેની દસમા-બારમાની માર્કશીટો ઉપર આગળ જતાં ઈ પોતે જ શિંગ દાળીયા કે વડાપાંઉ ખાઈ લે છે. તો'ય વર્ગ — 1 અને વર્ગ — 2 નું કામ આ વર્ગ — 3 ની મદદ વગર આગળ ધપતું નથી, ઈ સરપ્રાઈઝ છે.

વર્ગ — 4

35 % થી 50 % સુધી માંડમાંડ પાસ થનારા વિદ્યાર્થીઓ આ કૅટેગરીમાં આવે છે. આમાંથી એક વર્ગ મજૂરી કરે છે યા તો દારૂ ગાળવાના કે વેંચવાના વ્યવસાય માં પુરા હૃદયથી જોડાય છે. આ કૅટેગરીનો બીજો વર્ગ રાજકારણ તરફ પોતાની ગાડી રેઈસ કરે છે. શામ-દામ-દંડ-ભેદ એની હાઉ, હાઉ-હાઉ કરીને પણ એ સત્તા મેળવે છે અને આશ્ચર્યની વાત એ કે ઈ વર્ગ 1-2 અને 3 ને પૂરા દાબમાં રાખે છે.

વર્ગ — 5

આ અંતિમ કૅટેગરી છે. જેમાં શિક્ષણ કે કોલેજ કે ટકાવારીનું ફિઝિકલ અસ્તિત્વ જ નથી હોતું. એ કોઈપણ જાતની ડિગ્રીના અભ્યાસ વગર ધર્મગુરુ કે બાબા બની જાય છે. જગતના લોકોને માયા ને મમતા છોડવાનો ઉપદેશ આપીને લોકોની ત્યાગ કરેલી માયા (?) અને મમતા (?) ઈ બાબા પોતાના શરણે લઈ લ્યે છે. આમ કશું ન ભણેલા વર્ગ પાંચના આ વિદ્યાર્થીઓના ચરણોમાં અન્ય ચારે'ય વર્ગ આજીવન પ્રણામ કરે છે...!

ક્યા સીન હૈ સર! યસ ધિસ ઈઝ ઈન્ડિયા. જેમ ભણતર ઓછું એમ અંકુશ અને પ્રોપર્ટી વધારે! ખરેખર, આ દેશ કઈ રીતે ચાલી રહ્યો છે એ સમજવા માટે તો મને લાગે છે મારે ફરી એક જનમ લેવો પડે. એવું ગોટે ચડ્યું છે. હિસ્ટ્રી નેવર રિપીટ. 'ઈતિહાસ કભી બદલતા નહીં' આવું લોથલછાપ વાક્ય અનેકો પાસે સાંભળ્યું છે! પણ ઈટ્સ ઓકે, નવો ઈતિહાસ તો લખી શકાય ને?

ઈતિહાસની ઘણી રિવાઈન્ડ ઈનિંગ આપણે નજરોનજર નિહાળી રહ્યા છીએ. છેલ્લા છ મહિના પર નજર કરો. માધુરી દીક્ષિતની ફરી એન્ટ્રી થઈ છે અને સંજય દત્ત જેલમાં...! યાદ છે ખલનાયકની સ્ટોરી... ક્રિકેટર શ્રીસંત પાછો લુંગી પહેરીને પોતાના નાળિયેર તોડવાના ફૅમિલી બિઝનેસમાં પરત જઈ રહ્યો છે. ને રીટાયર્ડ થયેલા ક્રિકેટરો પાછા ગઈઢે ગઢપણ કોમેન્ટ્રેટરો થઈને રીટર્ન થઈ રહ્યા છે. નરેન્દ્ર મોદી તમામ કક્ષાએ આગળ વધી રહ્યા છે અને એના સિનિયરો તમામ કક્ષાએ પાછળ જઈ રહ્યા છે. વડાપ્રધાન મનમોહન સિંહ કશું બોલતા નથી અને દિગ્વિજયસિંહ મુંગા રહેતા નથી જગમોહન દાલમિયા ફરી ઍન્ટર થયા અને શ્રીનિવાસનને એના જમાઈ સાથે પોતાના નિવાસસ્થાને જાવું પડ્યું છે. ઐશ્વર્યા રાય મા બનીને માર્કેટમાંથી નીકળી ગઈ છે તો માધુરી દીક્ષિત મા બનીને ફરી હતી ત્યાંને ત્યાં આવવા માટે મથી રહી છે. અનેક મૉડેલો રિયાલીટીમાં હિરોઈનો બની ગઈ અને અનેક હિરોઈનો રિયાલીટી શૉની મૉડેલ બની રહી છે..!

મૉરલ ઑફ ધ સ્ટોરી ઈઝ, હિસ્ટ્રી રિપીટ તો થાય જ છે, પણ તમે પીટાઈ જાવ પછી થાય છે. ઍન્ડ વૅલ એના સમયે જ થાય છે...!

હિમાદાદા મને કે' બાજુવાળા ચંદુભાઈનો છોરો ફર્સ્ટક્લાસમાં આવ્યો. મેં ચોખવટ કરી કે દાદા ઈ સૌરાષ્ટ્ર મેઈલમાં મુંબઈથી ફર્સ્ટક્લાસમાં આવ્યો છે. રિઝલ્ટમાં નહી! દાદા મને કે અમારા જમાનામાં તો પાસ થઈ જાવાની પાર્ટી દેવાતી અને અટાણે 92 % આવે તો ય

મા-બાપ અફસોસ કરે છે કે છ ટકા વધુ હોત ને તો મૅડિકલમાં મળી જાત! આલે લે...!

દરેક મા-બાપ પોતાનાં સંતાનોને શ્રેષ્ઠ સંસ્થામાં ઘુસાડવા ધમપછાડા કરે છે. દરેક સંસ્થા વિદ્યાર્થીઓને ભણાવવા ધમપછાડા કરે છે. પણ આજની આખેઆખી પેઢી જેને ફિઝિક્સ કરતાં ફેસબુકમાં વધુ ઈન્ટરેસ્ટ છે. મેથ્સ કરતાં મોબાઈલમાં ને સોશ્યલ સ્ટડીઝ કરતાં SMS અને ફિલોસૉફી કરતાં ગર્લફ્રેન્ડની ફ્રૅન્ડશીપમાં વધુ રસ છે. આપણે આપણા સંતાનોમાં ગમે તેટલા સંસ્કારો વાવીએ પરંતુ અંતે તો એ એનાં મા-બાપ જેવા થઈને જ રહે છે. શું ક્યો છો?



મિત્ર માયાભાઈ આહિરના શબ્દો:

સાંઈરામ, માણસ કેટલો વીઆઈપી થાતો જાય છે માણસને હવે સ્મશાને જાવા માટે પણ ગાડી (શબવાહિની) જોઈએ છીએ...!

૩૪

આવ રે વરસાદ

સ્કૂલોમાં ઍડમિશનની મોસમ છે. રાજકારણમાં રાજીનામાં દેવા અને પાછા ખેંચવાની મોસમ છે. ક્રિકેટમાં ફિકસિંગની મોસમ છે. અને આ બધી ધમાચકડીમાં વરસાદની મોસમ જાણે ભુલાઈ ગઈ હોય એવું લાગી રહ્યું છે.

આપણી આજુબાજુ અમુક માણસો ચામડી સાથે રેઈનકોટ લઈને જ જન્મતા હોય છે. કોઈ ગમે એટલું વરસે તોય એ પલળતા જ નથી. ચોમાસું એ પ્રકૃતિની દિવાળી છે. કોરી અને પથરાળ જમીને અચાનક વરસાદના છાંટા પડતાં કોઈ સત્તર-અઢાર વરસની નમણી નવોઢાએ લીલુડો સાડલો ધોઈ ધફોઈને પહેર્યો હોય એવી કામણગારી લાગવા લાગે છે! એટલે જ લોક કવિઓએ વરસાદને ખૂબ બિરદાવ્યો છે કે, ‘જેઠ કોરો જાય એનો ખંડમાં’ય ખટકો નહીં, પણ અષાઢનો એકએક દિ’, મુને વરવો લાગે વેરડા!”

“બહુ મથે માનવી ત્યારે વીઘો માંડ પવાય,
પણ રઘુવીર રીઝે રાજડા, તે દિ’ નવખંડ લીલો થાય...!

એક જમાનો હતો કે ખેડૂત ખેતરમાં હાથનું નેજવું કરીને વરસાદની કાગડોળે વાટ જોતો હોય અને ઈ વાદળાંને જોઈ હરખઘેલો ગાડું લઈને ઘરે પહોંચે ત્યાં વરસાદ ખેતરને ભીંજવી દેતો. હવે જમાનો બદલાતો જાય છે. ખેડૂત પોતે જ એમ કે’ કે આ વરસાદ આપણા ખેતરે નહીં આવે....! મૂળ તો એને પોતાને પણ ખબર હોય ને, કે એણે ધંધા જ એવા આદર્યા છે કે ‘માંગ્યા મેહ હવે વરસતા નથી. કેમિકલો છાંટીને ધરતીના રસકસ ચૂસતાં આપણે શીખી ગયા છીએ ને વાડીઓ વેંચીને ત્યાં હાઈરાઈઝ બિલ્ડીંગો કે મૉલ બનાવવામાં આપણને વધુ ઈન્ટરેસ્ટ છે. પછી વરસાદ શા માટે આપણામાં રસ લ્યે?

તેથી જ આ કવિ રમેશ પારેખે બે દુહામાં લખ્યું છે કે:

“ઓણુંકા વરસાદમાં, બે ચીજ કોરી કટ્ટ,
એક અમે પોતે અને, બીજો તમારો વટ્ટ,
નેવાં નીચે ઓસરી, ને આંસુ નીચે ગાલ,
નખથી નક્ષત્રો સુધી, જળ આંબ્યુ આ સાલ...!

વિદેશમાં જ્યારે વરસાદ પડે છે ત્યારે લોકો આકાશમાં જુએ છે કે ‘વોટ એ રેઈન!’

અને (આપણા દેશમાં જંઈ વરસાદ પડે છે તંઈ લોકો જમીન પર જુએ છે કે ક્યાંક ખાડામાં પગ ન આવી જાય.)

વળી, અમારા ગોંડલમાં તો નગરપાલિકાવાળાના ગટરનાં ઢાંકણાં કોક દર મહિને ચોરી જાય છે. વરસાદની સીઝનમાં સફાઈ કામદારો ઢાંકણા બંધખોલ કરવા જાવું ન પડે એટલે કાઢીને ઘરે લઈ જાય છે. ચોમાસામાં અમારા ગામમાં રોડ ઉપર ચાલવું સૌથી ખતરનાક છે. કારણ કે હિમાદાદાએ વરસાદમાં ફરવા માટે નેનો ગાડી લીધી છે. પહેલા વરસાદે જ દાદાની નેનો ભટકાણી. સામેની ગાડીવાળાએ કહ્યું કે દાદા મેં ફુલલાઈટ કરીને સાઈડ માંગી તો'ય તમે કેમ ન આપી? દાદા કહે, મેં વાઈપર ચાલુ કરીને ના તો પાડી'તી. તું ન સમજ્યો એમાં મારો વાંક?

જો કે ગામડામાં જેનું બાળપણ વીત્યું હશે એને તો યાદ પણ હશે કે વરસાદ મોડો પડે એટલે રામમંદિરે કે ગામના ચોરે ધૂન બેસાડતા. 'શ્રી રામ જયરામ જય જય રામ' ગળા ફાડીફાડીને ગામ લોકો ધૂન ચગાવતા અને જેવો ચાલુ ધુને મેઘલો મંડાય એટલે રામને અને ધૂનને અધવચ્ચે પડતાં મૂકી લોકો ખેતરે વાવણી માટે દોટ મુકતા, યાદ છે કોઈને? સ્વાર્થી લોકોને તો આ વરસાદ પણ ગમતો નથી. એના માટે મેં થોડાક રાફડીયા દુહા ઠબકાર્યા છે. લ્યો વાગોળો:

"ચારે બાજુ કિચડ કર્યા, ભર્યા ખાબોચિયાં બેઉ,
વરસાદ તને શું કહું? તેં કપડાં બગાડ્યાં સવારમાં,
ધોધમાર વરસાદથી, વીજળી થઈ ગઈ ગુલ,
અંધારે સૌ આથડે, મગજના ડબલાં ડૂલ...
ગાંઠિયાં અને ભજીયાં તણી, બજાર નીકળે ફાટી,
પ્રેમની ભૂરકીયું છાંટી, ભૂખ ઉઘાડે મેહુલો..."

તમે ગમે ત્યારે ગામની અંડરગ્રાઉન્ડ ગટર યોજના દ્વારા ગમે ત્યારે નીકળો એવી શક્યતાઓ ભરપૂર હોય છે. ચોમાસામાં અમારા ગોંડલમાં કોઈ ખોવાય એટલે પહેલાં નગરપાલિકાવાળા એને ગટરના 'બુગદા'માં ગોતે છે. ગત બે ચોમાસામાં ગટરભ્રમણ કર્યા પછી હિંમતદાદા ચોમાસામાં બહાર નીકળતા નથી. હિમાદાદાનો પગ કાદવમાં ખબમચ્યો ને ભેગી જ વીજળી થઈ એટલે દાદાએ તરત ભગવાનને રોકડું પરખાવ્યું કે એલા એક તો તું પહેલાં પગ ખૂંચાડે છે ને પછી પાછો ગઈઢા માણાહના ફોટા પાડે છે?

પરંતુ વરસાદની ઋતુ તો પ્રેમ-કવિતા-વિરહની ઋતુ છે. મારા જ શબ્દોમાં કહું તો:

"મોસમનો પહેલો વરસાદ હાલ માણીએ,
બુંદબુંદ બોલે છે કૈંક હાલ જાણીએ,
શબ્દો તો થાક્યા છે એને આરામ દે,
આંખોથી આંખોની મસ્તી વખાણીએ....!

આપણાં લોકસાહિત્યમાં વર્ષાના વધામણા કરતાં અનેકો દુહા છે. મોહનલાલ પટેલ લખે છે કે:

"ઉતર્યા દેવો આભથી, ચારે બાજુ વાસ,
અડકોદડકો રમ્યા કરે, તડકા માથે ઘાસ,
ઝરણે ઝાંઝર પે'રિયાં, નદીએ પહેર્યાં નીર,
ઓસરીઓ ઉભી રહી, જળનાં પહેરીને ચીર,

 —Of The Record— 

મેહુલાની પત્ની બની, વીજળી પાડે છે ફોટા ક્યાંક્યાં કરે છે ઈ ગોટા, ઈ ચેક કરે વીજળી પડી, ઈશ્વરનો આ રિયાલીટી શો, જજ વગર ઝળુંબતો, પ્રેમથી માણા પલળતો (આમાં) બિગ બૉસ ભગવાનજી. "ફિક્સિંગ થાય વરસાદનું જો આઈપીએલ ની જેમ, તો દિલ્હીના ભરાય ડેમ, સંધાય કોરા ર્યે સાગમટે."

૩૫

કેદારનાથથી મહાદેવનો મેઇલ

ફ્રોમ — કેદારનાથ મહાદેવ ટુ — ઋલ પબ્લિક
બીસીસી — ઑલ યુનિવર્સ. સબજેક્ટ — પુરની ચોખવટ બાબત.

વહાલા ભક્તોને મારા આશીર્વાદ. કેદારનાથના મારા યાત્રાધામ પર જે પૂર આવ્યું એનાથી તમને તકલીફ તો ખૂબ પડી હશે. કિંતુ આઠ-દસ આકસ્મિક મૃત્યુઆંકથી તો હવે તમે સહેજ પણ પ્રભાવિત થાતા નથી. તમારાં છાપાં સાથે મોતના દર્દનાક સમાચારો તમે ચાની જેમ પી જાવ છો. એટલે તમારૂ સૌનું ધ્યાન ખેંચવા આવા ‘હોલસેલ હેડેક’ જ મોકલવા પડે છે.

એક રહસ્યની ચોખવટ કરવા જ આ મેઈલ કરી રહ્યો છું કે કચ્છનો ભૂકંપ હોય કે તામિલનાડુની સુનામી, કંડલાનું વાવાઝોડું હોય કે સુરતનું પૂર કે કેદારનાથનું પૂર એ પ્રકૃતિનું રૌદ્ર સ્વરૂપ છે. જેને મેં સાક્ષીભાવે માત્ર નિહાળ્યું છે. તમે લોકોએ જે નદીઓ-પર્વતો અને ઝરણાઓ રોકીરોકી અને એના કિનારા દબાવીને બંગલાઓ ચણી લીધા છે, આ એનું જ પરિણામ છે. સરકારી અધિકારીને લાંચ આપી તમે પ્રકૃતિની સરકાર પર દબાણ કર્યું એટલે પ્રકૃતિએ આવું પગલું ભર્યું છે. ને, હા મારું રૌદ્ર સ્વરૂપ ઝીલવાની તો સમગ્ર સૃષ્ટિમાં કોઈની તાકાત જ નથી. એટલે મારી ઉપર આરોપો કરતાં પહેલાં વિચારજો. કારણ કે મને જ્યારે ક્રોધ આવે છે ત્યારે ઈ સીધેસીધો સોએ સો ટકા જ આવે છે.પ્રકૃતિ અને પૃથ્વી તો “માં” છે એટલે પૂર મોકલીને ઈ બીજે દિ’ શાંત પડી જાય. દીકરાને ખીજાયા પછી માથે હાથ ફેરવવાનો માનો સહજ સ્વભાવ હોય. પરંતુ બાપાની સિસ્ટમ એવી સોબર ન હોય. જ્યારે હું રૌદ્ર રૂપ ધારણ કરીશને, ત્યારે કોઈ કોઈને બચાવવાળું જ નહીં હોય. આઈ બાત સમજ મેં???

ખીજ ચડે છે ભક્તો...1 ખતરનાક ખીજ ચડે છે તમારી માનસિકતા પર...! (તમામ ધર્મના દરેક યત્રાધામો-શક્તિપીઠો ને મંદિરોને તમે રૂપિયા કમાવાની ફેક્ટરીઓ બનાવી દીધી છે. મારા જ મંદિરોની બહારની માર્કેટમાં હું આજે મારો ફોટો કે મારી ડાયમંડની મૂર્તિ ન લઈ શકું એટલો મોંઘો તમે મને બનાવી દીધો છે. કેદારનાથને કેદ કરીને મારાં દર્શનનાં રૂપિયા મારાજ ભક્તો પાસેથી વસુલો છો??

અરે વ્હાલા...હું તો સ્મશાનની ચપટી ભભૂતથી રીઝી જનાર ભોળિયો એક ટબુડી દૂધ ચડાવે એને દીકરા દઈ દઉં એવો મહાદેવ...! ને મારા યાત્રાધામોમાં મારા નામે આવડો મોટો બિઝનેસ? મારે વિનંતી કરવાની ન હોય છતાં કહું છું કે યાત્રાધામોના સ્થળે આચરાતા તમામ પ્રકારના ભ્રષ્ટાચાર અને અનિતિના ધંધા યુધ્ધના ધોરણે બંધ કરો. આ તાંડવ રૂપિયાની દોડમાં આંધળા થઈ ગયેલા મનુષ્યોને જગાડવા જ મોકલ્યું છે કે, હે પામર જીવો, મને પામવામાં તમારી આખી જિંદગી વહી જાય, ને તમને પતાવવામાં મને આટલી સેકન્ડ લાગે.

યાદ રાખજો. આ, દેશના કોઈપણ મંદિરો એ તમારા હવા ખાવાનાં કે ફરવાનાં પિકનિક પ્લેસ નથી. મારા શરણે આવો ત્યારે સાધક બનીને સાધના કરવા આવો. 'મજા' કરવા નહીં!!! હું કઈ તમારા લાસવેગાસનો કેસીનો કે થાઈલેન્ડનું મસાજ પાર્લર નથી કે તમને આનંદ આપું...! (હું સ્વયં આનંદસ્વરૂપ છું. મને મારી રીતે પૂરા દિલથી, ભીની આંખથી પામવાની કોશિશ કરો. એક પુકાર તો લગાવો વ્હાલા, હું તમારા નિજમંદિરમાં તમને બદ્રી-કેદાર કે અમરનાથની અનુભૂતિ કરાવીશ ઈ પ્રોમિસ...! પહાડોમાં ધક્કા ખાઈને ભક્તો મારી પાસે 'મારા સિવાય' બીજું બધું માંગે છે! હે ભગવાન...!

સ્વજનો ગુમાવ્યાનો તમને રંજ હશે પણ ઈ મારા હતા ને મેં મારી ગોદમાં સમાવી લીધા. એને મોક્ષ મળી ગયો.) તોય તમે હજી ફલાણી કે ઢીંકણી ચેનલમાં વિલાપના ઈન્ટરવ્યુ આપો છો? અરે એકાદ જણ તો કહો કે અનંત જન્મોની સાધના પછી કેદારનાથની ભૂમિ પર મૃત્યુ મળે...! પણ.. તમને તો...! ખેર, પરોક્ષ રીતે પ્રકૃતિએ આ કહેર દ્વારા તમને ચેતવ્યા છે. જેવી પૃથ્વી અને પ્રકૃતિ તમને તમારા પૂર્વજોએ આપી હતી એવી જ તમે તમારા વંશજો ને આપવાની આજથી જ પ્રતિજ્ઞા લઈ લ્યો...! નહીંતર મારા તાંડવ માટે તૈયાર રહેજો! યે તો અભી ટ્રેલર હૈ, ફિલ્મ અભી બાકી હૈ!

ને લાસ્ટ બટ નોટ ધ લીસ્ટ, સરકારી તંત્રને ભાંડવાથી કશો ફર્ક પડવાનો નથી. મારે હતા એના કરતાં મોટાને પહોળા રસ્તાઓ અને ચોખ્ખઈ કેદારનાથમાં જોતી'તી એટલે મેં શીફટ + ડિલિટનું બટન દબાવ્યું છે. આ વિનાશ એ વિકાસ પહેલાંનો વિનાશ છે. તંત્ર ક્યાંય ન પહોંચ્યું એનો ગુસ્સો સૌને છે, પરંતુ દેવદૂત બનીને મારા ગણ જેવા આર્મીના જવાનોએ જે મદદ કરી એનો હરખ કોઈને નથી? આ ન્યુઝ ચેનલવાળા જે રોંદણાંનું લાઈવ ટૅલિકાસ્ટ કરે છે, એને કહો કે આર્મીના પૉઝિટિવ ન્યુઝ પણ બતાવે.

નહીંતર એક દિ' હોલસેલમાં આખી દુનિયાની તમામ ન્યુઝ ચેનલોને ઉપાડી લઈશ...1 પ્લીઝ ભક્તો, આ મેઈલની વાતોમાં ધ્યાન ધરો. શિવ શિવ કરો...1 યાત્રાધામોમાં લૂંટવાનું બંધ કરો! પૃથ્વી અને પ્રકૃતિને પ્રેમ કરો, નહીંતર...! જેવા કરો એવા ભરો...1

સાધકોની પ્રતિજ્ઞામાં સદૈવ
તમારો મહાદેવ
(હાલ કેદારનાથ લાઈવ)



દીનબંધુંનું નામ દયાળુ હવે ફેરવી નાંખ હરિ, બળિયાના બેલીનું બાપા,

નામ રૂપાળું રાખ હરિ.

- કવિશ્રી પિંગળશી ગઢવી

૩૬

દંપતીના દેકારા

આ મારા ગોંડલમાં પાત્રો તો ઘણાં છે પણ હિમાદાદા ને શાંતિકાકીના પ્રસંગો જ એટલા બધા છે કે હજી સુધી શેરીની બહાર કૉમેડી શોધવા જાવું નથી પડ્યું. દાદા ઝાઝું ભણ્યા નથી, છતાં કોઈ પૂછે તો તરત જ પોતાની ડિગ્રી જણાવે કે હું MABF સુધી ભણેલો છું. એક દિ' મેં પૂછ્યું કે, દાદા આ MABF કઈ યુનિવર્સિટીની ડિગ્રી છે? દાદા કહે ડિંડક યુનિવર્સિટી... સાંઈરામ... એટલે મેટ્રીક એપિયર બટ ફેઈલ. બોલો લ્યો. આ જાણીને મને શાંતિકાકીનું શિક્ષણસ્તર જાણવાની તીવ્ર ઈચ્છા થઈ.

મેં તરત કાકીને પૂછ્યું: કાકી, તમે ક્યાં સુધી ભણેલાં છો? કાકી કહે, બપોર સુધી...! મેં પૂછ્યું એટલે? કાકી કહે બેટા હું 7 MMP ' સુધી ભણેલી છું...! વળી હું ગોટે ચડું ઈ પહેલાં હિમાદાદાએ ચોખવટ કરી કે, ૭ MMP એટલે સાત ધોરણ માંડમાંડ પાસ...

શાંતિકાકી ભલે સાત ધોરણ જ માંડમાંડ પાસ છે પણ કાકીની કોઠાસૂઝ પાસે M.Sc., B.Ed . કરેલી બાયું પાછળ રહી જાય હોં! માણસ ઓળખવામાં અને વિકટ પરિસ્થિતિટાણે ઝડપી નિર્ણય લેવામાં આપણાં અભણ વડવાઓ પાંહે ઍજ્યુકેશન પાણી ભરે હોં! એટલું તો સ્વીકારવું જ પડે.

પણ આ અઘરું કપલ કોઈ દિ એકે'ય વાતે એકબીજાંને સહમત ન થાય. મને તો એવું લાગે છે કે હિમાદાદા ને શાંતિકાકી માત્ર એના લગ્નના આલ્બમમાં જ સાથે હતા. બસ ઈ પછી કદાચ બન્ને એકેય વાતે સહમત નથી થયા. એક 'દિ હિમાદાદા તાડુક્યા, કે તું દરેક વાતે મારો વિરોધ કરે છે. મારી એકેય વાતમાં તું સહમત નથી તો હું શું ગધેડો છું? ઠંડે કલેજે શાંતિકાકીએ જવાબ આપ્યો કે લ્યો, આ વાતમાં હું સહમત છું બસ...!

ઘરના નળથી માંડી નેલ્શન મંડેલા સુધીની ચિંતા અને ચર્ચા કરવાનો બંનેને શોખ અને આ જ બંન્નેની મુખ્ય પ્રવૃત્તિ. આપણા વડાપ્રધાને શું કરવું જોઈએ અને વિરોધપક્ષે શું ન કરવું જોઈએ એની સાચી ખબર અમારા હિમાદાદા અને શાંતિકાકીને જ છે. બન્નેના મતભેદો ખરા પણ મનભેદ નહીં.

શાંતિકાકી બોલ્યાં કે સાંભળ્યું, તમે મગજ થોડોક ઠંડો રાખો, કારણ એન્ગ્રી તો હવે બર્ડ પણ છે. દાદા કહે, તું પણ થોડીક સંસ્કારી થા... સુશીલ તો હવે શિંદે પણ છે. કાકી કહે તમે'ય થોડા'ક હેન્ડસમ થાવ, બાકી રૂપિયાવાળો તો મુકેશ અંબાણીનો જાડિયો પણ

છે... દાદા કહે તું'ય થોડીક ફૉરેનર જેવી લાગવા માંડ. લોકલ તો મુંબઈની ટ્રેન પણ છે... હં!) શાંતિકાકી વળી ખિજાણાં કે તમારે થોડું દિલનું મોટું થાવું જોઈએ... છોટા તો હવે ભીમ પણ છે હં! હિમાદાદા કહે તારે પણ લિમિટમાં રહેવું જોઈએ અનલિમિટેડ તો ઈન્ટરનેટ પણ છે...!

કાકા-કાકીનો વાર્તાલાપ સાવ અરથ વગરનો હોવા છતાં ઉગ્રસ્વરૂપ ધારણ કરે ઈ પહેલાં મેં એન્ટ્રી લીધી. બે'યને શાંત પાડ્યાં. મેં કહ્યું કે, કાકા-કાકી, પતિ-પત્નીનું જીવન સ્વીટ હોવું જોઈએ. તીખા તો રામદેવના મસાલા પણ છે... ને આવડી ઉંમરે તમારે એક થઈને રહેવું જોઈએ. બાકી ઝઘડા તો આપણી સંસદમાં પણ છે.. સમજ્યા કે નહીં!

બે મહિના પહેલાં અમેરિકાની આકાશપરી સુનિતા વિલિયમ્સ ગુજરાત પોતાના વતન 'ઝુલાસણ' જિ. મહેસાણામાં આવી'તી. દાદાએ તરત મને પૂછ્યું કે આ સુનિતાબેન સાચે જ ચંદ્ર ઉપર ગઈ હશે? મેં કહ્યું: દાદા, હાસ્તો! આ થોડી કાંઈ ગપ્પાબાજી છે? દાદા કહે સાલું મને ઈ નથી સમજાતું કે બાઈમાણહ ઉઠીને એણે ચંદ્રમાં કાણું કેવી રીતે પાડ્યું હશે?

મેં ઊંડો નિસાસો નાંખ્યો. દાદા તમે રહેવા દો, ખોટું મગજ કસો નહીં. ક્યાંક બ્રેઈન ટ્યુમર થાશે! દાદા કહે, ના ના, એમ વિચારવું તો પડે ને! મેં પણ મનમાં નક્કી કર્યું છે કે જો ચાન્સ મળે તો આપણે પણ સૂર્ય ઉપર જાવું છે."

મને ઓંતરાસ આવી ગ્યો. મેં તરત રોક્યા કે દાદા, સૂર્ય ઉપર અગ્નિ હોય ઈ કાં ભૂલી જાવ છો?

ખડખડાટ હસીને હિમાદાદા મને કહે ઈ પહેલાં વિચારી લીધું સાંઈ...! આપણે નક્કી કર્યું છે કે સૂર્ય ઉપર રાતે જાવું! કેમ છે આઈડિયા? મને બે ઘડી તો મનમાં થયું કે આ આઈડિયા જો અભિષેક બચ્ચનને આપું તો ઈ આઈડિયા સમેત સમાધિ લઈ લે. આટલું હજી અધૂરું હોય ત્યાં શાંતિકાકી દાળનો વઘાર પડતો મૂકીને સ-વેલણ બહાર આવી બોલ્યાં, કે આપણાં કરતા આ ચંદ્ર અને મંગળ ગ્રહવાળા ખરેખર બુધ્ધિશાળી છે. ઈ આપણને ગોતવા માટે હર વર્ષ કરોડો રૂપિયાનો ધુમાડો તો નથી કરતાં ને?

સાલ્લી...વાત તો સાચી હોં...! આ ધરતી ઉપરના લોકોને મળવામાં અને સાચવવામાં હજી આપણે ટૂંકા પડીએ છીએ તો આમાં ચંદ્ર અને મંગળના માણસો સાથે વહેવાર શરૂ થાય તો? દીકરીનાં લગન ચંદ્ર પર રાખવામાં આવે, ને કોકના બાપુજીનું બેસણું મંગળ ગ્રહ પર...! ચંદ્ર-મંગળ-પૃથ્વી અને બીજા તમામ ગ્રહો પર જન-જીવન જો જડી આવે, ને બધા વચ્ચે વાટકી વહેવાર શરૂ થાય, તો??? બધું'ય મારે જ વિચારવાનું? થોડુંક તમે'ય વિચારો યાર...!

 —Of The Record— 

રોજ બદલતી દુનિયામાં વિજ્ઞાનની દાનત બગડી છે, નાદાનની કોઈ વાત નથી વિદ્વાનની દાનત બગડી છે., ચંદ્ર ઉપર પહોંચ્યો છે માણસ ધીરે ધીરે ડગલે પગલે, ચંદ્ર હવે ચેતીને રહેજે ઈન્સાનની દાનત બગડી છે.

૩૭

દિલના તાર બિયર બાર

મુંબઈમાં ડાન્સ-બાર ફરી ધમધમશે!

આ ચુકાદો જેવો જાહેર થયો એ ભેગો એક SMS દરેકના મોબાઈલમાં ફરતો થઈ ગયો કે 'ભારતમાં હવે તાર-સેવા બંધ, બાર-સેવા ચાલું'. તાર બંધ થઈ ગયા હોવા છતાં લાકડિયા તારની માફક આ સમાચાર દેશ આખામાં ફરી વળ્યા. આપણા હિમાદાદાને તો હરખનો માર્યો હાર્ડ-ઍટેક આવી જાત (કાઠિયાવાડમાં હાર્ટ-અટૅકને હાર્ડ-ઍટેક જ બોલાય હોં..), પણ હિમાદાદાનો આ હરખ શાંતિકાકી સામે તો દર્શાવાય નહીં, એટલે ધરાહાર (પરાણે) વીલું મોં કરીને કાકીને કહેવા લાગ્યા કે 'એ સાંભળ્યું, મને આ દીકરીયું આમ નાચે ઈ જરાય ન ગમે. મુંબઈની બહુ ચિંતા થાય છે.'

શાંતિકાકીએ તરત જ છણકો કર્યો કે 'જાઓને જુઠ્ઠા! ચકલી ફૂલેકે ચડી હોય એમ તમારી ઈ ચિંતા તમારી આંખોમાં સ્પષ્ટ આનંદસ્વરૂપે દેખાઈ રહી છે, અને તમે નહીં, આખા ગુજરાતમાં તમારા જેવા ઘણાબધા ગેલમાં આવી ગ્યા હશે, કારણ કે મુંબઈના આ બિઝનેસની સફળતાના પાયામાં 98 % ગુજરાતીઓ છે! જાઓ હવે, ગામના તમારા સમદુખિયાઓને આ ન્યુઝ કહી આવો. મુંબઈવાળાઓને તેમની દીકરીઓની પડી નથી તો તમને શેની હોય? હં... છાણના કીડા છાણમાં જ ખુશ રહે. ઊપડો.'

આઈપીએલની ફિક્સિંગમાં લાંચ લેતાં કોઈ ક્રિકેટર પકડાઈ જાય એવું એરંડિયા પીધેલું મોં લઈને હિમાદાદા મુંબઈના બાર-ડાન્સરોના સમાચાર બાંટી આવ્યા.

જરાક ફ્લૅશબૅક યાદ કરાવું તો વર્ષો પહેલાં આ શાંતિકાકીને 'બાર-ગર્લ' શબ્દની ખબર જ નહોતી. કાકીને મનમાં એમ હતું કે આવડા મોટા મુંબઈમાં બાર (અંકે 12 નંગ પૂરી) છોકરીયું નાચે એમાં આટલો બધો શું દેકારો કરવો? કાકીના મતે દીકરીયું કે વહુઓ ઘરમાં નાચે તો ઘર ગોટે ચડે, બાર (બહાર) નાચે એમાં શું રાડ્યું પાડવી? કિન્તુ સોસાયટીની એક સુધરેલી વહુએ શાંતિકાકીને 'બાર-ગર્લ'નો સાચો પરિચય આપ્યો ને પછી તો કાકીએ દેકારો બોલાવ્યો.

કારણ કે હિમાદાદા વરસોથી મહિનામાં ઓછામાં ઓછા એક વાર મુંબઈ ધક્કા ખાતા'તા એના પર ક્વૅરી બેઠી. રાષ્ટ્રના લગભગ મુદાઓ પર દેશ સીબીઆઈને અને સીબીઆઈ દેશને જેમ ગોટે ચડાવે છે એમ સેમ ટુ સેમ કાકીએ ઘર માથે લીધું હિમાદાદા

સિદ્ધિવિનાયકની માનતાના બહાને સીધેસીધા ડાન્સ-બારમાં જ જતા હતા. એ અંતે સાબિત થઈ ગ્યું. હવે સિત્તેર વર્ષે દામ્પત્યજીવનમાં ભંગાણ પણ પડી-પડીને શું પડે? એકબીજાને આપવા જેવું કશું બાકી જ નહોતું એટલે શાંતિકાકીએ હિમાદાદાને ડિવોર્સ પણ ન આપ્યા. કાકીના મતે ડિવોર્સ આપીને ઈ હિમાદાદાને સહેજે પણ સુખી કરવા ઈચ્છતાં નહોતાં. તમામ સબૂતો ઔર ગવાહોં કો મદેનઝર રખતે હુએ હિમાદાદાકો શાંતિકાકીકી અદાલત મુંબઈ કે ડાન્સ-બાર દેખને પર ઔર મુંબઈ જાને પર આજીવન પ્રતિબંધ લગાતી હૈ. કાકી લેડી હિટલર બન્યાં. ઘરમાં હિમાદાદાએ ટીવીમાં કઈ ચૅનલો જોવી એના પર કાકીએ ફતવા જાહેર કર્યા. આ ડાન્સ બંધ થયા ઈ કાકીની ‘હાય’ને લીધે જ થયા (આવું શાંતિકાકી માને છે.) તો 2013 માં આ ડાન્સ-બાર ફરી શરૂ થયા ઈ હિમાદાદાના આઠ વરસના તપનું પરિણામ છે (આવું હિમાદાદા માને છે!) પણ એક વાત કહું! ‘બાર’ શબ્દથી પછી તો કાકીને એવી નફરત થઈ કે ફળિયામાંથી ‘બારમાસી’ ફૂલનો છોડ પણ ઉખેડીને ફેંકી દીધો. ‘બા’ર-વટિયા’નાં જેટલાં પુસ્તકો હતાં ઈ પસ્તીમાં દઈ દીધાં. ગોંડલના ‘બાર અસોસિએશન’ અને ‘બાર કાઉન્સિલ’ વાળા સોસાયટીમાં મને મળવા આવ્યા’તા. તેમને પણ ઘઘલાવી નાખ્યા. છાપાંમાં ક્યાંક બારમા ખેલાડી વિશે આવે તોય કાકી વહેલા ઊઠીને એમાંથી ‘બાર’ શબ્દ કાતરથી કાપી નાખે ને હાઈટ ઓફ ધ ચર: તા. 12/12/12 ના રોજ કાળો સાડલો પેરીને ઘરમાં શોક પાળ્યો. ટૂંકમાં હિમાદાદાને ‘બાર’ શબ્દ ક્યાંયથી યાદ ન આવે એવા કાકીએ યત્કિંચિત તમામ પ્રયત્નો કર્યા, પણ બાયડી ઈ બાયડી ને ભાયડા ઈ ભાયડા વાંદરા નિસરણી ભૂલે?

મુંબઈના ડાન્સ-બારમાં રૂપિયા ઉડાડવા એટલે ઝાંઝવાના સ્વિમિંગ-પૂલમાં માથાબોળ સ્નાન કરવા જેવી ઘટના છે. રશિયન ફિલોસૉફર સર ગોર્કી અમેરિકના પ્રવાસે ગયા. ત્યાંના મનોરંજન મેળવવાનાં સ્થાનો ને તુક્કાઓ જોઈને તે રડી પડ્યા. એક અમેરિકને કારણ પુછ્યું તો સર ગોર્કીએ કહ્યું કે જે પ્રજાને મજા મેળવવા આટલું ઉઘાડા થઈને નિમ્ન સ્તરે જવું પડે એ દેશ કેટલો ગરીબ કહેવાય?

મૉરલ ઑફ ધ સ્ટોરી ઈઝ, દોઢ લાખ બારબાળાઓને રોજીરોટી આપવા માટે બીજા પચાસ લાખ કુટુંબની શાંતિ હોમી દેવાનો ક્યાંનો ન્યાય? અરે, રોજીરોટીનો પ્રશ્ન વિચારતા હો તો દસ લાખથી વધુ બાળકો મુંબઈમાં સિગ્નલે-સિગ્નલે ભીખ માગે છે તેમને સ્કૂલમાં સેટ કરો ને, આ બધી ડાન્સબાળાઓને તેમની ટીચર બનાવી દો. મારી પાસે આવાં આખા દેશના પ્રોબ્લેમનાં સૉલ્યુશન છે, પણ મારું માને કોણ? જેનો આગુ (સેનાપતિ) આંધળો તેનું કટક કૂવામાં, એમ આપણો કાનૂન માત્ર આંધળો નથી, પણ બહેરો પણ છે.

હું કોઈ ધર્મભૂષણ કે સંસ્કૃતિરત્ન તરીકે ઉપદેશ આપવા આ બધું નથી લખતો. પણ જો કોઈ ડાન્સ-બારમાં રૂપિયા ઉડાડનાર આ લેખ વાંચતા હોય તો... (જો કે મોડી રાત સુધી જાગ્યા હોય એટલે નહીં જ જાગ્યા હોય...!) તમારી આખી નાતને મારે એ જ કહેવું છે કે ‘આનંદ’ તમારી અંદરથી જ આવે છે દોસ્ત. જો તમે તમારી પત્નીથી ખુશ ન હો તો માઈન્ડ ઈટ જગતની કોઈ સ્ત્રીથી તમે કદી ખુશ નહીં થઈ શકો. વળી નાચગાન જોવાનો શોખ જ હોય તો આ ફિલ્મોને આઠ-આઠ વાર જોઈ લ્યોને યાર! એક ટ્રૅક્ટર ભરાય એટલી મુન્નીઓ, ચમેલીઓ, જલેબીઓ મુંબઈની આ ‘બાર’ની છિપકલીઓ કરતાં તો વધુ મસ્ત રીતે નાચે છે યાર...

એક-એક રાતના લાખો રૂપિયા ઠૂમકા પર કુરબાન કરતી વખતે હે શેઠિયાઓ, હે પીધેલાઓ, હે ફાંદાળાઓ, હે ટાલિયાઓ, હે મરદ મુછાળાઓ(?) આટલું વિચારજો, કે આ ‘બાર-ગર્લ’ની જગ્યાએ આપણા પરિવારનું કો’ક હોત તો? આ વિચાર આવ્યા પછી

જો નૉનસ્ટોપ નોટો ઉડાડી શકો તો માનજો કે તમે પુરુષ નથી માનસિક રીતે નપુંસક છો.

અને હા, લાસ્ટ બટ નૉટ ધ લીસ્ટ, એકાદી ઝૂંપડપટ્ટીની દીકરીના રૂપ પર રૂપિયા ઉડાડવા કરતાં ગરીબ દીકરીની પાછળ રૂપિયા લગાડીને જીવનમાં એકાદ દીકરીને ભણાવી દેજો. ઍટલીસ્ટ, વીસ વરસ પછી આ સમાજમાં એક 'બાર-ગર્લ' બહાર પડતી જરૂર અટકશે!



આપણે રૂપિયાવાળા હોઈએ તો આપણને ઉત્તમ ડૉક્ટર મળે, પણ ઑપરેશન તો આપણે જાતે જ કરાવવું પડે.
શેઠને બદલે તેનો ડ્રાઈવર ટાંકા સહન કરી લ્યે એમ ન હાલે!
આપ મૂઆ વગર સ્વર્ગમાં ન જવાય, એમ આપણું દુઃખ કે કર્મ તો આપણે જ ભોગવવું પડે.

૩૮

આઝાદીનું અંધારું

સલમાન અને શાહરુખે ગળે મળી લીધું એટલે દેશમાં હવે ગરીબી, બેકારી અને આતંકવાદ જેવા નાના-નાના પ્રશ્નો જ બાકી રહ્યા.

સવારના આઠ પંચાવનની વિરાર-ચર્ચગેટ ફાસ્ટ લોકલ ટ્રેનમાં કોઈ અજાણ્યો જુવાન દરવાજેથી અચાનક લપસીને સેકન્ડના છઠ્ઠા ભાગમાં કપાઈને કટકા થઈ જાય તો આખો ડબ્બો જે શહેરમાં 'કટ ગયા સાલા' એટલું જ બોલે છે એવા બેફિકર અને બિન્દાસ મુંબઈ શહેરમાં સૌ દેશવાસીઓએ યાદ રાખીને ગઈ પંદર ઑગસ્ટે રાષ્ટ્ર માટે શહીદ થયેલાઓને સલામી આપી હશે એવી મને સહેજ પણ શ્રધ્ધા નથી. ધ્વજવંદનમાં દેશના દસ ટકા લોકો જ દિલથી ભાગ લ્યે છે અને બીજા દસ ટકાઓને ફરજિયાત ભાગ લેવો પડે છે.

આપણા આખા દેશની હાલત મહારાષ્ટ્ર કે ગુજરાતની ખખડી ગયેલી સિટી કે એસ.ટી. બસ જેવી થઈ ગઈ છે. જે બસમાં દુનિયાનું શ્રેષ્ઠ યુવાધન ખીચોખીચ ભર્યું છે. વર્લ્ડના ટૉપ ડૉક્ટરો, ઈજનેરો, કવિઓ ને સંતો વગેરે ઈ બસમાં બેઠા છે; પરંતુ એ બસના ડ્રાઈવર ચાર ચોપડી પાસ છે, આમ ભારત દેશમાં જન્મેલા ઈન્ટેલિજન્ટ લોકોનું ભાવિ અભણ ડ્રાઈવરોના હાથમાં છે.

હિંમતદાદાએ મને એક મસ્ત સવાલ કર્યો કે સાંઈ, આપણો દેશ જે એક જમાનામાં 'સોનાની ચકલી' કહેવાતો, એમાં આટલું બધું અંધારું કેમ છે? દાદાના જવાબમાં એક કવિતા નીકળી. વાચકો, લ્યો, ચગળો ઈ જવાબને;

"અડધી રાતે આઝાદી આવી'તી તેથી અંધારું છે;
ભાગલાઓ પાડીને લઈ જાવી'તી તેથી અંધારું છે'
કૈંક લીલુડાં મરદ માથડા શહીદ થયા માભોમ ઉપર;
એની વીરકથા કોને ગાવી'તી, તેથી અંધારું છે!
ભૂખ્યા તરસ્યા રહીને પાય પડીને ગરીબડાં થઈને;
બિચારાની છાપ ઉપસાવી'તી તેથી અંધારું છે!
ભ્રષ્ટાચારો-કૌભાંડો-જુલમોથી લથબથ જોઈ દશા;
મા ભારતની ક્યાંક 'હાય' નીકળી'તી તેથી અંધારું છે!
અંગ્રેજોનો એરુ એવો દેશને મારા ડંખી ગ્યો;
સંસ્કૃતિ શું હતી એ ભુલવાડી'તો તેથી અંધારું છે!

સેક્યુલરનો સવાલ શું મા ભારત કરતાં મોટો છે?
ધરમના નામે રાજનીતિ રમવી'તી તેથી અંધારુ છે!
મુક્ત કરો ભારતને જાગો વીરલાઓ નરબંકાઓ;
વીર ચેતના ભારતની સૂતી'તી તેથી અંધારું છે!"

હિમાદાદા તો આ કવિતા વાંચીને ભેટી પડ્યા. (અને તમે પણ ઈચ્છતા હશો પણ આખું મુંબઈ ભેટવા આવે તો-તો બે વરસ લગી ભેટવાનો જ પ્રોગ્રામ ચાલે! માટે તમે લેખ આગળ વાંચો.) શાંતિકાકી રસોડામાંથી પ્રગટ થયાં કે સાંઈરામભાઈ, હું તમારી કવિતા જ્યારે-જ્યારે સાંભળું છું ત્યારે 'ભરાવદાર' થઈ જાઉં છું. આ સાંભળી મને ઓંતરાસ આવી ગ્યો. મેં કહ્યું, 'કાકી, એને 'ભરાવદાર' નહીં; ભાવવિભોર કહેવાય.'

કાકી કહે, 'હા ઈ જ. હું ભલે ખોટું બોલી, પણ તમે તો સમજી ગ્યાને!'

ત્યાં હિમાદાદાએ સાવ નેફા વગરની વાત વચમાં મૂકી કે 'સાંઈ, સલમાનખાન અને શાહરુખખાને ગળે મળી લીધું એટલે હવે ભયો ભયો. દેશના નેવું ટકા પ્રોબ્લેમ સોલ્વ થઈ ગયા હોય એમ આ ન્યુઝ-ચેનલોએ ચલાવ્યું બસ હવે દેશમાં ગરીબી ને બેકારી ને આતંકવાદ જેવા નાના-નાના પ્રશ્નો જ વધ્યા છે. શું ક્યો છો ભાઈ?'

દાદા મને સવાલોમાં અટવાવે ઈ પહેલાં જ મેં નાદારી નોંધાવી દીધી કે 'દાદા, મારે સ્કૂલમાં પંદરમી ઑગસ્ટની તૈયારી માટે જવાનું છે. પ્લીઝ, હું નીકળું?'

ત્યાં શાંતિકાકી હસીને બોલ્યાં કે 'રહેવા દે બેટા, પંદરમી ઑગસ્ટનું નામ પડતાં તારા દાદા બકરીની બે જેવા થઈ જાય છે.'

મેં પૂછ્યું, 'કાં કાકી?'

કાકીએ ફોડ પાડ્યો કે 'આજથી વરસો પહેલાં તારા દાદાનાં ને મારાં લગન પંદરમી ઓગસ્ટના રોજ થયાં'તા. એટલે અમારી શું કહેવાય, ઍનિવર્સરી છે.'

આ સાંભળી દીવેલ પીધા જેવું મોઢું કરી હિમાદાદા તાડૂક્યા કે 'ઍનિવર્સરી નહીં, લગનની વરસી કહે વરસી! સાંઈરામ, આપણો દેશ આઝાદ થયો, ને એ દિવસે જ હું ગુલામ થઈ ગ્યો. બાયડીની બરબાદીનો જનમટીપ કેદી! અને દર વરસે સરકાર મારી ગુલામીના માનમાં રજા રાખતી હોય એવું જ મને તો લાગ્યા કરે છે.'

દાદાની દુ:ખતી રગ મારાથી દબાઈ ગઈ એટલે મેં વિષય ફટાફટ ચેન્જ કર્યો, (સલમાનખાન, જેટલી ઝડપથી ગર્લફ્રેન્ડ બદલાવે છે અને દિગ્વિજયસિંહ જેટલી ઝડપથી પોતાનું સ્ટેટમેન્ટ બદલાવે છે એટલી ઝડપથી...) 'હિમાદાદા, તમારા બાળપણમાં તમે ગામડે સ્વાતંત્ર્યપર્વ કેમ ઊજવતા એની તો વાત કરો.'

દાદા ક્યે, 'પૂછ મા સાંઈ, ઈ પણ કીધા જેવી નથી. ત્યારે તો આખું ગામ ધજાપતાકાથી અમે ફાળો કરીને શણગારતા, આખી નિશાળમાં આચાર્યશ્રીએ ધ્વજમાં બાંધવાના ફૂલનું પડીકું લઈ આવવાનું મને કહ્યું. એવે જ ટાણે બીજાં એક શિક્ષિકાબહેને બજરની પડીકી મગાવી. ફૂલને બદલે મારાથી રાષ્ટ્રધ્વજમાં બજરની પડીકી બંધાઈ ગઈ અને ઓલા બેનને ફૂલ દેવાનું પણ હું ભુલી ગ્યો, નહીંતર પણ યાદ આવત. પછી શું, જેવી ધ્વજની દોરી ખેંચાણી ઈ ભેગી સૌની આંખો મીંચાણી અને સાથોસાથ મારા પ્રાથમિક શિક્ષણની દોરી પણ ખેંચાઈ ગઈ. ધ્વજમાંથી જેવી બજર ઊડી કે આખું ગામ છીંકે ચડી ગ્યું અને હું વંડી (દીવાલ) ટપીને આચાર્યના મારની બીકે ભાગ્યો ઈ ભાગ્યો... પછી કોઈ 'દિ ભાયડો નિશાળે જ ન ગ્યો! આમ ભાઈ, મને બજરની ડબ્બી જીવનમાં સૌથી પહેલાં નડી અને આ ડોબી (શાંતિ) સૌથી છેલ્લે."


—Of The Record—


મિત્ર ગુણવંત ચુડાસમાનો કાલે મને અભિનંદનનો ફોન આવ્યો કે સાંઈરામ,

આપના અહેવાલ 76 લાખમાં વેચાયા ઈ બદલ તમને ખૂબ-ખૂબ અભિનંદન... ત્યારે મેં ખુલાસો કર્યો કે એલા ગુણવંત, એ સાંઈના અહેવાલ નથી, ટેનિસ સ્ટાર સાઈના નેહવાલ વેચાણી છે ને ઈ પણ રમત રમવામાં!

૩૯

નેનો — પૂજા પાઠ

નવી દુનિયા બનાવી લીધા પછી ઈશ્વર આપણી દુનિયાને ડિલિટ કરી નાખશે.

હિમાદાદા હનુમાનજીના મંદિરે, ગોંડલમાં જ દર્શન કરવા ગયા. દર્શન કરી હજી તો બૂટ પહેરવા જાય ત્યાં અભિભૂત થઈ ગયા. હાય સાક્ષાત હનુમાનજી! 'જે શ્રીરામ!' કહી હિમાદાદા કહે, 'અરે હનુમાનજી, તમારે કંઈ મને દરવાજા સુધી વળાવવા ન આવવાનું હોય. ઈટ્સ ઓકે!'

ત્યાં હનુમાનજીએ ઉત્તર આપ્યો કે 'હિંમત, તને વળાવવા નથી આવ્યો, તું કોના બૂટ ચોરી જાય છે ને ઈ જ જોવા આવ્યો છું.બીજે 'દી મારા ભક્તો મને તતડાવે છે, કારણ હું તારી ત્રણ પેઢીને ઓળખું છું! મૂક, ઈ કાળાં બૂટ તારાં નથી. જો તારાં ખખડી ગયેલા બૂટ ઝાંપા બારથી પહેરીને ઊપડ નહીં તો ગદા ભેગો પાડી દઈશ!'

હનુમાનદાદા ગદા ઉપાડે ઈ પહેલાં આપણા દાદા બૂટ હાથમાં લઈને દોડ્યા ને ઘરભેગા થઈ ગયા.

વાત મંદિરની નીકળી છે એટલે કહેવાની ઇચ્છા થાય છે કે આપણે હવે કેટલા બિઝી થઈ ગયા છીએ, આખા 'દીમાં મંદિરે જવાનો તો હવે વિચાર પણ નથી આવતો. આ દેશમાં આપણે જ એક વિશાળ હૃદયવાળી (?) પ્રજા છીએ જે પોતે મંદિરે જવામાં આળસ કરે છે અને સંતાનોને પણ છૂટ આપે છે.

આપણા જીવનમાં સૌથી વધારે જરૂર ભગવાનની કે ઈશ્વરની હવે આપણને લાગતી જ નથી. સૌથી પહેલી જરૂર છે સ્ટેટસ, સંપત્તિ અને ઍજ્યુકેશનની, શું ક્યો છો? ઈશ્વર આપણી અંતિમ અવસ્થાની છેલ્લી પ્રાયૉરિટી છે. દીકરો ડૉક્ટર કે ઈજનેર થઈ જાય એનું આપણને ગૌરવ છે, પણ તેને વીકમાં એકવાર પણ મંદિરે જવાનું મન નથી થાતું, એનો આપણને રંજ પણ નથી; કારણ કે આપણે જ આપણાં સંતાનો ને શીખવ્યું છે કે બેટા, પે'લાં બે પૈસા કમાઈ લે, મંદિર ક્યાં ભાગી જવાનાં છે? અને આખી દુનિયા જાણે જ છે કે ગુજરાતીઓનો એક પૈસો ઓછામાં ઓછા પચાસ કરોડનો હોય છે.

ઘરનાં ઘર હોય, ફળિયામાં નળ હોય ને છોકરા લાઈનસર હોય પછી ચાર બંગડીવાળી ગાડી (એટલે કે ઑડી કાર) લઈને મસ્ત રૂપકડી વવને પચાસ તોલાનો હાર પહેરાવી સ્વિટ્ઝરલૅન્ડમાં હનીમૂન પતાવી સીધું મંદિર દર્શન કરવા જવાય. સમજી ગયા ને?

આ દેશમાં કોઈને ભગવાન માટે સમય જ નથી યાર! એક જમાનામાં મંદિરોમાં દોડી-દોડીને સૌ હાથે નગારાં-ઝાલર વગાડતાં એ જ મંદિરોમાં અટાણે ભક્તોની પાસે ટાઈમ નથી એટલે નગારાનાં મશીન મુકાઈ ગ્યાં છે. જેવી પૂજારી સ્વિચ ચાલુ કરે એટલે 'ધડ ધડ ધાંગ તોડ ધડ ધાંગ.' નગારાં માણસ કરતાં પણ વધુ રીધમિક રીતે તાલ પુરાવે છે. આફટરઑલ ભગવાન તો તાલનો ભૂખ્યો છે ને! 'ભાવ' તો હવે માણસો પાસે પણ ક્યાં રહ્યો છે!

મંદિરના ચોરે બેસીને આખો દિવસ આખા ગામની ચોવટ કૂટતા 40 જેટલા વડીલો પણ નગારાંનો અવાજ સાંભળીને સીધા ઘરભેગા થાય છે. જાણે કે આરતી એ વાળુ (ડિનર)નો કેમ ઍલાર્મ હોય!

ગામડામાં એક છોકરો એકવાર ચોરે બેઠેલા એક વૃદ્ધને આરતી દેવા ગયો. ઈ વૃદ્ધે આરતીનાં દર્શન કરી એ થાળીમાંથી અંદાજે દસેક રૂપિયાનું ચિલ્લર ખિસ્સામાં મૂક્યું. છોકરાને એમ કે છૂટ્ટા લઈને ઈ વડીલ હમણાં બાંધી 20 ની નોટ આરતીમાં મૂકશે, પણ વડીલ તો બહુ અઘરા હતા. ઈ કે, 'બેટા તું નીકળ... તારા કરતાં હું વહેલો ઈશ્વર પાસે જવાનો છું. આરતીના આ 20 રૂપિયા ભગવાનને હું હાથોહાથ આપી દઈશ.

બોલો લ્યો! આને શું કહેવું?

વખાના માર્યા જે કોઈ મંદિરમાં આવે છે ઈ 10 રૂપિયા મૂકીને ઈશ્વરને પાંચ કામ આપી જાય છે. આમ બે રૂપિયાનું એક કામ ભગવાનને કરવું પડે છે. હજી તો 20 વર્ષ પછી લાગે છે કે ઈલેક્ટ્રોનિક ઝાલર-નગારાની જેમ ઈલેક્ટ્રોનિક પૂજારી આવશે જે માત્ર 3 મિનિટમાં મંદિરની પૂજા પતાવી નાખશે. વળી ત્યારે તમારે મંદિરે જાવું નહીં પડે, તમારા વૉટ્સઍપ કે બીબીએમ પર દીવો અને પ્રસાદનો એક ગ્રુપ મૅસેજ ફૉર્વર્ડ થઈ જાશે જે તમે મંદિરમાં જ હો એવું ફીલ કરાવશે. વળી ઈ ઈમેજ નીચે ધૂન પણ ટૂંકમાં લખેલી હશે — શ્રી રામ જય રામ જય જય રામ. ઓહ સૉરી બૉસ! વન મિસ્ટેક. 20 વર્ષ પછી આટલું લાંબુ ગુજરાતી વાક્ય આપણી ઈંગ્લિશ મિડિયમવાળી હાઈફાઈ (?) પેઢીને થોડું આવડે? એટલે તેમના માટે ભગવાનના ફોટા નીચે લખ્યું હશે 'એસ.આર.જે.આર.જે.જેઆર.'(ધૂન નું શોર્ટ ફૉર્મ), ત્યાર બાદ જેશ્રી કૃષ્ણ ને બદલે 'જેએસકે', જે જિનેન્દ્રને બદલે 'જે જે એન' અને જે માતાજીને બદલે 'જે એમ ટી' લખેલું હશે.

તમને નથી લાગતું દોસ્તો, કે આ ઈલેક્ટ્રોનિક નગારાં આપણા વતી સવાર-સાંજ આપણા ઈશ્વરને રાજી કરે છે. એટલે ઈશ્વર પણ આ યુગમાં માણસને નહીં, મશીનને જ આશીર્વાદ આપે છે? આપણે ઈશ્વરને મશીન દ્વારા છેતર્યા છે તેથી ઈશ્વરે કળિયુગમાં મશીનને જ ભગવાન બનાવી દીધાં છે. અને કદાચ પોતે બીજા બ્રહ્માંડમાં આથી સારી બીજી દુનિયા બનાવવામાં લાગી ગયો છે. બસ, ઈ બીજી દુનિયા બનાવી લેશે એટલે તરત જ આપણી આ દુનિયાને કન્ટ્રોલ + ડીલીટની સ્વિચ દબાવી ટોટલ લૉસ કરી નાખશે. કેદારનાથના પૂરથી આ શરૂઆત થઈ ગઈ હોય એવું નથી લાગતું?

મંદિરો આપણી શ્રધ્ધાનાં ઉદગમસ્થાનો છે. આપણા અસ્તિત્વનાં આશ્રયસ્થાનો છે. આ તો અમુક લંપટ સત્તાભૂખ્યા શિકારીઓએ આ મંદિરોને સત્તાની સીડી બનાવી દીધી છે. તો વળી વધુ ભણી ગયેલી આપણી જ એક આખી પેઢી ઈશ્વરને ગાળો દેતાં શીખી ગઈ છે. વાહ આપણું ઍજ્યુકેશન! સંતો અને મંદિરોનો વિરોધ કરે તેને આપણે 'ક્રાન્તિકારી' ગણાવીએ છીએ. એક સફરજન સડેલું નીકળે એટલે જગતનાં તમામ સફરજનોને ગાળો દેવાય કે ફેંકી દેવાય? આ ક્યાંનો ન્યાય? ઈશ્વર બધું જાણે છે છતાં કંઈ બોલતો પણ નથી ને ડોલતો પણ નથી!

કારણ કદાચ...કદાચ... રોજ સવાર-સાંજ મશીનના ઝાલર, નગારાં અને મશીનના મંત્રો સાંભળીને આપણો ઈશ્વર પોતે પણ એક મશીન થઈ ગયો છે.



આ જગતમાં સ્ત્રીને પતિ સિવાય બીજું કંઈ જોઈતું નથી, અને જ્યારે તેને પતિ મળે છે ત્યારે બીજું બધું જ જોઈએ છે.

૪૦

ડુંગળી તુમ્હે ભેજી હૈ ખત મેં!

ડુંગળી તું બૈરન ભઈ, કાહે હમે દુ:ખ દેત?

હમ ખાને કો તરસત હૈ, પણ ખરીદવાના નહીં વેત!

ડુંગળીના ભાવ સાંભળીને થૂંક ગળી જવું પડે એવા કપરા કાળમાં મારે તમને હસાવવાના છે. સ્વામિનારાયણ સંપ્રદાય અને જૈન સાધુઓ વર્ષોથી સમજાવે છે કે ડુંગળી ખાવા માટે નથી. પરંતુ લાતોં કે ભૂત બાતોં સે નહીં માનતે.

અમારો ડાયરો છેલ્લા અઠવાડિયે મદ્રાસમાં હતો. મદ્રાસના કચ્છી પટેલોએ આયોજન કરેલું. હિમાદાદા મને ક્યે, 'સાંઈ તારી કાકી મને આ ડાન્સ-બારના ડખ્ખામાં ઘરની બાર જાવા નથી દેતી. મુંબઈ નહીં, મને મદ્રાસ તો લઈ જા.' મેં વળી વિચાર્યું કે હિમાદાદા ગલઢા માણસ છે. કેટલું જીવવાના? વળી ક્યાંક આની ઈચ્છા બાકી રહી જાય તો આ હિમાદાદા મને જીવતા તો નડ્યા છે, પણ મર્યા પછી પણ નડે જ! જો કે એક અંગત ખુલાસો કરી દઉં, કોઈને કહેતા નહીં. ત્રણ વરસ પહેલાં દાદાને છાતીમાં દુ:ખાવો ઊપડ્યો'તો. તંઈ ડૉક્ટરે કહ્યું'તું, દાદા વરસ દી માંડ કાઢશે. ઈ ડૉક્ટર ગુજરી ગ્યો, ને દાદા હજી અખંડ અણનમ અબ્રાહમ લિંકનની જેમ હાલ્યા આવે છે.

ટૂંકમાં, અમે હિમાદાદાને લઈ મદ્રાસ પહોંચ્યા. શાંતિકાકીને દેશના નેતાઓની જેમ ખોટેખોટું આશ્વાસન આપ્યું કે દાદા બિયર પણ નહીં ચાખે. મદ્રાસના રેલવે-સ્ટેશન પર ઊતરતાવેંત દાદા તાડૂક્યા કે સાંઈ, આ ક્યાં મદ્રાસ છે? આ સ્ટેશનનું નામ તો ચેન્નઈ છે. દાદાને મનમાં એમ કે શાહરુખખાને પોતાની નબળી ફિલ્મ 'ચેન્નઈ એક્સપ્રેસ'ના પ્રમોશન માટે દેશનાં બધાંય રેલવે-સ્ટેશનનાં પાટિયાં ખરીદી લીધાં હશે.

મેં વાળ્યું કે દાદા, અહીં બધા લુંગી પહેરે છે એટલે એમાં ચેન ન હોય, માટે મદ્રાસનું નામ હવે ચેન નહીં ઉર્ફે ચેન્નઈ છે. દાદા કહે, 'વાહ! સાંઈ, તારો નૉલેજિયનનો પાવર ગજબનો છે હોં!'

ચેન્નઈમાં લોકોનો કલર સાવ કંપની-ફિંટીંગ છે. તમામમાં એમડી જોવા મળે. (એટલે મૅન્યુફૅક્ચરીંગ ડિફેક્ટ.) અંધારામાં કોક હસે તો જ ખબર પડે કે અહીં માણસ ઉભો છે. ભેંહના વાંહા જેવા કલરના હોલસેલ આટલા બધા લોકો અમે પણ નહોતા જોયા. આયોજકે એક સરસ હોટેલમાં ઉતારો આપ્યો હતો. બાથરૂમ મોટા હતા, પણ મોટી

હોટેલોમાં દાદાને એક જ દુ:ખ હોય છે. સાબુ સાવ બોરના ઠળિયા જેવડા હોય છે. હોટેલમાં ઊતરતાં વેંત દાદા રસોડા જેવડું બાથરૂમ જોઈ સ્નાન માટે પ્રેરાયા. બોરના ઠળિયા જેવો સાબુ હિમાદાદાના મસ્તકથી 'ફીણયાત્રા' કરતો કરતો બગલ માર્ગેથી નાભિ સુધી પહોંચ્યો અને હાથીના મદનિયા જેવી દાદાની ફાંદમાં ભેદી રીતે ગુમ થઈ ગયો. ભારતના સત્યની જેમ એ સાબુ દાદાની વિશાળકાય નાભિમાં જ ઓગળી ગયો અને ગરકાવ થઈ ગયો.

અર્ધસ્નાને દાદાએ બાથરૂમમાંથી 'સાબુ-સાબુ' નામના બરાડા પાડ્યા. એ સાંભળી હું હોટેલની નીચેની દુકાને સાબુ લેવા ઊતર્યો. લોટામાં પથરા ખખડે એવી મદ્રાસી ભાષામાં એક લુંગીધારી દુકાનદાર મારી હિન્દી સાંભળી મારી ઉપર દેશદ્રોહીની નજરે તાકી રહ્યો. મેં ભાવ પૂછ્યો એટલે ઈ બોલ્યો કે લાઈફબોય થર્ટી રૂપીઝ, લક્સ થર્ટી રૂપીઝ, નિરમા થર્ટી રૂપીઝ!

મારા મગજની નસો ખેંચાણી કે ભાઈ, સબ કે થર્ટી રૂપીઝ? તંઈ તેણે સસ્પેન્સ ખોલ્યું કે કોઈ ભી કંપની કા સાખુન લે જાઓ, કલર મેં કોઈ ફરક પડનેવાલા નહીં હૈ જી! આ સનાતન સત્યને સ્વીકારીને હું લાઈફબૉય ખરીદી રૂમમાં પહોંચ્યો ત્યાં તો હિમાદાદા ધૂંઆફૂઆ થઈને ટુવાલ પહેરીને બેઠા હતા.

મેં તરત વિષયને ટર્ન આપ્યો કે 'દાદા, હું નાહી લઉં એટલે આપણે 'મદ્રાસ કૅફે'માં ઢોંસો ખાવા જવાનું છે.' દાદા કહે, 'પણ ઈ ફિલમનો મદ્રાસમાં જ વિરોધ નથી થ્યો?'

'દાદા, ફિલ્મોને વિવાદમાં નાખીને લોકો માટે ચર્ચાનો વિષય બનાવવાના આ બધા જૂના કીમિયા છે. ફિલ્મનો વિરોધ કરવાના રૂપિયા પણ ફિલ્મ પ્રોડ્યુસરો જ રોકે છે અને ફિલ્મને સો કરોડે પહોંચાડીને એના રૂપિયા લોકો પાસે જ વસૂલવામાં આવે છે. મૂકો માથાકૂટ. હું સૌ ફિલમવાળાના નામનું નાહીને આવું છું.'

અડધા કલાક પછી અમે એક મદ્રાસ કેફેમાં ફૅમિલી ઢોંસાનો ઑર્ડર આપ્યો. નગરપાલિકાની પાઈપ જેવડો લાંબો ટઈડ જેવો ઢોંસો અમારા ટેબલ પર મૂકી ગયો જે ઢોંસો બીજા ટેબલના છેડે પૂરો થાય એવડો હતો. ઓલા બીજા ટેબલવાળાએ તો ખાવાનું પણ શરૂ કરી દીધું. દાદા મને કહે, 'સાંઈ, આપણો વારો ક્યારે?'

મેં કહ્યું 'દાદા, ટેબલ પૂરું થાય ત્યારે!'

ફૅમિલી ઢોંસો પપૂડાની જેમ વાળેલો હતો. મેં વળી એની અંદર નજર કરી તો સામે સીધો રૂપિયા ગણતો મેનેજર દેખાણો! ડાયરામાં મારી સાથે કાયમ મારો સંચાલક ને લેખકમિત્ર અતુલ હોય. તેને ડુંગળી વગર સાવ કોરોમોરો ઢોંસો ન ભાવ્યો. મને કહે, સાંઈરામ, ડુંગળી મંગાવો!

મેં વળી વેઈટરને ઈંગ્લિશમાં કહ્યું કે 'હેવ યુ ઓનિયન પ્લીઝ?'

ઈ સજ્જડબમ (ગંભીર) વદને સામો ઊભો રહ્યો. પછી મેં ઓનલાઈન હિન્દી કર્યું કે 'પ્યાઝ હૈ?' તો ઈ મનમોહન મોડમાં સાઈલન્ટ જ ઊભો રહ્યો. મને ખાતરી થઈ ગઈ, કે કોઈ પ્યોર મદ્રાસીબંધુ છે જે હિન્દી-અંગ્રેજી કશું નથી સમજતો. એટલે હું મારી રીતે કિચનમાંથી બે ડુંગળી ગોતીને હરખભેર પાછો ફર્યો. મેં વળી ઓલા વેઈટરને સામું કહ્યું કે 'ઈટ ઈઝ કૉલ ઓનિયન! સીખ લે, ઈસે પ્યાઝ કહેતે હૈં!'

વેઈટર ઘૂરક્યો. મને કહે, 'ડુંગળી જોઈએ છે એમ કહોને!' તેનું ગુજરાતી સાંભળી મને ચક્કર આવી ગયાં. અતુલ કહે, 'એલા તને ગુજરાતી આવડે છે?' ઈ ક્યે, 'સાહેબ હું સુરતનો છું. એમ્બ્રોઈડરીની મંદીમાં સુરતથી ભાગીને અહીં આવી ગ્યો.'

હિમાદાદા બોલ્યા કે 'તો તો હવે આખો દી અમારી ભેગો જ રહેજે, કારણ આ તારા

ગામમાં કોઈ હિન્દી સમજતું નથી અને તામિલ સમજવામાં અમારા ઝભ્ભા પલળી જાય છે.'

દાદાએ હટી-હટીને ડુંગળી ખાધી ને ડાયરો પૂરો કર્યો.

ડુંગળીના ભાવ તાવ આવી જાય એમ આસમાને પહોંચ્યા છે. પેટ્રોલ, બિયર અને ડુંગળી ત્રણેય એંસી રૂપિયે કિલો કે લિટર થઈ ગયાં છે. રામ-રામ! હિમાદાદાએ એક નવું સત્ય જાહેર કર્યું છે કે સદીઓથી આ જૈન લોકો પૈસાદાર શું કામ હોય છે? કારણ કે એ ડુંગળી નથી ખાતાને એટલે! અત્યારે તો શેરીમાં કોઈ સોનાનું બિસ્કીટ લઈ આવે તો કોઈ નોંધ નથી લેતું, પણ અઢીસો ગ્રામ ડુંગળીનું શાક વઘારે તો એ નગરચર્ચાનો વિષય બને છે.

હિમાદાદાએ સવારે ડુંગળી ઉપર ઝપટ બોલાવી અને રાત્રે અમે ડાયરો કરીને એક જ રૂમમાં ઊંઘ્યા. અડધી રાતે એ ડુંગળીની આડઅસર શરૂ થઈ! મદ્રાસની ડુંગળી ગુજરાતીમાં દૂણી અને ધણધણી! મેં સ્પ્રેની આખી બૉટલ રૂમની દીવાલોમાં છાંટી તોય ડુંગળીના એ તીવ્રધ્વનિની અસર તૂટી નહીં! હિમાદાદા ઊંઘે છે ને હું જાગું છું. અને તમારો લેખ લખું છું. વાચકમિત્રો, પ્લીઝ રાતે ડુંગળી ન ખાતા. સામેવાળા ઉપર જુલમ કરવાની પણ કોઈ હદ હોય છે!

 —Of The Record— 

રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણીની જન્મતિથિ નિમિત્તે...
તમે જીવતી લોકકથા, ને તમે અનોખી આંધી, તમને સલામ મેઘાણી;
કલમ તમારી થઈ ગઈ વ્હાલા, વીરબંકાની ખાંભી, તમને સલામ મેઘાણી;
'સાંઈ' શબ્દનાં પુષ્પો લઈને ઊભો છે તમ દ્વાર, તમને સલામ મેઘાણી;
ફરી જનમ લઈ ગુર્જર માટે વરસો અનરાધાર, તમને સલામ મેઘાણી.

'સાંઈરામના હસ્તાક્ષર'માંથી

૪૧

વાણિયા એટલા ભગવાનના ભાણિયા

વાણિયાઓની કોમ ગવર્નમેન્ટ દ્વારા અપ્રુવ્ડ છે, ખબર છે તમને?

‘જૈન ધર્મ.’ આ શબ્દ કરતાં જૈન એ જીવન જીવવાની શ્રેષ્ઠ ફિલસૂફી મને લાગી છે. પર્યુષણનું પાવનપર્વ પૂર્ણ થયું. ભૂલો તો બધા કરે, પરંતુ કોઈ ચોક્કસ દિવસે ‘મિચ્છા મિ દુક્કડમ્’ કહીને ક્ષમા પ્રાર્થવાનું આ પર્વ જૈન ફિલસૂફીની જગતને અમૂલ્ય ભેટ છે. મારું અંગત માનવું છે કે આ જૈન ફિલસૂફીમાંથી જ ખ્રિસ્તીઓનું ‘કન્ફેશન’ પાયરસી કરવામાં આવ્યું હશે.

દેશ-વિદેશમાં જૈન સોશ્યલ ગ્રુપ કે જૈન જાગૃતિ સેન્ટરમાં પર્ફોર્મન્સ ન આપ્યો હોય એવો કોઈ કલાકાર જ નહીં હોય. ભલે બજેટ આદિકાળથી ઓછું હોય છે. પણ પ્રોગ્રામની ક્વૉન્ટિટી અને કદર કલાકારને જૈન ઑડિયન્સમાં ખૂબ મળે છે. ઘાટકોપરના જોલી જિમખાનામાં મેં છ-છ કલાકના નૉન-સ્ટૉપ પર્ફોર્મન્સ આપ્યા છે અને એ પણ પાંચ-પાંચ વાર! નાટક હોય કે ડાયરો, મુંબઈના લોકો હંમેશાં જૂના બજેટમાં નવી વાતની અપેક્ષા રાખે છે (નોંધ: આને ફરિયાદ ન સમજવી. આ મુંબઈનો સહજ સ્વભાવ છે. નોંધ પૂરી) અલબત્ત, એ બહાને પણ કલાકાર કશુંક નવું આપવા પ્રેરાય છે.

હું શ્રીમાળી બ્રાહ્મણ હોવાને નાતે, કાયદેસર દશા શ્રીમાળી અને વીસા શ્રીમાળી વાણિયાનો ગોર થાઉં, તેથી જ તેમના વિશે બે સાચી વાતો લખવાનો મને અધિકાર પણ છે અને મારું કર્તવ્ય પણ! જૈન સાધુ ભગવંતોના ત્યાગ અને તપથી હું ખૂબ પ્રભાવિત થયો છું.

કચ્છના પૂ. કલાપૂર્ણસૂરીજીએ એક વ્યાખ્યા કહી હતી, જે મને ખૂબ ગમી’તી. કે જીવો, કોઈ પણ ભોગે જીવો — એ પશ્ચિમની સંસ્કૃતિ છે. જીવો અને જીવવા દો ભારતની સંસ્કૃતિ છે, પરંતુ તમે જીવો અને જે જીવવા માટે અસમર્થ છે એને જીવવાનું સામર્થ્ય આપો એ જૈન સંસ્કૃતિ છે.

હળવાશમાં કાયમ કહું કે ‘વાણિયા એટલા ભગવાનના ભાણિયા.’ આપણું દેશી ઓઠું છે કે ‘અગમ બુદ્ધિ વાણિયા, પછમ બુદ્ધિ બ્રહ્મ, તર્કબુદ્ધિ તુરકડો, ઘુસ્તો મારે ધમ્મ!’ ક્યાં સલવાઈશું એની અગમચેતી માત્ર જૈનોને હોય છે ને બહુ સલવાણા, સલવાઈ ગયા પછી જ અમને ભૂદેવોને ઈ ખબર પડે છે. હિમાદાદા કાયમ કહે કે આ વાણિયા ઈ સાવચેત કોમ છે. ઈ બેહીને સૂવે છે. એટલે જ જૂની કહેવતમાં કહેવાયું છે કે ‘સોનું કોઈ દી કટાય નહીં

ને વાણિયા કોઈ દી વટલાય નહીં.'

મુંબઈના ઍરપોર્ટ પર ઘાસલેટના ડબ્બા જેવડા અક્ષરે લખ્યું છે કે 'ભારત કે અચ્છે નાગરિક બનિયે' (બનિયા-વાણિયા). આમ ગણો તો આ ગવર્નમૅન્ટ અપ્રુવ્ડ કોમ છે. વાણિયાનો દીકરો રૂપિયો પણ કોઈને ખોટી રીતે ન આપે. તેનાં દાન બહુ બુદ્ધિપૂર્વકનાં હોય છે. મેવાડના ભામાશાથી લઈ કચ્છના જગડુશાથી લઈ મુંબઈના દીપચંદ ગાર્ડી સુધી હાલ્યા આવો. મારી વાતનો તાળો તમને મળી જશે.

આપણી ગુજરાતી ભાષા તો જૈન ધર્મના ઋણમાં છે. પૂ. હેમચંદ્રાચાર્ય સૂરીજી જો આ સમાજે ન આપ્યા હોત તો 'સિદ્ધહેમશબ્દાનુશાસન' ક્યાં બનવાનો હતો? તો આપણે બધા કોક બીજી ભાષામાં આ પુસ્તક વાંચતા હોત!

તમને યાદ તો છે ને દોસ્તો, કે વિ.સં. 1185 માં આચાર્ય શાલિભદ્રસૂરીજીએ 'ભર્તૃહરી બાહુબલિરાસ' લખ્યો, જે ગુજરાતી ભાષાનું પ્રથમ કાવ્ય હતું. મધ્યકાલીન યુગમાં 2000 જેટલા કવિઓ અને લેખકોમાંથી સિત્તેર ટકા જૈન સમાજમાંથી હતા. જો કે બિઝનેસ અને રૂપિયાની હોડ વાંહે અત્યારે આ કલાની સરવાણી સુકાઈ ગઈ છે એનો મને રંજ છે. આપણને મોહનદાસ ગાંધી ન મળ્યા હોત તો હજી ગુલામ હોત અને ઝવેરચંદ મેઘાણી ન મળ્યા હોત તો આ લોકસાહિત્ય ક્યાં જીવતું હોત? આમ વાણિયા ભલે માત્ર વ્યાપારી અને સુંવાળી કોમ ગણાય છે,પરંતુ તલવાર જેની રક્ષા નથી કરી શકી એવી સંસ્કૃતિ અને સાહિત્યને જૈનોએ કુશાગ્રબુદ્ધિથી જીવાડ્યાં છે.

હિમાદાદાએ અમારા ગોંડલના જૈન નગરપતિ ગોવિંદભાઈ દેસાઈને એક વાર કહેલું કે ચાલો, આપણે બુદ્ધિની લડાઈ કરીએ. ત્યારે ગોવિંદભાઈએ મસ્ત જવાબ આપેલો કે દાદા, હું નિઃશસ્ત્ર પર ઘા નથી કરતો (જો કે દાદાને હજી સુધી આ જવાબ સમજાણો નથી.)

હળવી શૈલીમાં હું કાયમ જૈનો વિશે કહું કે આખા દેશમાં એક ટકો કૉમ્યુનિટી હોવા છતાં ગામડાના વીસ રૂપિયાની ભેળવાળાને પણ લખવું પડે કે 'જૈન ભેળ' મળશે. આ તમારા ધર્મની તાકાત છે. ક્યાંય કોઈ દુકાને તમે બીજી કોઈ કોમના નામની ભેળ કે રગડો પેટિસનાં નામ વાંચ્યાં? અરે તમારી તો ચૅનલ પણ છે. જૈન ટીવી. વળી બજારમાં ફોર-વ્હીલર પણ છે, 'જૈન મારુતિ'! એ ગાડીમાં ચોવિઆર કરી લેવા ફરજિયાત છે, નહીંતર ઊભી રહી જાય હોં! ગઈ દિવાળીએ તો અમારા ગોંડલમાં એક દુકાને 'જૈન ફટાકડા' વેચાતા હતા. હું તો કોથળો ભરી આવ્યો. ઘરે ટ્રાય કરી, પણ ફૂટ્યા જ નહીં. દુકાનદારને ફરિયાદ કરતાં તેણે મસ્ત જવાબ આપ્યો કે ભાઈ,આ જૈન ફટાકડા છે,અહિંસક જ હોય, આમાં ધડાકો પણ ન થાય અને ધુમાડો પણ ન નીકળે. પછી તો મેં મારી ઘરવાળીને કહ્યું કે લે ફોઈડ! આ તો પલંગ માથે ફોડવામાં પણ નુકશાન નથી.

આ તો હસાવું છું, બાકી દોસ્તો, એક પણ વાણિયાનો દીકરો પશુપાલન ન કરતો હોવા છતાં મને એ ગૌરવ સાથે કહેવા દ્યો કે ગુજરાતની આશરે બે હજાર જેટલી પાંજરાપોળો કે ગૌશાળાઓ જીવતી હોય તો એમાં મુખ્ય દાન જૈનોનું હશે! પૂ. રત્નસુંદર મહારાજસાહેબ જેવા અનેક સાધુભગવંતો આજની તારીખે એક ક્રાન્તિકારીની જેમ ગુજરાતી ભાષામાં ઢગલાબંધ સુંદર પુસ્તકો રચીને આપણા સૌના વાંચન અને જીવનના સડી ગયેલા ટેસ્ટને સુધારવા મથી રહ્યા છે. તો માતા-પિતા વિશે કૉન્સૅપ્ટ બેઝ પ્રોગ્રામો અને પુસ્તકો રચાવાં જોઈએ એવો સર્વપ્રથમ વિચાર પણ એક સમર્થ જૈનાચાર્ય પૂ. યશોવર્મસૂરીજીનો છે, જે કદાચ કોઈને ખબર નહીં હોય. કચ્છના કલાપૂર્ણસૂરીજીએ કારગિલના શહીદો માટે ખૂબ મોટું દાન એકઠું કર્યું હતું. પંન્યાસ ચંદ્રશેખરજીએ દીવાદાંડી બનીને લોકોને જીવનરાહ ચીંધાડ્યો એ કેમ ભુલાય! વળી પૂ. નમ્ર મુનિજીએ આ ફેસબુક

જનરેશનને જૈનઝિમ તરફ વાળી. એ સૌને સો સલામ. દોસ્તો, તમને યાદ તો છે ને ક્રાન્તિકારી વીર લાલા લજપતરાય જૈન હતા! પ્રખર ચિંતક ઓશો રજનીશ અને શિરમોર વૈજ્ઞાનિક ડૉ. વિક્રમ સારાભાઈ પણ જૈન સમાજના રત્નો હતા.

જો કે અત્યારે જૈન સમાજ લખલૂટ ખર્ચો કરી મહોત્સવો અને શોભાયાત્રા કરી રહ્યો છે. પાંચ વરસ માટે એ ખર્ચો જો યોગ્ય વિદ્યાર્થીઓને 'ઍજ્યુકેશન લોન' પેઠે અપાય તો આવનારાં વીસ વરસમાં એક હજાર આઈએએસ અને આઈપીએસ જૈન સમાજ આપી શકે. આવી શ્રદ્ધા અસ્થાને નથી.

(નોંધ: મારે લોન જોઈતી નથી, હોં)

તમામ જૈનોને પ્રાર્થના કે માત્ર જીવજંતુ માટે અહિંસા રાખો છો એવી માણસો માટે પણ દાખવજો વ્હાલા! હર્ષદ મહેતા અને કેતન પારેખ પણ આપણા જ છે એ ભૂલી ન જાતા હોં.

'નવકાર મંત્ર' એ માત્ર જૈનો માટે નથી. આ સમગ્ર વિશ્વનો કલ્યાણકારી મંત્ર છે. જૈનેતર માટે પણ એટલો જ સિદ્ધ અને સાર્થક છે. એક વીક ચોવિઆર પાળી બતાવે એને દવાખાને ન જ જવું પડે એ ગૅરેન્ટી. હિમાદાદા એટલે કાયમ કહે છે કે આ વાણિયાની નાત ઝટ માંદી નથી પડતી, કારણ એની ફૂડરેસિપી ખૂબ સાયન્ટિફિક છે.એટલે જ તો વાણિયાઓ હૉસ્પિટલમાં દર્દી બનીને નહીં, પરંતુ દાતા બનીને આવે છે. થ્રી ક્લેપ્સ ફૉર ઓલ જૈન. જેન ફિલસૂફીને દિલથી સન્માનું છું, છતાં આ લેખમાં કોઈનું દિલ દુભાયું હોય તો મિચ્છામિ દુક્કડમ. જે જિનેન્દ્ર.



ઍલેકઝાન્ડર ગ્રેહામ બેલે જ્યારે ટેલિફોનની શોધ કરી અને સૌપ્રથમ વખત જ્યારે ફોન શરૂ કર્યો ત્યારે એ ફોનમાં પણ બે મિસ્ડ-કૉલ આપણા ગુજરાતીઓના હતા.

૪૨

આઝાદ ઇન્ડિયા — હે રામ!

ગાંધીજયંતિ સાવ ઢૂકડી (નજીક) છે. ગાંધીજી ખૂબ સરળ હતા અને એટલે જ આજ આપણા દેશમાં એમની નોટ થકી બધું સરળ ને શક્ય છે. કોક અજાણ્યા કવિની સરસ બે લીટી SMS માં આવી'તી કે: —

"વાહ રે ગાંધી ક્યાં ચલી તેરી આંધી?
આયા થા લંગોટ મેં ઔર રહ ગયા રૂપિયોં કી નોટ મેં!''

કેવા મસ્ત દેશમાં આપણે જીવીએ છીએ કે ગાંધીજીએ દારૂબંધીની જ આજીવન હિમાયત કરી અને એ ગાંધીજીની જ વસ્તુઓ વિશ્વની હરાજીમાંથી કિંગફિશર - વાઈનકિંગ શ્રી વિજય માલ્યા ખરીદીને ભારત લાવે! અહો આશ્ચર્યમ! આઝાદી વખતે મહાત્મા ગાંધીજીએ સરદારને કહ્યું, ને સરદાર પીએમ ન થયા. હિસ્ટરી રિપીટ, હમણાં થોડા વરસો પહેલા ગાંધીએ કહ્યું અને સરદાર પીએમ બન્યા! અહો વૈચિત્રમ્! ગાંધીજીના નામ પર કદી કોઈને હસાવી ન શકાય, પરંતુ એમનાં થકી આ રાષ્ટ્રના પ્રત્યેક વ્યક્તિનું સ્મિત આજે સલામત છે. માટે ચાલો, તમને સાવ મગજ વગર કાલ્પનિક કથાઓ સંભળાવું છું. મગજ લગાડ્યા વગર વાંચજો.

ગાંધીજી સ્વર્ગમાં બેઠા છે, રેંટિયો કાંતિ રહ્યા છે. એવામાં ઈંદિરા ગાંધી આવ્યાં. બાપુએ પછ્યું બેટા, ભારતના હાલ કેવા છે? ઈંદિરાજીએ કહ્યું, બાપુ ભારતે ખૂબ પ્રગતિ કરી છે. તમને ત્રણ ગોળી મારી હતી, મને સ્ટેનગનથી વીંધી છે. ત્યાં રાજીવ ગાંધી આવ્યા. ઈ કે', અરે બાપુ! ભારતની પ્રગતિ અદ્ભુત છે. મમ્મીને ગનથી ઉડાડ્યા'તા, મને તો બોંબબ્લાસ્ટથી ઉડાડ્યો છે. એટલામાં દેવ આનંદ સાહેબ ગળામાં રંગીન રૂમાલ ને માથે ટોપી પહેરી ડોકમાં બેરિંગ ફિટ કર્યું હોય એમ હલતા-ડોલતા આવે છે. બાપુ ફિલ્મ સ્ટાર દેવ આનંદને પણ પૂછે છે કે ભાઈ, મેરા ભારત કૈસા હૈ? દેવ આનંદ કહે છે કે: બાપુ, જૉની મેરા નામ હૈ,

"ક્યા બાત હૈ! ક્યા બાત હૈ! ક્યા બાત હૈ!
બાપુ ઈન્ડિયા કી હાલત મેં તો બડી ઉલ્કાપાત હૈ!
ગાઈડ સારે ખો ગયે હૈ ઔર મુસાફિરોં પે ઘાત હૈ
બાપુ, તુમ્હારે દેશ મેં અબ ગોટાલોં કી બરસાત હૈ!"

બાપુ આ જવાબથી ટૅન્શનમાં આવી જાય છે. ત્યાં રાજેશ ખન્ના (કાકા) આવી ચડે છે, અને ઈ ભારતના હાલ કહે છે. એના અંદાઝમાં કે અરે, ઓ બાપુ મોશાય...!'આનંદ' નહીં હૈ દેશમેં, અવતાર કી આરાધના હો રહી હૈ બાપુ, આપ કી કસમ કો ખા કે બંડલબાજ નેતાઓં કી 'દાગ'વાલી સાધના હો રહી હૈ બાપુ. વોટ કી 'કટી પતંગ ફટ ગઈ ફિર ભી યહાં ખુરશીઓં કી કામના હો રહી હૈ બાપુ. 'પ્રેમનગર' હિંદ થા વો 'દાગ' બન ગયા, પ્રજા તો રોજ 'રાઝ' કા સામના કર રહી હૈ બાપુ.

કાકાના જવાબમાં બાપુના ચહેરા પર સહેજ મલકાટ આવે છે. ફિલ્મોના નામવાળો રાજેશ ખન્નાનો જવાબ બાપુને દેશનો અંદાજ આપી જાય છે. ત્યાં જગજીત સિંહ બાપુને પગે લાગવા આવે છે. ગાંધીબાપુએ જગજીત સિંહને'ય પૂછી લીધું કે દેશના કાંઈ લેટેસ્ટ ન્યુઝ? ગઝલસમ્રાટે 'હોઠોં'સે છુ લો તુમ' ગઝલના રાગમાં જ હિન્દુસ્તાનની હાલત વર્ણવી:

"ભારત કી હૈ ક્યા દશા કૈસે તુમ્હે સમજાઉં?
ફૅશન કા છાયા હૈ, નશા ગીત ઉસકે મેં ક્યા ગાઉં?
યે જવાનોં કી પીઢી fb મેં ડૂબી હૈ,
ફૉરેન કે ગાને સબ ગાતે યે બખૂબી હૈ,
કોલા-વરી છાઈ હૈ બાપુ મેં ક્યાં બતલાઉં?"

અને ત્યાં ગુજરાતી ફિલ્મના હાસ્ય અભિનેતા રમેશ મહેતા પહોંચ્યા બાપુના ચરણે. રમેશભાઈએ પણ અસલ્લ કાઠિયાવાડી લહેકામાં દેશની દુર્દશા વર્ણવી કે:

ઓ હોં હોં હોં...! કહું છું બાપુ ભારતનું અટાણે પીદડક પું થઈ ગ્યું છે. ભારત તો મોટું મહાભારત થાવા બેઠું છે. ગોલકીનું કોઈ કોઈનું સારતું (માનતું) જ નથી ને! મોંઘવારીમાં નાના માણાની કડ્ય ભાંગી ગઈ છે. તમારા બતાવેલાં ઓઈલા તઈણે'ય વાંઈદરા હવે મોટા થઈને નેતા થઈ ગયા છે. માળા બેટા સાચું કાંઈ સાંભળતા નથી, સાચું કાંઈ બોલતા નથી કે સાચું કાંઈ ભાળતા નથી. છાપું ઉઘાડો તો એમાં રોજ દી ઉગે ત્યાં શીનાળવા (ખોટા ધંધા) જ દેખાય છે. આખી જુવાન પેઢી ફાટીને ધુંમાડે ગઈ છે ને સાવ ઈંગ્લીશના રવાડે ચડી ગઈ છે. મધ્યમવર્ગના માણહના માંયલામાં તો સવાર સાંજ થામ (મુંઝારો) થાવા મંડ્યો છે બાપુ...! કાંઈક કરો! કહું છું કે કાંઈક કરો! અને હા, ભૂલી ગ્યો! આપણાં ગુજરાતમાં તો વિકાસના નામે કાઈંશ થાય છે...! એક બાજું ફડાકાવાળી થાય છે તો બીજી બાજું ધડાકાવાળી થાય છે.

"ખાટી ખાટી આંબલીને ઈ થી ખાટું દહીં,
ડખા તો મેં ઘણાંય જોયાં પણ આપણા ભારત જેવા નહીં!"

લ્યો તંઈ બાપુ... રામ રામ...! ઓ હો હો...!

રમેશ મહેતાના લહેકાથી બાપુ હસ્યા પણ ખરા ને અંતે વાતનો પ્રાણ જાણીને ગાંધીબાપુ રડી પડ્યા. ત્યા કોઈએ સમાચાર આપ્યા કે ચંદ્ર પર પ્રથમ પગ મૂકનાર અવકાશયાત્રી 'નીલ આર્મસ્ટ્રોંગ' ગાંધીજીના દર્શને આવવા માંગે છે. એણે અંદર આવી બાપુના ચરણસ્પર્શ કરી મસ્ત સમાચાર ઈંગ્લિશમાં આપ્યા. જે હું તમને ગુજરાતીમાં કહું. છું કે બાપુ પ્લીઝ ડોન્ટ વરી. ભારત ખૂબ આગળ વધી રહ્યું છે. મેં કોઈને નથી કહી ઈ વાત તમને કરું છું,કે મેં ચંદ્ર પર જ્યારે પ્રથમ પગ મુક્યો,ને ત્યારે પણ ચંદ્ર ઉપર ગુજરાતી શેઠની એક દુકાન મેં જોઈ'તી! અત્યારે તો ચંદ્ર ઉપર ગુજરાતીઓના પ્લૉટિંગ શરૂ થઈ ગ્યા છે. મોજ કરો! ઈન્ડિયા ઈઝ ગ્રોઈંગ! આ સાંભળીને ગાંધીબાપુ ખડખડાટ હસી પડે છે. ને તમે શું જૂની કબજીયાત જેવું મોં કરીને હજી બેઠા છો, હસો! હેપી બર્થ ડે ઈન



આખી દુનિયા ટુ-જી અને થ્રી-જી સુધી પહોંચી ગઈ છે અને આપણા તારક મહેતા કા ઊલ્ટા ચશ્માંના જેઠાલાલ હજી બબીતાજી સુધી જ છે.

૪૩

દાઢી હૈ તો દમ હૈ

કુછ તો દમ હૈ ઈસ દાઢી મેં.

પ્રખ્યાત હિન્દી શાયર જિગર મુરાદાબાદીનો એક સરસ શેર ટાંકું ઈ પહેલાં એક ઉર્દુ શબ્દ કમાલે ફન (મારી આવડત-મારી કલા) યાદ રાખજો. હવે આ સરસ શેર માણો કે...

"મેરા કમાલે ફન બસ ઈતના હૈ જિગર;
વો મુઝ પે છા ગયા ઔર મૈં ઝમાને પે છા ગયા!

ઈશ્વરની કૃપા તમામ પર એકસરખી રીતે અને મુશળધાર જ વરસતી હોય છે, પરંતુ અમુક અભાગિયા છત્રી અને રેઈનકોટનો મોહ છોડી નથી શકતા અને અમુક પોતાનાં કર્મોના પાપે ઘરની દીવાલ છોડી આ વરસતી કૃપામાં ભીંજાઈ નથી શકતા. વડનગરના રેલવે-સ્ટેશન પર ચાની કીટલી લઈને બાળપણ વિતાવનાર બાળક જ્યારે જનતાને આખા દેશના વડાપ્રધાનપદનો યોગ્ય ઉમેદવાર લાગે ત્યારે દિલમાં એટલું સો ટકા થાય કે ઈશ્વર જેવું કૈક છે ખરું હોં! આદમી કી મેહનત સે કુછ કુછ હોતા હૈ, ખુદા કી રહમત સે સબ કુછ હોતા હૈ.

નરેન્દ્ર મોદી એ પરસેવાનું નિત્ય સ્નાન કરીને પ્રગાઢ પુરુષાર્થના સમુદ્રમંથનમાંથી પ્રગટેલું વ્યક્તિત્વ છે. એટલે તો તેમનું નામ સાંભળીને કેટલાયને પરસેવો છૂટી જાય છે. લેકિન કુછ તો દમ હૈ ઈસ દાઢી મેં. ગાંધીનગરમાં મારા એક મિત્રની દીકરીનાં લગનનું જમવાનું આમંત્રણ આપવા અમે એક વાર મુખ્યપ્રધાનશ્રી પાસે ગયા. અમારું આમંત્રણ સાહેબે સ્વીકાર્યું. જમવા આવવાની હા પણ ભણી. મારા મિત્ર તો રાજી-રાજી થઈ ગયા. તેણે તો વેવાઈથી માંડી પોણા ગામને ઢંઢેરો પીટી નાખ્યો કે ફલાણી તારીખે ઢીંકણા પાર્ટી-પ્લૉટમાં સાંજે જમણવારમાં ગુજરાતના મુખ્યપ્રધાન પધારશે. મુખ્યપ્રધાને રાત્રે સાડા આઠનો જમવા આવવાનો સમય આપેલો. ઝેડ પ્લસ સિક્યોરિટી કૂતરા સાથે સાંજે સાત વાગ્યે પાર્ટી-પ્લોટ પર આવી ગઈ.

એમાં બે જણે દાળની ડોલ ઉલાળીને ફેંકી દીધી તો બીજા બે જણે સ્વીટનો થાળ ગટરમાં ઘા કર્યો. અમારું તો બી.પી. વધી ગયું. મેં પૂછ્યું કે ભાઈ, મુખ્ય પ્રધાન અહીં જમવા આવવાના છે ને તમે આ શું કરો છો? ત્યારે સિક્યોરિટીવાળાએ જવાબ આપ્યો કે 'નરેન્દ્ર મોદી ખાતા પણ નથી અને ખાવા દેતા પણ નથી.'

પછી અમે માંડ એ લોકોને સમજાવ્યા તંઈ મામલો થાળે પડ્યો, પણ ગટરમાં ગયેલો થાળ તો પાછો ન જ વળ્યો હોં.

આપણા હિમાદાદા કાયમ કહે કે આ નરેન્દ્ર મોદીની સરકાર એ અન્નકોટ જેવી છે — જોવા મળે, પણ કોઈ એમાંથી કાંઈ ખાઈ ન શકે. મુખ્ય પ્રધાને 'વાંચે ગુજરાત' નામે એક કાર્યક્રમ વરસો પહેલાં કરેલો. મને આ કાર્યક્રમ ખૂબ ગમ્યો'તો. આખા ગુજરાતમાં બધાય લોકો સાથે મળીને બે કલાક પુસ્તક વાંચે. પછી 'તરતું પુસ્તક' મૂકે. એટલે એક જણ વાંચી લે પછી ઈ પુસ્તક બીજાને આપે અને બીજો ત્રીજાને આપે. પણ હિમાદાદાને સમજાવે કોણ? મુખ્ય પ્રધાનશ્રીએ જેવી 'તરતું પુસ્તક' મૂકવાની વાત કરી ઈ ભેગી દાદાએ ઘરમાંથી એક જૂની ચોપડી લઈને પાણી ભરેલી ડોલમાં તરતી મૂકી. બોલો લ્યો, આને કે'વાય વિકાસ! શાંતિકાકીને ખબર પડતાં તે રાડેરાડ થયાં, કારણ કે એ ચોપડી તેમના ઉંમરલાયક ગોપીમંડળ(?)ની કીર્તનની ચોપડી હતી. મેં આ દાદા-દાદીનું સમરાંગણ શાંત પાડવા નરેન્દ્રભાઈને રૂબરૂ કહેલી એક મારી જ કવિતા કહી સંભળાવી કે.....

"કેટલાને પ્યાર છે દાઢી ઉપર
આખી આ સરકાર છે દાઢી ઉપર
આટલું અજવાળું નહીંતર હોય નહીં
તેજના તહેવાર છે દાઢી ઉપર
બે ઘડી દાઢી જો ઢીલી થાય તો
કેટલા તૈયાર છે દાઢી ઉપર
'સાંઈ' એનો વાળ વાંકો થાય નહીં
રાજી રક્ષણહાર છે દાઢી ઉપર."

ફીનિક્સ પક્ષી તો રાખમાંથી બેઠું થાય છે, પણ આ માણસ તો રાષ્ટ્રવાદની ભસ્મમાંથી પ્રગટ્યો હોય એવું મને લાગે છે. આટલા વિવાદો, વાવાઝોડાં અને રાજકીય ઝંઝાવાતો વચ્ચે નરેન્દ્રભાઈ જે સહજતાથી અણનમ — અડીખમ ઊભા છે, એ જોઈને એવું લાગે કે કોઈ ગેબી શક્તિ આ માણસને સતત મદદ કરી રહી છે.

બીજેપીએ જેવા મોદીજીને ડિક્લેર કર્યા ઈ ભેગા આપણા હિમાદાદાએ અડધી સ્લીવનો ઝભ્ભો ટટકારીને શેરીમાં અડધી ક્લાક લવીંગિયાની સેરું ફોડી. દાદીમાએ વરનાં. પોંખણાં કરવાનાં હોય એવી લાલચટાક સાડી પહેરીને શેરીમાં પેંડા વેચ્યાં. મેં બેયને ટપાર્યા કે 'શાંતિકાકી, હજી તો ચૂંટણીમાં નામ ડિક્લેર થયું છે; પરિણામ નથી હોં!'

કાકી તાડૂક્યાં, 'સાંઈ, હવે મુરતિયો નક્કી થઈ ગ્યો છે તો જાન (પ્રજા) થોડી દુલ્હન (ગાદી) લીધા વગરની પાછી આવે? આ સંઘ દ્વારકા પહોંચવાનો જ છે. મારું દિલ કહે છે કે નરેન્દ્ર મોદી વડાપ્રધાન થાશે જ જોજો!'

ત્યાં હિમાદાદા ટેવ પ્રમાણે વચ્ચે કૂદ્યા, 'એ દિલવાળી, તારું દિલ છેલ્લાં ચાલીસ વરહથી મારી પાસે છે અને એ પણ સાવ વૅન્ટિલેટર પર કોમામાં છે. કોઈ પસ્તીના ભાવે પણ લેવા તૈયાર નથી. આ સંઘ દ્વારકા નહીં, દિલ્હી પહોંચાડવાનો છે.'

શાંતિકાકી કહે, 'તમે આજ સુધી મારી એકેય વાતમાં સહમત થયા છો? શું હું ભાન વગરની છું?' દાદા ક્યે, 'હા,ઈ વાતમાં હું સહમત છું, બસ!'

વાત વધુ વિકરાળ બનીને સમરાંગણનું સ્વરૂપ ધારણ કરે ઈ પહેલાં જ મેં મોરચો સંભાળ્યો. ત્યાં હિમાદાદાએ નિઃસાસો નાખ્યો, 'સાંઈ, આને કેમ સમજાવવી? આ દેશમાં અત્યારે ત્રણ વાણીનું કોઈ સાંભળતું જ નથી — એક પતિવાણી, બીજી આકાશવાણી, ત્રીજી અડવાણી! પાંસઠ વરસ પહેલાં સરદાર વલ્લભભાઈ પટેલ નામના એક મરદ

ગુજરાતીને વડાપ્રધાન ન બનાવાયા એનાં પરિણામો છ દાયકાથી આપણે ભોગવી રહ્યા છીએ. આ બીજી વારેય એવું નહીં થાય ને?'

મેં કહ્યું, 'દાદા, હું કોઈ ભવિષ્યવેત્તા નથી અને કોઈ રાજકારણનો ઍનલિસ્ટ પણ નથી. ભાવિના ગર્ભમાં શું રહેલું છે એ મારા શબ્દની સોનોગ્રાફી ન કહી શકે. પણ હા, આ વખતે જો સત્તાની 'મિસડિલિવરી' થઈ, તો આવતા સાઠ વરસ કોઈ સિતમ સહન કરવા આ દેશમાં જીવતું જ નહીં હોય! ઘીના ઠામમાં ઘી પડી જાશે. અને કાં ઠામ (વાસણ) પડી જાશે, બીજું શું? ગુજરાત બહાર વસતો દરેક ગુજરાતી પોતાની ફરજ સમજીને બીજા સો નૉનગુજરાતીઓને પાંથીએ-પાંથીએ તેલ નાખે તો આખા દેશની જનતાનું કલ્યાણ કદાચ સંભવ છે. બાકી તો પ્રજાનાં જેવાં નસીબ હોય છે એવા નેતા જ તેને મળે છે. ખરેખર અમિતાભ બચ્ચને પ્રવાસન નિગમની જાહેરાતમાં સ્લોગન તરીકે 'ખુશ્બૂ ગુજરાત કી' વાક્ય વાપર્યું, છે.'

ટાણું, પાકતું આવે છે 'ખુશ્બૂ ગુજરાત કી'ને સમગ્ર હિન્દુસ્તાનમાં ફેલાવવાનું, નહીંતર 'બદબૂ હિન્દુસ્તાન કી' સહન કરવાની સહનશકિત છે હજી? આગે-આગે ગોરખ જાગે!



શાયર નસીબ ગ્વાલિયરીની ગઝલના બે શેર દેશના તમામ રમખાણોના સમાધાન માટે લાગુ પડે છે:

દેખતે જાઈએ કૈસે હૈં ઝમાનેવાલે, તાપને બૈઠ ગએ ખુદ આગ બુઝાનેવાલે, ફાસલે સદિયોં કે એક લમ્હે મેં તય હો જાતે દિલ મિલા લેતે અગર હાથ મિલાનેવાલે.

૪૪

શ્રી શ્રી પ.પૂ.ધ.ધુ. 108 આપણે ગુજરાતીઓ

ગુજરાત સ્થાપના દિન વેંત એક ટુકડો છે. મારા 'રંગકસુંબલ ગુજરાતી' પુસ્તકમાં મેં મારી રીતે આ ગુજરાતી પ્રજાનો ઍક્સ-રેની પૉઝિટિવ કાઢવાનો પ્રયત્ન કર્યો છે. ગુજરાતી પ્રજાની અનેક વ્યાખ્યાઓ એમાં મેં આપી છે કે સિંધી પાસેથી માલ લઈ, મારવાડીને વેંચે અને એમાંથી નફો કાઢી લ્યે એનું નામ ગુજરાતી. ટટ્ટાર ઉભા રહીને હસતાં મોઢે જ હંમેશાં ફોટા પડાવવાના શોખીન આપણે ગુજરાતીઓ! નવરાત્રીની નવ રાત મોજથી નાચવા એને જોઈએ જ. ચાહે મુંબઈમાં હોય કે મલેશિયા, રાજકોટ હોય કે રશિયા. ગુજરાતી નોરતા દરમ્યાન ચાર ઘુમરા ન લ્યે ત્યાં સુધી એના જીવને સખ ન વળે.

અમારા હિંમતદાદા બે જગ્યાએ નથી જાતા. એક તો મંદિરના અન્નકોટમાં અને બીજા નવરાત્રીના ડિસ્કો દાંડિયામાં. મેં કારણ પૂછ્યું, તો દાદાએ રોકડું સંભળાવ્યું કે આ અન્નકોટમાં હજારો વાનગીઓ ભગવાનને ધરાવેલી હોય પણ આપણને એકે'ય ચાખવા ન મળે! અને ડિસ્કો દાંડિયામાં પણ....? મેં કહ્યું શાંતિ રાખો દાદા.. અનુપ જલોટાના ભજનો ગાવાની ઉંમરે તમે ઈમરાન હાશ્મીના ગીતો ગણગણવાની વાત માંડો છો. હિમાદાદા ક્યે, શાંતિને તો છેલ્લાં પચાસ વરસથી સાચવીને રાખી છે. ત્યારે મને યાદ આવ્યું કે દાદા એમની પત્ની શાંતિકાકીની વાત કરે છે અને હું જીવનની શાંતિની વાત કરૂ છું.

આપણી વાત ગુજરાતીઓની કોઠાસૂઝ પર અટકી'તી. સાવ ફ્રેશ દાખલો વૉટ્સએપ પર બહુ ભટકે છે. ઈ સીધો જ ટાંકું, તો બંગાળમાં એક મોટો પુલ બનાવવાનો હતો. એક મદ્રાસી કોન્ટ્રાક્ટર અને એક ગુજરાતી કોન્ટ્રાક્ટરે ટૅન્ડર ભર્યું. મદ્રાસીએ મનોમન ગાંઠ વાળેલી કે આ ટૅન્ડરમાં ભલે એક ફદીયું ના વધે પણ ગુજરાતીના હાથમાંથી ટૅન્ડર ઝુંટવી લેવું છે. એટલે મદ્રાસીએ એ પુલનો ભાવ સાવ મિનિમમ ત્રણ કરોડ રૂપિયા ભર્યો. બંગાળી સાહેબે મદ્રાસી કોન્ટ્રાક્ટરને ચેમ્બરમાં બોલાવી પૂછ્યું કે ત્રણ કરોડમાં કેવી રીતે પુલ બનાવશો? મદ્રાસી લુંગી ચડાવીને લોટામાં પથરા ખખડે એવી હિન્દીમાં બોલ્યો કે અન્ના,

એક કરોડ કા રૉ-મટિરિયલ આયેગી, એક કરોડ કા મજદુરી હોગી, ઔર બાકી કે એક કરોડ મેં સે બ્રીજ કે ઉપરકા ડેકોરેશન કરેગા. બંગાલી સાહેબ કહે ઈ બરાબર, પણ આમાં તમારી પાછળ શું વધશે? મદ્રાસી કહે, ભલે કુછ ન બચે. મૈં યે કામ દિલસે કરના ચાહતા, આપ મેરેકુ ટૅન્ડર દીજીયે બસ.

બંગાળીએ એને કહ્યું બહાર રાહ જૂઓ. પછી ગુજરાતી કોન્ટ્રાક્ટરને ચેમ્બરમાં બોલાવી પૂછ્યું, કે તમે કેટલા રૂપિયામાં બ્રિજ બનાવશો? ગુજરાતીએ મોઢામાં એકસો પાંત્રીસનો માવો દબાવીને ચાવતાં ચાવતાં કહ્યું કે પાંચ કરોડમાં સર.

બંગાળી સાહેબ કહે કે આ મદ્રાસી ત્રણ. કરોડમાં બ્રિજ બનાવી દ્યે છે તો તમે પાંચ કરોડ કેવી રીતે કહી શકો? ગુજરાતીએ ઉભાં થઈ એની ઑફિસની ગેંડીમાં પોતાની દેશી ફાકીની પિચકારી મારીને પછી સમજાવ્યું કે, જુઓ શેઠ, એક કરોડ આપકા, ઔર એક કરોડ મેરા. આટલું સાંભળતાં જ બંગાળી ઉકળ્યો, તો ફીર બ્રિજ કૈસે બનાયેગા? ગુજરાતી ક્યે બનેગા સર, બ્રિજ મદ્રાસી બનાયેગા! ઉસકો મજૂરી કરની હી હૈ, તો કરને દો ના, આપ મલાઈ ખાઓ ના સરજી! ઍન્ડ ફાયનલી, કામ મદ્રાસીને મળ્યું ને ટૅન્ડર ગુજરાતીનું પાસ થયું. રીટર્ન ફ્લાઈટમાં એક કરોડનો હવાલો પાડીને માટલા જેવી ફાંદ ઉપર હાથ ફેરવતો ફેરવતો ઈ ઘરે આવીને તરબુચ ખાઈને સુઈ ગયો. આવા તો ઘણાં પ્રસંગો છે મારા વ્હાલા, આખા ભારતમાં બ્રિજ કે ઉદ્યોગોમાં મજૂરી ભલે ને કોઈપણ કરે, પરંતું એની મલાઈ તો A.C. ઑફિસમાં બેઠેલા ફાંદાળા અને ટાલવાળા ગુજરાતીઓના ગજવામાં જ જાય છે.... આને કેવાય વિકાસ ...! શું કહો છો?

મેં એટલે જ 'રંગકસુબલ ગુજરાતી'માં હટીને લખ્યું છે કે પંજાબમાં વાળંદની દુકાન નાખવાનું સાહસ કરીને એન્ટાર્કટિકા ખંડમાં બરફનું કારખાનું નાંખવાના પૉઝિટિવ સપનાં જોનારા આપણે ગુજરાતીઓ....

અહિંસાના અતિરેકે કયાંક આપણને નપુંસક તો નથી બનાવી નાંખ્યાને? લગાતાર ઉપવાસથી આપણી હોજરી સંકોચાઈ તો નથી ગઈને? હિંન્દુસ્તાનને અખંડ હિન્દુસ્તાન રાખવાના આપણાં સ્વપ્નાં સુકાઈ તો નથી ગ્યા ને? 'માતૃભાષા' બોલશે એને જ રેશનકાર્ડની ખાંડ મળશે! સરકારે ભવિષ્યમાં આવી કોઈ યોજના તો મુકવી નહીં પડે ને? ગાય જેના ઘરમાં હશે એ પરિવારને ગમે ત્યાં સરકારી નોકરીની લાલચ તો નહીં દેવી પડે ને? અને આવા બધા સવાલો આવતી પેઢી આપણને નહીં કરે ને, કે ફાધર, આર વી ગુજરાતી? શું આપણે ગુજરાતી છીએ?

પ્લીઝ, પ્લીઝ, પ્લીઝ ટેઈક સમ ટૅન્શન ઍન્ડ થિન્ક ફોર થર્ડ જનરેશન....!

 —Of The Record— 

હરકિસન મહેતાની 'પીળા રૂમાલની ગાંઠ'માં બંધાઈ ગયા છીએ,
આપણે ગુજરાતીઓ...
પન્નાલાલની 'માનવીની ભવાઈ'માં પોક મૂકીને રડ્યા છીએ,
આપણે ગુજરાતીઓ...
જ્યોતીન્દ્ર દવેથી માંડી તારક મહેતાની કલમથી ખૂબ હસ્યા છીએ,

આપણે ગુજરાતીઓ..

કે.કા. શાસ્ત્રીના શાસ્ત્રાર્થથી પાકટ બન્યા, ચંદ્રકાંત બક્ષીના કટાક્ષથી મનમાં મલક્યા, અને ગુણવંત શાહ કે જય વસાવડાના બોલ્ડ શબ્દોથી રીતસર આઉટ થઈ ગયા છીએ...

આપણે ગુજરાતીઓ....

- ‘રંગ કસુંબલ ગુજરાતી’માંથી

૪૫

ખાઉધરા ગુજરાતીઓ

પહેલી મે ના રોજ 'ગુજરાત સ્થાપના દિન' ઉજવાય છે. વિશ્વની સૌથી શાંત અને શાકાહારી પ્રજા તરીકેનું 'મહાજાતિ ગુજરાતી'નું બિરૂદ મેળવનારી પ્રજા એટલે આપણે ગુજરાતીઓ. ગુજરાતી પ્રજાની ઘણી બધી લાક્ષણિકતાઓ મેં મારા 'રંગકસુંબલ ગુજરાતી' પુસ્તકમાં આવરી લીધી છે. ગુજરાતીઓ ગરીબ જન્મે છે પરંતુ પોતાની આવડતના જોરે ગરીબ મરતો નથી. વ્યાપારી કોઠાસૂઝ અને રૂપિયાવાળા થાવાની તડપ ગુજરાતીઓને ગળથૂથીમાં મળેલી હોય છે. આ તો સારું છે. છોકરાં જન્મતા વેંત બોલતાં નથી, બાકી ગુજરાતીનો છોકરો જન્મીને સીધો ગાયનેકૉલૉજિસ્ટને વિનંતી કરે કે સાહેબ, પપ્પાનું બિલ થોડું વ્યાજબી કરજો હોં!

ડુંગળીથી લઈને ડાયમંડ સુધી ખર્ચો કરીએ પણ 'શોપિંગમાં બાર્ગેનીંગ' એ આપણી એક વિશિષ્ટ ઓળખાણ છે. સો રૂપિયાની આઈટમના જ્યાં સુધી નેવું ન કરાવીએ ત્યાં સુધી ગુજરાતી જીવને સખ ન વળે. ખાસ કરીને ગુજરાતણોની આ વ્યાજબી ભાવ કરાવવાના હઠાગ્રહને લીધે જ માર્કેટમાં 'સેલ' અને ડિસ્કાઉન્ટની સિસ્ટમ અમલમાં આવી છે. અરે હદ તો ત્યાં સુધી થઈ છે કે લંડન કે અમેરિકાના ધોળીયા'વ પણ મૉલમાં હવે બાર્ગેનીંગ કરવા લાગ્યા, અને વાસ્તવિકતા એ છે કે સેલ અને ડિસ્કાઉન્ટમાં મૂળ ભાવ કરતાં ત્રણગણો ભાવ આજે ગુજરાતી પ્રજા પાસેથી વસુલવામાં આવે છે.

મૂળભૂત રીતે કહું તો "ખાધોડકી પ્રજા" એટલે આપણે ગુજરાતીઓ! અંદરનો ખાલીપો પુરવા પેટમાં કલાકે કલાકે કાંઈક ને કાંઈક નાખ્યા કરીએ અને પરિણામે તરબુચ જેવી ટાલ અને માટલા જેવી ફાંદના અજોડ વારસદારો છીએ આપણે ગુજરાતીઓ! જમતી વખતે આપણને ખબર જ નથી પડતી કે ખરેખર કેટલું જમવાનું હતું. બસ જમીને ઓડકાર ખાતી વખતે તમે લગભગ ગુજરાતીના મોંઢે સાંભળશો કે મારુ બેટુ વધુ જમાય ગયું હોં!

આપણે કેરીની ગોટલીમાંથી મુખવાસનું ઐતિહાસિક સર્જન કરનારી પ્રજા છીએ. કેરીની સીઝનમાં ગુજરાતીઓના ઘરમાં એક ગોટલા પર ચાર છોકરાને દાંત મરાવે. વળી શેઠ કહેતા પણ જાય કે ભાઈઓમાં પ્રેમ વધે! હવે પ્રેમવાળા, આમાં ગોટલામાં કાંઈ ન વધે ઈ તો જો. ગુજરાતીઓનાં ઘરમાંથી ફેંકેલી છાલ કે ગોટલા લગભગ જનાવર પણ ખાતું નથી. કારણ એમાંનું તમામ રસતત્ત્વ પરિવારજનોએ ખૂણેખૂણેથી ચૂસી લીધું હોય છે.

આપણી ગુજરાતણોને ગોટલીનો મુખવાસ અને તરબુચના બીનો મુખવાસ બનાવતાં આવડે છે. આ કરકસર નથી, પરંતુ એકની એક વસ્તુનો રિસાયકલ કરીને કેટલો ઉપયોગ કરી શકાય એનું શ્રેષ્ઠ ઉદાહરણ છે.) મારું દૃઢપણે માનવું છે કે (કમ્પ્યુટરમાં આ 'રિસાયક્લીંગ બીન' આપણી ગોટલીના મુખવાસનો ઘટનાક્રમ જોયા બાદ જ ઈ લોકોએ આ સીસ્ટમ ડેવલોપ કરી હશે આવું મારું અંગત માનવું છે.)

મને ખબર નથી પણ તમારા મુંબઈમાં ફજેતો થાય છે. એક રીતે તો ખૂબ થાય છે. પણ હું તમને જમવામાં ફજેતાનું પૂછું છું! કેરીના ગોટલાને પાણીમાં વઘારીને બનાવવામાં આવતી કઢી જેવી સ્પેશયલ આઈટમને 'ફજેતો' કહેવાય છે. જેટલા યુવાનો વાંચે છે ઈ બધાને કહું છું કે મમ્મીની વાર્ષિક પરીક્ષા લેવા માટે પૂછી જોવું કે મમ્મી, આજે 'ફજેતો' બનાવ. પ્લીઝ આજે ફજેતો કર. નહીંતર તમે તો મોટા થઈને કરવાના જ છો.. આબરૂનો.. હા હા હા...!

કરકસરના કિંગ કહેવાતા ગુજરાતીઓની એક બીજી વિશેષ ખાસિયત એ છે કે આપણે ઘરે હોઈએ ત્યારે દર રવિવારે પંજાબી-ચાઈનીઝ- સાઉથ ઈન્ડિયન જમણ માટે તલપાપડ થઈએ છીએ, પરંતું જેવા ગુજરાતની બહાર નીકળીએ એટલે ગુજરાતી થાળી માટે ફાંફા મારીએ છીએ. મેં તો માથેરાન-મહાબળેશ્વર અને કાશ્મિરમાં પણ ગુજરાતીઓને કઢી ખીચડી ગોતતા જોયા છે. ઈન્ટરપોલ એજન્સી જેવી રીતે ગુનેહગાર શોધતી હોય એવી ઝીણી નજરથી અજાણ્યા માર્કેટમાં જાણીતી ખાણીપીણી શોધવા ઝાંવા મારતા ગુજરાતી મેં જોયા છે.

ખાવા માટે પણ ગાંઠિયા સાથે મરચાં, શાકભાજી સાથે લીમડો અને કોથમીર, ભજીયાં સાથે ચટણી તો મોબાઈલ સાથે સીમકાર્ડ હંમેશાં ફ્રીમાં જ ચાહનારા આપણે ગુજરાતીઓ! ભૂખ લાગે ત્યારે ડાયાબિટીસની ઐસી તૈસી કરીને ઢેફલાં ખાઈ લઈએ અને પછી ઢેફલાં જેટલી જ દવાની ગોળીયું ખાધા કરીએ આપણે ગુજરાતીઓ..!

ચા-ગાંઠિયાં, ભજીયાં, થેપલાં, અથાણું ને છાશ આ છ વસ્તુ માટે ગમે તેટલા રૂપિયા, પાઉન્ડ, ડૉલર ખર્ચવા તૈયાર છીએ. ક્યારેક ક્યારેક તો મને એવું લાગે છે કે ગાંઠિયાં અને ભજીયાં એ આપણો રાષ્ટ્રીય ખોરાક છે. આપણી ભૂખનો મોક્ષ માત્ર અને માત્ર ગુજરાતી થાળી છે. અને જ્યાં સુધી વિશ્વભરના ગુજરાતીઓના ડાઈનિંગ ટેબલ પર છાશ અને ગોળકેરીનું અથાણું જીવે છે ત્યાં સુધી ઊંડે ઊંડે એક વિશ્વાસ છે કે મારી ગુજરાતી ભાષાને કાંઈ નહીં થાય! હેપી બર્થ ડે ટુ ગુજરાત ઈન એડવાન્સ. અને કૉન્ગ્રેટસ ટુ ઑલ ગુજ્જુ'સ...!

 —Of The Record— 

બોટાદકરનું જનનીનું વહાલ અને સાંઈ કવિ મકરંદનો ગમતાનો ગુલાલ
આપણે ગુજરાતીઓ...
અખાના છપ્પા અને ભોજા ભગતના ચાબખા પાછળનું જ્ઞાન
આપણે ગુજરાતીઓ...
પિંગળશી ગઢવીના સદાબહાર છંદોમાં આપણે નાચ્યા, કલાપીની આંખની

યાદી બનીને આપણે વહી ગયા, કાગબાપુની દાઢીમાં અને ઝવરચંદ મેઘાણીના લોકસાહિત્યના, થેલામાં સમાઈ ગયા..

આપણે ગુજરાતીઓ....

- 'રંગ કસુંબલ ગુજરાતી'માંથી

૪૬

લાગે બાગે લોહીની ધાર

ગુજરાત સ્થાપના દિન નિમિતે મેં ગુજરાતીઓનાં બહુ વખાણ લખ્યા એમાં આપણાં હિમાદાદાને ખોટું લાગ્યું. દાદાએ મને ખખડાવી નાખ્યો. ચોકઠું પહેરીને મને કહે, ગુજરાતીઓના પેટભરીને વખાણ તને જ દેખાય છે. “એના સારા નરસા બે’ય પાસાં તારે લખવાં જોઈ, તો જ તું સાચો અને તટસ્થ લેખક કહેવાય. હવે આ ‘તટસ્થ’ શબ્દ હું દસમાં ધોરણમાં ગણિત ભણતો તે ‘દી મેં સાંભળેલો. ત્યારે પણ નહોતો સમજાણો અને દાદાએ કાલે કહ્યો ત્યારે પણ નથી જ સમજાણો. ગુજરાતી પ્રજાની મજબુરી અને મર્યાદાઓ પણ લખવી જ જોઈએ આ વિચાર તો દાદાનો મેં સ્વીકાર્યો અને અમુક વસ્તુઓ ઊડીને આંખે વળગી એ ટપકાવું છું. ખોટું લાગે તો ત્યાંથી લેખ પડતો મુકજો, પણ વાત સાચી લાગે તો બીજા બે ને વંચાવજો..

જન્મજાત શેઠ થાવા માટે જ જન્મેલી પ્રજા એટલે આપણે ગુજરાતીઓ. ફોરવ્હીલ ગાડી એ સમગ્ર ગુજરાતી પ્રજાની ‘વિયાગ્રા’ છે. ગાડી જોઈને કોઈપણ જ્ઞાતિનો ગુજરાતી બે મિનિટ માટે ઉત્તેજીત થઈ જાય છે. પારકા બૈરાં જીન્સ પહેરે તો ધારીધારીને જોઈ લ્યો પણ પોતાનું બૈરૂં જીન્સ પહેરે એ એને જરાય નથી ગમતું. ફૅશન હંમેશાં પોતાનાં ઘર સિવાયની તમામ સ્ત્રીઓએ કરવી જોઈએ અને નિયમ બધાય પોતાના સિવાય તમામ પર લાગુ પડવા જોઈએ. અને ફાયદો તો ઓબ્વિયસલી માત્ર અને માત્ર પોતાને જ થવો જોઈએ આવું દૃઢપણે માનનારી પ્રજા એટલે આપણે ગુજરાતીઓ!

દરેક ગુજરાતીની મોટામાં મોટી નબળાઈ ઈ છે, કે દરેક જણ અંતરથી ઇચ્છે છે કે આ દેશમાં રામરાજ્ય આવવું જોઈએ. નિષ્ઠા-પ્રામાણિકતા-પ્રેમનું શાસન હોવું જોઈએ. પણ દરેક ગુજરાતી પાછો એમ પણ ઈચ્છે છે કે મારી ફાઈલ પાછી રોકાવી ન જોઈએ. કારણ કે ગુજરાતી બધું સહન કરી શકે, પણ ધંધાનું નુકસાન એનાથી સહન નથી થાતું.

ગુજરાતીને કોઈપણ કિંમત પર માણસ ખરીદતાં મસ્ત રીતે આવડે છે. હવે હું કન્ફ્યુઝડ છું કે આ વાતને ગુજરાતી પ્રજાની આવડત ગણવી કે શરમ? હાલો, ઈ તમારી ઉપર છોડું છું. આફ્ટર ઑલ તમને’ય કાંઈક લેસન તો આપવું જોઈએ ને?

ગુજરાતી પ્રજાની રગોમાં લોહી નહીં પરંતુ રૂપિયો દોડે છે. ગુજરાતીઓને નવું

આલાગ્રાન્ડ મકાન બાંધવાનું ઍપેન્ડિક્સ જન્મજાત હોય છે. ઍનીહાઉ, રૂપિયા કમાવવાનો ઍનેસ્થેસિયા આ પ્રજાની કઈડ પર લાગેલો છે. આ પ્રજાને દંભ અને દેખાડો કરવાનો અફીણ જેવો નશો ચડેલો છે. પોતાની દીકરી ડૉક્ટર થાય કે દીકરો C.A. થાય, એનું ગુજરાતી માબાપને ગૌરવ હોય છે. પણ દીકરાએ કોઈ 'દી ગીતા કે રામાયણનું પાનું વાંચવાની તસ્દી પણ ન લીધી એનો રંજ પણ નથી હોતો. પોતાના ધર્મ પ્રત્યે, પોતાના મંદિરો-સંતો-શાસ્ત્રો અને પોતાની માતૃભાષા માટે સૌથી ઉદાસ પ્રજા એટલે આપણે ગુજરાતી...

આપણે વ્યસનમુક્તિ પરના વ્યાખ્યાનો પણ, થોડુંક 'છાંટોપાણી' કરીને સાંભળવા સક્ષમ છીએ. મારી દ્રષ્ટિએ ગુજરાતીઓની સૌથી મોટી મર્યાદા એ છે કે એને માત્ર આગળ નથી વધવું, બસ એના પાડોશી કે હરીફથી આગળ વધવું છે. હરીફને હંફાવીને પછાડવાની ધુરી દરેકના મગજમાં ચડેલી જ હોય છે. એટલે આપણે બીજાને પાડી દેવામાં એટલા તો મશગુલ થઈ જઈએ છીએ કે અંતે પોતે ક્યારે 'પડી' જઈએ છીએ એનો ખ્યાલ પણ નથી હોતો..

યુધ્ધ એ ગુજરાતીઓની ફિતરત નથી. એ મારું માનવું છે. આઈ એમ નોટ શ્યૉર, પણ આર્મીમાં સૌથી ઓછા ગુજરાતીઓ હશે. કારણ કે આપણા યુવાનો નવરાત્રીની નવ રાત રક્ષા માટે ઊભા ન રહી શકે. દાંડિયા રમી શકે.

ગાંધી-સરદાર-કે શ્યામજી વર્મા જેવા ભારતના રાષ્ટ્રરત્નોની જન્મભૂમિ પરના યુવાનોનો આજકાલનો આદર્શ સલમાન કે રણબીર છે. ગુજરાતીઓ માટે વીરરસ એ પ્રૅક્ટિકલ નહીં, પરંતુ થિયરિકલ વિષય છે. બે-ચાર કોમને બાદ કરતાં અહીં ઝઘડામાં હાથચાલાકી થાતી નથી. કદાચ ભૂખહડતાલો કરીકરીને ગુજરાતીઓની હોજરી સંકોચાઈ ગઈ છે.

પરસેવો પાડવા કરતાં આ પ્રજા દાન કરીને છૂટી જાવા માંગે છે. ભૂલ ઈરાદાપૂર્વક થઈ જાય તો મંદિરો ક્યાં નથી? બે-પાંચ લાખનું ડૉનેશન કરી દેવાથી તમામ પાપોનો સર્વનાશ થઈ જ જશે આવી શ્રધ્ધા હોવાથી પાપ-અને પુણ્ય આપણે સાયમલટેન્યસલી ચાલુ રાખીએ છીએ.

અહીં છાપાંમાં છાપવાનાં પણ રૂપિયા દેવા પડે છે અને ન છાપવાના પણ. કોકને ટેકા દેવાના લાખો અપાય છે તો ટેકા પાછા ખેંચવાના સોદા કરોડોમાં થાય છે. ગુજારાતી પ્રજા ગાડીને પોતાની મા કરતાં વધુ સાચવે છે અને મોબાઈલ સાથે પોતાની પત્ની કરતાં વધુ વાત કરે છે. અમુક ગુજરાતી પતિદેવો તો ઓશીકા નીચે જ મોબાઈલ રાખીને સુવે છે. જે રાતે કોકને મીસ યુ નો મેસેજ ફોરવર્ડ કરીને પછી પોતાની પત્નીને ફોરવર્ડ રીતે પ્રેમ કરે છે.

ગુજરાતણો પણ કાંઈ ઓછી ઉતરે એવી નથી. એને પોતાનાં બાળકોનાં ઘડતર કરતાં પોતાના નેલપૉલિશની વધુ ચિંતા સતાવી રહી છે. હું તો ડાયરામાં જાહેરમાં કહું છું કે મુંબઈ-અમદાવાદ કે રાજકોટની આજની ભણેલીગણેલી મમ્મીઓ જો દસ બાળવાર્તા કે દસ હાલરડાં આખાં ગાઈ બતાવે તો હું આ લેખનનો ને ડાયરાનો ધંધો પડતો મુકીને ઘાટકોપરમાં જોલી જીમખાના પાસે કેળાની રેંકડી કાઢવા તૈયાર!!! ઈટ્સ ચેલેંજ!

આપણે આપણો વારસો ગુમાવી રહ્યા છીએ. એનો આપણને સહેજ પણ રંજ નથી. બસ એનો મને રંજ છે. પચાસ વરસ પછી આપણી પાસે કદાચ ઘર દીઠ પાંચસો કરોડની પ્રોપર્ટી હશે પરંતુ આપણી પાસે 'આપણી પ્રજા' જ નહીં હોય. તો???

જાગો ગુજરાતીઓ, નહીંતર પછી રોવા બેહશોને, તો આંસુડા પણ અંગ્રેજીમાં આવશે!

આ લેખ ક્યાંક તમને કાંટાની જેમ ખૂંચ્યો પણ હશે માટે માફી, કારણ સત્ય હંમેશાં ખૂંચે જ છે. કારણ કે એમાં પૉઈન્ટ હોય છે. હિમાદાદા તો આટલું સાંભળીને સ્વીકારીને ખુશખુશાલ થયા છે! ને તમે?

નહીંતર પછી લાગે બાગે લોહીની ધાર, આપણી ઉપર કાંઈ નહીં.


—Of The Record—


હિન્દી હાસ્ય કવિઓ ઉભા રહીને કવિતાઓ બોલે છે, જ્યારે ગુજરાતી હાસ્ય કલાકારો બેઠા બેઠા 'હસાયરા' કરે છે. સીધી વાત છે, બેઠાબેઠા રૂપિયા મળતાં હોય તો ઊભા કોણ થાય?

૪૭

મધપૂડો સો લેખનો

"આજે થઈ 'સાંઈરામના હાયરામ'ની સદી,
'મિડ-ડે'માં વહી હાસ્યની ધોધમાર નદી."

ચીર્સ ફ્રેન્ડ્ઝ! આજે 'સાંઈરામના હાયરામ'ની મિડ-ડેની આ મારી કોલમ સો અઠવાડિયાં સહર્ષ પૂરાં કરે છે. હાયરામના સર્વે વાંચકો અને ચાહકોનો દિલથી આભાર માનું છું. આમેય ચાહકનો ચા ઉપર હક હોય છે. મિડ-ડે વાંચનારા સર્વે મિત્રોને સાવ સાગમટે નિમંત્રણ છે, કે કોક 'દી આવો અમારા ગોંડલમાં... કાઠિયાવાડના મહેમાન બનો! અને ચેક કરો કે 'કાઠિયાવાડની મેમાનગતિના દુહા ખોટા તો નથી લખાઈ ગ્યા ને! સો અઠવાડિયામાં દર રવિવારે મેં આજ સુધીમાં શું શું પીરસ્યું...! આજે તમને ફ્લૅશબૅકમાં લઈ જાવા છે. જો કે તમે લોકો 'તારક મહેતા કા ઊલ્ટા ચશ્માં'માં રોશન ને સોઢી બદલાઈ જાય કે 'ચિડિયાઘર'માં 'કોયલ' બદલાઈ જાય તો પણ સ્વીકારી ચલાવી લ્યો છો! ખરેખર, શ્રોતાઓ અને વાચકો બહુ વિશાળ હૃદયનાં હોય છે. લ્યો મેમરી રિવાઈન્ડ કરો.

છેલ્લા સો રવિવારના હાયરામના વીણેલાં મોતી મમળાવો:

- 😐 મુંબઈગરાઓને હાંફતાં પણ આવડે છે અને હંફાવતાં પણ! મુંબઈના લોકો મુંબઈ સિવાય કોઈને પ્રેમ નથી કરતા. આ શહેરના લોકો વડાપાઉં અને લોકલ ટ્રેનને સગા દીકરા-દીકરી જેટલું વહાલ કરે છે.
- 😐 મુંબઈમાં ફૅશનની સાથે સફોકેશન ગિફ્ટમાં મળે છે. મુંબઈમાં કૂતરું પણ ઊભી પૂંછડી પટપટાવે છે કારણ કે આડી પૂંછડી પટપટાવવા માટે અહીં જગ્યા જ નથી યાર...!
- 😐 કેટલાક લોકો પાણી ગાળીને પીતા હોય છે અને ગામનું લોહી ડાયરેક્ટ પીતા હોય છે તેનાથી ચેતજો....!
- 😐 આજની આખી પેઢી ચાર કલાક ફેસબુક સામે બેસે છે પણ અડધો કલાક પણ બુકને ફેસ કરતી નથી.

😐 અન્ના હઝારે નામના એક વ્યક્તિ ભૂખ્યા રહ્યા અને આખી સરકારને ડાયેરિયા થયો...!

😐 મારી પાડોશમાં રહેતાં એક બહેને શિવપુરાણ વાંચીને પછી નક્કી કર્યું કે પાર્વતીએ શિવને પ્રાપ્ત કરવા ત્રણ વાર અગ્નિસ્નાન કર્યું'તુ, તો હું પણ અગ્નિસ્નાન કરું. મેં સમજાવ્યાં કે બહેન, પાર્વતીનો પતિ કૈલાસમાં હતો ને તમારો કારખાનામાં છે! રહેવા દો.

😐 મોબાઈલનું શુધ્ધ ગુજરાતી 'ભ્રમણભાષ' થાય.

😐 પરસેવાનો રૂપિયો જ્યારે પર-સેવામાં લાગે ત્યારે જ જીવન ધન્ય બને.

😐 એક સફરજનમાં કેટલાં બી છે, ઈ તો આપણે કહી શકીએ, પરંતુ એક બીમાં કેટલા સફરજન છે ઈ તો ઈશ્વર જ કહી શકે.

😐 આપણા પૂર્વજો સાયન્ટિસ્ટો જ હતા. એને ખબર હતી કે પિપળો ચોવીસ કલાક ઑક્સિજન આપે છે માટે એને પિપળા સાથે પિતૃની પૂજા જોડી દીધી.

😐 પાદરડું ખેતર ને પગમાં વાળા,
અંધારી રાત ને બળદિયા કાળા,
કજિયાળી બાયડીને પાડોશમાં સાળા,
આટલું ન દે જે દ્વારિકાવાળા.

😐 જેનું રાંધેલું ખાઓ એના સામા ન થાઓ.

😐 ગણિત અને સ્ત્રીમાં માત્ર એટલો તફાવત છે કે ગણિતમાં કૈક લૉજિક તો હોય...!

😐 એક જણો સવારમાં અગાસીમાં તલવાર ફેરવતો'તો. મેં પૂછ્યું શું કરે છે? ઈ ક્યે ભૂતને પતાવી દેવું છે. મેં પૂછ્યું, ભૂતે તારું શું બગાડ્યું છે? ઈ ક્યે પાટલુન....!

😐 આપણા દેશમાં બે મોહન થયા એક ગોકુળમાં, બીજો પોરબંદરમાં. એકે ગોપીનો ઉધ્ધાર કર્યો ને બીજાએ ટોપી નો...

😐 મુંબઈમાં લગ્ન પ્રસંગ પતાવવો એટલે પંજાબમાં હેર કટીંગ સલૂન ખોલવા જેવું અઘરૂં કામ છે.

😐 સાચો પ્રેમ હંમેશાં ખોટી વ્યક્તિ સાથે થાય છે.

😐 હિંમતદાદાનો સણસણતો સવાલ: રામદેવ મસાલાના માલિક બાબા રામદેવ છે?

😐 થોડોક સમય જાવા દ્યો. આ ઈવેન્ટ કંપનીવાળા નાચવા-ગાવાવાળા ભાડે આપે છે, એમ જ કુટુંબ વગરના પરિવારને આખી જાન ભાડે કરી આપશે. ભવિષ્યમાં એવા બૅનરો વાંચવા મળશે કે લગ્નમાં ભાડુતી કાકા-કાકી-દાદા-દાદી — ફુઆ ફઈબા વ્યાજબી ભાવે મળશે!

😐 વિજય માલ્યાની ડૂબી ગયેલી કિંગ ફિશર ઍરલાઈન્સ બચાવવાની હિંમતદાદાની શિખામણ: પ્લેનમાં સેન્ડવીચ અને જ્યુસ કરતાં ગરમાંગરમ ગાંઠિયાને ભજીયાના કાઉન્ટર રાખો. અને પચ્ચીસ ટકા ચાર્જમાં પેરાશુટ પહેરીને પાંખિયા પર બેસાડો.

😐 કોલાવરી ડી — આ ગીત રજનીકાંતના જમાઈએ ગાયું અને આટલું સુપરહીટ ગ્યું. જો ખુદ રજનીકાંતે ગાયું હોત તો કોલાવરી-ડી ને આપણું રાષ્ટ્રગીત બનાવવું પડત...!

😐 દેશી દુહો છે કે:
ભૂત ગામ ભાડલા, જ્યાં જુઓ ત્યાં કૂવા, બાયડી એટલી ડાકણ્યું અને ભાયડા એટલા ભૂવા

😐 ભારતનો દરેક પુરુષ ઈચ્છતો હતો કે ઐશ્વર્યા રાયને બેબી આવે. કારણ બચ્ચનની અભિનયકલાનો વારસો જળવાય, એટલો જ જરૂરી ઐશ્વર્યાને સુંદરતાનો વારસો જળવાવો જોઈએ.

- બંગડીના ઘોબા જેને જેને લાગ્યા છે ઈ સામે કોઈ ‘દી સૂઈ નથી શક્યા.
- હે મુંબઈ, મારે તને ભૂંસી નાંખવું છે, તું મને ભૂંસી નાંખે ઈ પહેલાં (કવિ સુરેશ દલાલ)
- જેસીઝ ક્લબની સ્થાપના કૃષ્ણ ભગવાને જ કરી હશે. એટલે તો આપણે કહીએ છીએ જે સી કૃષ્ણ.
- મોબાઈલ અને પત્ની બંન્ને માટે દરેક પુરૂષને મનમાં વસવસો રહે છે કે થોડીક વધુ રાહ જોઈ હોત તો આથી સારું મોડેલ મળત...!
- યાદ રાખજો, રાજકારણના તમામ પક્ષના લોકોનું બ્લડ-ગ્રુપ એક જ હોય છે.
- આપણા વડાપ્રધાન કોઈને સવારમાં મળતા નથી, કારણ કે ઈ P.M. છે ને.
- ચૂંટણી એટલે ઘેટાં દ્વારા પોતાના કસાઈની હર્ષભેરે નિમણૂંક.
- પ્રેમમાં સમય કેવો ઊડી જાય છે અને સમય જાતાં પ્રેમ કેવો ઊડી જાય છે?
- મુંબઈમાં કોઈ સારો ટ્રાન્સલેટર હોય તો કહેજોને પ્લીઝ, મારે મારું મૌન ટ્રાન્સલેટ કરાવવું છે.
- આપણા દેશની કેવી કરુણતા છે કે ક્રિકેટમાં 39 વર્ષનો રાહુલ દ્રવિડ ઉંમરલાયક ગણાય છે અને રાજકારણમાં 40 વર્ષનો રાહુલ ગાંધી ‘બાબો’ ગણાય છે.
- મેરી રજૂઆત ગલત હો સકતી હૈ, મેરી પીડા નહીં.
- હિંમતદાદા મને ક્યે, મારે સેવા કરવી છે. મેં કહ્યું, તમે કોઈને નડો નહીં એ સૌથી મોટી સેવા છે.
- રીવર કોઈ દી RIVERSE નથી જાતી.
- જિંદગી અનેક વિઘ્નોવાળી નૉનસ્ટોપ મૅરેથોન જ છે ને!
- આપણા દેશનાં રાષ્ટ્રીય લગ્ન: ઐશ્વર્યા અને અભિષેકનાં લગ્ન. આપણો રાષ્ટ્રીય મુરતિયો: સલમાન ખાન
- અમારા હિંમતદાદા શિયાળામાં બે વાર સ્નાન કરે છે, એક વાર શિયાળો બેસતાં અને બીજી વાર ઊતરતાં.
- મેં એક જણને પૂછ્યું કે વાય મુંબઈ ઈઝ ડાઈંગ? ઈ કહે, બિકૉઝ એશિયન ઈઝ પેઈન્ટિંગ ઍન્ડ ગ્વાલિયર ઈઝ શૂટિંગ સો મુંબઈ ઈઝ ડાઈંગ.
- મુંબઈ ગજબનું ગામ છે. જે તીનબત્તી કહેવાય છે એ ત્રણ રોડનું જંકશન છે. ડુક્કરબજારમાં ક્યાંય ડુક્કર નથી કે લોખંડવાલા કૉમ્પ્લેક્સમાં ક્યાંય લોખંડનું બજાર નથી.
- મુંબઈ શહેરમાં કોક ‘દી તું ભૂલો રે પડ્ય ભગવાન, લોકલ ટ્રેનમાં રાત દી (તને) ધક્કે લેશું શામળા...!
- કૌન કહેતા હૈ કિ બૂઢે ઈશ્ક નહીં કરતે,
યે તો હમ હૈં કિ ઉન પે શક નહીં કરતે!
- હિંમતદાદાએ કહ્યું કે, લાઈફમાં એક વાર ઍર ઈન્ડિયામાં જરૂર સફર કરવી, કારણ કે આ એક જ એવી કંપની છે જેમાં આપણને આપની બાની ઉંમરની ઍર — હોસ્ટેસ મળે છે.
- વિચારો ગલૂડિયાં જેવા હોય છે. એ ડાઘિયા જેવડા થાય એ પહેલાં બીજાને પધરાવી દો.
- સાંઈરામનું હાયરામ! વાંચકોને નૉર્મલબાબાનું ભવિષ્ય: કર્ક રાશી, ડ,હ: તમારે સફેદ કપડાં પહેરવાં. બૉલપેનનું ઢાંકણું ખિસ્સામાં બંધ કરીને મૂકવું. ગટરમાં પગ મઈડાવાના યોગ છે. ગરમ ભજિયાં ખાવાં. જગજીતની ગઝલ સાંભળવાથી અને ફાટેલું ગંજી

પહેરવાથી અઢળક ધનલાભ.

- જખમ અને જોખમનો સરવાળો એટલે જિંદગી.
- કોમવાદ, ધર્મવાદ અને પ્રદેશવાદના તમામ પ્રૉબ્લેમ જો આ ધરતી પર 'હાસ્યવાદ' વિસ્તરે તો જરૂર સૉલ્વ થાય.
- જોકર કી ઝિંદગી મેં હસના મના હૈ યારો! દિલ રો રહા હૈ ઉસકા કહના મના હૈ યારો.
- પેટ્રોલ-ડીઝલના આ ભાવવધારાને જોઈને લાગી રહ્યું છે કે ભવિષ્યમાં પોલિયોનાં ટીપાંની જેમ ગાડીયુંમાં ઈંધણ પુરાવવું પડશે.
- પાક્કો હિસાબી અને કંજૂસ કોને કહેવાય? જે લગનની પહેલી રાતે ચાંદલાનો હિસાબ કરે તે!
- પ્રૉબ્લેમ: પાકિસ્તાનને કાશ્મીર જોઈએ છે! સાંઈ સોલ્યુશન: પ્રેમથી કાશ્મીર એને ભેટમાં આપો, પણ સાથે સ્કીમમાં બિહાર ભટકાવો. એક વીકમાં જો ઈ કરાંચી પાછું દેવા ન આવે તો કહેજો!
- દીકરાએ બાપા સામી બીડી સળગાવી. મેં કહ્યું, એલા બાપા સામે બીડી ન પીવાય. એ જુવાન કહે, મારા બાપા છે, કાંઈ પેટ્રોલ પંપ થોડો છે તે ફાટી પડશે!
- હિંમતદાદાનું ગુજલિશ: અહીંથી સ્ટ્રેટ સીધેસીધા જાવ એટલે એક ગોળ સર્કલ આવશે, ત્યાંથી લેફ્ટમાં ડાબે વળજો.
- પેટ્રોલ જ્યારે ચીન બનાવશે ત્યારે જ સસ્તું થાશે.
- લોકો તમને ફેસબુક પર ગોતે. એના કરતાં ગૂગલમાં ગોતે એ સફળતા કહેવાય.
- સમાજની કરુણતા, કે હવે સંતાનો નહીં પણ વારસદારો જન્મે છે.
- લગ્ન એ ટ્વેન્ટી- ટ્વેન્ટી જેવા પ્રેમની લાઈફટાઈમ ચાલનારી ટેસ્ટ-મેચ છે જેમાં તમે ગમે એટલા રન ફટકારો તોય ડ્રો જ જાય છે.
- મારા મિત્રએ એક કૉલેજ કરી, જેનું નામ છે મૅડિકલ કૉલેજ ઑફ ઍન્જિનિયરિંગ ફોર કૉમર્સ ઍન્ડ આર્ટ્સ.



—Of The Record—



કૃષ્ણ તો કાળો જ હોવો જોઈએ...
લાલકૃષ્ણ તો અડવાણી પણ છે...!
વિકાસ તો ગુજરાત જેવો જ હોવો જોઈએ...
નિર્માણ તો સુલભ શૌચાલયનું પણ થાય છે.

